વેદ પરિચય પુસ્તિકા શ્રેણી : ૨૪

# અથર્વવેદ પરિચય

[ પુસ્તિકા : ૬ ]

આચાર્યશ્રી વિષ્ણુદેવ પંડિત

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય

24/2/88

વેદ પરિચય પુસ્તિકા શ્રેણી : ૨૪

ये पुरुषे ब्रह्म विदुस्ते विदुः परमेष्ठिनम् ।  —અથર્વવેદ ૧૦, ૭, ૧૭

જે જ્ઞાનીજનો પુરુષ–પુરવાસીમાં બ્રહ્મને જાણે છે, તે લોકો પરમેષ્ઠીને જાણે છે

# અથર્વવેદ પરિચય

[ પુસ્તિકા : ૬ ]

આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત, એમ. એ.
વેદાન્તાચાર્ય, વ્યાકરણતીર્થ, વ્યાખ્યાન દિવાકર

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય, અમદાવાદ ૬

પ્રકાશક :
**જે. બી. સેંડિલ**
અધ્યક્ષ,
યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ
**અમદાવાદ ૬**

© યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ

પ્રથમ આવૃત્તિ : જુલાઈ ૧૯૭૬

**મૂલ્ય રૂ. ૨–૦૦**

**મુદ્રક :**
વિષ્ણુપ્રસાદ સો. પંડ્યા
સાહિત્ય મુદ્રણાલય, સીટી મિલ કંપાઉન્ડ,
કાંકરિયા રોડ, અમદાવાદ ૨૨

**મુખ્ય વિક્રેતા :**
બાલગોવિંદ બુકસેલર્સ
ગાંધી રોડ,
અમદાવાદ ૧

# નિવેદન

સામાન્ય શિક્ષિતજનને વેદની વૈચારિક અને આધ્યાત્મિક સંપત્તિથી પરિચિત કરાવવાનો આ વેદ પરિચય શ્રેણીનો હેતુ છે; એટલે આમપ્રજાનું સત્ત્વ ખીલે અને એનું તેજ વધે તેવા પ્રયાસોમાં મગ્ન હરિ ૐ આશ્રમવાળા પૂજ્ય શ્રી મોટાએ રૂપિયા ૨૦,૦૦૦ નું દાન યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડને ટ્રસ્ટરૂપે સોંપ્યું, તે અતિ આવકાર્ય બાબત બની છે. બોર્ડનું એ સદ્ભાગ્ય છે કે પૂજ્ય મોટાએ એને આ કાર્યનું નિમિત્ત બનવાનો પ્રસંગ આપ્યો અને શ્રી. વિષ્ણુદેવ પંડિત જેવા ચારેય વેદો અને વેદ-સાહિત્યના અભ્યાસી લેખક અમને મળ્યા. સાહિત્ય મુદ્રણાલયવાળા શ્રી. વિષ્ણુપ્રસાદ પંડ્યાનું ભાવપૂર્વકનું મુદ્રણકાર્ય એ પણ શ્રેણીની ખુશનસીબી છે.

શ્રેણીનું સદ્ભાગ્ય રહ્યું કે, એને પૂજ્ય સ્વામીજી શ્રી. ગંગેશ્વરાનંદજી, શ્રી કાકાસાહેબ કાલેલકર, શ્રી. ઉમાશંકર જોષી, પૂજ્ય શ્રી. રવિશંકર મહારાજ, શ્રી. કે. કા. શાસ્ત્રી, પંડિતરાજ ભગવદાચાર્ય, ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા, શ્રી. સી. એલ. શાસ્ત્રી, શ્રી. હરકાંત શુક્લ, શ્રી. દિવ્યકાંત નાણાવટી, શ્રી. રસિકબિહારી જોષી, શ્રી. ગોવિંદ નરહરિ વૈજાપુરકર, શ્રી. વલ્લભરામ વૈદ્યરાજ વગેરે વિદ્વજ્જનોનાં શુભાશિષ અને આવકાર મળ્યાં. તે સર્વનો આભારી છું.

અથર્વવેદ પરિચય શ્રેણીના પરામર્શક તરીકે વનસ્પતિશાસ્ત્રી આયુર્વેદાચાર્ય શ્રી. વલ્લભરામ વૈદ્યરાજે કાર્ય સંભાળ્યું છે. તેની પહેલી પુસ્તિકા ગુજરાત કૃષિ યુનિવર્સિટીના કુલપતિ શ્રી. વસંતરાય મહેતાએ, બીજી પુસ્તિકા સાક્ષર શ્રી. શાંતિલાલ ઠાકરે, ત્રીજી પુસ્તિકા શ્રી. ભોગીભાઈ ગાંધીએ, ચોથી પુસ્તિકા માટે શ્રી શંકરલાલ બેંકરે અને પાંચમી પુસ્તિકા જાણીતા કેળવણીકાર શ્રી જયંતીલાલ આચાર્યે પુરસ્કૃત કરેલ છે.

આ છઠ્ઠી પુસ્તિકાને વેદદર્શનાચાર્ય મ. મં. સ્વામિશ્રી ગંગેશ્વરાનંદજી મહારાજનાં 'આવકાર' શુભાશિષ મળ્યાં છે, તેમનો હું હાર્દિક આભાર માનું છું.

સદ્વિચાર અને સદ્વિચાર પ્રેરક તેમજ ધર્મમૂલક સાહિત્યના પ્રચાર માટે આજીવન આપકમાણીનો ઠીક ઠીક હિસ્સો ખર્ચનાર હિંદુસ્તાન ટાઈલ્સવાળા શ્રી ઓચ્છવલાલ ગોરધનદાસ શાહે (ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ) પુસ્તિકાના પ્રચાર અર્થે દરેક પુસ્તિકાની જેમ રૂા. ૫૦૧/—પાંચસોને એકનું દાન આપ્યું છે, તેનો સાભાર નોંધ લેતાં આનંદ અનુભવું છું.

વેદ પરિચયની સમગ્ર શ્રેણીને સંસ્કૃતિના સર્વ ચાહકોએ બિરદાવી અને આવકારી છે. અથર્વવેદની આ છઠ્ઠી પુસ્તિકા વાચકોના હાથમાં મૂકતાં હું સંતોષની લાગણી અનુભવું છું અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે આ વેદ પરિચય શ્રેણીને વાચકોનો પ્રેમ સાંપડે.

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,
ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬.

જે. બી. સેંડિલ
અધ્યક્ષ

# આમુખ

ઋગ્વેદ અને ઐતરેય બ્રાહ્મણ, યજુર્વેદ અને શતપથ બ્રાહ્મણ, સામવેદ અને જૈમિનીય બ્રાહ્મણ તેમજ અથર્વવેદ અને ગોપથ બ્રાહ્મણ–વેદપરિચય સાધવામાં મંત્ર અને બ્રાહ્મણનો સંબંધ જાણવો ઉપયોગી બને છે; એ દષ્ટિએ દરેક વેદની છઠ્ઠી પુસ્તિકામાં બ્રાહ્મણગ્રંથ સાથે સંગત કથાનક અને તે તે વેદ–બ્રાહ્મણના દ્રષ્ટા કે યોજક ઋષિઓના જીવન વિષે જાણવા જેવું બતાવી શકાયું છે. અથર્વવેદના ગોપથ બ્રાહ્મણના સંયોજક ગોપથ ઋષિના જીવન વિષે જાણવા જેવું ખાસ મળતું નથી, પણ તે અથર્વવેદ (૧૯, ૪૭–૫૦) નાં ચાર રાત્રિ સૂક્તોના ઋષિ છે, તે તેનું આગવું સ્થાન ધરાવે છે.

ગોપથ બ્રાહ્મણની શરૂઆતમાં અથર્વવેદના ભૃગુ, અથર્વા અને અંગિરા તેમજ તે કુલના વીસ ઋષિઓની ઉત્પત્તિકથા અને વીસ કાંડોનો નિર્દેશ જોવાને મળે છે, તો બીજા પ્રપાઠકમાં યજ્ઞોના ક્રમ બતાવ્યો છે, જેનો સંબંધ અથર્વવેદ સંહિતા સાથે જોડવામાં અને ચાર વેદના ઋત્વિજોમાં બ્રહ્માનું સ્થાન બતાવવામાં ઉપયોગી છે.

વેદત્રયીમાં છંદોબદ્ધ ઋચાઓ, ગીતિ સાથેનાં સામ અને ગદ્યબદ્ધ યજુઓનાં લક્ષણ પર ધ્યાન આપવામાં આવે, તો ઋચાઓને મંડળોમાં સંકલિત કરનાર ઋગ્વેદ સંહિતા અને કાંડોમાં સંકલિત કરનાર અથર્વવેદ સંહિતા ગણાય. અથર્વવેદને પાછળનો ગણવામાં જે ભૂલ આજસુધી ચાલી આવે છે, તે સુધારવી રહી અને ચારેય વેદોમાં ઋચા, સામ ને યજુની ત્રિવિધ શૈલી ગણીને ઋગ્વેદની સાથે સાથેજ અથર્વવેદનું સ્થાન મુકવાનું રહ્યું. ઋગ્વેદમાં એકલી ઋચાઓ સચવાઈ છે; ત્યારે અથર્વવેદમાં ઋચાઓની સાથે યજુઓના ગદ્યભાગ સારા પ્રમાણમાં સચવાયા છે; તે પરથી એક તારણ પર અવાય. ઋગ્વેદની સાથે ઐતરેય બ્રાહ્મણ અને યજુર્વેદની સાથે શતપથ બ્રાહ્મણ જોડવાનું રહ્યું, ત્યારે અથર્વવેદ સંહિતામાં જ મંત્ર સંહિતાની સાથે સાથે બ્રાહ્મણભાગ જોવાને મળે છે. એટલું જ નહિ, આરણ્યક અને ઉપનિષદમાં આવતા વિષયોનાં નિરૂપણ સંહિતામાં જ છે. આથી મુંડક, માંડૂક્ય જેવાં ઉપનિષદો અથર્વવેદનાં ગણાવા છતાં સ્વતંત્ર છે, તે ઉપરાંત ઘણાં ઉપનિષદો છે, પણ મંત્રોપનિષદના રૂપમાં સંહિતાને રજૂ કરવાનો આ છેલ્લી પુસ્તિકામાં પ્રયત્ન છે, તે અથર્વવેદની આગવી વિશેષતા છે. વેદની ચાર સંહિતાઓની સાથે સાથેજ બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ સાહિત્યનો પરિચય કેળવવામાં આ સ્પષ્ટતા માર્ગદર્શન પૂરતી મર્યાદિત છે, વેદ સાહિત્યનો પરિચય સાધવામાં આ એક નમ્ર પ્રયાસ છે.

આચાર્ય વિષ્ણુદેવ પંડિત

૨૯, ડાહ્યાભાઈ પાર્ક
ગીતા મંદિર રોડ, અમદાવાદ–૨૨
ટે. નં. ૫૨૩૬૩

# આવકાર

યજુર્વેદ સંહિતાનો ચાલીશમો અધ્યાય 'ઈશાવાસ્ય' મંત્રોપનિષદ ગણાય છે. તેમ શિવસંકલ્પોપનિષદ (૩૪, ૧–૬) અને तद्देवाग्निः (૩૨) અધ્યાયો તેમજ પ્રસ્વાપિની ઉપનિષદ (ઋગ્વેદ ૭, ૫૫, ૨–૮) વિષઘ્નોપનિષદ (ઋગ્ ૧, ૧૯૧) નાસદીય સૂક્ત (ઋગ્ ૧૦, ૧૨૯) વગેરે સૂક્તોને મંત્રોપનિષદ કહેવામાં આવે છે. સામવેદની अहमस्मि० ઋચા પરના સેતુ સામગાનને एतत् साम गायन्नास्ते (૫૯૪) કહીને इत्युपनिषत् (તૈત્તિરીયોપનિષત્ ૩, ૧૦, ૫) કહેલ છે, તેમજ મંત્રિકોપનિષદ્ (એકસોને આઠમાં ૩૪) ચારે ય વેદોમાં રહેલાં મંત્રોપનિષદોનો નિર્દેશ કરે છે, તેમાં रथन्तर, बृहत् साम વગેરે સામગાનોને અને બ્રહ્મચર્ય, વ્રાત્ય, સ્કંભ, ઉચ્છિષ્ટ, પુરુષ, વિરાટ વગેરે સૂક્તોને मंत्रोपनिषदं ब्रह्म पदक्रमसमन्वितम् । पठन्ति भार्गवा ह्येते अथर्वाणो भृगूत्तमाः મંત્રોપનિષદ્‌ની પ્રતિષ્ઠા આપેલ છે.

આચાર્ય વિષ્ણુદેવ પંડિતે આ છ પુસ્તિકાઓમાં અથર્વવેદ સંહિતાના વિષયોનાં સંકલન કરી, એક એક પુસ્તિકામાં તે તે વિષયનું આલેખન કર્યું છે, તે રીતે ક્ષેત્રપતિ, ગૃહપતિ, રાષ્ટ્રપતિ, યજ્ઞપતિ, પિતૃપતિ અને બ્રહ્માધિપતિના નામે ક્રમ ગોઠવ્યો છે; તે ક્રમે આ છઠ્ઠી પુસ્તિકામાં અથર્વવેદમાં આવતાં બ્રહ્મપૂરક સૂક્તોને મંત્રોપનિષદ કહી શકાય.

જો કે યજુર્વેદના ચાલીશમા અધ્યાય–ઈશાવાસ્યને મંત્રોપનિષદ કહેવાની પ્રસિદ્ધિ છે; તે જ ભાવમાં પુરુષસૂક્તને પણ ગણી શકાય, તે સૂક્ત ચારેય વેદ સંહિતાઓમાં જોવાને મળે છે એમાં સૃષ્ટિ સર્જનની પ્રક્રિયાનું વર્ણન છે. એજ પ્રકારે સર્જનપૂર્વની પ્રક્રિયાને જણાવતું નાસદીય સૂક્ત અને अस्य वामीय આત્મસૂક્ત ઋગ્વેદ અને અથર્વવેદમાં જોવાને મળે છે. આમ વેદની મૂળ સંહિતાઓમાં જ આવતા વિવિધ વિષયોમાં તત્ત્વજ્ઞાનની વિચારણાનાં સૂક્તો પણ ઉપલબ્ધ થાય છે, તેથી વેદ અને વેદાન્ત–રહસ્યજ્ઞાન પરસ્પર તાણાવાણાની જેમ વણાયાં છે, તે તેની એકરૂપતા સૂચવે છે.

વેદસાહિત્યનાં સ્વાધ્યાય, સંપાદન અને લેખનનાં કાર્ય માટે વેદપ્રેમીજનોની સહાનુભૂતિથી 'યોગેશ્વર ગુરુ ગંગેશ્વર ટ્રસ્ટ'ની રચના કરવામાં આવી છે; તેમાં ભારતના અનેક વેદવિદ્ વિદ્વાનોના સક્રિય સાથ સહકાર સાંપડ્યા છે. આ કાર્યમાં મારી સાથે વિષ્ણુદેવ પંડિત પહેલેથી જોડાયા છે. અમે સાથે બેસીને ચાર વેદોની અગિઆર સંહિતાઓ, સોળ બ્રાહ્મણગ્રંથો અને છ આરણ્યક ગ્રંથો તેમજ સાયણાચાર્ય વગેરેનાં ઉપલબ્ધ ભાષ્યોનો સ્વાધ્યાય વર્ષોથી કરતા રહ્યા છીએ અને તે વિષેનાં સંપાદન, આલેખન, વિચાર પરામર્શ થતાં રહ્યાં છે. આ સ્વાધ્યાયકાર્યમાં બાર વર્ષનો પૂરેપૂરો મનોયોગ વિષ્ણુદેવે સાધ્યો છે, તે આનંદનો વિષય છે.

ગુજરાતના જાણીતા સંતશ્રી મોટાને નડિયાદના સંતરામ મંદિરમાં છ એક વર્ષ પહેલાં મળવાનો એક યોગ સધાયો. મારી સાથે વાતચીત થતાં, વેદસાહિત્યના પ્રચારની પ્રેરણા ઝીલીને, તેમણે ગુજરાત રાજ્ય–યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડને વીસ હજાર રૂપિયાનું અનુદાન આપ્યું, તેના પરિણામે અધ્યક્ષશ્રી ઈશ્વરભાઈ પટેલે વેદપરિચય શ્રેણીના પ્રકાશનનું કાર્ય હાથ ધર્યું. તેના લેખન અને સંપાદન માટે તેમણે આચાર્યશ્રી વિષ્ણુદેવ પંડિતની પસંદગી કરી; તેને પરિણામે ચારેય વેદોનો પરિચય કરાવતી, છ છ પુસ્તિકાઓના અનુક્રમે ચોવીશ પુસ્તિકાઓ આ પાંચ વર્ષના ગાળામાં પ્રકાશિત થઈ; તે શ્રેણીને વેદાભ્યાસીઓ અને વેદ તરફ આદર ધરાવતા શ્રદ્ધાળુ જનો તરફથી ઘણો સારો સહકાર મળી શકયો છે, તે એક શુભચિહ્ન છે.

આ પ્રકારની વેદપરિચય પુસ્તિકાઓની શ્રેણી ગુજરાતી ભાષામાં રજૂ થાય છે અને એવી આશા સેવવામાં આવે છે કે, આ શ્રેણીની પુસ્તિકાઓ હિંદી, મરાઠી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં અનૂદિત થાય.

ચારેય વેદોના સ્વાધ્યાય અને મુખપાઠ ઘણા પ્રાચીનકાલથી ગુજરાત પ્રદેશમાં થતા આવે છે. સામવેદ અને અથર્વવેદની મૌખિક પરંપરા પણ ગુજરાતમાં જોવાને મળે છે, પણ હવે તે મુખપાઠની પરંપરા શિથિલ થતી જાય છે; તે મુખપાઠને પ્રોત્સાહિત કરવાનું શુભ કાર્ય પણ ગુજરાત વેદપ્રેમીજનોએ ઉપાડી લીધું છે, તે જાણીને વિશેષ આનંદ થાય છે. સર્વજનોના પ્રેરક અંતર્યામી વેદનારાયણ ભગવાનનાં મંગલ આશિષ સૌ જનોને પ્રાપ્ત થાય અને વેદ કાર્યના પ્રચારને વેગ મળે, એ અંતરની શુભ ભાવના સાથે ૐ नमो ब्रह्मणे ।

તા. ૧૧–૭–૭૬, ગુરુપૂર્ણિમા

વેદમંદિર, કાંકરીયા, અમદાવાદ–૨૨

**સ્વામી ગંગેશ્વરાનંદ ઉદાસીન**

---

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | એક વૃક્ષ, એક યક્ષ | પૃ. ૭–૨૯ |
| ૨. | શેષનું સંકર્ષણ | પૃ. ૩૦–૪૭ |
| ૩. | અન્તર્જ્યોતિ–આત્મદર્શન | પૃ. ૪૮–૭૨ |
| ૪. | વેદમાતા ગાયત્રી | પૃ. ૭૩–૮૨ |
| | પરિશિષ્ટ | પૃ. ૮૩–૯૨ |

# ૧

# એક વૃક્ષ : એક યક્ષ

વિશાળ એક વૃક્ષ અને તેના પર વસે એક પ્રકૃતિ. તે માતાનું નામ અદિતિ. તેણે એક માળો રચ્યો ને તેમાં વસ્યાં બે પક્ષી. આમ સરખે સરખાં પણ સ્વભાવે જુદાં પડે. મા ચારો ચરવા જાય. બે પક્ષીઓ સાથે રહે. તેમાંનું એક ભારે ચંચળ. નાનીશી પાંખે ઉડે, પિપ્પલનું ફળ જુએ, ચાખે, મીઠું લાગે, રાજી થાય, કડવું લાગે ખીજી જાય. બીજું ભારે ધીરજવાળું. ન ઉડે કે ન ચાખે. મા આવે, સાથે ફળ લાવે. ચંચળ પક્ષી તેથી દૂર ભાગે. તેણે જે ફળ ચાખેલું, તેવું આ ન લાગે. ધીર પક્ષી માના આદેશનું પાલન કરે. તેથી ન રસ જાગે, ન વાસના, એ ફળ જોઈને જ તે તૃપ્ત થાય; એ નિજાનંદ.

વેદના એ કવિ; ક્રાન્ત દ્રષ્ટા ઋષિ. તેને જે દર્શન થયું; તેને કવિતામાં ઉતાર્યું; તે પરથી આ કથા ઘડાઈ. તે કવિતાનો ભાવ આ છે :

[1] 'એ બે સુપર્ણ—ગરુડ પક્ષીઓ છે, એ બંને સાથે જોડાએલ સખાઓ છે, તે બંને પક્ષીઓ સમાન વૃક્ષ પર આશ્રય લઈ રહ્યાં છે. તેમાંનું એક છે, તે પિપ્પલ—પાકેલું ફળ ખાય છે, જે સ્વાદુ છે. બીજું તે ખાતું નથી ને જોયા કરે છે.'

ઋષિની આ વાણીને બ્રહ્મવાદીએ ફરીથી ગાઈ છે ને તત્વજ્ઞાનીઓએ તેની ચર્ચા વિચારણા કરી છે. તે તત્વ દ્વૈત છે કે અદ્વૈત, ભિન્ન છે કે અભિન્ન, સામાન્ય છે કે વિશેષ, સત છે કે અસત અને તેનો આધાર શું ?

---

૧ ઋગ્વેદ ૧, ૧૬૪, ૨૦ અથર્વ ૯, ૯, ૨૦

એ માતા પ્રકૃતિ છે. તેણે વૃક્ષનો આધાર લઈ માળો રચ્યો છે ને બાજુમાં શાખા પર ફળ લાગી ગયું છે, તે એક પ્રકારનું ફળ છે. અદિતિ બ્રહ્મવિદ્યા છે; તેણે ધરેલું ફળ તે બ્રહ્મજ્ઞાન છે. તે ખાવાનું નથી; તેને જોવાનું છે, અનુભવવાનું છે, પણ જેણે વૃક્ષનું ફળ ચાખ્યું; તેને પછી અમૃત ફળથી દૂર ભાગવાનું થાય. તેનો ત્યાં અધિકાર નહિ. સંસારમાં જે પડયો, હાર્યો અને લેવાયો, તે પછી ખાટાં મીઠાં ફળ ખાવામાં જ રહી ગયો પછી તેને અમર ફળ જોવાનાં પણ કયાંથી ગમે ?

આ એક પ્રકૃતિ છે, જે માનવને સંસાર તરફ ધકેલે છે, તે માયા ગણો કે અજ્ઞાનની વૃત્તિ ગણો. બીજી એક પ્રકૃતિ છે, તે માનવને ઊંચી ગતિ આપે છે, તેને અમરફળ આપે છે, તે બ્રહ્મવિદ્યા છે; તે પરા પ્રકૃતિ અને પેલી અપરા પ્રકૃતિ. પાણી ઢળે ને વહે, તેમાં ઓછી મહેનત, પણ તેને ઊંચે ચઢાવવા માટે જ પ્રયત્ન કરવા પડે. સરિતા તો વિલાસની ભૂમિ તરફ ખાળા દરિયામાં ભળે. બ્રહ્મવિદ્યા કૈલાસ તરફ ઊર્ધ્વ ગતિ સાધે, ને અવકાશના ક્ષીર સાગરમાં ભળી અમૃત સાથે એકરૂપ બને. એ બ્રહ્મ છે, તેનું દર્શન કરવાનું છે, તેના ક્ષેત્રમાં ચરવાનું છે, તે માટેનો અધિકાર મેળવે, તે બ્રહ્મચારી. તેનું વર્ણન કરતાં આ બ્રહ્મા ઋષિ જણાવે છે :

[1] 'તે બ્રહ્મચારી—બ્રહ્મ વેદનાં રહસ્ય જ્ઞાન પ્રમાણે આચરણ કરનાર માનવનો બાલક છે, જે હૃદયમાં જ્ઞાનની ઈચ્છા સેવનાર બની; બંને લોકમાં ચરતો ફરતો રહે છે. વિશ્વભરના દેવ—જ્ઞાનીજનો તેને વિષે સારા મનના બનીને રહે છે. તે બ્રહ્મચારી પૃથ્વી અને દ્યુલોકને સારી રીતે ધારણ કરે છે, એટલું જ નહિ, તે પોતાના તપથી આચાર્યનું આપેલું અનુભવજ્ઞાન પૂર્ણ કરે છે.

'આ તે બ્રહ્મચારી છે, જેના બ્રહ્મચર્ય વ્રતને પિતૃઓ, દિવ્યજનો, દેવો વગેરે સારી રીતે અનુસરે છે; તેમજ ગંધર્વો પણ—જેમની સંખ્યા લગભગ છ હજાર ત્રણસોને તેત્રીસ જેટલી છે. જ્યારે આચાર્ય તે બ્રહ્મચારીને ઉપનયન સંસ્કાર આપે છેઃ અર્થાત્ તેને બ્રહ્મવિદ્યાની પાસે લઈ જવાનું વ્રત આપે છે, ત્યારે તેને ગર્ભના સંસ્કાર આપે છે અર્થાત્ જેમ માતા બાલકના ગર્ભને ઉદરમાં ધારણ કરે; એમ જ બ્રહ્મચારીને બીજો જન્મ આપીને વિદ્યાનાં દાન કરે છે અને તેને વિદ્યાના ઉદરમાં ત્રણ રાત્રિઓ સુધી રાખી મુકે છે. જ્યારે તે બ્રહ્મચારી બીજો જન્મ લઈ, દ્વિજ બનીને આવે છે, ત્યારે તેને જોવા માટે બધા દેવો—જ્ઞાનીજનો ભેગા થાય છે.

'જે બ્રહ્મચારી બ્રહ્મચર્ય વ્રત ધારણ કરે છે, તેને બ્રહ્મજ્ઞાન અગ્નિરૂપે મળે છે, તે જ્ઞાનરૂપી અગ્નિને પ્રદીપ્ત રાખનાર એક સમિધા પૃથ્વી અને બીજી દ્યુલોક છે,

---

૧ અથર્વવેદ ૧૧, ૫, ૧–૨૬

એ બંનેની વચ્ચે રહેલ અંતરિક્ષ પ્રદેશને બ્રહ્મચારી સમિધાથી ભરી દે છે. એ બ્રહ્મચારી સમિધા, મેખલા, તપ અને શ્રમના સાધનથી બધા લોકોનાં રક્ષણ કરે છે. આ તે બ્રહ્મચારી છે, જે બ્રહ્મના સાધનથી પહેલાં જન્મ્યો છે. તે ધર્મ—બ્રહ્મનાં તેજ વસ્ત્રની જેમ ઓઢે છે અને તપથી ઉપર ઊઠે છે. તે બ્રહ્મચારીના પ્રયત્નથી બ્રહ્મ—વેદના રહસ્યરૂપ જ્યેષ્ઠ બ્રહ્મ પ્રગટ થયું છે અને તેને જ લીધે બધા દેવો અમૃત સાથેની સંગતિ સાધે છે.

જો કે આ બ્રહ્મચારીએ બ્રહ્મચર્ય વ્રતની દીક્ષા લીધી છે, તેથી તેણે કાળું મૃગચર્મ ધારણ કર્યું છે અને તેનાં દાઢી મૂછ લાંબાં વધી ગયાં છે, તોપણ તે જ્ઞાનની સમિધાથી સમિદ્ધ—પ્રદીપ્ત તેજસ્વી લાગે છે, જેમ યાત્રિક પુરુષ પૂર્વથી લઈને ઉત્તરના કિનારા સુધીની સમુદ્રયાત્રા કરે છે, એમ જ બ્રહ્મચર્યની દીક્ષા લેનાર આત્મજ્ઞાની બધાં લોકોનાં જ્ઞાન ભેગાં કરીને ઉત્તમ પ્રકારનાં આત્મજ્ઞાન સુધીની કક્ષાએ પહોંચી જાય છે. આ તે બ્રહ્મચારી છે, જે અમૃતની યોનિમાં ગર્ભરૂપ બને છે અને જેમ વીર પરાક્રમી ઈન્દ્ર અસુરોનો વધ કરે છે એમ જ તે બ્રહ્મચારી બ્રહ્મજ્ઞાન, આપોદેવીની તન્માત્રાઓનાં જ્ઞાન, લોક, પ્રજાપતિનાં જ્ઞાન અને પરમેષ્ઠી વિરાટ્નાં જ્ઞાન પ્રગટ કરે છે,

'બ્રહ્મનાં જ્ઞાન આપનાર આચાર્યે પૃથિવી અને દ્યુલોકને ઘડયાં છે, જે બંને લોક નભસ્—એકમેકના આધારે નભી રહ્યાં છે; જે વિશાળ બનીને સૌ પદાર્થો પર પથરાયાં હોવા છતાં, અત્યંત ગંભીર—ઊંડઃમાં ઊંડા તલ સુધી પહોંચેલાં છે. બ્રહ્મચારી તપના બળથી તે બંને લોકનાં રક્ષણ કરે છે, તેને કારણે દેવો એક સરખાં મનવાળા બને છે, આચાર્ય દ્વારા બ્રહ્મચારીને જે પહેલી ભિક્ષા મળી, તે તો આ પથરાયેલી ભૂમિ અને ચમકતા દ્યુલોક છે. અર્થાત્ પૃથ્વીથી લઈ દ્યુલોક સુધીના વિજ્ઞાનનું શિક્ષણ તેને આપવામાં આવ્યું છે. આ બંને લોકોની અંદર વિશ્વભરનાં ભુવન—પદાર્થો સમર્પિત છે, માટે જ આ બ્રહ્મચારી બંને લોકોને પોતાનાં જ્ઞાન વધારનાર સમિધાઓ ગણીને, તેમના દ્વારા બ્રહ્મવિદ્યાની ઉપાસના કરે છે.

'પૃથ્વી અને દ્યુલોકનાં વિજ્ઞાન એ તો બે ગુપ્ત જ્ઞાનના નિધિ—ભંડાર છે. એ બંને જ્ઞાનરૂપી અગ્નિઓ છે, જેમાંનો એક જ્ઞાનાગ્નિ આ પૃથ્વીનું વિજ્ઞાન છે અને બીજો જ્ઞાનાગ્નિ તે દ્યુલોકના પૃષ્ઠે રહેલું વિજ્ઞાન છે. આ બંને બ્રહ્મવિદ્ આચાર્યની ગુફામાં સાચવી રાખેલા જ્ઞાનનિધિઓ છે. આચાર્યની પાસેથી મળેલા એ બંને જ્ઞાનભંડારોનાં રક્ષણ બ્રહ્મચારી તપના સાધનથી કરે છે; તેમજ તે વિષેની જાણકારી મેળવનાર જ્ઞાની પુરુષ બ્રહ્મજ્ઞાનના સંસ્કાર મેળવે છે. સાચે જ, આ બે તો અગ્નિઓ છે, જે બંને લોકોની વચમાં રહેલા છે; તેમાંનો એક અહીં આ પૃથ્વી પર અને બીજો પૃથ્વીથી ઘણે દૂર દ્યુલોકમાં રહેલો છે; પરંતુ તે બંનેનાં દૃઢ કિરણો બધે ઠેકાણે ફેલાઈને રહેલાં છે, બ્રહ્મચારી તપના બળથી તે જ્ઞાનનાં કિરણોનાં અનુષ્ઠાન કરે છે.

'જેમ મહામેઘ ભૂરા અને કાળા વર્ણની સાથે અંતરિક્ષમાં ચઢી આવે અને ગડગડાટ કરતા વીજળીના ચમકારા સાથે વરસીને પહાડો અને ભૂમિના પ્રદેશો પર જલ ભરી દે છે, જેથી પૃથ્વી પરની ચારે દિશાઓનાં પ્રાણીઓ જીવિત રહે છે, એ જ રીતે આ બ્રહ્મવિદ્યાને પ્રાપ્ત કરનાર બ્રહ્મચારી વેદવાણીનાં ગાન કરતો અને ભૂમિની ચારેય દિશાઓમાં પ્રચાર કરતો ફર્યા કરે છે, તે પર્વતનાં શિખરો પર અને ભૂમિના પ્રદેશો પર વસતા માનવીઓમાં બ્રહ્મવિદ્યાનાં વીર્યનાં સિંચન કરે છે, જેથી બધા મનુષ્યો સચેત અને જાગૃત રહે છે. આ તે બ્રહ્મચારી છે; જે અગ્નિ, સૂર્ય, ચંદ્ર, માતરિશ્વા—વાયુ અને આપોદેવી-જલની તન્માત્રાઓમાં સમિધાઓ રાખે છે, જેથી તે તે પદાર્થો પ્રદીપ્ત બની સચેત રહે છે. આ આપોદેવીઓનાં જે વિવિધ તેજ છે, તે મેઘ મેઘમાં સંચાર કરતાં રહે છે, તેનાં જ સારરૂપે રહેલાં તેજને મેળવી પુરુષ વર્ષભરનાં જીવન પ્રાપ્ત કરે છે.

'જેણે પહેલાં બ્રહ્મચારી બનીને બ્રહ્મવિદ્યા મેળવી લીધી, તે હવે આચાર્ય રૂપે બ્રહ્મવિદ્યાના આચાર, વિચાર અને પ્રચાર માટે કાર્ય કરે છે. બ્રહ્મચારીઓને બ્રહ્મવિદ્યા આપવા, તે વિવિધ રૂપો ધારણ કરે છે. તે મૃત્યુ બનીને બ્રહ્મચારીનાં અજ્ઞાન દૂર કરે છે, તે વરુણ બનીને નીતિ નિયમ આપે છે, તે સોમ બનીને અમૃત આપે છે. ઔષધિઓ બનીને પોષણ આપે છે, તે પોતે રસરૂપ બને છે, તે મેઘોની જેમ વિદ્યાનાં દાન આપે છે તેમજ સાત્ત્વિક પદાર્થો બનીને સર્વ સુખનાં સાધનો ભરે છે. આમ આચાર્ય પોતે મૃત્યુ, વરુણ, સોમ, ઔષધિઓ, પયસ—રસ, અને સત્યથી ભરેલ પદાર્થોનાં રૂપ ધારણ કરે છે, જેથી તે બ્રહ્મચારીને આનંદથી ભરી દે છે.

'જેમ આચાર્ય વરુણે પ્રજાપતિ બ્રહ્મચારીને માટે જે જે ઇચ્છા કરી, તે બધું સારરૂપે એકી સાથે મેળવી લીધું હતું. એમજ અત્યારનો આચાર્ય તો કેવલ આચાર્ય છે; પણ તે પહેલાં બ્રહ્મચારી હતો, તે વખતે પણ તેણે પોતાના સાથી બ્રહ્મચારી મિત્રજનોને અધ્યાત્મ—બ્રહ્મવિદ્યા આપી હતી; તે અનુભવથી સિદ્ધ થએલ પોતાના વિદ્યાર્થી બ્રહ્મચારીઓને સારરૂપ બ્રહ્મવિદ્યાના સંસ્કાર આપે છે. જેમ પહેલાં પ્રજાપતિ બ્રહ્મચારી હતા, એજ રીતે આચાર્ય પણ પહેલાં બ્રહ્મચારી હતા. એજ પ્રજાપતિ આચાર્ય બન્યા, તેજ વિરાટ ઈન્દ્ર બન્યા, જેણે સર્વ બલોને વશ કરી લીધાં. એજ રીતે આચાર્ય વિરાટ ઈન્દ્રની જેમ સર્વને વશ કરી દે છે.

'જેમ વિરાટ ઈન્દ્ર સર્વ સમર્થ હોય છે. એમજ બ્રહ્મચર્ય અને તપના પ્રભાવે રાજા રાષ્ટ્રનાં રક્ષણ કરે છે. એજ રીતે આચાર્ય પણ તે બ્રહ્મચારીને પોતાની પાસે રાખવા ઈચ્છે છે, જેણે બ્રહ્મચર્યનું સાધન મેળવી લીધું છે. એજ બ્રહ્મચર્યનાં તપ જેણે મેળવેલ છે, તેના આકર્ષણથી કોડીલી કન્યા યુવાન પતિનો લાભ મેળવી લે છે. એજ

બ્રહ્મચર્યના તપથી દેવોએ મૃત્યુને મારી હટાવ્યું હતું અને તેજ બ્રહ્મચર્યથી ઈન્દ્રે દેવો માટે સ્વર્ગનાં સુખ ભરી દીધાં હતાં.

'જેમ બ્રહ્મચારીને યમ નિયમ વગેરે બ્રહ્મચર્યનાં વ્રત પાળવાનાં હોય છે, એમજ ઔષધિવનસ્પતિઓ, ભૂતકાળ અને ભવિષ્યકાળ, રાત અને દિવસ, છ ઋતુઓ સાથેના સંવત્સર–વર્ષ વગેરે પોતપોતાના કાલનિયમને અનુસરી સત્તા ધરાવે છે. તેને જ કારણે તે બધા બ્રહ્મચારીઓ ગણાય છે. જે પશુ પક્ષી પ્રાણીઓ પાંખવિનાનાં અને પાંખવાળાં છે, તેમજ જે ઊંચા પર્વતો પર કે નીચે ધરતી પર નિવાસ કરે છે, જે વન–જંગલ કે ગામોમાં વાસ કરે છે; તે બધાં પશુ–પક્ષીઓ અને પ્રાણીઓ પ્રકૃતિના નિયમોને અનુસરતાં હોવાને કારણે બ્રહ્મચારીઓ ગણાય છે.

'વિશ્વના સર્જક પ્રજાપતિની સાથે સંબંધ ધરાવતાં બધાં પ્રાણીઓ પોતપોતાની શકિત અનુસાર પ્રાણોને શરીરની અંદર ધારણ કરે છે તે બધાં પ્રાણીઓને એક બ્રહ્મજ રક્ષણ આપે છે, જે બ્રહ્મ બ્રહ્મચારીમાં રહેલું છે; તે બ્રહ્મ દેવોનું ઉત્સાહ પ્રેરક સારતત્વ છે, તેનો કોઈ પરાભવ કરી શકે એમ નથી; તેમજ તે રોચમાન બનીને બધેજ છે. તે ચરતું રહે છે. તેજ એક બ્રહ્મ બ્રહ્મચારીમાં ભરપૂર બનીને રહે છે, ત્યારે તેથી જયેષ્ઠ બ્રહ્મ પ્રગટ થાય છે, જેનો સંબંધ મૂલ બ્રહ્મ–મંત્રની સાથે જોડાયો છે. તે બ્રહ્મજ્ઞાનને તેજસ્વી બ્રહ્મચારી ધારણ કરે છે, માટે તેના શરીરમાં વિશ્વ ભરના દેવો સમેત–સાથે મળીને રહેલા છે. તે બ્રહ્મચારી પ્રાણ, અપાન અને વ્યાન; વાણી અને હૃદય તેમજ બ્રહ્મવિદ્યા અને મેધાશકિતને સારી રીતે પ્રગટ કરે છે; એટલું જ નહિ તે બધી શકિત-ઓમાં તે નવાં રૂપ લાવે છે. આ જીવનરૂપી સમુદ્ર પર લહરાતા સલિલ જેવા જ્ઞાનની પીઠ પર રહીને તે તપનાં અનુષ્ઠાન કરે છે અને સાથે અન્ય પદાર્થોને પણ તપાવતો રહે છે. તે બ્રહ્મચારી જયારે બ્રહ્મચર્ય વ્રતનાં અનુષ્ઠાન કરી, બ્રહ્મવિદ્યા મેળવી સ્નાતક બને છે; ત્યારે તે બધી વિદ્યાઓથી પૂર્ણ બની અને સૂર્યની જેમ તેજસ્વી બની આ પૃથ્વી પર સારી રીતે ઝળહળી ઊઠે છે. એવા તેજસ્વી સ્નાતક બ્રહ્મચારીની પાસે જઈને બધા માનવો માંગણી કરે છે કે, હે સ્નાતક બ્રહ્મવેત્તા, તમારી બ્રહ્મવિદ્યાના પ્રભાવથી અમારાં આંખ અને કાન વગેરે ઈંદ્રિયોનાં તેજ વીર્ય વધારો તેમજ અમારાં શરીરોનાં વીર્ય, લોહી અને પાચનશકિત વધારતા રહો.'

વેદાન્ત એક શાસ્ત્ર છે. તેણે ઉપનિષદોને પ્રમાણ ગણી, તેના અધિકારીની વિચા-રણા કરી છે. ઉપનિષદ–બ્રહ્મવિદ્યાની જિજ્ઞાસા જેને જાગી છે; તેણે ગુરુ પાસે જવું જોઈએ, તેણે વ્રત ધારણ કરવું જોઈએ, તે બ્રહ્મચર્ય છે. બ્રહ્મની એ ચર્યા જેણે આચરી તે આચાર્ય બને અને તેના વિચાર બ્રહ્મચારીને મળે અને તેને પચાવે. આચાર્યે આપેલ એ મંત્ર છે, એ ઉપનિષદ છે. તેનું દર્શન કરવાનું છે. આ વ્રતને આધારે અને તપના સાધને

બ્રહ્મવિદ્યાનો લાભ થાય છે. એ બ્રહ્મની પહેલી ભૂમિકામાં વિજ્ઞાનની પ્રાપ્તિ કરવાની છે. ભૂગોળથી લઇ ખગોળ સુધી વિસ્તૃત બ્રહ્માંડનું દર્શન કરવાનું છે. ભૌતિક વિજ્ઞાનની ભૂમિકા રચવાની છે. જ્ઞાનવિજ્ઞાનમાં જે નિષ્ણાત આચાર્ય છે; તેની પાસેથી એ વિદ્યા મેળવવાની છે. આ સૂકતમાં અધિકારીની ચર્ચા વિચારણા સાથે, બ્રહ્મચારીનાં વ્રત અને અનુષ્ઠાન, આચાર્યની પ્રાપ્તિ અને બ્રહ્મવિદ્યાની વ્યાપક ભૂમિકા રજૂ થઈ છે. અહીં આચાર્યને મૃત્યુ, વરુણ, સોમ, પ્રજાપતિ રૂપે જણાવેલ છે, તે પુરાણમાં રજૂ થયેલ ગુરુ બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ અને પરબ્રહ્મની ભાવનાની મૌલિકતાને બતાવે છે.

આ બ્રહ્મચારી વિદ્યાનાં અનુષ્ઠાન કરી, સ્નાતક બનેલ છે, તે ગુરુ પાસેથી વિદાય લેતાં વિદ્યાના વ્યાસંગ માટે સ્તુતિ કરે છે, તેની રજૂઆત અથર્વા ઋષિ દ્વારા થઇ છે :

૧. 'આ વાચસ્પતિ મારા કલાગુરુ છે: તેમની પાસે બલા અતિબલા નામની વિદ્યા છે, જેના પ્રતાપે વિશ્વના વિજ્ઞાનમાં રહેલાં એકવીસ પદાર્થોનાં વ્યાપક રૂપો જોવાને મળે છે, તે મારી બુદ્ધિમાં પ્રાપ્ત થાઓ. હે વાચસ્પતિ, વિદ્યાના સંસ્કારથી શુદ્ધ થએલ દિવ્ય મન સાથે તમે મારી પાસે આવો. હે વસુઓના પતિ, તમે મને વિદ્યા આપી રાજી રાખો. જે શ્રુત–વિદ્યા મેં મેળવી છે, તે મારામાં વાસ કરો. જેમ ધનુષ્ય ની બે દોરી બે છેડાને પકડી રાખે છે, એમજ વિદ્યા મેળવવામાં મારાં મન અને બુદ્ધિ જોડાઓ. મેં મારા ગુરુ વાચસ્પતિને આદરથી બોલાવ્યા છે, એવી જ રીતે તે અમને ભાવથી બોલાવે, જેથી વિદ્યાની સાથે અમારો યોગ સધાય, વિદ્યા સાથે અમારો વિરોધ ન હોય.'

વિદ્યા એક અમોલું ધન છે, તેનું જીવનભર સેવન કરવું જોઈએ. ગુરુની કૃપા ન હોય, તો ભણેલી વિદ્યા નિષ્ફળ જાય છે, વારસામાં મળેલું ધન સાધન ખૂટી જાય, પણ ગુરુ પરંપરાએ મળેલ વિદ્યાધનં વધતું રહે છે. એ વિદ્યાની પ્રાપ્તિ માટે વિદ્યાર્થી સમિધા લઈ ગુરુ પાસે જાય છે. એ આપેલ જ્ઞાન રૂપી અગ્નિને સમિદ્ધ–પ્રદીપ્ત કરવાની ખાત્રી આપે છે,

અગ્નિમાં હોમેલ સમિધા અગ્નિરૂપ બને છે. એમજ બ્રહ્મ જાણનાર–બ્રહ્મવિદ બ્રહ્મ બને છે. બ્રહ્મવિદ્યા મેળવવા જે વ્રત, તપ કરવાનાં છે, તેને પ્રભાવે જે બ્રહ્મજ્ઞાન મળે તે બ્રહ્મનું દર્શન કરાવે છે. એ વ્રત છે, તેનો પતિ અગ્નિ વ્રતપતિ ગણાય. જે અગ્નિ વ્રતપતિ ગણાય, તે અગ્નિ વ્રાત્ય ગણાય. એજ રીતે બ્રહ્મનું વ્રત તે બ્રહ્મચર્ય, તેનાં આચરણ કરનાર બ્રહ્મચારી ગણાય, તેને જે બ્રહ્મનું દર્શન થયું, તે વ્રાત્ય કહેવાય. અથર્વા ઋષિએ એ વ્રાત્ય બ્રહ્મનો વિવિધ મહિમા ગાયો છે :

૨ 'એ વ્રાત્ય બ્રહ્મ છે, તે સર્વને પ્રેરણા આપનાર બને છે. તેણે સૌ પહેલાં પ્રજાપતિને પ્રેરણા કરી, તેથી પ્રજાપતિએ પોતાની જાતને સુવર્ણ રૂપે જોઇ અને તેણે પોતે

૧. અથર્વવેદ ૧, ૧, ૧–૩. ૨ અથર્વ ૧૫,૧,૨,૩

જન્મ લીધો. જન્મ લેવા છતાં પણ તે એક જ બનીને રહ્યો. તે બ્રહ્મરૂપ બન્યો, તે તપરૂપ બન્યો, તે લલામ–વિલક્ષણ બન્યો. તે મહાન બન્યો, તે જયેષ્ઠ શ્રેષ્ઠ બન્યો, તે સત્ય બન્યો, સાધન દ્વારા તેણે પોતે જન્મ લીધો. તેથી તે વધવા લાગ્યો, તે મહાન બની ગયો, તે મહાદેવ બન્યો. જે ઈશ–સત્તાધીશ દેવો હતા, તેનો તે અધિષ્ઠાતા બન્યો, ઈશાન બન્યો. તે મૂળે તો એક વ્રાત્ય હતો.

'તે પોતે જે રૂપે છે, તેમાં ઈન્દ્ર તેનું ધનુષ્ય છે. નીલરંગનું તેનું પેટ છે, પીઠ લાલ છે, તે નીલ અને લોહિત ભાગથી શત્રુને હણે છે, જે તેને અપ્રિય છે.' આ રીતે વ્રાત્ય વિષે બ્રહ્મવાદીજનો જણાવે છે.

'જે વ્રાત્ય બ્રહ્મ પ્રજાપતિરૂપે પ્રગટ થયું. તેણે ઉત્થાન કર્યું, તેણે પૂર્વ દિશા તરફ ચાલવા માંડયું; તેને અનુસરી બૃહત અને રથંતર બે સામગાન અને આદિત્યો તેમજ વિશ્વેદેવો ચાલવા લાગ્યા. હવે જે કોઈ અજ્ઞાનીજન તે વ્રાત્ય બ્રહ્મના જાણકાર વિદ્વાનની નિંદા કરે છે, તે નિંદક ઉપરનાં બે ગાનો અને દેવોના અપરાધી બને છે અને જે જ્ઞાની પ્રશંસક છે, તે ઉપરનાં ગાનો અને દેવોને પ્રિય બને છે. તેને માટે પૂર્વ દિશામાં શ્રદ્ધા નારી, મિત્ર માગધ, વિજ્ઞાન વાસ, દિવસ પાઘડી, રાત કેશ, બે કિરણો બે કુંડળ, તારા મણિ, ભૂત અને ભવિષ્ય બે ટેકા, મન રથ, માતરિશ્વા અને પવમાન રથના બે ઘોડા, વાયુ સારથિ, કિરણ લગામ તેમજ કીર્તિ અને યશ તેના અગ્રેસર બને છે, બ્રહ્મના આ રહસ્યને જાણનાર પાસે કીર્તિ અને યશ આવે છે.

'તે પ્રજાપતિએ ઉત્થાન કર્યું અને દક્ષિણ દિશા તરફ ચાલવા માંડયું. તેને અનુસરી યજ્ઞાયજ્ઞીય અને વામદેવ્ય બે સામગાન અને યજ્ઞ, યજમાન તેમજ પશુઓ ચાલવા લાગ્યાં. હવે જે કોઈ તેના જાણકારની નિંદા કરે છે, તે ઉપરનાં બે ગાનો અને યજ્ઞ વગેરેનો અપરાધી બને છે અને જ્ઞાની પ્રશંસક પ્રિય બને છે. તેને માટે દક્ષિણ દિશામાં ઉષા નારી, મંત્ર માગધ, વિજ્ઞાન વાસ, વગેરે ઉપર જણાવ્યા પ્રમાણેનાં રૂપો કીર્તિ અને યશ અપાવે છે.

'તે પ્રજાપતિએ ઉત્થાન કર્યું અને પશ્ચિમ દિશા તરફ ચાલવા માંડયું. તેને અનુસરી વૈરૂપ અને વૈરાજ બે ગાન અને આપો દેવી તેમજ રાજા વરુણ ચાલવા લાગ્યાં. તેના જાણકારની નિંદા કરનાર અપરાધી અને પ્રશંસક પ્રિય બને છે. તેને માટે પશ્ચિમ દિશામાં ઈરા–પૃથ્વી નારી, હસ–હાસ્ય માગધ, વિજ્ઞાન વાસ વગેરે હોય છે.

'તેણે ઉત્થાન કર્યું અને ઉત્તર દિશા તરફ ચાલવા માંડયું. તેને અનુસરી શ્યૈત અને નૌધસ બે ગાન અને સાત ઋષિઓ તેમજ રાજા સોમ ચાલવા લાગ્યાં. તેના જાણકારની નિંદા કરનાર અપરાધી અને જ્ઞાની પ્રિય બને છે. તેને માટે ઉત્તર દિશામાં વીજળી નારી અને મેઘ માગધ વગેરે હોય છે.

'તે પોતે એક વર્ષ–સંવત્સર સુધી ઊંચે ઉભો રહ્યો; તેને દેવોએ પૂછ્યું: હે વ્રાત્ય, તું શા માટે ઉભો છે ? તેણે ઉત્તર આપ્યો: મને આસંદી–બાજઠ આપો. તેને બેસવા આસંદી આપી. ગ્રીષ્મ અને વસંત તેના બે પગ બન્યા. તેમજ શરદ્ અને વર્ષા બીજા બે પગ બન્યા બૃહત્ અને રથંતર બાજુનાં પાટિયાં, યજ્ઞાયજ્ઞીય અને વામદેવ્ય ત્રાંસાં પાટીયાં, ઋચાઓ આગળના લાંબા તાણા, યજુઓ વચલા ત્રાંસા તાણા, વેદ પાથરણું, બ્રહ્મ ચાદર, સામ ગાદલું અને ઉદ્ગીથ ઓશિકું બન્યાં. તે આસંદી પર વ્રાત્ય ચઢી ગયો. દેવજનો તેના રક્ષક, સંકલ્પ દૂતો અને બધાં પ્રાણીઓ સાથે બેસનારાં બન્યાં. આ રહસ્યને જે જાણે છે, તેની સાથે બધાં પ્રાણીઓ બેસે છે. આ વ્રાત્ય બ્રહ્મ છે, તેને જાણનાર અને તેનાં અનુષ્ઠાન કરનાર બ્રહ્મચારી–બ્રહ્મજ્ઞાની એક વર્ષનાં અનુષ્ઠાન કરે, તેને દેવોથી પ્રતિષ્ઠા, યશ અને કીર્તિ મળે છે.' તે રહસ્ય પહેલાં ત્રણ પર્યાયોમાં જણાવી, ચોથા પર્યાયમાં તે બ્રહ્મજ્ઞાનીનાં રક્ષણ છ ઋતુઓ, પાંચમા પર્યાયમાં મહાદેવની સાત વિભૂતિઓ છઠ્ઠામાં બધા દેવો કરે છે, તે બતાવીને સાતમામાં તે પૂર્ણ બ્રહ્મરૂપ બને છે, તે રહસ્ય બતાવ્યું છે :

[1] 'તે વ્રાત્ય બ્રહ્મચારી બ્રહ્મજ્ઞાની બને છે, ત્યારે પૂર્વ દિશાના દેવો અને વસંત ઋતુના બે માસ રક્ષણ કરે છે તેમજ બૃહત્ અને રથંતર ગાન અનુષ્ઠાતા બને છે. દક્ષિણ દિશાના દેવો, ગ્રીષ્મ–ઉનાળાના બે માસ રક્ષક અને યજ્ઞાયજ્ઞીય તેમજ વામદેવ્ય અનુષ્ઠાતા, પશ્ચિમ દિશાના દેવો, વર્ષાના બે માસ રક્ષક અને વૈરૂપ તેમજ વૈરાજ અનુષ્ઠાતા, ઉત્તર દિશાના દેવો, શરદના બે માસ રક્ષક અને શ્યૈત તેમજ નૌધસ અનુષ્ઠાતા; ધ્રુવા દિશાના દેવો, હેમંતના બે માસ રક્ષક અને ભૂમિ તેમજ અગ્નિ અનુષ્ઠાતા તેજ રીતે ઊર્ધ્વ દિશાના દેવો, શિશિરના બે માસ રક્ષક અને દ્યુલોક તેમજ આદિત્ય અનુષ્ઠાતા બને છે.

'તે બ્રહ્મજ્ઞાની બ્રહ્મચારીને માટે પૂર્વ દિશાના અંદરના ભાગથી ધનુષ્યધારી 'ભવ' ને, દક્ષિણ દિશાથી 'શર્વ' ને, પશ્ચિમ દિશાથી 'પશુપતિ' ને, ઉત્તર દિશાથી 'ઉગ્રદેવ' ને, ધ્રુવ દિશાથી 'રુદ્ર' ને, ઊર્ધ્વ દિશાથી 'મહાદેવ' ને તેમજ બધી દિશાઓથી 'ઈશાન' ને અનુષ્ઠાતાઓ બનાવ્યા. આમ જેણે ભવ, શર્વ, પશુપતિ, ઉગ્ર, રુદ્ર, મહાદેવ અને ઈશાનને ધનુષ્યધારી રક્ષણ કરનાર જાણ્યા; તેને તે વિભૂતિઓ હણતી નથી અને તેનાં પશુઓ તેમજ સંબંધીજનોને હણતા નથી.

'તે વ્રાત્ય બ્રહ્મચારીએ ધ્રુવા દિશા તરફ ચાલવા માંડયું; તેને અનુસરી ભૂમિ અને અગ્નિ, ઔષધિ અને વનસ્પતિ, વાનસ્પત્ય અને વીરુધ–વેલાઓએ ચાલવા માંડયું; તેજ રીતે ઊર્ધ્વા દિશા તરફ તેણે ચાલવા માંડયું; તો ઋત અને સત્ય, સૂર્ય અને

---

૧. અથર્વવેદ ૧૫, ૪, ૫–૭

ચંદ્ર તેમજ નક્ષત્રો ચાલવા માંડયાં; ઉત્તર દિશા તરફ તેને અનુસરી ઋચાઓ અને સામ, યજુઓ અને બ્રહ્મમંત્રોએ; બૃહતી દિશા તરફ ઈતિહાસ અને પુરાણ, ગાથા અને નારાશંસે; પરમા દિશા તરફ આહવનીય અને ગાર્હપત્ય અને દક્ષિણાગ્નિ તેમજ યજ્ઞ, યજમાન અને પશુઓએ, નહિ બતાવેલ એવી—અનાદિષ્ટ દિશા તરફ ઋતુઓ અને તેના પદાર્થો, લોકો અને તેના પદાર્થો, માસ, પક્ષ અને અહોરાત્ર વગેરેએ ચાલવા લાગ્યાં. આમ વ્રાત્ય જે જે દિશાએ ચાલે તે તે દિશાએ જે જે દેવો અનુસરે; તે સંપૂર્ણ રહસ્યને જે જાણે છે, તેને તે તે પદાર્થોનાં ધામ બનાવે છે.

'આ વ્રાત્યનો મહિમા છે, તે સ—દ્રુ—વૃક્ષની સાથેનો છે; જેણે ગતિ કરીને જયારે પૃથ્વીના અંદરના ભાગમાં પ્રવેશ કર્યો, ત્યારે તે મહિમા સમુદ્ર બની ગયો; અર્થાત્ વ્રાત્ય બ્રહ્મનો મહિમા સમુદ્ર જેટલો વિશાળ છે; એ રહસ્યને જે બ્રહ્મચારી બ્રહ્મજ્ઞાની જાણે છે, તેની સાથે પ્રજાપતિ, પરમેષ્ઠી, પિતા અને પિતામહ વગેરે શ્રદ્ધા અને વર્ષા બનીને રહે છે, તેને આપોદેવીઓ તેમજ શ્રદ્ધા અને વર્ષાનાં જલ અનુસરે છે. તેની સેવામાં શ્રદ્ધા, યજ્ઞ, લોક, અન્ન, ભોજન વગેરે અનુકુળ બનીને રહે છે.

'આ વ્રાત્ય બ્રહ્મને જાણનાર બ્રહ્મજ્ઞાની બ્રહ્મચારી રાજા જેટલી પ્રતિષ્ઠા મેળવીને આત્મ સ્વરાજયની પ્રતિષ્ઠા કરે છે અને તેને આંગણે સાક્ષાત્ પરબ્રહ્મ વ્રાત્ય પોતે એક અજાણ્યા અતિથિની જેમ આવે છે.' આમ તિથિ વિનાના અતિથિના આદર સત્કાર કરવા જોઈએ, કારણ કે તેની અંદર સર્વ વિભૂતિઓ રહેલી છે. તેનાં અનાદર કે અપમાન કરવાં નહિ; એ રહસ્યને હવે પછીના બીજા અનુવાકના આઠથી અઢાર પર્યાયો સુધી રજૂ કર્યું છે :

[1] 'જે બ્રહ્મજ્ઞાની હતો, તેણે વ્રાત્ય બ્રહ્મનું જ્ઞાન મેળવી લીધું અને તેથી તે પોતે ખૂબ જ રાજી થયો. તેને સામ્રાજય મળી ગયું, તે પોતે રાજન્ય બની ગયો. તેણે પોતાનાં સંબંધીજનો માટે અન્ન અને ખાનપાન મેળવી લીધાં. એ પ્રમાણેના વ્રાત્યના રહસ્યને જે કોઈ જાણે છે, તે સ્નેહીજનો અને અન્નનાં પ્રિયધામ બને છે. તે પ્રજાજનોને અનુકૂળ રહી ચાલે છે. તેથી તેને સભા અને સમિતિ તેમજ સેના, સુરા—ધન ખજાના અનુકૂળ રહે છે. તે જાણનાર સ્નેહીજનોના પ્રિય ધામ બને છે.

'હવે માનો કે, એ બ્રહ્મજ્ઞાની રાજાને ઘેર કોઈ અજાણ્યો અતિથિ આવી પહોંચે, જે વ્રાત્ય બ્રહ્મનો જાણકાર હોય; તેનાં સંમાન કરે; તેથી પોતાનું કલ્યાણ સધાશે; તેથી તેના ક્ષત્ર અને રાષ્ટ્રનાં અહિત નહિ થાય.

'તે આત્મજ્ઞાનીના સંકલ્પથી બ્રહ્મ—જ્ઞાન અને ક્ષત્ર—બળ ઉભાં થયાં; તેમણે જણાવ્યું : 'અમે કોની અંદર પ્રવેશ કરીએ'? તેણે કહ્યું : 'બ્રહ્મ પોતે બૃહસ્પતિમાં

---

૧ અથર્વવેદ ૧૫; ૮, ૧૮

અને ક્ષત્ર ઈન્દ્રમાં પ્રવેશ કરે. તે પ્રમાણે તેમણે પ્રવેશ કર્યો. હવે આ પૃથ્વી એ પોતે બૃહસ્પતિ છે અને દ્યુલોક એ તો ઈન્દ્ર છે. અગ્નિ એ તો બ્રહ્મ છે અને તે આદિત્ય–સૂર્ય ક્ષત્ર છે. જેની પાસે બ્રહ્મ જાય છે, તે બ્રહ્મવર્ચસ્વી બને છે. એ રીતે જે વ્રાત્યના રહસ્યને જાણે છે, તે પૃથ્વી, બૃહસ્પતિ અને અગ્નિને બ્રહ્મરૂપે તેમજ દ્યુલોક, ઈન્દ્ર અને આદિત્યને ક્ષત્રરૂપે જાણે છે–તેને ઈંદ્રિયની શકિત મળતાં, તે ઈંદ્રિયવાન બને છે; અર્થાત્ તેના શરીરમાં બૃહસ્પતિ અને ઈન્દ્રની શકિત પ્રવેશ કરે છે.

'હવે આવો બ્રહ્મજ્ઞાની વ્રાત્ય અતિથિરૂપે આપણે ઘેર આવી પહોંચે, તો આપણે ઊઠીને તેની સામે જવું જોઈએ અને તેને પૂછવું જોઈએ: 'હે વ્રાત્ય બ્રહ્મ, કયાં વાસ કર્યો છે, હે વ્રાત્ય, આપને માટે આ જલ છે. અમારા સબંધીજનો તમને તૃપ્ત કરે, તમને જે પ્રિય હોય, તે પ્રમાણે અહીં મળી રહો. જે ચીજ તમને વશ હોય, અનુકૂળ હોય, તે પ્રમાણે તમને મળો, તમારી જેવી અભિલાષા હોય, તે પ્રમાણે કાર્ય સિદ્ધ થાઓ.

'આ પ્રમાણે જયારે આપણા તરફથી અતિથિને પૂછવામાં આવે અને આદર સાથે તેની સેવા કરવામાં આવે, ત્યારે આપણને મનગમતા લાભ મળે. જેમકે, 'હે વ્રાત્ય તમે કયાં વાસ કર્યો છે? તે પ્રશ્નથી આદર કરનાર યજમાન દેવયાનોના માર્ગોના લાભ મેળવે છે.' તેને પૂછવામાં આવે, કે 'હે 'વ્રાત્ય તમારે માટે આ જલ છે, તેથી આપો દેવીના ધામને મેળવે છે' 'મારા સંબંધીજનો તમને તૃપ્ત કરો, તેથી પ્રાણને વર્ષો સુધી ટકાવી રાખે છે, તમને પ્રિય હોય, તે તમને મળો' તેથી પ્રિય પદાર્થ મળે છે. 'તમને વશ હોય તે થાઓ, તેથી પદાર્થ વશ થાય છે. 'તમને નિકામ–મરજી હોય, તે મળો તેથી તેને નિકામ મળે છે.

'જેના ઘરમાં ત્રણ અગ્નિઓ છે, એવો અગ્નિહોત્રી યજમાન જયારે ત્રણ અગ્નિઓ ધારણ કરતો હોય અને સાંજ સવારના અગ્નિહોત્ર કરતો હોય, તે અગ્નિ-ઓમાં આહુતિ આપતી વખતે વ્રાત્ય અતિથિ ઘેર આવી પહોંચે, તો તેનો આદર કરી પૂછવું; વ્રાત્ય આજ્ઞા આપો, હું આહુતિઓ આપું?' તે આજ્ઞા આપે, તો હોમ કરવો, નહિ; તો નહિ. તેની આજ્ઞાથી જે હોમ કરે છે, તે યજમાન દેવયાન અને પિતૃયાનના માર્ગને જાણે છે. આજ્ઞા ન આપે તો જાણો કે તેનો યજ્ઞ વિફલ થાય છે, દેવો સાથેનો સંબંધ તૂટી જાય છે અને આ લોકનો આધાર રહેતો નથી.

'આ વ્રાત્ય બ્રહ્મચારી જેને ઘેર અતિથિ તરીકે એક રાત રહે છે, તેને આ પૃથ્વીમાં રહેલા પુણ્યલોક મળે છે, બે રાત રહે, તો અંતરિક્ષમાંના પુણ્ય લોક, ત્રણ રાત રહે, તો દ્યુલોકના પુણ્ય લોક, ચાર રાત રહે તો પુણ્યશાળીઓના પુણ્ય લોક, અપરિમિત રાત્રીઓ રહે, તો અપરિમિત પુણ્ય લોક મળે છે. હવે ધારો કે, કોઈ બનાવટી કે કહેવાતો વ્રાત્ય–વ્રાત્યબ્રુવ કે અવ્રાત્ય પોતાને વ્રાત્ય કહેવડાવે અને અતિથિ

રૂપે ઘેર આવે, તો યજમાન તેનો તિરસ્કાર કરે કે ઘરથી બહાર કાઢી મૂકે ? તો કહે, ના તેનો તિરસ્કાર ન થાય. તેને દેવ ગણી જલ, વાસ ભોજન વગેરે પીરસી સેવા કરે, તેમ કરવાથી તે અતિથિમાં વસેલા દેવનાં પૂજન કરે છે, એવી ભાવના કરે.

'વ્રાત્ય બ્રહ્મને જાણનાર બ્રહ્મજ્ઞાની બ્રહ્મચારી જ્યારે પૂર્વ દિશા તરફ ચાલે છે ત્યારે મારુત–વાયુનાં બળ મેળવી મનને અન્નાદ બનાવી ગતિ કરી છે. જ્યારે દક્ષિણ તરફ ચાલે છે, ત્યારે ઈન્દ્રની શકિત મેળવી બલને અન્નાદ બનાવી ગતિ કરે છે. પશ્ચિમ તરફ ચાલે છે, ત્યારે વરુણને રાજા બનાવી આપોદેવીને અન્નાદ બનાવી, ઉત્તર તરફ ચાલે છે, ત્યારે સોમ ને રાજા બનાવી, સપ્તર્ષિદ્વારા આહુતિને અન્નાદ બનાવી, ધ્રુવ દિશા તરફ ચાલે છે ત્યારે વિષ્ણુને રાજા બનાવી વિરાટને અન્નાદ બનાવી ગતિ કરે છે. એજ રીતે તે જ્યારે પશુઓને અનુકૂળ બની ચાલે છે, ત્યારે રુદ્ર બની ઔષધિઓને અન્નાદ બનાવી, પિતૃઓને અનુકૂળ થાય, ત્યારે યમરાજા બની, સ્વધાને અન્નાદ બનાવી; મનુષ્યને અનુકુળ થાય, ત્યારે અગ્નિ બની, સ્વાહાકારને અગ્નિ બનાવી, ઊર્ધ્વ ગતિ કરે, ત્યારે બૃહસ્પતિ બની, વષટકારને અન્નાદ બનાવી; દેવોને અનુકૂળ થાય, ત્યારે ઈશાન બની, મન્યુ–ઉત્સાહને અન્નાદ બનાવી, પ્રજાને અનુકૂળ થાય, ત્યારે પ્રજાપતિ બની પ્રાણને અન્નાદ બનાવી, દિશાઓની અંદરના ખૂણાઓમાં જાય, ત્યારે પરમેષ્ઠી બની, બ્રહ્મને અન્નાદ બનાવી ગતિ કરે છે.

'આ તે વ્રાત્ય બ્રહ્મ છે, જે સાત પ્રાણ, સાત અપાન અને સાત વ્યાન છે. હવે તેનો જે પ્રથમ પ્રાણ છે, ઊર્ધ્વ નામનો અગ્નિ, બીજો તે પ્રૌઢ આદિત્ય–સૂર્ય, ત્રીજો વ્યૂઢ ચંદ્રમા, ચોથો વિષ્ણુ પવમાન, પાંચમો યોનિ નામે આપો દેવીમાં છઠ્ઠો પ્રિય નામ પશુઓ અને સાતમો અપરિમિત પ્રજાજનો છે. તે વ્રાત્યનો પ્રથમ અપાન પૌર્ણમાસી, બીજો અષ્ટકા, ત્રીજો અમાવાસ્યા, ચોથો શ્રદ્ધા, પાંચમો દીક્ષા, છઠ્ઠો યજ્ઞ અને સાતમો દક્ષિણા છે. તે વ્રાત્યનો પહેલો વ્યાન ભૂમિ બીજો અંતરિક્ષ, ત્રીજો દ્યુલોક, ચોથો નક્ષત્રો, પાંચમો ઋતુઓ, છઠ્ઠો ઋતુઓના ધર્મો અને સાતમો સંવત્સર છે.

'બધા દેવો તે વ્રાત્ય બ્રહ્મના સમાન અર્થને અનુકૂળ રહે છે, તેમજ સંવત્સર વર્ષ પણ પોતાની ઋતુઓની સાથે અનુસરે છે. તે વ્રાત્યના ભાવો સૂર્યમાં પ્રવેશ કરે છે. તે અમાસ પૂર્ણિમામાં પ્રવેશ કરે છે; તેના એક અમૃતભાવને બ્રહ્મજ્ઞાની બ્રહ્મચારી મેળવી લે છે, એ રહસ્યને બ્રહ્મવાદીઓ જણાવે છે.

'આ તે વ્રાત્ય બ્રહ્મ છે, જેની જમણી આંખમાં આદિત્ય સૂર્ય, ડાબી આંખમાં ચંદ્ર, જમણા કાનમાં અગ્નિ, ડાબા કાનમાં પવમાન સોમ, દિવસ અને રાત–અહોરાત્ર બે દિતિ અને અદિતિ માથાની ખોપરી. અને સંવત્સર–વર્ષ મસ્તક બને છે. આ તે વ્રાત્ય

બ્રહ્મ છે, તેને અમે સવારે પૂર્વ દિશા તરફ મુખ રાખી અને સાંજે પશ્ચિમ દિશા તરફ મુખ રાખીને નમસ્કાર કરીએ છીએ: નમો વ્રાત્યાય.'

આ વ્રાત્ય સૂક્ત છે. એ બ્રહ્મ છે, જેની પ્રેરણાથી પ્રકૃતિ પ્રવૃત્તિ કરે છે, તેની વૃત્તિ અને વર્તનથી એક એક પદાર્થનાં સર્જન થાય છે. એ સર્જન, તે પ્રજાપતિનું વ્રત છે. અગ્નિ વ્રતપતિ છે, વાયુ વ્રતપતિ છે. ઇન્દ્ર વ્રતપતિ છે. એ બધા વ્રતપતિઓની મૂળ પ્રેરણા બ્રહ્મ છે, માટે વ્રતપતિઓનાય વ્રતપતિ છે. તેને જે જાણે છે, તેય વ્રાત્ય છે; તે સંબંધે બ્રહ્મચારી વ્રતપતિ છે. ગૃહસ્થ અગ્નિહોત્રી વ્રતપતિ છે. તેને બ્રહ્મ વિષે જાણવું છે. જેણે સમુદ્રને જોયો નથી, જાણ્યો નથી, તેને સમુદ્ર વિષે કયો પ્રશ્ન જાગે? સમુદ્રના કિનારે ઉભેલોજ સમુદ્ર વિષે પૂછે: આ સમુદ્રની પેલે પારે શું? તેની ઊંડાઈ કેટલી; એમજ જે બ્રહ્મચારી છે, જે બ્રહ્મજ્ઞાની છે, તેને બ્રહ્મ વિષે પ્રશ્ન જાગે છે. આ વૃક્ષ ઊભું છે, પણ તેનું મૂળ કારણ છે તે કોણ છે? તે યક્ષ છે જે પોતે ક્ષ—એકસ, વાય, ઝેડ છે, જેનું કોઈ નામ નથી, માટે યઃ જે છે, તે ક્ષ છે, અક્ષ છે, યક્ષ, તેને કોણે જાણ્યો? જેને તમે અક્ષ કહો છો, તે અક્ષર શું છે? તેનાં કોઈ નામ, રૂપ છે ખરાં? બ્રહ્મ વિષેની આ જિજ્ઞાસા જેને હૈયે જાગી છે, તે બ્રહ્મચારી આચાર્ય પાસે જાય; તે આચાર્ય શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ, બ્રહ્મવિદ્ છે, પોતે વ્રતપતિ છે, વ્રાત્ય છે, બ્રહ્મ છે. તેણે બ્રહ્મચારીને બધા પ્રકારની વિદ્યાઓ આપી. પ્રકૃતિ અને પુરુષનાં સર્જનની વાત કરી. વૃક્ષ વિજ્ઞાન વિષે જણાવ્યું. તેની આંખ ખુલી ગઈ છે, તે કશ્યપ—પશ્યક બને છે; તેને હૈયે પ્રશ્નો જાગે છે ને આચાર્ય તેના ઉત્તરો આપે છે. ભૌતિક વિજ્ઞાનના આ મૂલ પ્રશ્નો કશ્યપ ઋષિને હૈયે જાગ્યા છે, તે વિરાટ વિષેનો સંવાદ રજૂ કરે છે:

[1]'આચાર્ય દેવ, જેને તમે દ્યાવા પૃથ્વીરૂપે માતા પિતા કહો છો, જે મૂલ પ્રકૃતિ પુરુષ છે, યોષા વૃષા છે, મનુ શતરૂપા છે. અદિતિ કશ્યપ છે, તે બંનેનો જન્મ ક્યાંથી થયો? તમારા જણાવ્યા પ્રમાણે તો વિરાટનો અર્ધ ભાગ છે, તો પછી તે અર્ધ ભાગ કયા લોકથી અને કઈ પૃથ્વીથી આવ્યો? એ વિરાટ કયા પ્રકારનું સલિલ—તરલ તત્ત્વ છે, જેમાંથી આ બે વાછડાં થયાં છે, જેને તમે રયિ અને પ્રાણ કહો છો, તેમને જન્મ આપનારી ગાય કોણ છે અને તેનાં દોહન કોણે કર્યાં? એ વિષે તમને હું પૂછી રહ્યો છું.'.

[2]પૃચ્છામિ ત્વા આ પ્રશ્ન છે, તે જિજ્ઞાસુને હૈયે જાગે છે, પછી તે જિજ્ઞાસુ આજનો હોય કે, જુનો ઋષિ હોય. આ પ્રશ્ન પૂછવા જેટલો અધિકાર મેળવી લેવો જોઈએ. આજના કે જુગજુના ઋષિઓનો પ્રતિનિધિ અર્જુન છે, તેની સામે જગદ્ગુરુ શ્રી કૃષ્ણ ઊભા છે, તે આચાર્ય છે તેની સામે હાથ જોડી શિષ્યભાવે અર્જુન પૂછે છે:

૧. અથર્વવેદ ૮, ૯, ૧–૨૬. ૨. શ્રીમદ્ ભગવદ્ગીતા, ૨, ૩

પૃચ્છામિ ત્વા અને સાથે જણાવે છે, શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વા પ્રપન્નમ્ ।

જેને બ્રહ્મનું જ્ઞાન મેળવવું છે, તેણે આચાર્ય પાસે જવું પડશે; વિનય ભાવે પ્રશ્ન પૂછવો પડશે અને ધીરજથી સાંભળવું પડશે. બીજી ત્રીજી વાતોમાં નહિ પડતાં નચિકેતાની જેમ [1]नान्यं तस्मात् नचिकेता वृणीते કહેવું પડશે. નારદની [2]જેમ સનત્કુમાર આચાર્ય પાસે જઈ જણાવવું પડશે, કે હું મંત્રવિદ્ છું, આત્મવિદ્ નથી. મંત્રવિદેવાહં નાત્મવિત્ તેમજ મૈત્રેયીની જેમ આચાર્ય યાજ્ઞવલ્કયને જણાવવું પડશે: [3]'यदेव भगवान् वेद तदेव मे ब्रूहि તેમજ વરુણના પુત્ર ભૃગુ પિતા પાસે ગયા [4]અને જણાવ્યું:

अधीहिं भगवो ब्रह्म મને બ્રહ્મ વિષે ભણાવો.

આ પ્રકારનાં અધિકાર અને જિજ્ઞાસા જગાડયા પછી હાથમાં સમિધા લઈ જનાર બ્રહ્મચારીનો ગુરુ સ્વીકાર કરે અને કહે उप त्वा नेष्यामि તું પુરેપૂરો અધિકારી બન્યો છે. હવે હું તને બ્રહ્મ પાસે દોરી જાઉં છું. આમ બ્રહ્મની પાસે જવું, બ્રહ્મનાં હાજરા-હજૂર દર્શન કરવાં, એજ બ્રહ્મજ્ઞાન છે. જે મંત્રોપનિષદ ઋષિઓને હૈયે જાગ્યું છે.

ભૂખ–તરસ કુદરતી છે, સ્વયંભૂ છે, તેથીજ પ્રાણિમાત્ર અન્નજલની શોધમાં નીકળે છે, એ ક્ષુધા અને પિપાસા મરી ગયાં હોય, તેને અન્નજલનાં શૂં મુલ્ય ? એમ જ બ્રહ્મની જિજ્ઞાસા જાગે, તેને જ બ્રહ્મની પ્રતિષ્ઠા છે. એવો અધિકારી વિરલ છે, તેની શોધ કરવા બ્રહ્મજ્ઞાની આચાર્ય નીકળે છે. સ્વયંભૂ બ્રહ્મ પોતે શોધ કરવા નીકળે છે, માટે તો તે વ્રાત્ય–વ્રતપતિઓનો વ્રતપતિ બને છે. તે બ્રહ્મ પોતે બ્રહ્મવિદ આચાર્ય બને છે. તે પોતાની જાતનું સમર્પણ કરે છે. તે વિરાટ બને છે ને અધિરાજનું સર્જન કરે છે, તે રહસ્ય કશ્યપ ઋષિ રજૂ કરે છે :

[5] 'હે પ્રિય શિષ્ય, જે વ્રાત્ય બ્રહ્મ શેષશાયી બનીને મહાન સલિલના તરલ ધામ પર સૂતેલ છે અને પછી જેણે ત્રિભુજ યોનિરૂપ પ્રકૃતિની રચના કરી, તે સલિલનાં તરલ જલને ક્ષુબ્ધ કરી નાખ્યાં છે, તેમાંથી વિરાટ પેદા થયું, જેણે ગૌનો આકાર લીધો અને તે વિરાટ કામદુધા ગૌનો એક વાછડો થયો, જેણે દૂર દૂર ગુપ્ત શરીરોની રચના કરી છે; તેમાંથી ત્રણ તો બૃહત ધામ થયાં અને તેમાંનું એક ચોથું ધામ થયું, જે વાણીના રૂપે છુટૂં પડી ગયું : અર્થાત્ તે પહેલી વાણી છે: જે અવ્યકતરૂપે પરા, પશ્યંતી અને મધ્યમા છે અને વ્યકતરૂપે વૈખરી વાણી છે. બુદ્ધિશાળી માનવ તપના પ્રભાવે એ પહેલા બૃહત્–બ્રહ્મને જાણે છે, તે જ્ઞાની પુરૂષના હૃદયમાં અવ્યકત વાણી એકરૂપે અને મુખમાં વ્યકતવાણી એકરૂપે જોડાય છે.

'સાચે જ ગુરુદેવ, તમારા જણાવ્યા પ્રમાણે તો ચાર વાણી તે બૃહતી અને

(૧) કઠોપનિષદ ૧, ૧, ૨૯ (૨) છાંદાગ્યોપનિષદ ૭, ૧ (૩) બૃહદારણ્યક ૪, ૫, ૪
(૪) તૈત્તિરીયોપનિષદ ૨, ૩, ૧. (૫) અથર્વ વેદ ૮, ૯, ૧–૨૬

પાંચમી મૂળ પ્રકૃતિ કામદુઘા પણ બૃહતી, એથી પર છઠ્ઠું બ્રહ્મ પણ બૃહત ગણાય, જેથી પાંચ બૃહતીઓ થઈ, એ તો સામગાનની પ્રકૃતિ ગણાય; પણ જેમ બૃહતીથી બૃહદ્ નામનું ગાન પ્રગટ થયું છે, એમ જે આ બૃહતી પ્રકૃતિ–કામદુઘાથી વિરાટ નામનું બૃહત્ ધામ થએલું છે, એમ માનવામાં આવે, તો પછી એ બૃહતીને પોતાને કયા તત્વથી રચવામાં આવી ?

'તારો પ્રશ્ન મૌલિક છે. બ્રહ્મ એ તો બૃહત્ છે, તે જાતે કશું રચતું નથી અને તેથી બીજું કાંઈ રચાતું નથી. આ કારણે તો તેને છઠ્ઠું તત્વ પણ શી રીતે ગણાય ? ત્યારે જે પાંચમી બૃહતી છે, તે તો કામદુઘા ગોમાતા છે, તે જ વિરાટ ગૌ છે, તે જ તન્માત્રા છે, તેથી અધિતન્માત્રા બનેલી છે; એમ જ માની લો કે, જે તન્માત્રા છે, તેથી આ બૃહતી માત્રાની રચના થઈ છે. આ તો માનો કે ઈન્દ્રની માયા છે અને તે માયાથી બીજી એક માયા થઈ છે. જેમ ઈન્દ્રના રથને તેનો સારથિ માતલિ હાંકે, એમ જ બૃહત્ સામ છે. તે વિરાટરૂપી કામદુઘાના રથને હાંકી રહ્યો છે.

'એ વિરાટની રચના થવામાં ઉપરનો દ્યુલોક એક કારણ બને છે. એ દ્યુલોક તો માનો કે વૈશ્વાનર અગ્નિની પ્રતિમા છે. એ મહત્ તત્વનું એક અગ્રણીરૂપ છે, તે અગ્નિ છે, તેણે બંને રોદસી સૂક્ષ્મ લોકોને રોકી રાખ્યા છે. આમ વિરાટથી દ્યુલોક અને તેનો અધિષ્ઠાતા વૈશ્વાનર; એ ત્રણ કારણો અને તે જ રીતે અગ્નિ અને તેના દ્વારા રચાએલ બે સૂક્ષ્મ લોક મળીને છ તો મૂળતત્વ થયાં ગણાય. હવે જેમ સોમ-યાગનો છઠ્ઠો અહોરાત્ર હોય અને તેમાં બધાં જ સ્તોત્ર–સ્તોમનાં ગાન એક જ બૃહત્ સામમાંથી ઊઠતાં હોય; એમ જ સર્જન કાલે પ્રકૃતિમાતાએ શરૂ કરેલા સોમ-યાગના પહેલા અહોરાત્રમાં બૃહત્‌નાં પાંચ સામગાન પછીના છઠ્ઠા અહોરાત્રમાં પણ એ જ પ્રકારનાં ગાન ઊઠતાં હોય છે: અર્થાત્ મૂલપ્રકૃતિમાંથી પરા પ્રકૃતિ અને તેનાં સર્જનમાં વિરાટ તે મહદ્‌બ્રહ્મ અને અપરા પ્રકૃતિની સાથેની ચાર વાણી દ્વારા બૃહતીનાં સર્જન થતાં હોય છે.

'હે આચાર્ય દેવ, તમે કશ્યપ–પશ્યક, આર્ષદષ્ટાઓમાંના એક છો. તમારી પાસે અમે છ ઋષિઓ આવ્યા છીએ. અમે પ્રશ્ન પૂછવા માટે તમને પસંદ કર્યા છે, કારણ કે તમે એક એવા ઉત્તમ આચાર્ય છો કે જે યુક્ત અને યોગ્ય બંનેનો સુયોગ કરો છો. વિરાટ્ નામનું જે પ્રસિદ્ધ તત્વ છે, તેને બ્રહ્મજ્ઞાનીઓ બ્રહ્માના પિતા તરીકે ઓળખાવે છે, તો એ વિરાટ શું છે ? તેને વિષે જેટજેટલા પ્રકારોથી ધરી શકાય; એ બધા પ્રકારોનાં વર્ણન તમે અમારી પાસે રજૂ કરો. અમે બધા એક સરખી જિજ્ઞાસા લઈને, સખા બનીને તમારી પાસે આવ્યા છીએ.

'ઓ છ ઋષિઓ, તમે ભલે મારી પાસે આવ્યા; તમારી જિજ્ઞાસા સંતોષાય

એ રીતે તમને પ્રશ્નોના ઉત્તરો આપીશ, તે તમે સાવધાન થઈને સાંભળો. જેને બ્રહ્મજ્ઞાનીઓ વિરાટ્ કહે છે, તે વાસ્તવમાં તો કશું નથી; અર્થાત્ કશું વ્યક્ત થયું નથી. તેથી તેને યક્ષ કહે છે. આ યક્ષ છે, તે પરમ વ્યોમનૂ અવકાશમાં વ્યાપકરૂપે રહે છે. એમ કહેવાય છે કે, તે યક્ષ જ્યારે ચેતનરૂપે હલચલ કરે છે, ત્યારે તેને બ્રહ્મજ્ઞાનીઓ વિરાટ કહે છે, જે કામધેનુ ગાય છે. એ વિરાટ ગોમાતા તન્માત્રાઓ બની, પોતાની અવ્યક્ત દશામાંથી ખસી જાય છે, ત્યારે તેની પ્રભાવક શક્તિથી સેવા પરોપકારનાં--યજ્ઞોનાં કાર્યો ચાલવા માંડે છે અને જેની ઉપસ્થિતિમાં બધા પ્રકારની સત્તાઓ હાજર થઈ જાય છે, માનોને કે, એ વિરાટ પ્રકૃતિ જ્યારે સર્જનનાં વ્રત આચરે છે, ત્યારે બધા પ્રકારનાં સર્જન કાર્યો શરૂ થઈ જાય છે. એ પોતે કોઈ પ્રાણશક્તિને ધરાવતી નથી, તો પણ પ્રાણ ધારણ કરનારાં બધાં પ્રાણીઓને પોતાના પ્રાણના પ્રભાવે ગતિ આપે છે. એ વિરાટ્ સ્વરાટ્ની પાછળ પાછળ ગતિ કરે છે, જે સ્વરાટ્ વ્યક્તિરૂપે જોવાને મળે છે, પણ તે પોતાને અનુરૂપ વિશ્વનાં અનેક રૂપોનો સ્પર્શ કરી વિવિધરૂપે જોવા મળે છે. કેટલાક બ્રહ્મજ્ઞાનીજનો તે વિરાટનાં દર્શન કરે છે, તો બીજા કેટલાક અવ્યક્તવાદીઓ તેના સ્વરૂપને જોતા નથી.

'હે આચાર્ય દેવ કશ્યપ, જેને તમે વિરાટ કહો છો, તેનાં મિથુન—જોડકાં યોષા વૃષા, નર અને નારી, પુરુષ અને પ્રકૃતિ—ના ધર્મોનો જાણકાર કોણ છે? પ્રકૃતિને અનુસરતી ઋતુઓના ધર્મોને કોણ જાણે? આ વિરાટથી થએલું કલ્પવૃક્ષ એ તો પ્રકૃતિનો સર્જેલો સંસાર છે, તેને કોણ જાણે? આ પ્રકૃતિના સર્જન પ્રમાણે થએલાં મહત્તત્વ વગેરેના ક્રમોને કોણ જાણે? આ વિરાટ કામધેનુને કેટલી વાર દોહવામાં આવી છે, તે બાબતને કોણ જાણે? તે પ્રકૃતિના મૂલ ધામને અને તેમાંથી સર્જન પામેલી અનેક ચમકતી વ્યુષ્ટિ—સૃષ્ટિઓને કેટલા પ્રકારે વહેંચવામાં આવી છે, એ રહસ્યને કોણ જાણે છે, તે અમને જણાવો.

'હે ઋષિઓ, આ તેજ વિરાટ કામધેનુ છે; જેણે પહેલું આચ્છાદન—આવરણ ખોલી નાખ્યું છે. તે મૂળ પ્રકૃતિ છે; એવી જ બીજી પ્રકૃતિ તન્માત્રાઓની અંદર મોટા મહિમા સાથેની અનેક શક્તિઓ ભરેલી છે. જેમ સાસરે આવેલી નવવધૂ જનેતા બનવાની ઈચ્છા કરે, એમ જ આ પ્રકૃતિ નવલી બનીને સર્જનની ઈચ્છા કરે છે. આ કાલરૂપી છંદ છે, તેની બે પાંખ છે : અહોરાત્ર અને ઉષ:કાલ. તે બંનેને પ્રકાશિત કરે છે. એક જ કાલના પ્રવાહ ભાગી રાત અને દિવસ સંચાર કરી રહ્યાં છે. તે બંનેનો પાલકપતિ સૂર્ય છે. કાલની ધજા લઈ, તે બંને પત્નીઓ સૂર્યના માર્ગોને જાણતી રહીને સંચાર કરે છે. તેમનામાં અપાર સર્જનશક્તિ છે, તેને કારણે તે કદી જીર્ણશીર્ણ થતી નથી. કાલની એ ત્રણ પ્રકૃતિઓ : ઉષા, દિવા અને રાત્રિ છે. એ ત્રણેય ઋત—કુદરતના ઘડેલા માર્ગને

અનુસરે છે. ઉષાની તાજગી, દિવસની ગરમી અને રાત્રિની ચેતના એ ત્રણ ધર્મ તેમને સૂર્યના રેતસ્‌–વીર્યથી પ્રાપ્ત થયાં છે. એમાંની એક તાજગી પ્રજાને જીવાડે છે, બીજી ગરમી રાષ્ટ્રને પોષે છે અને ત્રીજી ચેતના દિવ્યભાવ જગાડતા યુવાનોને સચેત રાખે છે.

'જેમ સોમયાગમાં ત્રણ સવન સવારે, બપોરે ને સાંજે થાય છે અને તે પછીના રાત્રિના સમયે અતિરાત્ર યાગ થાય છે, એમ જ પ્રકૃતિએ શરૂ કરેલ આ સર્જનનો સોમયાગ છે. તેમાં ઉષા, દિવા અને રાત્રિના દેવ સૂર્ય છે. એ જ રીતે કાલની ચોથી મહાદશા છે, જે અતિરાત્રની તુલનામાં ગણાય, તેના રક્ષક અગ્નિ અને સોમ છે. તે બંને દેવોને ઋષિઓ યજ્ઞની બે પાંખ ગણે છે. હવે જેમ સવારનાં સ્તોત્રના છંદ ગાયત્રી, બપોરના ત્રિષ્ટુપ્‌ અને સાંજના જગતી છંદમાં સ્તોત્રો ભણાય છે; એ જ રીતે રાત્રિના સમયે અનુષ્ટુપ આવે છે, જેનાં ચાર ચરણો અને બત્રીસ અક્ષરોમાં બાર અક્ષરોની જગતી, અગિઆરનો ત્રિષ્ટુપ્‌ અને આઠની ગાયત્રીનો સમાવેશ થઈ જાય છે; એ રીતે યજમાને શરૂ કરેલી ઉપાસનામાં ઋત્વિજો જેમ જ્યોતિષ્ટોમની જ્યોતિઓના પ્રકાશમાં છંદોનો ઉપયોગ કરે છે, એમજ વિરાટ કામધેનુના સર્જન યાગનું કાર્ય જે આદિ પ્રજાપતિએ કર્યું છે, તેને માટે પૂર્વના ઋષિઓ સર્જન કાળના સોમયાગમાં ગાયત્રી, ત્રિષ્ટુપ્‌, જગતી અને અનુષ્ટુપ્‌ છંદોના રૂપે રહેલ કાલની જ્યોતિઓને પ્રકાશિત કરે છે. જેમ સોમયાગમાં સોમની આહુતિઓની સાથે સાથે દૂધ, દહીં, ઘી, મધ, શર્કરાનાં પંચામૃત તૈયાર કરવામાં આવે છે; પાંચ ગાયોનાં દોહન કરવામાં આવે છે. પાંચ પાંચ સ્તોત્ર–સ્તોમ સમૂહની એક એક સ્તોત્રીયાનાં પંદર આવર્તન કરીને પંચદશસ્તોમ ભણાય છે, એમ જ, આ સર્જન કાળમાં પાંચ ઉષાઓ એ તો પાંચ પ્રકારનાં મહાભૂતોની વ્યુષ્ટિ સૃષ્ટિઓ છે; રૂપ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શ એ પાંચ વિષયો તો ગાયોરૂપી તન્માત્રાઓનાં દોહન છે અને પાંચ તન્માત્રાઓ તો પાંચ ગાયોનાં નામ છે; એ રીતે પંદર પદાર્થોનો વિનિયોગ છે, તેના પરિપાક માટે પાંચ ઋતુઓના કાળ અને પાંચ દિશાઓના પ્રદેશો છે. આમ પાંચ પાંચની વિવિધતા હોવા છતાં, એક જ મૂર્ધા–મુખ્ય કાર્ય એ તો સૃષ્ટિનાં સર્જનનું છે, જેને પરિણામે એક લોકનાં સર્જન થઈ રહ્યાં છે. એ જ પ્રમાણે જ્યારે છ અહોરાત્રનો પૃષ્ઠ્યપડહ નામનો યજ્ઞ કરવો હોય છે, ત્યારે તેમાં ક્રમશઃ રથંતર, બૃહત, વૈરૂપ, વૈરાજ, શાકવર અને રૈવત નામનાં છ ગાન રચાય છે, એ જ રીતે આ ઋત–પ્રકૃતિએ રચેલા સર્જન યાગમાં પાંચ મહાભૂતોની તન્માત્રાઓ સાથેના મહત્‌ તત્વની તન્માત્રા એ છ ક્રમશઃ સર્જનનાં કાર્ય શરૂ કરે છે જેમ કઠણ ભૂમિને ખેડવા માટેના હળમાં છ બળદ જોડવામાં આવે છે, એમ જ સૃષ્ટિના સર્જનમાં છ દ્યુલોક અને પૃથ્વી તેમજ છ પ્રકારની ઉર્વી=ભૂમિકાઓ છે.

'હે આચાર્ય દેવ, વર્ષભરની છ ઋતુઓ છે, તે પ્રમાણે જોઈએ, તો શીતકાળમાં છ માસ અને ઉષ્મકાળમાં છ માસનો સમાવેશ થઈ જાય, એમ બ્રહ્મવાદીઓ જણાવે છે. હવે એ ઉપરાંતની કોઈ ઋતુ હોય; જેથી એક વધારાનો કાલ ગણાય; તે વિષે જણાવો.

'હે પ્રિય શિષ્ય, જેમ કોઈ ભવનની રચના કરવી હોય; તો તેનો નકશો દોરવા માટે ભૂમિતિનો જાણકાર ગણિતશાસ્ત્રી રોકવામાં આવે છે, એ જ રીતે એક મોટા ભુવન–લોકનાં સર્જન કરવાના કાર્યમાં તો સાત ક્રાન્તદષ્ટા કવિઓ સુપર્ણ–હાથમાં પર્ણ-પત્ર લઈને બેસી ગયા છે; તેમને સહાય કરવા માટે સાત છંદ, સાત દીક્ષાવ્રત, સાત હોમ, સાત સમિધાઓ, સાત મધુ–અમૃત, સાત આજ્ય–ગરમ ઘી અને સાત ગ્રહ–ગ્રહણ કરનાર પાત્રો છે, તેમની સાથે સાથે સાત ઋતુઓ પણ જોડાય છે; જેમાંની સાતમી ઋતુ સર્જનકાળની શરૂઆત કરનારી છે. આ બાબત અમે પુરાણા ઋષિઓ પાસેથી સાંભળી છે.

'હે આચાર્ય દેવ, મુખ્ય છંદ સાત છે, તે ચાર ચાર અક્ષરથી વધતા રહે છે : જેમકે ગાયત્રી ૨૪, ઉષ્ણિક ૨૮, અનુષ્ટુપ ૩૨, બૃહતી ૩૬, પંક્તિ ૪૦, ત્રિષ્ટુપ ૪૪ અને જગતી ૪૮. આ રીતે એક છંદમાં બીજો છંદ સમર્પિત છે. હવે એ છંદોમાં સ્તોત્ર–સ્તોમની ઋચાઓથી બનેલ સ્તોત્રીયાઓનાં આવર્તન કરવામાં આવે છે, તે સ્તોત્ર કયા છંદોમાં રહે છે અને તે વિવિધ સ્તોમમાં કેવી રીતે છંદો સમર્પિત છે, તે અમને જણાવો. જયારે સવારે ગાયત્રગાન કરવામાં આવે છે, ત્યારે ગાયત્રી છંદની ઋચાનાં ત્રણ ત્રણ વાર મળીને નવ આવર્તન કરવામાં આવે છે, તે જ ત્રિવૃત સ્તોમ કહેવાય છે. ગાયત્રી છંદ શી રીતે રહે છે. એ જ રીતે પંચદશ સ્તોમનાં આવર્તનમાં ત્રિષ્ટુપ છંદ શી રીતે લેવાય છે, તે જ રીતે તેત્રીશ સ્તોમનાં આવર્તનમાં જગતી અને એકવીસ આવર્તનમાં અનુષ્ટુપ છંદ શી રીતે લેવાય છે, તે અમને જણાવો.'

સોમયાગની પ્રક્રિયામાં છંદ, સ્તોત્ર, સ્તોમ વગેરેના પ્રયોગ જોવાને મળે છે, પણ તેના મૂળમાં પ્રકૃતિએ રચેલ સૃષ્ટિ સર્જનનાં અનુકરણ છે. ઉપર પૂછાએલ પ્રશ્નોના ઉત્તરો આપતાં કશ્યપ ઋષિ તો સર્જનની પ્રક્રિયામાં આગળ વધે છે. તેથી ગાયત્રી વગેરે છંદોની તાત્વિક વિચારણા છોડી દે છે. બીજા એક બ્રહ્મવાદી દષ્ટા ઋષિએ છંદ અને સ્તોમ વિષે વિચાર્યું છે, તેનો આ સાર છે :

[1] 'એ પ્રજાપતિએ સર્જન કર્યાં, મુખથી ત્રિવૃત્ સ્તોમનાં સર્જન કર્યાં, તે ત્રિવૃત્‌ના દેવરૂપ અગ્નિ અને છંદરૂપ ગાયત્રી, પંચદશ સ્તોમનાં સર્જન કર્યા, તેના દેવ ઈન્દ્ર અને છંદ ત્રિષ્ટુપ. આ પ્રજાપતિ તો સંવત્સર–વર્ષરૂપ ગણાય છે; તે રીતે વર્ષના પ્રાણ ત્રિવૃત, પખવાડિયાં પંચદશ, ત્રણલોક સપ્તદશ અને સૂર્ય એકવિશ સ્તોમ છે. પ્રાતઃસવનમાં

૧. સામવેદ પરિચય–૨ પૃષ્ઠ. ૩૧.

ગાયત્રી છંદના આધારે ત્રિવૃત સ્તોમને માટે જ્યોતિરૂપ યજ્ઞ ધારણ કર્યા. આમ એ સ્તોમ પોતે છે, જે સ્તોમને આગળ દોરી જાય છે. જેટલી સંખ્યામાં આ સ્તોમ છે, તેટલી સંખ્યામાં માનવીની કામનાઓ છે, એટલા જ લોકો અને જ્યોતિઓ છે.

આચાર્ય કશ્યપ સૃષ્ટિના સર્જન કાર્યને સોમયાગની પ્રકૃતિ ગણી; તેમાં રજૂ થતાં આઠ મૂળ તત્ત્વ : પ્રધાન સાથે મહતત્ત્વ, અહંકાર, તેમજ પાંચ તત્ત્વોની વિચારણા કરે છે:

૧ 'ઓ પ્રિય શિષ્યો, ઋત–કુદરતની સાથે સંબંધ ધરાવનાર આ સર્જનની પ્રક્રિયા છે, તે ઋતથી શરૂઆતમાં આઠ તત્ત્વનાં સર્જન થયાં છે, તે તો મૂલભૂત એટલે કે તન્માત્રાઓ છે, તે આઠ ઋત્વિજો છે, જેમણે દિવ્ય ઈન્દ્રયાગની રચના કરી છે. દેવમાતા જે અદિતિ છે, તેણે સર્જન માટે આઠ યોનિ–સ્થાનો બનાવ્યાં છે અને તેથી આઠ દેવોનાં સર્જન થયાં છે. સર્જનની શરૂઆતનો એ ઈન્દ્રયાગ છે, તેમાં આઠ અહોરાત્રનાં અનુષ્ઠાન કરવામાં આવે છે. આઠમા અહોરાત્રની રાત્રિએ પૂર્ણાહુતિ યાગ કરવામાં આવે છે, તે સમયે દેવમાતા અદિતિ તે હવ્યમાં અપાતી આહુતિને પ્રાપ્ત કરે છે.

'અદિતિ આમ તો મૂલ પ્રકૃતિ છે, જે વિરાટ કામધેનુ ગણાય છે. ઈન્દ્રયાગની પૂર્ણાહુતિના સમયે પોતાનાં શ્રેયસ્–કલ્યાણનો વિચાર કરતી એ વિરાટ્ ગૌ આવીને આઠ દેવો–વસુઓને જણાવી રહી છે : 'હે પ્રિય પુત્રો, હે દેવો, તમારી સાથે સખ્ય–મિત્રના સાધવા માટે હું આ ઈન્દ્રયાગમાં આવી પહોંચી છું. તમે મારી સેવા ચાકરી કરો. તમારા જન્મની સાથે સાથે જ આ ક્રતુ–ઈન્દ્રયાગની રચના થઈ છે, તે તમારે માટે કલ્યાણકારી હો. ઈન્દ્ર તમારો જ મૂલ પુરુષ છે, જે સર્જન યજ્ઞના રહસ્યને જાણે છે અને તે તમારા બધાની સાથે સંચાર કરે છે. આ સર્જનકાળે રચાએલાં મૂળ આઠ તત્ત્વો છે, તે ઈન્દ્રના યજ્ઞમાં, છ યમના યજ્ઞમાં અને સાત ઋષિઓના યજ્ઞમાં ઉપયોગી થાય છે. આ સર્જનકાલે આપોદેવીઓએ જે પાંચ ઔષધિઓનાં સિંચન કર્યાં છે, તેમનાં સેવન મનુષ્યો આરોગ્ય માટે કરે છે. જે વિરાટ ગૌ છે. તે તો કેવલી–એક માત્ર ગૃષ્ટિ–સૃષ્ટિ છે, જે ઈન્દ્રને વશ થઈ પહેલીવાર દોહવામાં આવી અને તેણે પીયૂષ–અમૃતનાં દોહન કર્યાં છે; એજ વિરાટ્ ગૌએ તે પછી દેવો, મનુષ્યો, અસુરો અને ઋષિઓને તે તે પ્રકારનાં દૂધ–પોષક તત્વો આપીને પોષણ કર્યાં છે.

૨ 'હે આચાર્ય દેવ, એકજ ગૌ છે, તે કોણ છે ? તે કોણ એક ઋષિ છે ? તે મૂળ ધામ કયું છે ? તે કયાં આશિષ છે ? તે કોણ એક યક્ષ છે, જે એક પૃથ્વીરૂપી વૃક્ષને વીંટીને રહેલ છે; તેમજ તે એક ઋતુ--કાલ કયો ગણાય છે ?

૩ 'હે શિષ્યો, તે એકજ પ્રકૃતિ ગૌ છે, જેને વિરાટ કામધેનુ કહી છે; તે એકજ

(૧) અથર્વવેદ ૮, ૯, ૨૧–૨૬ (૨) અથર્વ ૮,૯,૨૫ (૩) અથર્વ ૮,૯,૨૬.

ઋષિ–મંત્રદ્રષ્ટા છે, જેને કશ્યપ–પશ્યક કહ્યો છે, જે શિષ્યને બ્રહ્મજ્ઞાન આપનાર આચાર્ય છે. તે એકજ ધામ છે, જેને બ્રહ્મ કહ્યું છે, તે સ્વસ્તિ–સારૂં થાઓ, એકજ શુભાશિષ છે. આ પૃથ્વી પર રચાએલ સંસાર એક વૃક્ષ છે અને તેની અંદર બહાર, આજુબાજુ વીંટાઈને રહેલ એકમાત્ર તે યક્ષ છે, જે મૂળ પુરુષ છે અને ઋતુ પણ એકજ છે. જેણે શરુઆતમાં સૃષ્ટિનાં સર્જન કર્યાં છે, તેનાજ વિવિધરૂપો બધા કાલમાં જોવાને મળે છે’.

આ સૂકત ગુરુશિષ્યના સંવાદરૂપે રજૂ થયું છે. જેમ ભગવાન પિપ્પલાદ પાસે છ ઋષિઓ જિજ્ઞાસાભાવે ગયા હતા અને તેમને બ્રહ્મજ્ઞાન આપ્યું હતું; એજ રીતે અહીં સૂકતના ઋષિ કશ્યપ પોતે એક મહાન આચાર્ય છે, તેમની પાસે છ ઋષિઓ આવી બ્રહ્મ વિષે જિજ્ઞાસા બતાવી, પ્રશ્નો પૂછે છે અને આચાર્ય તેના ઉત્તર આપે છે. આમ પ્રશ્નોત્તરરૂપે આ મંત્રોપનિષદ બ્રહ્મનાં રહસ્યને રજૂ કરે છે.

એક યક્ષ અને એક વૃક્ષ તે બંનેમાં દ્વૈત કે અદ્વૈતનો પ્રશ્ન તો બીજા જ વિચારશે. એમાં સમરસતા છે, સામનું ગાન છે, તેનો સંવાદ રચનાર ગુરુ આચાર્ય અને વિદ્યાર્થી શિષ્યને તો પ્રશ્નો રચાય અને ઉત્તરો ઉકેલાય; એમાં રસ છે. અહીં કોઈ પક્ષ નથી, વાદ નથી, સંવાદ છે અને સંવાદિતા છે. આ પ્રકારની સંવાદિતા રજૂ કરનાર ઋષિ અથર્વા સ્કંભ વિષે વિચારણા રજૂ કરે છે :

૧ ‘ તમે જેને સ્કંભ કહો છો, તે વળી કયું તત્વ છે, તેને વિષે તમે જણાવો. હે પ્રિય દેવ, તેના કયા અંગમાં તપ અને કયા ભાગમાં ઋત–કુદરતના નિયમ પ્રતિષ્ઠિત છે ? ભલા, તેના કયા અંગમાં વ્રત, શ્રદ્ધા, સત્ય રહેલાં છે ? તેના કયા અંગમાંથી અગ્નિ પ્રદીપ્ત થાય છે, માતરિશ્વા–વાયુ શુદ્ધ રીતે વાય છે, ચંદ્રનાં કિરણ વિશેષ રીતે મપાય છે. તે મહાન સ્કંભનાં કયાં અંગ મપાય છે, જે વિશ્વનો આધાર સ્થંભ ગણાય છે.

‘ભલા, તેના કયા અંગમાં આ ભૂર્લોકની ભૂમિ, આ ભુવર્લોકના અંતરિક્ષ, આ દ્યુલોકના આકાશ અને દ્યુલોકથી પર રહેલ ઉત્તમ લોક રહેલા છે ? કોની ઈચ્છાને વશ થઈ અગ્નિ ઊંચે પ્રદીપ્ત થાય છે ને માતરિશ્વા વાય છે તેમજ જળના પ્રવાહો વહી રહ્યા છે ? પખવાડિયાં–અર્ધમાસ અને બધા માસ સંવત્સર–વર્ષની સાથે મળીને કઈ તરફ ગતિ કરી રહ્યાં છે અને તેમની સાથેની આ ઋતુઓ અને ઋતુઓના ધર્મો કયા સ્કંભને અનુસરે છે ?

‘આ સંવત્સર–વર્ષરૂપી કાલચક્ર ભમી રહ્યું છે અને તેની સામે સામેની દિશાઓમાં જુદાં જુદાં રૂપ ધારણ કરતી બે યુવતીઓ દિવા અને રાત્રિ સાથે જ મળીને કોની ઈચ્છાને વશ થઈ દોડી રહી છે; એજ રીતે આપો દેવીની જલ તન્માત્રાઓ પણ કોની

---

૧. અથર્વવેદ ૧૦, ૭

ઈચ્છાથી વહી રહી છે ? જેનો એક માત્ર આધાર લઈને પ્રજાપતિ બધા લોકોને ધારણ કરે છે તેમજ તે ઉત્તમ, મધ્યમ અને અધમ પ્રકારનાં વિશ્વરૂપોનાં સર્જન કરે છે; તે સ્કંભ કોણ છે ? તેણે વિશ્વરૂપમાં કેટલા અંશે પ્રવેશ કર્યો છે અને કેટલા અંશે પ્રવેશ કર્યો નથી. જે કાંઇ વિશ્વ ભૂત-થએલું છે અને જે કાંઈ ભાવી થવાનું છે, તે બધામાં એ સ્કંભે કેટલા અંશે પ્રવેશ કર્યો છે અને કેટલા ભાગે પ્રવેશ કર્યો નથી.

'સર્વના આધાર રૂપ બનેલ એ સ્કંભ તો અત્યધિક મહાન છે, કે જે પોતાના એક અંગને હજાર હજાર ભાગમાં બનાવી શકે છે; એ સ્કંભમાં કેટકેટલા લોકો અને તેમને વીંટીને રહેલા કોશો તેમજ જલની તન્માત્રાઓ અને બ્રહ્મનું ધામ રહેલ છે, એ વિષે જ્ઞાનીજનો ઘણું ઘણું જાણે છે, જ્યાં સત્ અને અસત્ બંને સાથે રહેલાં છે, તે સ્કંભને કયા પ્રકારે જાણી શકાય, તે મને કહો.

'જેની અંદર બ્રહ્મ અને પ્રજાપતિની સાથે બાર આદિત્ય-સૂર્ય, અગિઆર રુદ્ર અને આઠ વસુઓ મળીને તેત્રીશ દેવો પ્રતિષ્ઠિત છે; જેમાં છંદોબદ્ધ ઋચાઓ, સામગાનો, યજુની કર્મ પદ્ધતિઓ અને મહાન બ્રહ્મની ગાથાઓ સમર્પિત છે અને એ બધા પ્રકારના મંત્રોની વાણીના દ્રષ્ટા એક માત્ર ઋષિ જ છે, તે સ્કંભ વિષે તમે મને જણાવો.

'સર્વના આધાર સ્થંભ-સ્કંભને નરી આંખે જોઈ શકાય એમ નથી; તેથી તો તેને કેટલાક બ્રહ્મજ્ઞાનીઓ યક્ષ કહે છે; જે અવ્યક્ત સ્વરૂપ છે. તેને જ કેટલાક બ્રહ્મવાદીઓ પુરુષ કહે છે, જે બ્રહ્મપુરી છે, તેમાં નિવાસ કરે છે. એ પૂ: તો પ્રકૃતિ છે ને તેમાં પ્રવેશ કરનાર પુરુષ તો સ્કંભ કહેવાય; તેને વિષે તમે મને જણાવો; એ પુરુષમાં તો મૃત્યુ અને અમૃત બંને સાથે રહેલાં છે. અંતરિક્ષના અંતરિયાળ પ્રદેશોની જે ચારે બાજુની દિશાઓ છે અને જેની મુદ્રાઓથી અંકિત સમુદ્રની રેખાઓ છે, તે તો આ પુરુષની નસનાડીઓ છે અને તેમાંથી જ યજ્ઞ-સેવા-પરોપકારની પ્રવૃત્તિઓ શરુ થએલી છે; તેનું મૂળરૂપ સ્કંભ કયા પ્રકારનું છે, તે તમે મને જણાવો.

'અમે એમ સાંભળ્યું છે કે, જે પુરુષ વિષેના બ્રહ્મને જાણે છે, તે પરમેષ્ઠીને જાણે છે અને જે પરમેષ્ઠીને જાણે છે, તે પ્રજાપતિને જાણે છે એ બ્રહ્મસંબંધી જ્યેષ્ઠ-શ્રેષ્ઠ તત્વને જાણે છે, તે બ્રહ્મજ્ઞાનીઓ સ્કંભને સારી રીતે જાણે છે; તે પુરુષનું મસ્તક વૈશ્વાનર અગ્નિ, ચક્ષુ અંગિરા ઋષિઓ, અંગો ચિત્ર વિચિત્ર યાતુ-આકૃતિઓ, મુખ બ્રહ્મ, જીભ મધુકશા-માધ્વી લતા, છાતી વિરાટ, ઋચાઓ કલાકારીગરી, યજુઓ કર્મનાં ઘડતર, સામગાન રુવાટાં અને વાણી અથર્વા-અંગિરા ઋષિઓ છે, તે સ્કંભ વિષે જણાવો.

'એ સ્કંભમાં પ્રતિષ્ઠિત થએલી એક શાખા છે, જેને અસત્ કે અવ્યક્ત કહી છે, તેનેજ બ્રહ્મજ્ઞાનીજનો પરમ શ્રેષ્ઠ તત્વરૂપે જાણે; તો બીજા તત્વ વેત્તાઓ સત્

માની, તે શાખાની ઉપાસના કરે છે. જ્યાં બાર આદિત્યો, અગિઆર રુદ્રો અને આઠ વસુઓ રહેલા છે અને જેમાં ભૂત, ભવ્ય અને ભાવી લોકોનાં નિવાસસ્થાન છે, તે સ્કંભ પોતે કયા પ્રકારે સ્થિત છે, તે જણાવો.

'હે આચાર્ય દેવ, તેત્રીસ દેવો જે બ્રહ્મ–નિધિનાં નિત્ય નિરંતર રક્ષણ કરે છે, તેમજ તમારા જેવા આત્મજ્ઞાની–દેવો જે બ્રહ્મજ્ઞાનનાં રક્ષણ કરતા રહે છે; તે નિધિને ભલા કોણ જાણે છે? બ્રહ્મવિદ દેવો જ્યારે બ્રહ્મને જયેષ્ઠ ગણીને ઉપાસના કરે છે અને જે બ્રહ્મજ્ઞાની તે દેવોને હાજરાહજૂર જાણે છે, તે જાણકાર વિદ્વાન્ બ્રહ્મા બને છે. આજે અસત્–અવ્યક્ત બ્રહ્મથી બૃહત–મોટા મોટા દેવોએ જન્મ લીધો છે, તે તો સ્કંભનું એક અંગ છે, તેને જ્ઞાનીજનો પર–જયેષ્ઠ અસત્ કહે છે. એ સ્કંભ પોતે સર્જનની પ્રક્રિયા રચે છે અને તેજ પુરાણુ–નવાજુનાં ધામનાં પરિવર્તન કરે છે; તે અંગનાં ગાત્રો અવયવો છે, જેમાં તેત્રીસ દેવો વિભક્ત બનીને રહેલા છે; તેમને તો કેટલાક એક બ્રહ્મજ્ઞાનીઓ જાણે છે. શરુઆતમાં તે સ્કંભ હોય અને તેથી હિરણ્યનાં નિર્માણ થાય, તે હિરણ્યગર્ભને બ્રહ્મવિદ જનો ઉત્તમ અને શ્રેષ્ઠ ગણે છે.

'હે પ્રિય શિષ્ય, આ તે સ્કંભ છે, જેમાં બધા લોકો, તપ અને ઋતના નિયમ સાથે સુરક્ષિત છે. હે અવ્યક્ત આરાધ્ય સ્કંભ, તું સર્વનો આધાર છે, એ રીતે તને હું પ્રત્યક્ષ જાણવાની રીતે જાણું છું. તું સાચે જ ઇન્દ્રરૂપે સર્વ સમર્થ છે અને તારામાં બધું સમાએલું છે. એ તો બરાબર છે કે, ઈન્દ્રમાં લોકો રહેલા છે, જેની સાથે તપ અને ઋતના નિયમો છે; માટે હે ઈન્દ્ર, હું તને પ્રત્યક્ષ રીતે જાણું છું અને આ પણ જાણું છું કે, સ્કંભમાં બધું રહેલું છે.

'સૂર્યના ઉદય પહેલાં અને ઉષા આવતાં જે બ્રાહ્મમુહૂર્ત આવે છે, ત્યારે બ્રહ્મ-વાદીજનો બ્રહ્મ નામના કીર્તનથી બ્રહ્મનાં આવાહન કરે છે. આમ જે બ્રહ્મજ્ઞાની પોતે અજ–અવિનાશી બનીને સૌ પહેલાં બ્રહ્મની સંભાવના–ઉપાસના કરે છે, તે સ્વરાજ્યને મેળવી લે છે, કારણ કે તે પ્રથમ બ્રહ્મની પહેલાં કોઈ જન્મ્યું નથી, જેને ભૂત કહી શકાય.

'તે જયેષ્ઠ બ્રહ્મને મારા નમસ્કાર હો, જેની પહેલી પ્રમા–પ્રતિમા એ તો ભૂમિ છે, અંતરિક્ષ ઉદર–પેટ, દ્યુલોક મૂર્ધા, સૂર્ય અને ચંદ્ર બે આંખ, અગ્નિ મુખ, પ્રાણ અને અપાન વાયુ, આંખ અંગિરા ઋષિ અને દિશાઓ જ્ઞાનનાં સાધન છે. એ સ્કંભે પોતે જ બંને દ્યાવા–પૃથિવીને, ઉદાર અંતરિક્ષને, વિશાળ છ દિશાઓને આવરી લઈ, સકળ વિશ્વમાં પ્રવેશ કર્યો છે.

'હે આચાર્ય દેવ, અંતરિયાળમાં વહેતો વાયુ કેમ કદી સ્થિર રહેતો નથી? આ મન કેમ બધી બાબતોમાં આનંદ લેતું નથી? આ બધી આપોદેવીની તન્માત્રાઓ કયા

સત્યને વશ થઈ સ્થિર રહેતી નથી? સાચે જ, તે આ તરલ સમુદ્રની સપાટી છે, તેના પર તપને વિષે ગતિશીલ બનતું કો'ક તે મહાન્ યક્ષ છે, જે સારાય વિશ્વ–ભુવન પર વસી રહ્યું છે, એ વાતનો જો સ્વીકાર કરવામાં આવે, તો શું આ બાબત સાચી છે કે, જેમ મહાન વટવૃક્ષના સ્કંધની ચારે બાજુ શાખાઓ પથરાઈ છે, એ જ રીતે આ યક્ષમાં વીંટાઈને કેટકેટલા દેવો વસેલા છે, તે મને જણાવશો. બધા જ દેવો પોતપોતાનાં હાથ, પગ, વાણી, કાન, આંખ વગેરે સાધનોથી જે યક્ષને ઉદ્દેશીને અપરિમિત બલિદાન આપતા રહે છે, તે મૂળ આધાર સ્કંભ વિષે મને જણાવો, તે કયા પ્રકારનું છે?

'હે પ્રિય શિષ્ય, જેણે બ્રહ્મજ્ઞાનનાં પ્રદાન કર્યાં છે, તે આચાર્ય પ્રજાપતિ છે; તેની અંદર ત્રણ જ્યોતિઓ: અગ્નિ, ઈન્દ્ર અને સોમ પ્રકાશી રહ્યાં છે; તેની પાસે જે કોઈ જિજ્ઞાસા લઈને ગયો, તેનાં અજ્ઞાન સૌ દૂર થઈ જાય અને જેના ઘેરાવામાં બધા જનો અટવાઈ ગયા છે, તે પાપનાં બંધનથી પણ તે બચી જાય છે. એ પ્રજાપતિનો પણ વડો એક પ્રજાપતિ છે, તે આચાર્યનો પણ આચાર્ય છે, તે ગુપ્ત છે, માટે તેને કોઈ જાણતું નથી, તેજ આ યક્ષ છે. આ તરલ સમુદ્રની સપાટી પર જે વેતસ–વૃક્ષની સાદડી પથરાઈ છે, તેને જે જાણે છે, તેજ આ ગુપ્ત પ્રજાપતિ છે. તેજ એક પુરૂષ મહાકાલરૂપે રહેલ છે, તેની સાક્ષીમાં એક કાલચક્ર ઘૂમી રહ્યું છે; જેના મધ્ય કેન્દ્રની છ બાજુમાં છ ખીલા ઠોકેલા છે, તે છ ઋતુઓ છે. ને બે જુદા જુદા રૂપની બે નારીઓ હાથમાં તાણાવાણા લઈ એ તંત્રને ઘૂમાવી રહી છે અને વિસ્તારવાળી સાદડી વણી રહી છે. એક મહારાત્રિ છે, જેના હાથમાં કાળા વાણા છે અને બીજી દિવાની પ્રભા છે, જેના હાથમાં ધોળા તાણા છે. તાણાવાણાથી ભરેલી એ સાદડી વૃક્ષની જેમ પથરાતી જાય છે, તે બે નારીઓ કદી આરામ કરતી નથી ને તેમનું એ કાર્ય પુરૂં થતું પણ નથી. એ બંને નારીઓ તો જાણે નાચતી હોય, એ રીતે મસ્ત બનીને પોતાના કાર્યમાં મશગૂલ રહે છે; તે બેમાંથી કોણ દૂર સુધી પહોંચી જાય છે અને કોણ પાછળ પડી જાય છે, તેને તો હું પણ જાણતો નથી. હું તો આટલું જાણું છું કે, આ કાલવૃક્ષને વણનાર એક પુરૂષ છે, તો તેને ઉકેલનાર બીજો એક પુરૂષ છે, જેણે ઊંચા આકાશમાં એ વૃક્ષને તોળી રાખ્યું છે. ઉપરના દ્યુલોકમાં તે પ્રકાશના ખીલા છે, જેણે દ્યુલોકને તોળી રાખ્યું છે અને સામગાનની એ તરલ સ્વર લહરીઓ છે, જેણે કાળની જાળ ગુંથી છે; તેને પણ આપણે જાણીએ. એ બધામાં ઓતપ્રોત રહેલ એક જ તે યક્ષ છે અને તે એક વૃક્ષ છે.'

આ સૂક્તમાં જે આત્માનું વર્ણન છે, તે સ્કંભ છે; તેને જ બ્રહ્મજ્ઞાની સ્કંદ

[1]કહે છે અને તેને જોતાં જ વારી જાય છે. તેને જ અગ્નિનો સ્થંભ કહ્યો છે, જેનું મૂળ શોધવા વિષ્ણુ પાતાળ ભણી અને બ્રહ્મા આકાશ ભણી ગયા હતા, પણ તેનો આદિ કે અંત જડયો નહિ, એમ પુરાણકારો કહે છે, [2]તેના જ મૂળમાં બ્રહ્મજ્ઞાનીએ કેન પ્રશ્ન દ્વારા યક્ષની ગાથા ઉભી કરી છે; [3] તેનીય પરંપરા [4] છેક વેદના મંત્રદષ્ટા—નારાયણ ઋષિથી શરૂ થાય છે. એ નારાયણ બ્રહ્મવિદ્યાના પ્રવર્તક આચાર્ય છે, તે પોતે જ પ્રશ્ન ઉભા કરે છે અને તેના ઉત્તર પણ પોતે જ આપે છે. પોતે જ જિજ્ઞાસુ અને પોતે જ બ્રહ્મજ્ઞાની બને છે.

આ દેહને પુરી કહી છે, બ્રહ્મપુરી; તેમાં વસનારો પુરૂષ છે. તે પિંડ છે અને બ્રહ્માંડ છે. પિંડનો પુરુપ તો બ્રહ્માંડનો યક્ષ; એથી તો આખું વિશ્વવૃક્ષ ફાળ્યું છે; તે બધાનું મૂલ શું? કોણે આની રચના કરી? તે કોણ છે? કોણે એમાં વાસ કર્યો, કોણે દેવોને વસાવ્યા અને તેની પ્રેરણાનું મૂળ શું છે. આમ અનેક પ્રશ્નો અને તેની પરંપરા રચી, એ ઋષિ નારાયણ જણાવી રહ્યા છે :

[5] 'તે બ્રહ્મની પુરી છે, તેમાં વસનાર પુરૂપ છે. તે બ્રહ્મની પુરીને આઠ ચક્ર છે અને નવદ્વાર છે, એ અયોધ્યાપુરી છે; તે દેવોની પુરી છે; તેમાં રહેલો તેજસ્વી પરમ પ્રકાશનો કોશ–સ્થંભ છે, તેને વળી ત્રણ આરાઓ છે અને ત્રણ કેન્દ્રો છે, તેની અંદર સ્થિર રહેલ આત્મરૂપ યક્ષ છે, તેને બ્રહ્મવિદો સારી રીતે જાણે છે, એ પ્રકાશમયી નગરી છે, જેમાં રહેલ વૃક્ષને કદી પણ પરાજય મળતો નથી. એ દુઃખ હરનારી અને યશથી પરિપૂર્ણ નગરી છે.

☆

(૧) છાંદોગ્યોપનિષદ ૭, ૮ (૨) શિવપુરાણ (૩) કેનોપનિષદ (૪) સામવેદ પરિચય–૬ (પૃ. ૧૫)
(૫) અથર્વ વેદ ૧૦,૨, ૩૦–૩૩

# ૨

# શેષનું સંકર્ષણ

એ અક્ષય્ય પાત્ર હતું, સૂર્ય નારાયણે સતી દ્રૌપદીને આપેલું, સાથે વ્રત આપેલું બધાને જમાડીને જમવાનું: એ તો શેષ-વધેલું અને તેનો પ્રસાદ લેવાનો. પહેલાં એકલપિંડ પેટ ભરે, તો વિષાદ જાગે. પેલો ઋષિ ભિક્ષુ રૂપે જણાવે છે:

केवलाघो भवति केवलादी. ऋग् १०, ११७ ६

જે કેવળ ખાય, તે પાપ ગણાય.

આંગણે આવે, તે અતિથિ દેવ ગણાય. તેને નિવેદન કરવાનું. જે કાંઈ બનાવ્યું હોય, તે નૈવેદ્ય ધરવાનું. તે પછી પ્રસાદ વહેંચવાનો; તેથી જે શેષ બચે, તે અમૃત-મીઠું મધુરું ભોજન. આહાર તેવો વ્યવહાર, આચાર અને વિચાર; એમાં શુદ્ધિ જોઈએ. કર્મ કરી, મળ દૂર થાય, નિર્મળ હૃદયમાં ભક્તિ જાગે, અજ્ઞાનનાં અંધકાર ઓલવાય અને વિવેક જ્ઞાન જાગે, એ તો શેષ પ્રસાદ; તેનાં દર્શન કરવાનાં.

સૂર્ય નારાયણ તે આદિ પ્રજાપતિ. તેમણે માનવી પ્રજાનાં સર્જન કર્યાં. એકે એક પ્રજાજનને દેહ આપ્યો, એ અક્ષય્ય પાત્ર. તેનો ઉપયોગ સેવા ને પરોપકાર માટે કરવાનો. અંગત ભોગ કે લોભ લાલચ સેવો, તો ખૂટી જાય. સર્જનની સાથે વિસર્જન પણ છે: સમર્પણ કહો કે બલિદાન. પ્રજાપતિએ નરનાં સર્જન કર્યા,[1] તે સાથેજ નારાયણ પુરુષે કામના કરી; હું બધાં ભૂત-પ્રાણીઓથી પર રહું. હું પોતે તે બધારૂપે થાઉં. તેણે પોતાની

---

[1] શતપથ બ્રાહ્મણ ૧૩, ૬, ૧, ૧.

કાયાનાં વિસર્જન કર્યાં, તેથી વિરાટનાં સર્જન થયાં. આ નારાયણ દેવ છે અને ઋષિ પણ છે. તે ઋષિએ પુરુષનો મહિમા ગાયો છે :

[1] 'એ પુરુષ છે, જેને હજાર હજાર બાહુઓ, આંખ અને પગ છે. તેણે આ ભૂમિને બધી બાજુએ ઘેરી લઈને ઉપર દશ દશ આંગળ સ્થાન કરી લીધું. તે ત્રણ પાદથી ઉપરના દ્યુલોકમાં ચઢી ગયો, એક પાદથી આલોકમાં વાસ કર્યો; અર્થાત એ પાદ તો શેષ–પ્રસાદ, તેથી આખું વિશ્વ વ્યાપી ગયું, જે ખાનાર–ચેતન અને ખાદ્ય –જડ છે.

'તે પુરુષનો આટલો તો મહિમા છે, પુરુષ તે બધાથી ઘણો મોટો જ્યેષ્ઠ છે. તેનાં એક પાદ વિશ્વભરનાં ભૂત–પદાર્થો છે. શેષ ત્રણ પાદ દ્યુલોકમાં અમૃત છે; જેનો કદી ક્ષય થતો નથી. હવે અહીં જે બન્યું છે અને બનવાનું છે, તે બધું મૂળે પુરુષ જ છે. તે અમૃતપણાનો ઈશ્વર છે. તો પણ અન્ન જડ–પદાર્થની સાથે સંભવે છે.'

'હે આચાર્ય દેવ, બ્રહ્મવાદીજનોએ જે પુરુષનાં વિધાન કર્યાં, તેના કેટલા પ્રકારો બનાવ્યા. તેનાં મુખ, બે બે બાહુઓ અને સાથળ અને પાદ કયાં કહેવાય ?

'હે પ્રિય શિષ્ય, તેનાં મુખ બ્રાહ્મણ–બ્રહ્મજ્ઞાની, બે બાહુ રાજન્ય–પરાક્રમી, મધ્ય ભાગ–પેટ વૈશ્ય–વ્યાપારી ને બે પગ શૂદ્ર–સેવાભાવી; એ ચાર વર્ગ બન્યા છે. તેમજ મનથી ચંદ્ર, આંખથી સૂર્ય, મુખથી ઈન્દ્ર અને અગ્નિ અને પ્રાણથી વાયુ એ ચાર દેવો બન્યા તેમજ નાભિથી અંતરિક્ષ, શિરથી દ્યુલોક, બે પગથી ભૂમિ અને કાનથી દિશા, એ ચાર લોક બન્યા.

'હે પ્રિય શિષ્ય, સૌથી પહેલાં તો વિરાટ સંભવ્યું, તે વિરાટથી અધિષ્ઠાતા પુરુષ થયો. તે પુરુષ જન્મતાંની સાથે જ શેષ–પ્રસાદની જેમ વધવા લાગ્યો. અતિરિક્ત–વધવા લાગ્યો. આમ અતિરિક્ત શેષ બનેલો તે પુરુષ ભૂમિની આગળ પાછળ અનેક રૂપે ફેલાઈ ગયો. પ્રજાપતિ વગેરે દેવોએ જે આ પુરુષને હવિ–બલિદાન માટે નૈવેદ્ય નિવેદન રૂપે તૈયાર કર્યો અને તેથી તેમણે સર્જનરૂપી યજ્ઞનો વિસ્તાર કર્યો; એ નૈવેદ્યમાં આજ્ય–ઘી વસંત ઋતુ, પાક તૈયાર કરવામાં ઈધ્મ ઈંધન ગ્રીષ્મ ઋતુ અને હવિ દ્રવ્ય શરદઋતુ બન્યાં, વર્ષા ઋતુનાં જલથી તે પુરુષનાં પ્રોક્ષણ કર્યાં, જે પુરુષ અગ્રજાત યજ્ઞ કહેવાય છે. જેમણે એ યજ્ઞની રચના કરી, એ સાધ્ય દેવો અને વસુ દેવો હતા.

'તે યજ્ઞ પુરુષથી બે જડબાનાં દાંતવાળાં અશ્વ જેવાં અને ગાય જેવાં તેમજ બકરીઓ અને ઘેટીઓ જેવાં પશુઓ થયાં. તે પુરુષ તો સર્વહુત યજ્ઞ કહેવાય, જેમાં પોતાનાં સર્વસ્વનું સમર્પણ થાય, તેથી તો ઋચાઓ અને સામ–ગાનો તેમજ છંદોબદ્ધ

---

1 ઋગ્વેદ ૧૦, ૯૦, ૧. અથર્વ ૧૯, ૬, ૧

અથર્વા અને યજુઓના મંત્રો થયા. તે સર્વહુત યજ્ઞ-પુરુપથી હુતદ્રવ્ય થયું, જેમાં પૃષતૂ-કઠિન દ્રવ્ય આજ્ય-ઘી જેવું તૈજસદ્રવ્ય આવે. તેજ યજ્ઞપુરુષથી પશુ પ્રાણીઓ થયાં, જેમાં વાયુની ગતિવાળાં પક્ષીઓ, જંગલમાં ચરતાં પશુઓ અને ગામમાં રહેનાં પાલતુ પશુઓ થયાં છે.

'વિરાટ પુરૂષથી બનેલ અધિપુરુષના બલિદાન-સમર્પણથી થયેલ આ તો પ્રકૃતિનો સર્જન યજ્ઞ છે, જેમાં સાત પરિધિઓ રૂપે સાત ઋષિઓ છે. અને તે યજ્ઞને સમિદ્ધ કરવામાં એક જોડ—સાત લોક, બીજી જોડ સાત ભૂત તેમજ ત્રીજી જોડ સાત છંદ એ સમિધાઓ છે. એમ માનો કે, આ પુરુષ એ તો મૂલ પશુ—પશ્યક આત્મ દ્રષ્ટા છે, તેને યજ્ઞની દીક્ષાથી બાંધવામાં આવ્યો, એ પછી જ દેવોએ યજ્ઞનો વિસ્તાર કર્યો.

'જેમ સૂર્યથી ઉપર રહેલ સોમનું ધામ છે; તેમાં એક મહાન-બૃહત દેવ રાજા સોમ છે, તેના મસ્તકથી સીતોત્તેરની સંખ્યામાં અંશુ-કિરણો સોમનાં બિંદુઓ રૂપે સૂર્ય મંડળમાં વરસ્યા કરે છે, એ એક પ્રકૃતિનો સોમયાગ છે, એજ રીતે આ વિરાટ પુરૂષથી બધાં પ્રાણીઓ લોકો, દેવો, વેદો, ખાનપાનના પદાર્થો વગેરે થયાં છે. તે એક પ્રકારનો સૃષ્ટિ યાગ છે.'

બ્રહ્મજ્ઞાનીઓએ બ્રહ્મને ચાર ચતુષ્પાદ-ષોડશ કહેલ છે. તત્વજ્ઞાનીઓએ આદિ શક્તિને ષોડશી કહી છે. પુરાણ વેત્તાઓએ પુરુષને ષોડશકલાઓથી યુક્ત જણાવેલ છે. એ સંદર્ભમાં અહીં વર્ણવેલ ત્રિપાદ તે બાર કલાઓથી યુક્ત પુરુષ તો પરમ વ્યોમમાં અવ્યય છે. બાકીની ચાર કલાઓમાંની ત્રણ કલા અક્ષર ધામમાં છે અને ચોથી કલાથી ચૌદ લોક સાથેના બ્રહ્માંડમાં વસેલા ચાર દેવ, વર્ણ, વેદ, પશુ પદાર્થ વગેરે થયેલ છે. એ ફક્ત ષોડશી કલાનું જ શેષ દર્શન છે. અર્થાત જે એક પુરુષના નૈવેદ્યમાં ધરવામાં આવેલ એકજ કલા છે, ત્યારે જે અવશેષ કલાઓ છે, તેને વિષે જિજ્ઞાસા જાગે, તેને પુરાણવેત્તા તરફથી જાણવા મળે છે કે, જે શેષ છે; તે તો શેષ નારાયણ છે, તે સંકર્ષણ છે, તેના પર શેષશાયી વિષ્ણુનારાયણ પોઢેલા છે, તેના નાભિ કમલના બ્રહ્મા તો હિરણ્યગર્ભ કહો કે વિરાટ, તે પુરુષની આ રચના; એ સૃષ્ટિ તો પ્રતિમા, એક પ્રતીક માત્ર. તેવી તો અનેક સૃષ્ટિઓની પ્રકૃતિઓ જેની અંદર સુષુપ્ત છે; તેને બ્રહ્મ કહે છે, જે અવ્યય છે, અક્ષર છે, તે અવશેષ છે. તેને અથર્વા ઋષિ ઉચ્છિષ્ટ કહે છે, જેમાંથી એક એક શેષની રચના થઈ, તેના મૂળમાં રહેલ ઉચ્છિષ્ટની તો કોઈ કલ્પના જ થઈ ન શકે; તેમાં બધું જ છે, જે કાંઈ અહીં દેખાય છે, તે ઉચ્છિષ્ટનું સંકર્ષણ કહો કે આકર્ષણ; તે અનેરૂં છે; ગુરુત્વાકર્ષણની જે વીજળીક શક્તિ છે. તેવી કરોડો વીજળીઓના પ્રકાશપુંજ જેવાં હજારો બ્રહ્માંડોને શેષનારાયણ કલ્પી, તેની પર શેષશાયી સૂતા છે.

તે શેષનારાયણ પણ ઉચ્છિષ્ટ બ્રહ્મનું એક પાસું છે, તેવા ઉચ્છિષ્ટ બ્રહ્મનું વર્ણન અથર્વા શ્રુતિ કરે છે :

[1] 'હે પ્રિય શિષ્ય જે બ્રહ્મ છે, તે કારણોનું પણ પરમ કારણ છે. માટે તેને ઉચ્છિષ્ટ કહે છે, તેમાં નામ, રૂપ અને લોક લોકાંતરો રહેલાં છે. ઈન્દ્ર અને અગ્નિ પણ તેમાં છે અને આમ આખુંય વિશ્વ તેની અંદર સમાહિત છે. દ્યુલોક અને પૃથ્વી લોક તેમાં સાથે છે. તો વિશ્વ ભૂત પણ તેમાં છે. આપો દેવીઓ, અંતરિયાળ સમુદ્ર, ચંદ્રમા ને વાત–વાયુ તેમાં રહ્યાં છે. જે કાંઈ સત છે અને જે અસત છે, તે બંને એક તે ઉચ્છિષ્ટ સાથે રહ્યાં છે. મૃત્યુ, વાજ–અન્ન અને પ્રજાપતિ તેમાં રહેલાં છે. લોક સંબંધી જે કાંઈ સ્વીકાર્ય અને ત્યાજ્ય પદાર્થ છે, તે બધું તે ઉચ્છિષ્ટમાં રહેલું છે. અને મારે વિષે રહેલી શ્રી પણ તેજ છે.

'હે પ્રિય શિષ્ય, જે પોતે સુદૃઢ છે અને દૃઢ પદાર્થોને પણ જે સારી રીતે દૃઢ રાખે છે, તે બ્રહ્મ પોતે ઉચ્છિષ્ટ છે. તે ઉપરાંત વિશ્વભરનાં સર્જન કરનારી દશ પ્રકૃતિની દેવીઓ છે, તે પણ ચક્રની રહેલી દશ આરાઓની જેમ ઉચ્છિષ્ટમાં પરોવાઈને રહેલ છે. આ તેજ ઉચ્છિષ્ટ છે, જેમાં ઋક, સામ અને યજુ, ઉદ્ગીથ, સ્તુતિ અને સ્તોત્ર, હિંકાર, સ્વર અને સામના મેઢિ–આલાપ મારામાં રહે, એજ રીતે ઉચ્છિષ્ટમાં રહેલા છે.

'એ ઉચ્છિષ્ટ બ્રહ્મમાં યજ્ઞનાં આ વિવિધ અંગ રહેલાં છે : સામગાનને અનુસરતાં ઐન્દ્ર—ઈન્દ્રપર્વ, આગ્ન–અગ્નિપર્વ, પાવમાન પર્વ, મહાનામ્ની પર્વ અને મહાવ્રતપર્વ સોમ યાગના રાજસૂય, વાજપેય, અગ્નિષ્ટોમ, અધ્વર, અર્ક, અશ્વમેધ અને આનંદ આપનાર બર્હિયાગ, જે જીવને ઉપયોગી છે, તે ઉપરાંત અગ્ન્યાધેય, દીક્ષા, છંદોમ સાથેના કામપ્ર, ઉત્સન્ન યાગ, સત્રો, અગ્નિહોત્ર, શ્રદ્ધા, વષટકાર, વ્રત, તપ, દક્ષિણા, ઈષ્ટ અને પૂર્ત, એક રાત્ર, દ્વિરાત્ર. સદ્યઃક્રી, પ્રક્રી, ઉક્થ્ય, વિદ્યા સાથેનાં અણુ–અંશો, ચતૂરાત્ર, પંચરાત્ર, ષડરાત્ર, સપ્તરાત્ર. ઉભય–બેકીઃ અષ્ટરાત્ર, દશરાત્ર, દ્વાદશરાત્ર, ષોડશી, પ્રતિહાર, નિધન, વિશ્વજિત, અભિજિત, અહોરાત્ર સાથેના અતિ-રાત્ર, દ્વાહશાહ, ઉપહવ્ય, વિષુવાન વગેરે સોમયાગ અને યજ્ઞો એ ઉચ્છિષ્ટ બ્રહ્મમાં પ્રકૃતિના સૂક્ષ્મરૂપે ગુહામાં રહેલા છે. જેના પ્રકારો પછીના વિશ્વમાં જોવાને મળે છે.

'એ ઉચ્છિષ્ટ બ્રહ્મમાં સૂનૃતા–સત્ય ભાષણ, સંનતિ–નમ્રભાવ, ક્ષેમ–કલ્યાણ, સ્વધા, ઉર્જ -બલ, અમૃત, સહનશક્તિ, બધા કામપોષક પદાર્થો, નવભૂમિઓ અને બધા સમુદ્રો રહેલા છે. ઉચ્છિષ્ટમાં સૂર્ય પ્રકાશે છે, જેથી અહોરાત્ર બનેલાં છે, જે મને પ્રિય છે. આ તે ઉચ્છિષ્ટ છે, જે વિશ્વના ભર્તા–ભરણપોષણ કરનાર જનક=પિતા છે, પરંતુ તે

૧. અથર્વવેદ ૧૧. ૭. ૧–૨૭

ઉચ્છિષ્ટ પોતે પ્રાણના પૌત્ર છે, છતાં બધાના પિતામહ છે, તે વિશ્વના ઈશાન સ્વામી અને ભૂમિના શ્રેષ્ઠ પરાક્રમી બનીને નિવાસ કરે છે. ઋત, સત, રાષ્ટ્ર, શ્રમ, ધર્મ, ભૂત, ભાવી, વીર્ય, લક્ષ્મી, બલ, સમૃદ્ધિ, ઓજ, આકૃતિ, સંકલ્પ, ક્ષાત્ર, છ રસની લહરીઓ, સંવત્સર, ઈડા–અન્ન, પ્રૈપ, ગ્રહો, ચતુર્હોતાઓ, આપ્રિય, ચાતુર્મસ્ય, નીવિદ યજ્ઞો, હોત્રા, પશુબંધો, પક્ષ, માસ. ઋતુઓ, મેઘ, ગર્જના, ઘોપકરનાર જલ પ્રવાહો. શર્કરા–કાંકરી, સિકતા–રેતી, પહાડ, ઔષધિઓ, વીરુધ–વેલ, તૃણ–ઘાસ, વાદળ, વીજળી, વર્ષા સિદ્ધિ, પ્રાપ્તિ, સમાપ્તિ, વ્યાપ્તિ, મહત્તા, વૃદ્ધિ, આપ્તિ, વગેરે જે જે પદાર્થો, ગુણધર્મો, ક્રિયા–પ્રક્રિયાઓમાં આવી જાય છે. તેમાં પણ જે પ્રાણથી પ્રાણિત બને છે; આંખથી દેખાય છે અને દ્યુલોકમાં રહેલા દિવ્ય પદાર્થો હોય છે, તે બધા તે ઉચ્છિષ્ટમાં સમાવેશ પામ્યા છે.

'આ ઋચાઓ, સામગાનો, છંદોબદ્ધ મંત્રો, યજુઓ અને પુરાણગાથાઓ તેમના દ્યુલોકમાં આશ્રય લઈને રહેલા દેવો ઉચ્છિષ્ટથી ઉત્પન્ન થયા છે, તે ઉપરાંત પ્રાણ અને અપાન, ચક્ષુ અને શ્રોત્ર, ક્ષિતિ–ભૌતિક અને અક્ષિતિ દૈવિક પદાર્થો, આનંદ, મોદ, પ્રમોદ, પ્રત્યક્ષ આનંદ, દેવો, પિતૃઓ, મનુષ્યો, ગંધર્વો, અપ્સરાઓ વગેરે તે ઉચ્છિષ્ટથી ઉત્પન્ન થયેલાં છે.'

આ સૂકતમાં વર્ણવેલ ઉચ્છિષ્ટ કોઈ એંઠવાડ, કચરો કે ફેંકી દીધેલ પદાર્થના અર્થમાં નહીં લેતાં, ઊત–બધા પદાર્થોથી ઉંચે કારણોના પણ કારણ–શેષ રૂપે રહેલ બ્રહ્મ છે, જેમાં નામ, કર્મ, કાલ, રૂપ, ગુણ, ધર્મ, યજ્ઞ વગેરે અવ્યકત સૂક્ષ્મરૂપે રહેલ છે, તે બ્રહ્મ પોતે સર્વનો આધાર, સર્વથી જ્યેષ્ઠ શ્રેષ્ઠ મૂળ કારણ છે; તેને જ સર્વનું અધિષ્ઠાન આત્મરૂપ ગણે છે, જેને કુત્સ ઋષિ જણાવી રહ્યા છે :

[૧] તે જ્યેષ્ઠ બ્રહ્મને નમન હો, જે પોતે કેવળ પ્રકાશમય છે તેમજ ભૂત અને ભવ્ય જે કાંઇ છે, તે બધાના અધિષ્ઠાતા ગણાય છે. એમ માનો ને કે, તે એક આધાર સ્કંભ છે, જેની ઉપર દ્યુલોક અને ભૂમિલોક ટેકવી રહ્યાં છે. જે કાંઈ પ્રાણની ગતિ કરે છે અને જે કાંઈ આંખના પલકારા ભરે છે, એ બધું આત્મન્વત છે અને તે સ્કંભ–આધારને ટેકવીને રહેલું છે.

'એ મૂળ બ્રહ્મમંડળમાં રહેલી ત્રણ પ્રકૃતિ–પ્રજાઓ છે, જે ઘણે દૂર દૂર સુધી ગતિની પ્રક્રિયાઓ આદરે છે. એમાંની એક સાત્વિક પ્રકૃતિ છે, જે પોતે સાત્ત્વિક પ્રકાશમાં પ્રવેશ કરે છે, બીજી રાજસ પ્રકૃતિ છે. જે વિશાળ રજોમંડળમાં વસે છે, અને ત્રીજી તામસ પ્રકૃતિ છે, જે હરિણી બનીને હરિયાળા મંડળમાં પ્રવેશ કરે છે. એમ માનોને કે પ્રકૃતિનું એક કાલચક્ર છે, જે બાર પ્રકારની પ્રધીઓ–વર્તુળ મંડળો છે; તેની ત્રણ

૧. અથર્વવેદ ૧૦, ૮, ૧–૪૪

નાભિઓ છે. તેમાં ત્રણસોને સાઠ શંકુઓ છે, તેમજ ત્રણસોને સાઠ ખીલાઓ છે; જે અવિચળ છે, તેને ભલા કોણ જાણી શકે ? હે દેવ સવિતા, તમે આ વાત જાણો કે તે કાલચક્રમાં જન્મેલો એકજ છે, જેને વીંટીને છ જોડકાં રહેલાં છે, તે જે એકલો છે, તેજ બધા સાથે સંબંધ જોડવા ઈચ્છે છે. આ તે મહાન પદ છે, જે ગુહા—ગુપ્ત આવરણને જીર્ણશીર્ણ કરી, બહાર પ્રગટ થવાની તૈયારી કરે છે, ત્યારે તે કંપિત થાય છે અને પ્રાણ સાથે હલનચલન કરે છે.

'તેજ મૂલપ્રકૃતિનું આ કાલચક્ર છે, જેને એક જ કેન્દ્ર છે અને એક જ પરિધ-મંડળ છે, તો પણ તેની આજુબાજુ—આગળ પાછળ હજાર હજાર આરા વાણીના હજાર અક્ષરોની જેમ જોડાએલ છે. તે પરિઘનું અર્ધમંડળ છે, તેથી તો આખાય વિશ્વના લોક જન્મ્યા છે, બાકીનું અર્ધમંડળ કયા અવ્યક્ત રૂપે રહેલું છે, તે એક પ્રશ્ન છે. અર્થાત્ અવ્યક્ત તે અસત્ અને વ્યક્ત તે સત્ ગણાય છે. આમાંનાં મહાભૂતોની પાંચ તન્માત્રા-ઓને વહન કરનાર રથ તો આગળ વહેતો રહે છે. તેમાં જોડાએલા ઘોડાઓ તેની પાછળ રહીને ભાર વહન કરે છે. આ રથનો જે ભાગ ગતિ કરતો નથી. તે આપણી નજરે ચઢે છે, પણ જે ભાગ ગતિ કરે છે, તે જોવામાં આવતો નથી. આમ જે ભાગ ઘણે દૂર છે, તે ઘણે પાસે અને જે ઘણી પાસે છે, તે ખૂબ દૂર હોય, એમ લાગે છે.

'આ એક યજ્ઞપાત્ર છે, જેનું નામ ચમસ છે, તેની જ પ્રતિકૃતિરૂપે બનેલું આ માનવનું મસ્તક છે. જેનું તળિયું ઉપરની ખોપરી અને બિલ—છિદ્ર નીચે રહેલું મુખ છે, તેની અંદર વિશ્વરૂપ યશ રહેલ છે. અર્થાત એ દેવચમસ છે, જેમાં રહેલ આહુતિરૂપ અમૃતનાં પાન દેવો કરે છે. આ મહાન ચમસ છે, તેના રક્ષક સાત ઋષિઓ છે, જે તેની અંદર સાથે વસ્યા છે. બે નેત્રમાં ગૌતમ અને ભરદ્વાજ, બે શ્રોત્રોમાં વિશ્વામિત્ર અને જમદગ્નિ, નાકમાં વસિષ્ઠ અને કશ્યપ તેમજ મુખમાં અત્રિ ઋષિ; તે સાથે વસીને રક્ષણ કરે છે.

, હે આચાર્ય દેવ, જેમ गायत्रं त्रैष्टुभं जगत् એકપદા ઋચા ગણાય; તે પૂર્વની युंजे वाचं शतपदीं गाये सहस्रवर्तनी ની સાથે છેલ્લા ચરણરૂપે અને પછીની ઋચામાં गायत्रं त्रैष्टुभं जगत् विश्वा रूपाणि विभ्रता देवा ओकांसि चक्रिरे ની સાથે શરૂઆતમાં જોડાય છે અને તે સોમયાગની સવારે વિશ્વ રૂપા ગાનમાં ગવાય છે, એવી રીતે સર્જન સમયે પ્રકૃતિયાગ ચાલુ થયો, તેની શરૂઆત કરનારી કઈ ઋચા છે, જે પહેલાં જોડાય છે અને પાછળ પણ, જે વિશ્વ રૂપે જોડાય છે અને સર્વ રૂપે પણ, જે બીજી ઋચા-ઓમાંની પહેલી ઋચા છે, જેથી યજ્ઞનો વિસ્તાર થાય છે ?

'પ્રિય શિષ્ય, જેમ કાલચક્રની ધરીમાં હજાર હજાર આરા જોડાય છે. તેમજ

સર્જન કાળે પ્રાણતત્વ કંપિત થાય છે, પડે છે અને ઊભું થાય છે, તે પ્રાણતત્વને પણ જે શક્તિ આપે છે, છતાં પોતે પ્રાણ રહિત છે, જે પલકારા કરે છે અને સ્થિર સત્તા ધરાવે છે, તે પ્રાણનું પણ પ્રાણ કાલચક્રની ધરી જેવું છે; તે આરાઓની જેમ વિશ્વરૂપ પૃથ્વીના પદાર્થોને ધારણ કરે છે, તે અક્ષરોની બનેલી ઋચા છે, જે સર્જનકાળે એકઠી થઈ એકરૂપ બને છે, જે ઋચાઓમાંની પહેલી ઋચા છે. એ ઋચા પોતે અનંત અને પુરુરૂપે વિસ્તારથી પથરાએલી છે, તેને કારણે અનંત ઋચા અને અંતવાળા અક્ષરો એકમેકમાં સમાઈને રહેલા છે. જેમ મુખ્ય નાકપાલ-નગરરક્ષક ચારેબાજુ ફરતો રહે છે અને બધા બનાવો પર ધ્યાન રાખી, તેના રહસ્યને જાણે છે, એમજ પ્રાણોનું પણ પ્રાણતત્વ છે. તે વિશ્વનાં ભૂત અને ભાવી વિષેનાં ચિંતન કરતો રહીને ઉત્તમ જ્ઞાન ધરાવે છે, તે પ્રાણોનો પણ પ્રાણ પ્રજાપતિ છે.

'હે આચાર્ય દેવ, તમે જે પ્રજાપતિની વાત કરો છો, એ પોતે તો ક્યાંય પણ દેખાતા નથી, છતાં પણ એકે એક પદાર્થની અંદર સંચાર કરે છે અને વિવિધ રૂપે વિશ્વમાં પ્રગટ થાય છે. તેમણે એક અર્ધ ભાગથી આખા વિશ્વને પ્રગટ કરેલ છે, અવશેષ રહેલ અર્ધભાગ છે. તેનો કેટલો વિસ્તાર છે અને તેનું પ્રતીક શું છે?

'પ્રિય શિષ્ય, જેમ મહાસાગરના ઊંડાણમાં જલ રહેલું હોય, તેને રેંટના ઘડાઓથી ઉલેચીને ઉપર લાવવામાં આવે છે, તે રેંટને બધા માણસો જોતા હોય છે, પણ ઘડાઓથી ભરાઈને ઉપર આવતા જલના વિજ્ઞાનને મનથી સમજતા નથી, એમજ સર્જનકાળે આ યજ્ઞચક્રની પ્રક્રિયા ચાલતી હોય છે ને તેમાં સર્જન-વિસર્જનની ગતિ ઘડાઓ ભરાય ને ઠલવાય, એ રીતે ચાલતી હોય છે, પણ તેના પ્રવર્તક મૂલ કારણ વિષેની વિચારણા કરતા નથી. એ મૂલ કારણ બ્રહ્મ પૂર્ણ સરોવરની જેમ છલોછલ ભરેલું છે, તો પણ તે દૂર દૂર વસે છે. તે રોજે રોજ ઉલેચાતું રહે છે. તો પણ તે ઊન-અવશેષ રૂપે રહે છે. તે પોતે મહાન યક્ષ છે, જે સર્વ ભુવન-લોકોની વચમાં વસે છે અને રાષ્ટ્ર ધારણ કરનારા બધા લોક નેતાઓ તેને માટે બલિદાન આપતા રહે છે. આ તે મહાન બ્રહ્મ છે, જેનો આધાર લઈ આકાશના મંડળમાં સૂર્યનો ઉદય થાય છે, અને પાછો તેમાં જ તે આથમી જાય છે. તેજ આ મહાન યક્ષ છે, જેને હું બધાથી જ્યેષ્ઠ શ્રેષ્ઠ માનું છું. તેને કારણે કોઈ પણ મહાન નેતા તેના નિયમનાં ઉલ્લંઘન કરતા નથી. બ્રહ્મવેત્તાઓ તેને વેદ-જ્ઞાન અને તેના જાણકાર વિદ્વાન રૂપે જણાવે છે, જે સૌ કરતાં પહેલો છે, સૌથી પુરાણો છે અને છતાં સૌની વચમાં રહેલો છે. કેટલાક વેદ-વેત્તાઓ તેને પહેલા આદિત્ય-સૂર્ય રૂપે, બીજા અગ્નિ રૂપે અને ત્રીજા હંસરૂપે જણાવે છે; જે હંસ ત્રિવૃત્ત છે. આ તેજ હંસ છે, જે સ્વર્ગ લોકમાં ઉડતો રહે છે, ત્યારે તેની

બંને બાજુની વિશાળ પાંખો હજાર હજાર અહોરાત્ર સુધી ફેલાએલી રહે છે. તે હંસ બધાજ દેવોને પોતાની પીઠ પર બેસાડીને સઘળાં ભુવન–લોકોનાં દર્શન કરાવવા માટે ગતિ કરતો રહે છે.

'આ તેજ હંસ છે, જે પતંગ સૂર્ય રૂપે ઊંચે આકાશમાં સત્યના આધારે તપે છે, તેજ હંસ પૃથ્વીના અગ્નિ રૂપે નીચે બ્રહ્મ–મંત્રથી દેખાય છે અને જે પ્રાણ રૂપે મધ્યલોકમાં ચેતનવાન રહે છે અને તેમાં જ જ્યેષ્ઠ બ્રહ્મ રહેલું છે. જેમ બે અરણીનાં લાકડાં ઘસવાથી અગ્નિ પેદા થાય છે. એમ જ સકલ લોકોમાં વસેલો આ ઉત્તમ અગ્નિ છે, જેની ઉત્પત્તિ દ્યુલોક પિતા અને પૃથ્વી લોક રૂપ માતાથી થઈ છે, જે બે અરણીઓ જેવાં છે. આ તેજ અગ્નિ છે, જે બ્રહ્મનું મહાન ધામ છે; એમ રહસ્યવેત્તા જાણે; એટલુંજ નહિ તેને જ તે જ્યેષ્ઠ બ્રહ્મ માને. આ રહસ્યને જાણનાર વિદ્વાન ગણાય છે.

'આ તે વિરાટ પુરુષ છે, જે પહેલાં પોતાના સ્વર્ગરૂપ આનંદમાં ભરપૂર હોય છે અને તેથી પાદરહિત હોય છે, ત્યારબાદ તે જ્યેષ્ઠ ચતુષ્પાદ રૂપે પ્રગટ થયું છે; જે વિશ્વનો ભોગ્ય પદાર્થ ગણાય છે અને સર્વ પ્રકારની ભોજન સામગ્રીનાં સંપાદન કરે છે; એટલું જ નહિ તે પોતે ભોગ્ય–ભોક્તા બને છે અને તે બહુ પ્રકારનાં અન્ન જમે છે અને પોતાની પહેલાં રહેલા બ્રહ્મની દેવરૂપે ઉપાસના કરે છે. આ તે બ્રહ્મ છે, જેને બ્રહ્મવાદીજનો સનાતન–સદા એકરૂપ રહેનાર રૂપે જાણે છે. તે સનાતન હોવા છતાં આજે સર્જન કાળે ફરી નવલાં રૂપ ધારણ કરે છે. તેનાં જ બે અન્યોન્ય રૂપ છે, જેથી અહોરાત્ર–દિવસ અને રાત થયાં છે. તેમાં સૌ, હજાર, દશ હજાર, લાખ વગેરે અસંખ્ય તત્ત્વો સમાયેલાં છે. સૂક્ષ્મતત્ત્વોના સર્જનકાલે સાક્ષીરૂપે તે બ્રહ્મ પોતે રહે છે; તેને આ સત્વો આઘાત આપે છે, તેથી તે દેવરૂપે પ્રકાશિત થાય છે.

'તે બ્રહ્મની જે આરાધના સેવા કરે છે, તેની સામે કૃપા કરીને તે બ્રહ્મ પ્રગટ થાય છે અને તે જણાવે છે કે, મારૂં મૂળ સ્વરૂપ તો એક ઝીણા વાળથી પણ વિશેષ સૂક્ષ્મ–અણુનું પણ અણુ છે અને તેથી તે એક દષ્ટિગોચર થતું નથી. જે શકિત મને પ્રગટ કરવા મથે છે; તે મને આલિંગન આપે છે; તે મારી પ્રિયા શકિત છે; એ કલ્યાણી છે, અજરા અને અમર છે, તોપણ મર્ત્ય–માનવના ઘરમાં રહે છે, તે શક્તિને માટે હું પોતે શયન કરૂં છું અને કાંઈ કરતો નથી. જે કાર્ય કરે છે, તે પોતે જીર્ણ–શીર્ણ બની જાય છે.

પોતાના હૃદયમાં પ્રગટ થએલ બ્રહ્મનાં દર્શન કરી, આત્મજ્ઞાની જણાવે છે કે:

'હે આરાધ્ય દેવ અંતર્યામી, તમે સ્ત્રી છો, તમે પુરુષ છો, તમે કુમાર છો અને વળી કુમારી છો. તમે જીર્ણ–વૃદ્ધ બનીને લાકડીના ટેકે ચાલો છો. તમે જન્મ લેતાંની સાથેજ વિશ્વ તો–

મુખ—બધી બાજુએ જોનાર બનો છો. સાચેજ, જેનાં સર્જન થયાં છે, તે બધા પદાર્થોના તમે પાલક પિતા છો, તે સાથે તેમના તમે પુત્ર છો, કારણ કે બ્રહ્મજ્ઞાની આત્મ શક્તિથી તમને હૃદયમાં પ્રગટ કરે છે. તેજ રીતે તમે સૌ પ્રકારનાં તત્ત્વોના જ્યેષ્ઠ છો, તે સાથે કનિષ્ઠ પણ છો. કારણ કે નાનામાં નાના પદાર્થ રૂપે પણ તમે રહેલા છો. આમ તે એકજ દેવ અંતર્યામી છે, જેણે મનમાં પ્રવેશ કર્યો છે, તે સૌ પહેલાં જન્મ્યો છે અને સૌની અંદરના ગર્ભમાં રહેલ છે.

'સાચેજ, ઓ પ્રિય શિષ્ય, તે બ્રહ્મ પૂર્ણ સંસાર સાગર ઉલેચાય છે; તે સાથે આ પૂર્ણ સંસાર સાગરનાં ક્ષીર છે, તેથી તે પૂર્ણ બ્રહ્મ પર અભિષેક કરવામાં આવે છે; પણ તે અભિષેકનાં જલ જુદાં નથી, તો પણ જે જલથી તેના અભિષેક થાય છે, તેને આજે પણ અમે જાણીએ છીએ

'આ સનત્ની તો સનાતન શક્તિ છે, તે સનાતન કાળથી જન્મી છે, તેજ પુરાણી શક્તિ છે, જે બધામાં વિશ્વમાં વ્યાપી રહેલી છે; એ તો સાચેજ દિવ્ય પ્રકાશ આપનારી મહાન શક્તિ છે, જે અનેક ઉગતી જીવન—ઉષાઓને પ્રકાશ આપે છે. તે શક્તિ તો એક એક જીવનની સાથે સચેત સભર દેખાય છે. વિશ્વની એ આવિષ્કાર શક્તિ છે, જે ઋત પ્રકૃતિના નિયમથી વીંટાઈને રહેલી છે; તેનાજ વિવિધ રૂપોથી આ સંસારનાં વૃક્ષો હરિ-યાળાં લીલાંછમ બનેલાં છે.

'આ તેજ પૂર્ણ બ્રહ્મ છે, જે અત્યંત સમીપ નિવાસ કરવા છતાં, પોતાની આત્મ-વિભૂતિને છોડતો નથી; આનેજ કારણે તે આપણી અત્યંત નિકટ રહેતો હોવા છતાં આપણને જોવા મળતો નથી. સાચેજ આ દિવ્ય પ્રકાશ આપનાર તે બ્રહ્મના કાવ્ય—ક્રાન્ત પગલાંને તમે જુઓ, તે ક્રાન્ત પગલું મરતું નથી અને જીર્ણ પણ થતું નથી. સાચેજ તે અપૂર્વની પ્રેરણાથી આ વિવિધ વાણી પ્રગટ થઇ છે, જે સૃષ્ટિના સર્જન વિષેની યથાર્થ બાબતો જણાવે છે અને તે જે જે અર્થ જણાવે છે, તેની પાસે પહોંચી જાય છે. છેવટે એ વાણીના વ્યવહારો જ્યાં વિરામ પામે છે, તેનેજ બ્રહ્મવાદીઓ બ્રહ્મનું મહાન પદ કહે છે.

'હે આચાર્ય દેવ, જેમ ચક્રની ધરીમાં આરાઓ પરોવાએલાં રહે છે, એમજ જેની અન્દર દેવો અને મનુષ્યો આશ્રય લે છે અને જ્યાં માયાશક્તિથી આપો દેવી—સૂક્ષ્મ જલ તન્માત્રાઓનું પુષ્પ સ્થિત છે, તે મૂલતત્વ વિષે હું તમને પૂછું છું. જેની વિવિધ શક્તિઓને આધારે વશવર્તી વાયુ વાય છે, જેની આત્મશક્તિઓ એક સરખી રીતે પાંચેય દિશાઓને પ્રેરણા આપે છે. જે બધા આ મૂલતત્વે આપેલ આહુતિને વિશેષ રીતે માને છે અને જે જલ તન્માત્રાઓને વિવિધ રીતે દોરે છે, તે મૂલતત્વના પ્રકારો કેટલા છે?

'હે પ્રિય શિષ્ય, અગ્નિ, વાયુ, સૂર્ય જેવા તે અવ્યક્ત બ્રહ્મના અનેક પ્રકારો છે;

તેમાંનો એક અગ્નિ આ પૃથ્વી પર વાસ કરે છે, બીજો વાયુ અંતરિક્ષમાં વ્યાપીને રહેલો છે, ત્રીજો સૂર્ય દ્યુલોકને પ્રકાશ આપે છે, જે બધાનો ધારક છે અને તે ઉપરાંત બીજા કેટલાક દેવો દિક્પાલરૂપે બધી દિશાઓનું પાલન કરે છે. જેની અંદર આ બધી પ્રજાઓ સાદડીમાં સળીઓની જેમ ઓતપ્રોત પરોવાએલી છે, તે રીતે સર્વવ્યાપક સૂત્રના રૂપે તેમજ તે સૂત્રનાય સૂત્રરૂપે રહેલ તે અવ્યકત બ્રહ્મને જે જાણે છે, તે તત્વજ્ઞાની વિદ્વાન બ્રહ્મના મહાન ધામને જાણે છે.

'આચાર્ય દેવ, દ્યુલોક અને પૃથ્વીલોકના અંતરિયાળ—મધ્યભાગમાં રહેલો આ તે અગ્નિ છે, જે સઘળા વિશ્વને પ્રકાશ અને તાપ આપે છે તેમજ જયાંની દિશાવિદિશાઓના પ્રદેશોના પાલક તરીકે એકજ દેવ રહે છે; તે સમયે વાયુ કયાં હતો, જેણે પ્રકૃતિમાતાની અંદર શ્વાસ લઈ—માતરિશ્વારૂપે પ્રાણ પૂર્યા હતા ?

'એ સમયે વિશ્વનાં સર્જન કરનારી જલની સૂક્ષ્મ તત્માત્રાઓની અંદર તે માતરિશ્વા વાયુ અવ્યકત રૂપે હતો, એટલુંજ નહિ બીજા બધા દેવો પણ સલિલ-તરલ તન્માત્રાઓની અંદર વસેલા હતા. એ મહાન મંડળ હતું, જે રજોગુણના વિશેષ વિસ્તારમાં બની રહ્યું હતું; તે અવ્યક્ત સૂક્ષ્મ દશામાં પવમાન સોમ પણ પોતાનાં હરિત તત્વોની સાથે વસેલ છે.

'હે આચાર્ય દેવ, ગાયત્રી—તત્વ અગ્નિનો આધાર લઈ, યજ્ઞવેદીથી ઉત્તર ઉપરની દિશા તરફ જે દેવે વિક્રમ—પગલાં ભર્યાં હતાં અને જે ગાયત્ર સામગાનના આધારે રહેલ સાત સ્વરોને જે બ્રહ્મજ્ઞાનીઓ સારી રીતે જાણે છે, તે મૂળ છંદ અને સ્વરમાં રહેલ અજ—અવ્યકત નાદબ્રહ્મ કયાં જોવાને મળે છે ?

'હે પ્રિય શિષ્ય, જેમ દેવ સવિતા બધા પ્રકારનાં વસુ—વસાવવાલાયક પદાર્થોનાં રક્ષણ કરે છે એમજ જે અવ્યકત નાદ બ્રહ્મ સર્વ પદાર્થોનાં સંગમન અને નિવેશન છે, તથા જેમ ઈન્દ્ર સમરભૂમિમાં આવીને ઉભો રહે છે, એજ રીતે જે સ્વર બ્રહ્મ સર્વ પદાર્થોની અંદર વાસ કરે છે, તે નાદ બ્રહ્મ છંદ અને સ્વરની અંદર નિવાસ કરે છે. નાદબ્રહ્મનું મૂલ સ્થાન તો માનવીનું હૃદય છે; જેનો આકાર પુંડરીક—કમળ જેવો છે, જેને નવ દરવાજા છે, તથા જે સત્વ, રજ ને તમ એ ત્રણ ગુણોથી ઘેરાએલ છે; તેની અંદર આત્મસાક્ષાત્કાર રૂપે યક્ષ નિવાસ કરે છે, તેને બ્રહ્મજ્ઞાનીઓ જાણે છે. આ તેજ યક્ષ છે, જે મૂલ પુરુષ છે, જેને કોઈ કામના નથી, જે પોતે ધીર વીર, અજર અને સ્વયં—કુદરતી રીતે પૂર્ણ છે, જે આત્માનંદ રસથી સભર ભરપૂર છે અને જેથી ન્યૂન—અતિરિક્ત કશું નથી; તેને જાણનાર વિદ્વાન મૃત્યુથી ડરતો નથી, કારણકે તે બ્રહ્મને જાણવાથી પોતે પણ બ્રહ્મરૂપ બને છે, જે બ્રહ્મ આત્મરૂપ, ધીરવાર અને અજર અમર સદા યુવાન છે.'

આ સૂકતના દ્રષ્ટા કુત્સ ઋષિ બ્રહ્મજ્ઞાની છે; તેમણે પોતાની દિવ્ય નજરે જે બ્રહ્મનાં વિવિધ રૂપો જોયાં; તેને વિષેની એક ચર્ચા—વિચારણા અહીં રજૂ કરી છે, જોકે સાંખ્ય અને મીમાંસાની વિચારસરણિ પ્રમાણે કેટલાક શબ્દોની પરિભાષાઓ વ્યવસ્થિત હોય છે, તે રીતે કેવલ બ્રહ્મ, નાદ બ્રહ્મ, મૂલ પ્રકૃતિ, પુરુષ, મહત્તત્ત્વ, પાંચ તન્માત્રાઓ, વાયુ, અગ્નિ, સૂર્ય, દેવ જેવા શબ્દોની રૂઢ પરિભાષાઓ બંધાયેલી હોય છે, પરંતુ કુત્સની જે કાવ્યદષ્ટિ છે. તે તો સર્વત્ર વસેલા વ્યાપક બ્રહ્મનાં દર્શન વિવિધ રૂપે કરે છે અને કાવ્યની મૂલ પ્રતિભાનાં દર્શન થાય છે. ત્યાં પરિભાષાઓની વિવિધ વ્યાખ્યાઓને એકરૂપતા આપવામાં આવી છે. હવે બધે ઠેકાણે વિવિધરૂપે વિલાસ કરતા બ્રહ્મ—પુરુષનો લાભ મેળવવા, બ્રહ્મા ઋષિ જણાવી રહ્યા છે:

૧‘એ મૂળે તો બ્રહ્મ પુરુષ છે, તે જો કે અંતરિક્ષના અંતરિયાળ પ્રદેશમાં વાયુરૂપે ગતિ કરતો હોય કે પછી ધરતીના પ્રદેશો પર વૃક્ષો વિષે કે ઊચા પર્વતોમાં પહાડો વિષે અગ્નિરૂપે વાસ કરતો હોય કે પછી પશુઓ અને પ્રાણીઓની અંદર ચેતનાના રસરૂપે વહેતો હોય, તે બ્રહ્મ પુરુષ ઉદ્યમશીલ બનીને વારંવાર અમને મળતા રહો.’

એ બ્રહ્મ પુરુષ એક રૂપ વેન—વરવાલાયક અને સર્વના પાલક પિતા છે, તેનાં દર્શન વેનઋષિ કરે છે:

૨‘ તે બ્રહ્મ પુરુષ પોતે વેન—વરણીય છે અને જે બ્રહ્મજ્ઞાની પર તેની પસંદગી ઉતરી છે, તે પણ વેન છે. તે વેન-ભકતજન હૃદયરૂપી પરમગુહામાં રહેલ બ્રહ્મ પુરુષનાં દર્શન કરે છે, જ્યાં આખુંય વિશ્વ એકરૂપ બનીને રહેલું છે. તેજ બ્રહ્મે આ વિરાટ કામધેનુનાં દોહન કર્યા છે, જેથી આ બધા પદાર્થોનાં સર્જન થયાં છે. તેના મૂલ પ્રકાશને જાણનારા વ્રતશીલ ભકતજનો જે બ્રહ્મ પુરુષની સ્તુતિ સારી રીતે કરે છે.

‘જે હૃદય ગુહા છે, તે અમૃતનું પરમ ધામ છે, તેને વિષે જ્ઞાની વકતા જણાવે છે. તે બ્રહ્મપુરુષ વિરાટનાં ત્રણ પાદ છે, તે તો ગુફાની અંદર ઢાંકી રાખ્યાં છે, તે રહસ્યને જે જાણે છે, તે તો ગુરુરૂપે પિતાનો પણ પિતા ગણાય છે; તે આપણા સૌનો પાલક પિતા અને જનેતા અને બંધુ સ્નેહી જન છે. તે વિશ્વભરના લોકો અને ધર્મને જાણે છે; તે પોતે એકલો જ છે, તો પણ બધા દેવોનાં નામ ધારણ કરે છે, ત્યાં બધાં ભુવન લોકો પહોંચી જાય છે, તેનેજ કારણે રહસ્યભર્યા પ્રશ્નો પૂછવાનું પણ તેજ એક માત્ર સ્થાન છે. હું પોતે એ વિરાટ પુરુષની સાથે એકતા સાધીને દ્યુલોક અને પૃથ્વીલોકની ચારેબાજુ ભ્રમણ કરી આવ્યો છું. હું એ આત્મશકિતની ઉપાસના કરૂ છું, જે ઋત-કુદરતી નિયમમાં સૌ પહેલાં જન્મેલ છે. જેમ વકતામાં તેજસ્વી વાણી રહે છે એમજ તે બ્રહ્મ પુરુષ સર્વની અંદર રહે છે, તે સર્વના ધારક

૧. અથર્વવેદ ૭, ૬૬, ૧ ૨, અથર્વવેદ ૨. ૧, ૧–૫

અને પોષક છે; સાચે જ તે તેજસ્વી અગ્નિ છે; જેનો સમાન આધાર લઈ, અમૃતનાં પાન કરનારા દેવો નિવાસ કરે છે. વિશ્વના એ હિતકારી તંતુનાં દર્શન કરવા હું પોતે પણ બધા લોકોનાં ભ્રમણ કરી આવ્યો છું.'

આ સૂકતના ઋષિ વેન છે, જેણે બ્રહ્મનો સાક્ષાત્કાર કર્યો છે અને તે બ્રહ્મપુરુષ સાથે એકરૂપ બની બ્રહ્મના રહસ્યને ઉકેલી આપે છે. બ્રહ્મજ્ઞાન જેણે મેળવી લીધું અને તેને જીવન રસનો મહાસાગર મળી ગયા જેટલો આનંદ થવાનો, તે વિષે ઋષિ બ્રહ્મા જણાવે છેઃ

૧'હે જ્ઞાની જનો, તમે બ્રહ્મજ્ઞાની પાસે જઈને આ જ્ઞાન મેળવી લો, તે તમને બ્રહ્મ વિષે જણાવશે, જેની પ્રેરણાથી વીરુધ વનવેલીઓમાં પ્રાણ પૂરાય છે; જેની સરખામણી કરવા માટે પૃથ્વીલોક કે દ્યુલોકમાં બીજું કોઈ નથી. તે એકજ અંતરિક્ષમાં રહેલું સ્થાન છે, જેને આધારે વનવેલીઓ ઉછેરે છે. જેમ થાકેલા પાકેલા માણસોનું વિરામસ્થાન વનવેલીઓનું ઉદ્યાન હોય; એમજ આ બ્રહ્મ પ્રાણીમાત્રનું વિશ્રામ સ્થાન છે જેનો આશ્રય લેવાથી નવી ચેતના મળે છે. ભલા આ રહસ્યને વિજ્ઞાનવેત્તાઓ જાણે છે ખરા ?

'સાચેજ, એ બ્રહ્મા તો વિશ્વકર્મા છે, જેને બન્ને રોદસી·મધ્ય આકાશને પ્રકાશિત કર્યાં અને ભૂમિનાં ઘડતર કર્યા. જેમ મહાસાગરમાંથી નીકળતાં બધાં જ ઝરણાં મીઠાં જલથી ભરપુર હોય; એમજ એ બ્રહ્મથી નીકળેલાં બધાં પ્રાણીઓ મધુરાં છે અને તે પોતે પણ આર્દ્ર રસથી બરપૂર છે. આખુય આ વિશ્વ એક આત્મશકિતની અંદર સમાયુ છે અને તે આત્મશકિત વળી બ્રહ્મશકિતની અંદર સમાવિષ્ટ છે. આમ બ્રહ્મના રસથી ભરપુર દ્યુલોક, વિશ્વવેદસ-અંતરિક્ષ લોક અને પૃથ્વી લોક એ ત્રણેય ને અમે બ્રહ્મરૂપ ગણીને નમસ્કાર કરીએ છીએ.'

બ્રહ્મનાં રહસ્ય જાણવા ઈચ્છતા બે જીજ્ઞાસુઓ આચાર્ય પાસે પહોંચ્યા. એકે જણાવ્યુ હું ક જાણું છું બીજાએ કહ્યું હું ખ જાણુ છું.' આચાર્યે બંને પદ જોડી જણાવ્યું કે 'જે ખ છે, તે શૂન્ય છે. બ્રહ્મ છે. તે બ્રહ્મ દર્શનનું જે સુખ છે, જ્યાંસુધી બ્રહ્મ રસનો આસ્વાદ લીધો નથી, ત્યાંસુધી સંસારનાં બધાં સુખ ભોગ શુષ્ક છે, નીરસ છે. બ્રહ્મ ખ છે; તેમાં ક વાસ્તવિક સુખ મળી જાય, ને તેને જિજ્ઞાસુજન પોતાનું આત્મસમર્પણ કરે છે; એ ભાવથી મદમસ્ત બનેલ કવિ વેન આરાધ્યદેવને ક બ્રહ્મ-રસ રૂપે હવિષ્યનાં દાન આપે છેઃ

૨'એ દિવ્ય પ્રકાશ પાથરનાર–દેવ બ્રહ્મપુરુષ છે, જેણે મારી વરણી–પસંદગી કરી છે, તેને તો હું હવિષ્યરૂપે આત્માનાં બલિદાન આપી રહ્યો છું; જે દેવ ક પોતે જ પોતાના આત્માનાં અને આત્મબળનાં દાન કરે છે; જેની આજ્ઞા વિશ્વભરના દેવો

૧. અથર્વવેદ ૧, ૩૨, ૧–૪. ૨. અથર્વવેદ ૪, ૨, ૧–૮

માથે ચઢાવે છે તેમજ જે બે પગાં અને ચાર પગાં પ્રાણીઓના સ્વામી છે; જે દેવ શ્વાસ,–પ્રશ્વાસ લેનાર અને આંખના પલકારા ભરનાર ગતિશીલ પ્રાણીઓના એક માત્ર પ્રાણપ્રદ રાજા છે. જેની એક છાયા અમૃત અને બીજી છાયા મૃત્યુ છે. જેમ પરસ્પર અથડામણમાં આવનારી બે સેનાઓ પોતાના સેનાપતિનાં રક્ષણ કરે છે; એમજ ઉપરના ભાગમાં રહેલી બે રોદસી–ભૂમિઓ ભયભીત બનીને જેને રક્ષણ માટે બોલાવી રહ્યાં છે. બ્રહ્મ દેવનો માર્ગ ચાંદીનાં રજકણોથી ભરેલો છે, જેના અપાર મહિમાથી દ્યુલોક વિસ્તાર પામ્યો છે, પૃથ્વી મહાન બનીને, અંતરિક્ષ લોક ઉદાર બન્યો છે અને સૂર્યનો પ્રકાશ પથરાયો છે.

'તે क દેવને અમે હવિષ્ય આપીએ છીએ; જેના અપારમહિમાથી અંદર–બહાર વિશ્વભરના હિમાલય પર્વતો ઉભા છે અને જલ ભરેલા સાગરોની વચમાં આ રસા–પૃથ્વી ટકી રહી છે તેમજ દિશા-પ્રદિશાઓ જેના બાહુઓ છે. એજ મૂળ બ્રહ્મ પુરુષથી ગર્ભ ધારણ કરનાર આપોદેવી-જલતન્માત્રાઓ છે, જે અમૃતા અજર અમર છે અને જે ઋત-કુદરતના નિયમોની જાણકાર છે; તેમણે જ વિશ્વભરનાં પ્રાણીઓને ગતિ આપી હતી; એજ આપોદેવીઓની અંદર અંતર્યામીરૂપે એકજ દેવે નિવાસ કર્યો છે.

'તે क દેવ–પ્રજાપતિને અમે હવિષ્ય આપીએ છીએ, જે પ્રાણીમાત્રનાં સર્જન થતાં પહેલાં હિરણ્યગર્ભ રૂપ બન્યા હતા, જે પોતે એકમાત્ર સર્વભૂત પદાર્થોના સ્વામી છે, તેણેજ આ પૃથ્વી લોક અને તે દ્યુલોકને ધારણ કરેલ છે, જેમ ગાય વાછડાને જન્મ આપે, તે સમયે વાછડાને વીંટીને રહેલ ઓળ આગળ આવે; એજ રીતે જયારે આપોદેવી-જલતન્માત્રાઓ આ વિશ્વનાં સર્જન કરે, ત્યારે ગર્ભને વીંટીને રહેલ ઉલ્બ-ઓળ હિરણ્ય જેવી સોનેરી વર્ણથી ચમકતી હોય છે, તે સર્જનનું મૂળ કારણ પ્રજાપતિ પોતે હિરણ્યગર્ભ છે, તેની અમે ઉપાસના કરીએ છીએ.'

આ સૂક્ત વિશેષ પ્રસિદ્ધ છે, જે પ્રજાપતિ સૂક્ત ગણાય છે. એ પ્રજાપતિ પણ મૂળમાં તો બ્રહ્મપુરુષ છે, બ્રહ્મ છે, જે સર્વનું કારણ છે. જેમ વિશ્વકર્મા કારીગર વિવિધ રચનાઓ કરી, તેથી જુદો રહે છે, એમ આ બ્રહ્મપુરુષ પ્રજાપતિ જગતનાં સર્જન કરી, તેથી જુદો પડતો નથી. જેનાં તે સર્જન કરે છે, તેમાંજ તે પ્રવેશ કરે છે,

એ ઉપનિષદ-બ્રહ્મવિદ્યાનું રહસ્યજ્ઞાન છે, તેજ રહસ્યને અહીં અથર્વા ઋષિ એક સૂક્તમાં સ્પષ્ટ રીતે રજૂ કરે છે:

[૧] 'જે આત્મજ્ઞાની પુરુષે બ્રહ્મનો સાક્ષાત્કાર કરી લીધો છે, તે જયારે ધીરજ ધારણ કરી મનથી ધ્યાન ધરવા બેસે છે, ત્યારે તે ધ્યાન દશામાં પોતાની અંદર રહેલ નાદનદર્શન કરે છે, જે વાણીનું મૂળ પ્રેરક બળ છે, જે પરાવાણી છે, તેના

૧ અથર્વ વેદ ૭, ૧, ૧–૨

ઉપરના ભાગમાં બીજી પશ્યંતી વાણી છે, તે વિચારનું બીજ છે, તેની ઉપર ત્રીજી મધ્યમા વાણી વિચારરૂપે અવ્યક્ત રહે છે અને ત્યાંથી ચોથી વૈખરી વાણી છે, જે સ્વર મસ્તકમાં અથડાઈ મુખનાં સ્થાનોથી પ્રગટ થાય છે. આમ જે વાણીના મૂળ નાદને જાણે છે, તે પોતાની વાણીથી ઋત–સરળતાનો વ્યવહાર કરે છે, તે પોતાની વાણીરૂપે કામધેનુના નામનાં ચિંતન કરે છે અને ચોથી વાણી વૈખરી દ્વારા ત્રીજી અને બીજી વાણીમા રહેલ નાદબ્રહ્મનાં દર્શન કરે છે. આ રીતે વાણીનાં મૂળ બ્રહ્મનાં દર્શન કરનાર આત્મજ્ઞાની છે, જે પોતે પુત્રરૂપ જન્મ લે છે, ત્યારથી જ પોતાનાં મૂલ માતા અને પિતાનાં જ્ઞાન મેળવી લે છે, તે પોતે સૂનુ–સર્જનનું એક કાર્ય પોતેજ છે, એમ જાણે છે, તો પણ તે આત્મજ્ઞાનનાં દાન વારંવાર આપતો રહે છે. તે પોતે જ પોતાનો પ્રજાપતિ બને છે. જેમ પ્રજાપતિએ વિશ્વનાં સર્જન કરીને આકાશ, અંતરિક્ષ અને સ્વર્ગલોક આવરી લીધાં છે, એ જ રીતે આ બ્રહ્મજ્ઞાનીએ પણ આખા વિશ્વને પોતાનું રૂપ બનાવ્યું છે અને પોતે તે વિશ્વભરનું રૂપ લીધું છે.'

જેનામાં સંસારની લોભ લાલસા રહેલી છે, તે બ્રહ્મજ્ઞાનના માર્ગે જઈ શકતો નથી. ધારો કે તે સેવા પરોપકારનાં કે યજન–પૂજનનાં કાર્ય કરે, તો પણ તેની પ્રગતિને રોકે છે. તેની અંદરના દેવો જ તેને જ્ઞાન માર્ગે જતા રોકે છે; પણ જેણે જીવનને ક્રાંતિની દિશામાં દોરી લીધું અને જેણે લોભ લાલચ છોડી દીધાં, તે તો બ્રહ્મજ્ઞાનના માર્ગે પ્રગતિ સાધે છે અને પછી તો દેવો પણ તેને મુક્તિના માર્ગે આગળ દોરી જાય છે. આમ દેવયજન કરતાં આત્મયજન શ્રેષ્ઠ છે, એ આત્મયાજી જિજ્ઞાસુ યજ્ઞ કરે છે, ત્યારે પોતાની વૃત્તિઓને જ તે આહુતિઓનાં રૂપ આપે છે. અગ્નિ વગેરે દેવોને તેનાં સમર્પણ કરવાની ભાવના ઋષિ બ્રહ્મા સેવે છે :

[૧] 'મનની દીક્ષા અને તનનાં તપ એ બે મુખ્ય સાધન જેમાં છે, તે આત્મયજન કહો કે બ્રહ્મયજ્ઞ; તેનાં અનુષ્ઠાન કરી, બ્રહ્મવિદ–આત્મજ્ઞાનીજનો જે બ્રહ્મધામનાં દર્શન કરે છે; તે બ્રહ્મધામમાં મેધાના ધારણ સાથે અગ્નિ, પ્રાણના ધારણ સાથે વાયુ, ચક્ષુના ધારણ સાથે સૂર્ય, મનના ધારણ સાથે ચંદ્ર, સોમના ધારણ સાથે સોમ, બલનાં ધારણ સાથે ઈન્દ્ર, ઋતના ધારણ સાથે આપોદેવીઓ અને બ્રહ્મના ધારણ સાથે બ્રહ્મા મને દોરી જાઓ. અમે બ્રહ્મરૂપ તે અગ્નિ, વાયુ, સૂર્ય, ચંદ્ર, સોમ, ઈન્દ્ર, આપોદેવીઓ અને દેવ બ્રહ્માને સ્વાહા–આત્મસમર્પણ હો.'

આ બ્રહ્મયજ્ઞ કરવા બહારનાં સાધનસામગ્રી કે હવિર્દ્રવ્યને બદલે બ્રહ્મનો જ પ્રયોગ કરવાનો છે. ગીતામાં જણાવ્યું છે કે : બ્રહ્મ એ જ અર્પણ, હવિ, અગ્નિ, હોતા અને કર્મ છે; તેનો જ સ્વીકાર કરતાં ઋષિ બ્રહ્મા જણાવી રહ્યા છે :

૧. અથર્વવેદ ૧૯, ૪૩, ૧–૮.

૧ 'આ તેજ બ્રહ્મયજ્ઞ છે, જેમાં બ્રહ્મ પોતે હોતા છે, તેજ યજ્ઞો છે અને તે બ્રહ્મથી જ મંત્રોના સ્વરોનાં માપ લેવાય છે. અધ્વર્યું બ્રહ્મથી થએલ છે અને હવિર્દ્રવ્ય પણ બ્રહ્મમાં સમાવિષ્ટ છે. બ્રહ્મ એ જ ઘીથી ભરેલા સ્ત્રુચ અને સ્ત્રુવ છે અને તે બ્રહ્મથી જ વેદીનો ઉદ્ધાર થયો છે. જે વિવિધ પ્રકારનાં હવિર્દ્રવ્ય તૈયાર કરનારા ઋત્વિજો છે, તે પણ આ યજ્ઞના તત્વરૂપે બ્રહ્મનો જ સ્વીકાર કરે છે. આમ સર્વ પ્રકારની કામનાઓ શમાવનાર તે બ્રહ્મને સ્વાહા—આત્મસમર્પણ હો.'

બ્રહ્મજ્ઞાની આ બ્રહ્મયજ્ઞની ભાવનાથી પૂર્ણરૂપ બને છે, તે વિષે ઋષિ બ્રહ્મા જણાવે છે :

૨ 'આ બ્રહ્મયજ્ઞની સાધનાથી હું પોતે અયુત—પૂર્ણ થયો છું, મારો આત્મા પૂર્ણ છે, મારાં ચક્ષુ, શ્રોત્ર, પ્રાણ, અપાન, વ્યાન વગેરે બધાં જ પૂર્ણ છે અને તે પૂર્ણની ભાવના કરતાં, હું બધી રીતે પૂર્ણ બન્યો છું.'

'બ્રહ્મનાં સાક્ષાતકાર થવાં, તે જ બ્રહ્મજ્ઞાન છે અને તે જ બ્રહ્મયજ્ઞ છે, તે વિષે ઋષિ વેન જણાવે છે :

૩ 'જેમને બ્રહ્મપુરુષે પસંદ કર્યા છે, એવા વેન—આત્મજ્ઞાની પાસે જે બ્રહ્મનો આવિષ્કાર—સાાક્ષાતકાર થએલો છે, તે તો ઘણા પહેલા કાળમાં સૌથી પહેલાં પ્રગટ થયું છે. તેને વિષે રુચિ ધરાવનાર વેન પોતાની મર્યાદામાં રહીને પણ તેનાં દર્શન કરે છે. તેની ઉપમા આપી શકાય એવાં સૂર્ય, ચંદ્ર, માતરિશ્વા, હિરણ્યગર્ભ જેવાં દેવમંડળો તો આકાશના તળિયે પ્રતિષ્ઠિત છે, એટલું જ નહિ, તે સત્ અને અસત્નું પણ યોનિ—આદિ કારણ છે, એ બાબતનું વિવરણ ફક્ત જ્ઞાની પુરુષજ કરી શકે છે.

'માનવને હૈયે આત્મ સાક્ષાત્કાર જગાડનારી આ અંત:પ્રજ્ઞા મેધા—બ્રહ્મવિદ્યા છે, જે આપણી પૈતૃક સંપત્તિ છે અને રાષ્ટ્રભાવના છે : અર્થાત્ માનવને આ ઉત્તમ સંસ્કાર પિતૃપરંપરાએ મળે છે અને રાષ્ટ્રની એક વિશેષતા છે અને લોકની પ્રતિષ્ઠા છે. એ રાષ્ટ્રભાવના પ્રેરનારી બુદ્ધિ મારા જીવનને ઉત્તમ રીતે આગળ ધપાવો. મારો એ ઉત્તમ બ્રહ્મયજ્ઞ છે, જેમાં મેં આત્મ સમર્પણ કર્યું છે. અમે તે ધર્મ—યજ્ઞભાવને સિદ્ધ કરીએ, જે સુરુચિને પોષે છે, જે દુષ્ટભાવને હરી લે છે અને જેમાં હીનતા નથી.

'જે બ્રહ્મનો જાણકાર છે, તેનો તો આ બ્રહ્મપુરુષ બંધુ સંબંધીજન બને છે, એટલું જ નહિ, બ્રહ્મસાક્ષાત્કારના પ્રભાવથી તે બ્રહ્મજ્ઞાની બધા દેવોના જન્મ વિષે વિવેચન કરે છે. એ બ્રહ્મથી જ બ્રહ્મરૂપ દેવોનો ઉદ્ધાર થયો છે. ચારે બાજુએ વચમાં, નીચે, ઊંચે બધે જ તે બ્રહ્મની પોતાની સ્વધાશક્તિઓ પ્રગટ થઈ છે. તેજ બ્રહ્મપુરુષ ઋત—કુદરતના નિયમને અનુસરી દ્યુલોક અને પૃથ્વીલોક તેમજ બંને બાજુનાં અંતરિયાળ વિશાળ રોદસી લોકોને સુખસગવડથી ટકાવે છે. તેજ બ્રહ્મપુરુષ મહાન દેવરૂપે પ્રગટ

૧ અથર્વવેદ ૧૯, ૪૨, ૧–૨. ૨. અથર્વવેદ ૧૯, ૫૧, ૧.

થઈને દ્યુલોક, પૃથ્વીલોક અને અંતરિક્ષ લોકને પોતાનું વિશાળ સપ્ત–ધામ ગણીને થંભાવી રાખે છે. આ બ્રહ્મપુરુષ તે જ બૃહસ્પતિ છે, જે જગતનો સમ્રાટ દેવ છે. તે આકાશતળના પ્રગટ થતા પહેલાં પ્રગટ થયો છે. તેનાજ આધારે અત્યંત શુદ્ધ અને પ્રકાશમાન અહર્–દિવસનો જન્મ થયો છે; તેના પ્રકાશમાં પ્રકાશિત બનીને વિપ્ર–બ્રહ્મજ્ઞાનીજનો નિવાસ કરો.

"સાચે જ, જે ક્રાન્તદ્રષ્ટા કવિજન છે, તે જ આ બધા દેવોની પણ પહેલાં રહેલાં દેવના મહાન ધામને પ્રાપ્ત કરે છે. જો કે આ બ્રહ્મજ્ઞાની બીજા બધા માનવીઓની સાથે જ જન્મેલો છે, પરંતુ જ્યારે પૂર્વ દિશાનાં પ્રગતિના દ્વાર અરધાં–પરધાં ખુલ્યાં હતાં, ત્યારે બીજાં માનવો તો અજ્ઞાનની ગાઢ નિંદ્રામાં સૂતેલાં હતાં. આ એક આત્મ-જ્ઞાની જાગ્યો હતો. તેણે જાગીને પોતાને જ્ઞાન આપનાર આચાર્યને બૃહસ્પતિરૂપે નમસ્કાર કર્યા, જે આચાર્ય બૃહસ્પતિ પોતે આચાર્યોના પણ આચાર્ય અને પરમ પાલક પિતા અથર્વા છે અને જે બધા દેવોના બંધુ સ્નેહી સંબંધીજન છે, તે આચાર્યની પાસે પ્રાર્થના કરતાં, આત્મજ્ઞાનીએ નિવેદન કર્યુ કે, 'હે આચાર્ય, જેમ પોતાની આત્મશક્તિ સ્વધાથી યુક્ત દેવ અને ક્રાન્તદ્રષ્ટા કવિ કોઈના પ્રભાવથી દબાતો નથી, તેમજ તમે પણ વિશ્વના સર્વ પદાર્થોના સર્જક બ્રહ્મા છો. તમે મારો સ્વીકાર કરો.'

આ સૂક્તના ઋષિ વેન છે અને દેવ બૃહસ્પતિ છે : જેને હૈયે બ્રહ્મનાં દર્શનની તાલાવેલી જાગી છે, તેનો બ્રહ્મ પોતે સ્વીકાર કરે છે. એ બ્રહ્મ પોતે આચાર્ય અથર્વા છે, દેવોના ગુરુ બૃહસ્પતિ છે અને જિજ્ઞાસુજનોના આદિ ગુરુ છે. આ બ્રહ્મવિદ્યા પરંપરાએ પ્રાપ્ત થાય છે અને તે રાષ્ટ્રની એક અણમોલી સંપત્તિ છે. બીજાં ધન સાધન કશા કામમાં નહિ આવે, પણ આ બ્રહ્મવિદ્યા જ માનવજીવનને ઉન્નતિના માર્ગે લઈ જશે, જ્યાં સાચું કલ્યાણ સાધી શકાય. એ આચાર્ય દ્વારા આરંભમાં તે બ્રહ્મતત્વનો ઉપદેશ પ્રાપ્ત થાય છે, જે એક અદ્વિતીય પરમેશ્વર છે, તે સાચે જ ગંધર્વ અત્યંત સુંદર દેવ છે, જેને વિષે માતૃનામા ઋષિ જણાવે છે :

[1] 'આ તે દિવ્ય ગંધર્વ–સુંદર બ્રહ્મપુરુષ છે, જે ભુવન–સૌ લોકોના એક માત્ર પતિ છે, જે સૌ પ્રજાજનોમાં નમસ્કાર અને સ્તુતિ કરવા લાયક છે, તે દિવ્ય અદ્ભુત દેવ–પરમેશ્વર છે, તેમને નમસ્કાર હો, તેમને બ્રહ્મ-મંત્ર દ્વારા હું પ્રાપ્ત કરું છું; જેણે દિવ્ય લોકમાં સ્પર્શ કર્યો છે, જે યજનીય અને પૂજનીય છે, જેણે સૂર્ય મંડળને પ્રકાશની ત્વચા આપી છે અને જે દૈવી આપત્તિઓને દૂર કરે છે, માટે જ તે ગંધર્વ –સુંદર બ્રહ્મપુરુષ સર્વ લોકોનો એક માત્ર પાલકપતિ છે, તે બધાને આનંદ આપે, કારણ કે તે શુદ્ધ દોષ રહિત પ્રાણશક્તિઓથી પ્રાપ્ત થાય છે. જે આપોદેવી–જલ

૧. અથર્વવેદ ૨, ૨, ૧-૫

તન્માત્રાઓનાં સદન અંતરિક્ષના વિશાળ સમૂહમાં છે, જયાંથી તે અપ્સરસ્‌–વીજળી સમાન ચમકતી રહી ઘડીકમાં સમીપ આવી, ઘણે દૂર જતી રહે છે; તેમની અંદર પણ આ ગંધર્વ–સુંદર બ્રહ્મપુરુષ વાસ કરે છે; એ બાબત મને બ્રહ્મજ્ઞાનીઓએ જણાવી છે.

'ઓ અપ્સરસ્‌ દેવીઓ, તમે મેઘમંડળમાં વીજળીઓની જેમ ચમકો છો અને નક્ષત્ર મંડળમાં રહેલા વિશ્વાવસુ ગંધર્વની સેવા કરો છો; તે રૂપે અમે તમને નમસ્કાર કરીએ છીએ. તમે મધુર રસથી ભીના ભકતજનોને પ્રેરણા આપો છો. તમે આળસ, પ્રમાદ કે તંદ્રાને દૂર કરો છો. તમે અક્ષ કે યક્ષને નીરખવા માટે કામનાઓ સેવો છો, તમે મનને મોહ પમાડો છો; એ અપ્સરાઓને અમારા પ્રણામ હો, તમે ગંધર્વ–સુંદર બ્રહ્મપુરૂપની પત્નીઓ છે.'

આ સૂકતમાં બ્રહ્મને ગંધર્વ કહેલ છે; જે સૌંદર્યની પ્રતિમા છે, ગીતો, વાણી ગણો કે ભાવના–આરાધનાની ભૂમિ, તેનું આધાર સ્થાન તો બ્રહ્મપુરૂપ જ હોય. આમ તે બ્રહ્મને ગંધર્વ ગણો કે યક્ષ અથવા અક્ષ કે અક્ષર; જેના મૂલમાં વાણીની શકિત છે. ગંધર્વની સાથે અપ્સરાઓ તો દેવીઓ ચમકતી વીજળીઓ કે જલતન્માત્રાઓ, જે બધા લોકોનાં સર્જન કરે છે. આમ સર્જન કાળની આદિ ભૂમિમાં પ્રતિષ્ઠિત બ્રહ્મનાં આ ઋષિદર્શન કરે છે, જેનું નામ માતૃનામા છે : અર્થાત્‌ જેણે આદિ તન્માત્રાઓનાં દર્શન કર્યાં છે.

જેણે વિવિધ રૂપ ધારણ કરવાં છતાં પણ મૂળ અવ્યકત બ્રહ્મની વાસ્તવિક સ્થિતિ ધારણ કરી છે, તે બ્રહ્મને જે જાણે છે, તે બ્રહ્મજ્ઞાની બ્રહ્મરૂપ બની જાય છે. તે પોતાને બ્રહ્મ ગણવા લાગે છે અને બ્રહ્મની જેમ જ તે સર્ગનો પ્રેરક બની રહે છે. તેનો અહંભાવ વિશાળ વિરાટ બને છે, તેનો અનુભવ કરતાં ઋષિ અથર્વા જણાવે છે :

[1] 'અહોહો, આ આપોદેવીઓ અપ્સરાઓનાં રૂપ ધારણ કરી, મારે માટે મધુર રીતે વહી રહી છે. આ સૂર–સર્જનશકિતઓ મારે માટે પ્રકાશનાં કિરણો સુખપૂર્વક રેલાવી રહ્યાં છે. વિશિષ્ટ પ્રકારનાં તપનાં પ્રભાવે જન્મેલા વિશ્વેદેવો સવિતા–સર્જનના પ્રેરક દેવ મારે માટે વિશેષ વિસ્તાર ધારણ કરે છે. સાચે જ, હું પોતે આ પૃથ્વી અને દ્યૌસ્‌–આકાશને જુદાં પાડું છું. જે પહેલાં પરસ્પર જોડાયેલાં અંડાકાર બ્રહ્મરૂપ હતાં–તેનાં સર્જન કરનાર પણ હું પોતે છું. આ જે છ ઋતુઓ છે, તે પણ સર્જનકાળે તો સાત ઋતુઓ હતી, જે સાત સ્વરો અને સાત તન્માત્રાઓનાં પ્રતીક છે, તેમનાં સર્જન પણ મેં કર્યાં છે. માનવી પ્રજાજનોની અંદર સત્ય અને અસત્ય બંને પ્રકારના વાણીના વ્યવહારો છે, પરંતુ તે બંનેના મૂળમાં જે દિવ્ય વાણી છે, તેનો વ્યવહાર કરનાર તો હું પોતે જ છું. આ સૃષ્ટિના સર્જનનું પ્રેરકબળ અગ્નિ અને સોમ. જે કાંઈ સર્જનમાં

(૧) અથર્વવેદ ૬, ૬૧. ૧–૩

ઘર્મ—ગરમી છે, તે અગ્નિરૂપ અને જે આર્દ્ર—રસરૂપ છે, તે **સોમ. તે બંનેને સર્જનમાં** જોડનાર પણ હું પોતે જ છું.' આ બ્રહ્મજ્ઞાનીનો અહંભાવ તે બ્રહ્મરૂપ છે, તે અહમ્ કોઈ સંકુચિત ગર્વ કે અભિમાનનું પ્રતીક નથી; તે વિભુ વ્યાપક છે, જે દેહમાં વસનારો અને ઘર ઘરનો અતિથિ બનનારો આત્મા છે, તે પુરાણો છે અને નવીન છે, તેનું વર્ણન ઋષિ બ્રહ્મા કરે છે :

[1] 'ઓ સઘળા વિશ્વના ભાવુકજનો, તમે બધા ભેગા થાઓ અને સ્તુતિવાણીથી આત્માને પ્રસન્ન કરો કે જે પ્રકાશ ફેલાવનાર લોકોનો પાલક પતિ છે; જે પોતે એકલો જ છે, તો પણ સૌજનોનો આરાધ્ય વ્યાપક વિભુ છે અને ઘર ઘરનો અતિથિ છે. તે સૌથી પહેલાંનો છે, તે છતાં જે નવાં નવાં શરીરો બનેલાં છે, તેને મેળવવા અને તેની પાસે પહોંચી જવાના માર્ગો ઘણા વિશાળ છે.'

જો કે આત્મા કહો કે બ્રહ્મ, તેનો અનુભવ સૌ કોઈને થાય છે, તેની જ સત્તા, તેનાં જ ચૈતન્ય અને તેનાં જ આનંદનો લાભ બધા મેળવે છે, તો પણ ક્ષુલ્લક અહંકાર અને કામ—ક્રોધને વશ જીવ તેને જાણી શકતો નથી; તે માટે તો ગુરુને શરણે જવું પડે; જેણે બ્રહ્મસાક્ષાત્કાર પ્રાપ્ત કર્યો છે અને જે બ્રહ્મનિષ્ઠ છે. તેની પાસે જઈ, નમ્રભાવે આત્મજિજ્ઞાસા માટે પરિપ્રશ્ન જગાડવાનું સૂચન ઋષિ અથર્વા કરી રહ્યા છે :

[2] 'આચાર્ય દેવ, જે આત્મા સદા યુવાન છે, છતાં પણ જે પિતાના ય પ્રાણરૂપ છે; જે પ્રકૃતિ માતાના ગર્ભમાં વસ્યા છે, તો પણ જેના સ્નેહી સંબંધીજનો બધા દેવો છે; જે ઋષિઓના આદિ પિતા આચાર્ય અથર્વાના રૂપે બ્રહ્મજ્ઞાન આપવા માટે પ્રગટ થયા છે, અને જે પોતે યજ્ઞરૂપ બની આત્મ સમર્પણ કરે છે; તેને તમે જાણો છો, માટે અમારી આગળ તે આત્માનાં પ્રવચન કરો અને તમે અહીં બતાવો.' તેનાં દર્શન કરી, જીવાત્મા કર્મ કરતો આગળ વધી, પરમાત્મામાં વિલીન થાય છે; તે પ્રકારે જીવ અને બ્રહ્મની એકતાનાં વર્ણન કરતાં, ઋષિ અથર્વા જણાવી રહ્યા છે :

[3] 'સાચે જ, બ્રહ્મનાં દર્શન કરી, જેણે જ્ઞાનની ઊંચી ભૂમિ પ્રાપ્ત કરી છે; તે જ્ઞાનીજન પોતાના પ્રારબ્ધને અનુસાર પ્રાપ્ત થએલાં કર્મો કરતો રહે છે અને તેજ ક્રમે તે જીવનમાં પ્રગતિ સાધે છે, તે વરણીય દેવ આત્માને પ્રાપ્ત કરવા ભક્તિના માર્ગે આગળ વધે છે અને પોતાના શરીરમાં સૂર્ય જેવું તેજ પ્રાપ્ત કરી લે છે, તે રીતે તે જીવનનો વિકાસ સાધી મધુરતા અને સૌંદર્યની પ્રતિમા જેવા આરાધ્ય દેવની પાસે પહોંચી જાય છે, એટલું જ નહિ જ્ઞાનના પ્રભાવે તે પોતાના સૂક્ષ્મ શરીરથી પરમાત્માના વિરાટ શરીર સાથેની એકતા સાધી લે છે.'

આ સૂક્તમાં મોક્ષની ક્રમિક ગતિ બતાવી છે. કર્મ, ભક્તિ અને જ્ઞાનને પૂરક ગણી જીવનને ઉત્તમ માર્ગે દોરી જવું અને આત્મરૂપમાં વિલીન થઈ જવું, *એ જ આત્મજ્ઞાનીના જીવનનું લક્ષ્ય છે, તેનું અહીં દર્શન થાય છે.

---

૧ અથર્વવેદ **૭, ૨૧ ૧** ૨ અથર્વવેદ ૭. ૨; ૧. ૩ અથર્વ ૭, ૩, ૧

# ૩
# અન્તર્જ્યોતિ—આત્મદર્શન

તમસા નદીને કિનારે ઋષિનો આશ્રમ. રાતની પાછલી છ ઘડીએ ઋષિ જાગ્યા. અંદર બહાર બધે અંધકાર પથરાયો હતો. આંધળાને અંધારૂ પણ ક્યાંથી દેખાય ? અજ્ઞાન હોય; તોજ જ્ઞાનનાં મૂલ્ય ! તમસાને કિનારે જ કો'કે અગ્નિ ચેતાવ્યો હતો. ઋષિએ દૂરથી તેને જોઈ લીધો. નયનને આધારે ચરણે ચાલવા માંડ્યુ ને મનમાં કવિતા જાગી :

'દૂરનો અગ્નિ છે, તે જ્યોતિ છે, પ્રકાશ પાથરનાર છે.' તેનો ચમકારો મનમાં થયો અને ત્યાંનું અંતર્જ્યોતિ જાગ્યું. ને કવિતાની પૂરવણી થઈ : ચેતસ્ જ્યોતિએ અગ્નિ છે, અંદરનું દર્શન છે. એ અંતર્જ્યોતિએજ નિર્ણય કર્યો કે બહાર તમસાને કિનારે અગ્નિ છે, તે જ્યોતિ છે.'

તમસા નદી એક છે, તેના પ્રવાહ ત્રણ છે : ઊંડાં અંધાર ઘેરાં તામસ. તેની ઉપરવાટ આગળ વધો, તો લીલાં છમ લાલ રાજસ : આજુ બાજુની હરિયાળીથી ભરેલાં, તેથીય ઉપરના પથ્થરિયા પ્રદેશ પર પથરાયેલા પ્રવાહ શુદ્ધ સ્ફટિક સાત્વિક. જેવી આ તમસા નદી છે, એવી જ મનની અંદર પણ તમસા નદી છે; તેનાં વર્ણન આ ઋષિ કરે છે :

[1]'અમે અહીં અંધકારથી ભરેલા છીએ, અમારો સામાન્ય અનુભવ; તે ઉત્ પ્રવાહ, તેથી ઉત્તરે સ્વરૂમાં સૂર્ય છે, તેનાં અમે દર્શન કરીએ છીએ; તેથીય પર ઉત્તમ જ્યોતિ છે, તે સત્વનો પ્રકાશ છે. સાત્વિક

---

૧. ઋગ્વેદ ૧, ૫૦, ૧૦ યજુર્વેદ ૨૦, ૨૧ અથર્વવેદ ૭, ૫૩, ૭.

દેવનાં રક્ષણ કરનાર તે સૂર્યદેવ છે; તેનો તો અમે લાભ મેળવીએ છીએ, તેનો આત્મ સાક્ષાત્કાર કરીએ છીએ.'

ઊંચીની ભૂમિકાએ જે એક છે, તે પહેલો ક્રમ છે, વચલી પદ્ધતિ પર ક્રમ મૂકતાં બીજાનું અને પગથળની ભૂમિ પર ક્રમ ભરતાં ત્રીજાનું દર્શન થાય છે. તે એક જ દેવ છે, જે દિવ્ય પ્રકાશ પાથરે છે. અંધકારને દૂર કરવાને કારણે તે દેવ છે. કંઈ ને કંઈ તે દે છે, આપી છૂટે છે, ચંદનની જેમ ઘસાઈ સુવાસ પાથરે છે, અગરની જેમ સળગી સુગંધ ફેલાવે, વૃક્ષની જેમ ફળફૂલ આપે, સરિતાની જેમ સરતા રહે, સૂર્યની જેમ ફેલાતા રહે. તે જ આ રોહિન છે, તેનાં સર્જન થાય છે, સર્જનનો વર્ણ લાલ છે, તે રોહિણી છે, તે સર્જનશક્તિ છે. આત્માનો વર્ણ કયો ? તેનો પોતાનો કોઈ વર્ણ નથી, કોઈ રૂપ નથી, કોઈ આકાર નથી, કોઈ નામ નથી; પણ તેની શક્તિ છે, તે રોહિણી છે, તે સર્જન અને વૃદ્ધિનું સૂચન છે, તેથી આત્મા રોહિત છે. તેનાં ત્રણ રૂપ છે. જે અહીં પિંડમાં છે, તે જ બ્રહ્માંડમાં છે. તે જ અહીં છે આત્મ રૂપે, તે જ દિવ્ય છે અને તે જ ભૂત–મહાભૂત છે. આમ એકનાં ત્રણ રૂપ બને છે; તેનું દર્શન ઋષિ બ્રહ્મા કરે છે :

[૧]'હે વાજિન્–અન્નથી પુષ્ટ થનાર આત્મદેવ, ઉદય પામો, ઊંચે ચઢો. જે આપો–દેવીઓ–જલતન્માત્રાઓની અંદર રહે છે, જે ઋત–કુદરતના નિયમ પાળનાર રાષ્ટ્રમાં પ્રવેશ કરે છે અને જે પોતે રોહિત બનીને આ વિશ્વમાં જન્મ લે છે, તે મૂળ કારણ બ્રહ્મ રાષ્ટ્ર માટે ભરણ પોષણનાં સાધન ભરો. જે પ્રજાજનોનું મૂલ કારણ આ આત્મ-દેવ છે, તે જ સૌમાં વાજ–બલ ભરે છે અને સૌની અંદર પ્રવેશ કરે છે. આપો દેવી-જલ તન્માત્રાઓ અને ઔષધિ વનસ્પતિઓની અંદર જે સોમરસનાં આધાન કરે છે, તે જ સર્જનકર્તા દેવ ચાર પગાં અને બે પગાં પશુ પ્રાણીઓની અંદર પ્રવેશ કરે છે.

'આ તે દેવો મરુતો છે, જે ઈન્દ્રના સૈનિકો છે અને દેહમાં વસેલાં પ્રાણ વગેરે ઈંદ્રિયોનાં રૂપ છે, તેમની માતા પૃશ્નિ–કામધેનુ ગાય છે, તે ઈન્દ્રની સાથે જોડાઈ શત્રુઓનો નાશ કરે છે. આ મરુતો ત્રણગુણા સાત–એકવીસ છે, જે સ્વાદુરસ સાથેના મધુર પદાર્થો આપનારા દાનવીર છે.

'આ રોહિત તે રોહ–ઉદયકાળનો લાલ સૂર્ય છે, તે ઉદય પામીને ઊંચા આકાશમાં આરોહણ કરે છે; તેજ રીતે હે આત્મદેવ, તમે પણ ઉદય પામી આરોહણ કરો. જન્મ આપનારી માતાઓના ગર્ભસ્થાનમાં જેમ ગર્ભ વધતો રહે; તેમ તુ વધતો રહે. અહીં વિશાળ છ દિશાઓ છે, તેમાં વધતાં રહીને આ ગર્ભ જેમ પોષણ પામે છે, એમ જ ઉન્નતિના માર્ગને મેળવી તું રાષ્ટ્રને ઉન્નત કર. આ તે જ રોહિત–આત્મદેવ છે, તે રાષ્ટ્રને ઉન્નતિના માર્ગે લાવી મુકે છે; તેણે શત્રુઓને દૂર કરી તમને અભયદાન

૨. અથર્વવેદ ૧૩, ૧, ૧.

આપ્યાં છે. શકવરી છંદની જેમ રેવતી શક્તિઓ છે; તેમના દ્વારા દ્યુલોક અને પૃથ્વીલોક તે રોહિત—આત્મદેવને માટે ઈચ્છા પ્રમાણેના ભોગ આપે છે.

'જ્યાં તે રોહિત—બ્રહ્મપુરુષે દ્યુલોક અને પૃથ્વીનાં જોડકાંનાં સર્જન કાર્ય શરુ કર્યાં; ત્યાં તો વિરાટના અધિષ્ઠાતા એકપાદ અજ પુરુષે તે સૃષ્ટિનો આશ્રય લીધો; જેના બળથી તે દ્યાવાપૃથિવી સુદૃઢ બની ગયાં. વાસ્તવમાં તો રોહિતેજ દ્યાવાપૃથ્વીને સુદૃઢ કર્યાં છે, તેણે જ સુખ આપનાર સ્વર્ગલોકને ટકાવી રાખ્યું છે; તેણે જ અંતરિક્ષને રજકણોથી માપી લીધું છે અને તેનાં જ આધારે દેવોને અમૃતનો લાભ મળે છે :

'જેમ રુહ—રોપો હોય, તે જ વધીને પ્રરુહ—મોટું વૃક્ષ બને છે; એમ જ સર્જનનાં મૂલ કારણ રોહિત છે, તેણે પોતે જ સર્જનમાં પ્રવેશ કરી રુહ અને પ્રરુહના આકારે એકીકરણ કરી આખાય વિશ્વના રૂપનો વિચાર કરી લીધો છે. એ સર્જનકર્તા રોહિતે સર્જનમાં રુહ અને પ્રરુહનો જે કાર્યક્રમ ઘડયો છે, એ તો સર્જનનો આરુહ ચઢવાનો ક્રમ છે, જે સ્વરના સર્જનમાં સંગત થાય છે. હે રોહિત—પુરુષબ્રહ્મ, સર્જનની જે પ્રક્રિયાઓથી તું દ્યુલોક અને અંતરિક્ષને ભરી દે છે; તે જ પ્રક્રિયાએના મૂલ કારણ મંત્ર બ્રહ્મ અને જલ તન્માત્રાથી તું વધતો રહીને રોહિત સંબંધી વિશ—પ્રજાજન અને રાષ્ટ્રનાં કાર્યોમાં જાગતો રહે.

'જેમ ગાયત્રી એં કામધેનું મૂલવાણીરૂપે છે અને છંદ વાછડાના રૂપે તેને અનુસરે છે, એમ જ મૂલ પ્રકૃતિ એ તન્માત્રા છે, જેથી સૃષ્ટિનાં સર્જન થાય છે. હવે રોહિતના તપથી જ વિશ—પ્રજાજનો પેદા થયાં છે, તે બધાં પ્રજાજનો પોતાના મનના શિવ—સંકલ્પથી તારામાં પ્રવેશ કરી જાઓ. તેમ જ સર્જનના પદાર્થો માતા—મૂલપ્રકૃતિની સાથે રોહિત—બ્રહ્મપુરુષ પણ વાછડાની જેમ પ્રવેશ કરી જાઓ. આ રોહિત પોતે નવયુવાન કવિ—ક્રાન્ત દ્રષ્ટા છે; જે વિશ્વભરનાં રૂપોને જન્મ આપે છે. તે જ રોહિત સ્વર્ગના ઊંચા ભાગમાં સૂર્ય રૂપે રહે છે, તીક્ષ્ણ જ્વાળાઓની સાથે અગ્નિરૂપે ધરતી પર પ્રકાશે છે અને ત્રીજા રજકણથી ભરેલા અંતરિક્ષમાં ઈન્દ્ર, વાયુ, મેઘ જેવાં પ્રિય રૂપોની રચના કરે છે.

'હે રોહિત, તું યજ્ઞમાં પૂજાતો જાતવેદસ—અગ્નિપુરુષ છે. હજાર સીંગડાંથી શોભતા વૃષભ સમર્થ બળદ જેવું તારૂં રૂપ છે. તને ઘીની આહુતિઓ આપવામાં આવે છે. સોમરસ તારી પીઠ પર વસે છે અને તું સારો વીર પુરુષ છે. સારા વીર પુરુષરૂપે તું મારો ત્યાગ ન કરીશ. મેં નાથ રૂપે તારો સ્વીકાર કર્યો છે અને હું તને ભુલીશ નહિ. મને તું એવાં શકિત સામર્થ્ય આપ, જેથી હું ગાયો વગેરે પશુઓ અને વીર પ્રજાજનોનાં પોષણ કરૂં. આ તે રોહિત છે, જેણે યજ્ઞને જન્મ આપ્યો અને તેના મુખરૂપે રહ્યો. હું તે રોહિત—યજ્ઞ પુરુષનાં હવન-પૂજન વાણી અને મનથી કરૂં છું. સારા સંકલ્પ સેવનારા દેવો સેવા અને પરોપકારનાં કાર્યોથી રોહિતને શરણે જાય છે.

અનેક પ્રકારનાં રોહ–વિકાસનાં સાધનોથી હું સમાજની સમિતિઓની સેવા કરવા માટે આગળ વધતો રહું. તે રોહિતે વિશ્વકર્મા–પ્રજાપતિને માટે યજ્ઞની રચના કરી છે; તેથી પ્રગટ થતાં આ બધાં તેજ મારી તરફ આવી પહોંચે છે. હે રોહિત, આ લોકનાં મહત્ત્વ વધારવામાં તું મુખ્ય નાભિ–કેન્દ્ર સ્થાને છે, એમ હું જાણાવું છું.

'હે જાતવેદસ–યજ્ઞપુરુષ, ગાયત્રી, ત્રિષ્ટુપ્ અને જગતી એ મુખ્ય છંદોથી ઉપરાંત બૃહતી, પંક્તિ, કકુપ, ઉષ્ણિક જેવા છંદોના અક્ષરો તેમજ વષટકાર પોતાના વર્ચસ્વથી તારા એ સર્જનકાર્યમાં આરોહણ કરે છે; તે સાથે તું રોહિત–યજ્ઞપુરુષ બની તારાં રેતસ–સર્જન કારણથી યુક્ત થઈ આરોહણ કરે છે. આ તે યજ્ઞપુરુષ રોહિત છે, જે પૃથ્વીના ગર્ભમાં અગ્નિરૂપે, દ્યુલોકમાં ઈન્દ્રરૂપે, અંતરિક્ષમાં વાયુરૂપે અને સૂર્યરૂપે સ્વર્લોકમાં વસે છે, જે સ્વર્ગલોક બ્રધ્ન–સૂર્યપ્રકાશનું ધામ ગણાય છે.

'હે વાચસ્પતિ–યજ્ઞપુરુષ, અમારે માટે પૃથ્વી સુખકર હો, નિવાસ સ્થાન સુખ સગવડથી ભર્યું હો અને શય્યા સેવવાલાયક હો, હે પરમેષ્ઠી પ્રજાપતિ, અહીંનાં જીવનમાં જ અમારી સાથે મિત્રતા ભરેલા વ્યવહાર કરતા રહો. દેવ અગ્નિ આયુ અને વર્ચસ્વની સાથે અમારામાં કાર્ય કરતા રહો, તેમજ રોહિત અમારાં જીવનમાં પ્રાણ પૂરે તેમજ આયુ અને વર્ચસ્વ આપે. મારાં મન સારા સંકલ્પ કરે. અમારાં ગોષ્ઠમાં ગાયો અને ઘરોમાં પ્રજાજનો વધતાં રહો ને હું પોતે આયુ અને વર્ચસ્વ ધારણ કરૂં.

'હે રોહિત, દેવ સવિતા, વર્ચસ્વની સાથે અગ્નિ, મિત્ર અને વરુણ વગેરે દેવો તારી ચારે બાજુ નિવાસ કરો. બધા પ્રકારનાં આડખીલીઓ અને અડચણોને ઓળંગી તું આગળ વધ. તું અમારા આ રાષ્ટ્રને સૂનૃત–કુદરતી નિયમોથી યુક્ત કર. હે રોહિત, વિવિધ રંગોથી સુશોભિત આ પ્રષ્ટિ–ઘોડી તને વેગથી ઉપાડી જાય છે અને તું આપો–દેવી–જલની તન્માત્રાઓમાં માર્ગ કાપતો સારી રીતે આગળ વધે છે. આ પ્રષ્ટિ એ તો રોહિણી–આગળ વધનારી આત્મશક્તિ જ છે, જે રોહિતને અનુસરે છે, જે સૂરિ–સર્જન કરનારી, સુવર્ણા, સુવર્ચા અને બૃહતી છે. હે રોહિત, તારી એ રોહિણી આત્મશક્તિથી અમે વિશ્વરૂપ વાજ–વિવિધબળોને મેળવીએ તેમજ સઘળા શત્રુઓને હરાવીએ. એ રોહિણી તો સાચેજ રોહિતનું પરમ સદન–ધામ છે, જે માર્ગે રોહિતને આ પૃષતી–ઘોડી લઈ જાય છે, તે આજ માર્ગ છે. તે રોહિણીને ગંધર્વો અને કશ્યપ ઋષિઓ ઉન્નત કરે છે અને કવિ–ક્રાન્તદર્શીઓ પ્રમાદરહિત થઈને તેનાં રક્ષણ કરે છે.

'પ્રકાશથી ચમકતા અજર અમર હરિતવર્ણના ઘોડાઓ ધ્વજાઓની સાથે સૂર્યના રથને સુખપૂર્વક નિત્ય નિરંતર ચલાવતા રહે છે. ઘૃત જેવાં ચમકતાં પ્રકાશનાં કિરણોથી પવિત્ર થએલ તેજસ્વી દેવ રોહિત–બ્રહ્મપુરુષ આ પૃષતી ઘોડીઓની સાથે દ્યુલોકમાં પ્રવેશ કરે છે. આ રોહિત–બ્રહ્મપુરુષ તો તિગ્મશૃંગ–તીખાં શીંગડાં જેવા કિરણોવાળા

વૃષભ જેવો છે. જેણે પૃથ્વી પરના અગ્નિને અને દ્યુલોકના સૂર્યને પોતાનાં રૂપ આપ્યાં છે, જે પૃથ્વીલોક અને દ્યુલોકને ટકાવી રાખે છે, જેથી સવિતા, પ્રજાપતિ, પરમેષ્ઠી વગેરે દેવો વિવિધ સૃષ્ટિઓની રચના કરે છે.

'સૃષ્ટિના સર્જન પહેલાંનો આ એક મહાન અર્ણવ–સૂક્ષ્મ તરલ મહાન સમુદ્ર છે, તેમાંથી પ્રગટ થએલ આ રોહિત બ્રહ્મપુરુષ છે, જેણે ઊંચા દ્યુલોકની ઉપર ચઢાઈ કરી છે, તે પોતે રોહિત–નિત્ય નિરંતર વધતો રહે છે તેમજ બીજા અનેક રોહ–ઉગતા પદાર્થોને વિકાસના ક્રમે આગળ વધારે છે.

'હે રોહિત–બ્રહ્મપુરુષ, સૃષ્ટિ સર્જનની પ્રક્રિયા, એ તો કામધેનુ ગાય જેવી છે, જે ઘણાં દૂધ અને સારભર્યાં ઘી આપે છે; માટે તેને સિદ્ધ કરો; તેના પ્રભાવે ઈન્દ્ર સોમનાં પાન કરે, સર્વનાં ક્ષેમ–કલ્યાણ હો, અગ્નિ સ્તુતિ કરે અને શત્રુઓને દૂર કરે.

'જ્યારે અગ્નિને ઈંધનથી પ્રદીપ્ત કરવામાં આવે છે અને ઘીની આહુતિઓ આપવામાં આવે છે, ત્યારે તેની જ્વાળાઓ ઘીને લીધે વધવા લાગે છે. એ રીતે બધી પ્રકારે સારી રીતે સમિદ્ધ થએલો અગ્નિ બધી બાજુએથી સારી રીતે વિજય મેળવે છે, તે અગ્નિ મારા શત્રુઓનો નાશ કરો; અમારી પર આક્રમણ કરનાર શત્રુ સેનાઓનો તથા સપત્ન–વૈરીજનોનો નાશ કરો.

'ઈન્દ્ર, અગ્નિ, બૃહસ્પતિ, મિત્ર અને વરુણ વગેરે દેવો રોહિત–બ્રહ્મપુરુષનાં વ્યક્ત રૂપો છે, તેમાંના હે ઈન્દ્ર, વજ્રથી બળવાન બની શત્રુઓનો નાશ કરો, હે અગ્નિ, વિવિધ તેજથી મારા શત્રુઓને નીચે દબાવો; હે બૃહસ્પતિ, દુઃખ આપનાર સજાતીય શત્રુને પીડા પહોંચાડો, હે ઈન્દ્ર અને અગ્નિ, હે મિત્ર અને વરુણ, એ શત્રુઓની એવી પડતી થાય કે જે ફરી ઉત્સાહમાં આવી આક્રમણ કરે નહિ.

'હે ઉગતા દેવ સૂર્ય, મારા શત્રુઓને હણો, પત્થર મારી નીચા પાડો; તે ઘેરા અંધકારમાં ભટકતા રહો. સાચેજ, આ બ્રહ્મપુરુષ તો સૌનું આદિકારણ છે, પરંતુ વિરાટ કામધેનુનો તે વત્સ છે, જે વૃષભરૂપે પ્રગતિ સાધે છે અને પીઠ પર શુક્ર–તેજ ધારણ કરી અંતરિક્ષના માર્ગે ચઢી જાય છે. વિરાટનો એ વત્સ પ્રકાશથી ચળકતો રહે છે અને બ્રહ્મવાદીઓ તેનાં ઘીથી પૂજન કરે છે. એમ માનોને કે આ બ્રહ્મવાદીઓ મૂળ પુરુષ બ્રહ્મરૂપ છે, તેને બ્રહ્મમંત્ર ભણી અને ઘીની આહુતિઓ આપી આગળ વધારે છે.

'હે રોહિત–બ્રહ્મપુરુષ, તું દ્યુલોક પર ચઢ અને પૃથ્વીલોક પર ચઢ. તું આ રાષ્ટ્રની વૃદ્ધિ કર અને ધન સાધન દ્રવ્યની વૃદ્ધિ કર, પ્રજાજનોની વૃદ્ધિ કર તેમજ અમૃત સમાન મીઠાં અન્નની વૃદ્ધિ કર. બ્રહ્મનું જે આ વિરાટ શરીર છે, તેને તારા રોહિત–પ્રગતિશીલ દેહનો સ્પર્શ આપ; જેથી તે બ્રહ્મરૂપ બની જાય. રાષ્ટ્રનાં પોષણ કરનારા ઈન્દ્ર વગેરે દેવો સૂર્યની ચારે તરફ ગતિ કરે છે; તે બધા દેવોની સાથે એકતા

સાધનાર અને બધા પર પ્રસન્ન થનાર રોહિત—બ્રહ્મપુરુષ તારા રાષ્ટ્રને સારી રીતે ધારણ કરો.

'હે રોહિત—બ્રહ્મપુરુષ, જેમ માર્ગ પર ગતિ કરતા તેજસ્વી હરિયાળા ઘોડા તારાં વહન કરે છે, એમજ બ્રહ્મ—મંત્રથી પવિત્ર થએલા યજ્ઞો પણ તારાં સારી રીતે વહન કરે છે અને તું આ મહાન સાગર અને સમુદ્રની વચમાં સારી રીતે પ્રકાશે છે.

'આ તે રોહિત છે, જે વસુ—વાસસ્થાનોને, ગાયોને અને બધા પ્રકારનાં ધનસાધનને જીતી લઈ દ્યુલોક અને પૃથ્વીલોકનો આશ્રય કરે છે, જેના આજ સુધી હજારને સાત જન્મો થઈ ગયા છે; તેને હું એમ કહીશ કે, હે રોહિત—બ્રહ્મપુરુષ, તું પોતે આ સૌ લોકના મહિમામાં નાભિ—કેન્દ્રસ્થાને વાસ કરે છે; દિશાઓ અને વિદિશાઓમાં વિશેષ યશ મેળવીને ગતિ કરે છે, પશુઓ અને પ્રજાજનોમાં તેમજ ધરતીને છેડે અને અદિતિ—દેવમાતાના ખોળામાં યશ સાથે વાસ કરે છે. ભલે તું દ્યુલોકમાં વાસ કરે, પણ આ લોકની વાત જાણે છે, એટલું જ નહિ, અહીં રહીને ત્યાંના બનાવોને જોતો રહે છે. જ્ઞાનીજનો તો દ્યુલોકમાં ચમકતા અને સૌને જ્ઞાન આપતા વિદ્વાનરૂપે તને જોઈ રહ્યા છે. તે પોતે દેવ બનીને બીજા દેવોને શુદ્ધ કરે છે અને પોતે અગ્નિ બની સમાન અગ્નિને પ્રદીપ્ત કરે છે; તે છતાં કવિજનો તેને સમુદ્રની પારે રહેલો જાણે છે.

'આ તે વિરાટ ગૌ—કામધેનુ છે, જે નીચે રહેલા વાછડાને ઉપરના પગથી અને ઉપર રહેલા વાછડાને નીચલા પગથી ધારણ કરે છે ને ઊંચે ઉભી રહે છે. તે ભલા કયાંથી આવી, કયા અરધા ભાગ પાસે ગઈ અને કયાં સર્જન કર્યાં; તેની તો ખબર પડતી નથી. હાં, આ યૂથ—ટોળામાં તેની ગતિ દેખાતી નથી. તે કામધેનુ એકપદી, દ્વિપદી, ચતુષ્પાદી, અષ્ટાપદી, નવપદી બનવાની સંભાવના ધરાવે છે. આ લોકની અંદર હજાર હજાર અક્ષરોની બનેલી પંક્તિ છે, તેથી તો અનેક પ્રકારના સમુદ્રો વહી રહ્યા છે.

'હે રોહિત—બ્રહ્મપુરુષ, તું અમૃત બનીને દ્યુલોકમાં ચઢી જા અને મારી વાણીનાં રક્ષણ કર. જેમ માર્ગે ચાલતા ઘોડાઓ તને લઈ જાય, એ રીતે બ્રહ્મ—મંત્રથી પવિત્ર થએલા યજ્ઞો તારાં વહન કરે છે. હે અમર્ત્ય—બ્રહ્મપુરુષ દ્યુલોકમાં તારૂં જે આક્રમણ—પગલું છે અને પરમ વ્યોમ—આકાશમાં તારૂં સ્થાન છે, તેને તું સારી રીતે જાણે છે. આ તે સૂર્ય છે, જે દ્યુલોક, પૃથ્વી, આપોદેવીઓના લોક વગેરેને સારી રીતે જુએ છે. તે સૂર્ય છે, જે ભુવન—લોકનું એક માત્ર ચક્ષુ છે અને જે વિશાળ દ્યુલોક પર ચઢે છે; તેનાં યજન—સ્તવન માટે યજ્ઞ રચવામાં આવે, તો તેની પરિધિઓ ઘણી વિશાળ છે. તેને માટે વેદી બનાવવા બ્રહ્મજ્ઞાનીઓએ ભૂમિ કલ્પી છે, તે ઠેકાણે રોહિત બ્રહ્મ-પુરુષે પોતે યજમાન બનીને બે અગ્નિઓનાં આધાન કર્યાં છે, જે એક શીતળ અને બીજો ગરમ છે. જે હિમ—શીતળ તે સોમ અને ઘ્રંસ—ગરમ તે સૂર્ય છે. આમ બંને

અગ્નિઓનાં આધાન કરી, તે સોમયાગની શરુઆત કરી, તેમાં પર્વતોને યૂપ–થાંભલા બનાવ્યા. આ યજ્ઞમાં તો જે સર્વવિદ પરમ સુખ જાણનાર રોહિત–બ્રહ્મપુરુષ છે, તેની સાથે સંબંધ જોડવામાં આવે છે; જેમાં બે અગ્નિઓ વર્ષારૂપી ઘીની આહુતિ મેળવી બ્રહ્મ–મંત્રથી પ્રદીપ્ત થાય છે. એજ અગ્નિ મૂળમાં રોહિત–બ્રહ્મ છે, જેથી ઘ્રંસ–ઉષ્ણતા પેદા થાય છે, તેથી હિમ અને તેથી યજ્ઞ રચાય છે. આમ બે અગ્નિઓ બ્રહ્મ–કારણથી વધે છે, બ્રહ્મ–મંત્રથી વૃદ્ધિ પામે છે અને બ્રહ્મની આહુતિઓથી પ્રદીપ્ત થાય છે; તેજ બ્રહ્મપુરુષથી વાયુ, ઈંદ્ર અને બ્રહ્મણસ્પતિ પ્રકાશ ફેલાવે છે. એમાંનો એક અગ્નિ સત્યમાં અને આપોદેવી–જલતન્માત્રાઓમાં રહેલો છે.

'આ યજ્ઞની વેદી ભૂમિ છે, દ્યુલોક દક્ષિણા છે, ઉષ્ણ ઋતુ અગ્નિ છે, વર્ષા ઘી છે, અને પર્વતો ઊંચા યૂપ છે. તે યૂપોને ઊંચા ઉઠાવી બ્રહ્મપુરુષ–રોહિતે જણાવ્યું કે, 'જે કાંઈ ભૂત અને ભવ્ય છે, તે બધું તારામાં પેદા થયું છે. જે પહેલો યજ્ઞ થયો અને થવાનો છે, તેથીજ આ બધું યજ્ઞરૂપ થયું છે, જે કાંઈ અહીં પ્રકાશે છે. આ રીતે યજ્ઞનો જે તંતુ આજ સુધી સંસારમાં ફેલાવવામાં આવ્યો છે, તે તો માનવના જીવનની વૃદ્ધિ માટેનું મુખ્ય સાધન છે; તેને આહુતિરૂપ ગણીને અમે તે યજ્ઞનાં સતત સેવન કરીએ.'

નક્ષત્રમાળામાં કૃત્તિકાઓનું ઝૂમખું છે, તેમાં સૂર્ય પ્રવેશે, ત્યારે યજ્ઞ માટેના અગ્નિઓ પ્રગટાવવાનું વિધાન બ્રાહ્મણ ગ્રંથોમાં છે, કારણ કે કૃતિકાઓના અધિષ્ઠાતા દેવ અગ્નિ છે, પ્રાચીન ગણનામાં પહેલું નક્ષત્ર કૃતિકા છે, બીજું નક્ષત્ર રોહિણી છે, તેના દેવ પ્રજાપતિ છે. તેમાં પ્રવેશ કરનાર સૂર્યને રોહિત કહ્યો છે; રોહિણી તેનું ધામ છે. સૃષ્ટિનાં સર્જન થાય, તે રુહ અને પ્રરુહ–અંકુર અને વૃક્ષની જેમ વધતાં રહે. દ્યુલોકથી લઈ પૃથ્વી સુધીનાં સર્જન કરનાર આદિ પ્રજાપતિ. તેજ આ રોહિત છે, જે મૂળમાં તો બ્રહ્મ છે; તેથી જ સૂર્ય, અગ્નિ, ઈન્દ્ર, પ્રજાપતિ, વાચસ્પતિ વગેરે દેવો અને તેમનાં સર્જનની સૃષ્ટિઓ થઈ છે. રોહિત દ્યુલોકમાં તપે છે, રોહિત યજ્ઞોનું મુખ્ય છે, જનિતા છે, રચયિતા છે. એ પ્રકારનાં વર્ણન બ્રહ્મને જ લાગૂ પડે છે, જે સૃષ્ટિનું મૂળ કારણ છે, તેનું વ્યક્ત રૂપ સૂર્ય છે, તેને જ મૂળ બ્રહ્મરૂપે નીરખી, હવે ઋષિ બ્રહ્મા તેના દૈવતરૂપનું વર્ણન કરે છે:

[1] 'તે જ આ આદિત્ય–સૂર્ય છે, જેણે વીર્યનાં સિંચન કર્યાં છે, જેણે સર્જન માટેનાં વ્રત ધારણ કર્યાં છે અને જેણે માનવને નેત્રના પ્રકાશ આપ્યા છે; તેથી પ્રગટ થયેલાં કિરણો શુદ્ધ રીતે પ્રકાશે છે અને પ્રેરણા આપે છે, જેના પ્રકાશથી બધી દિશાઓના પ્રદેશો જોવા–જાણવા મળે છે, જે પોતે વિશાળ અંતરિક્ષના સમુદ્રમાં ઉડતો દેખાય છે અને જે સૌ લોકોનાં રક્ષણ કરે છે, એ સૂર્યની સ્તુતિ અમે કરીએ છીએ; જે પોતાની સ્વધા શક્તિથી પૂર્વ અને પશ્ચિમની દિશાઓમાં શીઘ્ર ગતિ કરે છે, અને

૧ અથર્વવેદ ૧૩, ૧, ૧–૪૩

જે માયા શક્તિથી વિવિધ રૂપનાં દિવસ અને રાતના વિભાગો રચે છે જે એક જ્યોતિ છે, આ સઘળા વિશ્વમાં ભૂમા—ઉદાર બનીને જન્મ લે છે, તેનો મહિમા અને તેના યશ વિશાળ છે, સાત પ્રકારનાં વિશાળ હરિત—કિરણો પ્રકાશતા અને જ્ઞાની તરણિ—સૂર્યને ઊંચે દોરી જાય છે; અદિતિ માતા અહીં વહેતા સરોવરથી જે સૂર્યને ઊંચે આકાશમાં દોરી જાય છે, તેવો તે સૂર્ય બધી બાજુએ ભમી રહ્યો છે, તેને બ્રહ્મજ્ઞાનીઓ જુએ છે.

'હે સૂર્ય, ચારે બાજુએ ભમતા શત્રુઓ તને દબાવી ન દે, તારૂં કલ્યાણ હો. દુર્ગ કઠિણ માર્ગોએ તું આગળ વધ. તું દ્યુલોક અને પૃથ્વી દેવીના પ્રદેશો તેમજ દિવસ અને રાતના કાલવિભાગોનાં સર્જન કરીને આગળ વધે છે. અંતરિક્ષમાં ફરતા તારા રથનાં કલ્યાણ હો, જેથી તું અંતરિક્ષના બંને છેડા પર તત્કાળ પહોંચી જાય છે. હે સૂર્ય, તું આ રથ પર ચઢી જા, જે કિરણોથી પ્રકાશતો, સુખસગવડથી યુક્ત, સારી રીતે વહન કરનાર અને અન્ન તેમજ ધન સાધનથી ભરેલો છે. એ પ્રકારના તારા રથને સાત પ્રકારના હરિત ઘોડાઓ અથવા સો સો ઘોડાઓ દોરી જાય છે. આ સૂર્યે સોનાની જેમ ચમકતાં અને વિશાળ ગતિવાળાં કિરણોથી શોભતા સાત હરિત ઘોડાઓને રથમાં જોડયા છે અને તેમાં બેસીને તેણે ધરતીના અંધકાર દૂર કર્યા, તેણે અંતરિક્ષનાં રજકણ પણ દૂર કર્યાં અને હવે તે દ્યુલોક પર ચઢી ગયો છે.

'આ — દિવ્ય સુપર્ણ—સૂર્ય છે, જે અદિતિનો વીર પુત્ર છે અને જેણે સઘળા લોકોનો આશ્રય કર્યો છે. હે સૂર્ય, તું ઉગતાંની સાથે જ કિરણો દ્વારા પોતાના શરીરનો વિસ્તાર કરે છે અને વિશ્વનાં રૂપોને પોષે છે. ઋતુ કાલના પ્રભાવને અનુસરી, તું બંને પ્રકારના સમુદ્રો પર પ્રકાશ પાથરે છે, જેથી સૌ લોકો પર સામર્થ્ય ધરાવે છે. મહાકાળનું પ્રતીક અહોરાત્ર છે, તેના ગતિમાન ચક્ર પર સૂર્ય અને ચંદ્ર ગતિ કરે છે, તે માનોને કે બે બાળકો ખેલતાં હોય, એમ લાગે છે, કે જે ખેલતાં ખેલતાં અનંત કાળરૂપી અર્ણવ—મહાસાગર સુધી પહોંચી જાય છે; તેમાંનો એક સૂર્ય વિશ્વ ભુવનો પર પ્રકાશ ફેંકે છે તેને હરિત નામના લીલા ઘોડા છે. બીજા ચંદ્રને હિરણ્યના બનેલા સોનેરી માર્ગોથી દોરી જાય છે.

'હે સૂર્ય, અત્રિ નામના ઋષિએ તારાં બંને રૂપ જોઈને તને આકાશમાં ધારણ કર્યો, જેથી માસ—પૂર્ણમાસ અને અમાવાસ જેવા પક્ષની રચના થઈ. તે ઋષિએ તપ તપીને સૂર્યનાં રૂપ ધારણ કર્યાં; જેથી વિશ્વનાં ભૂત—પ્રાણીઓ પ્રકાશી રહ્યાં છે. આ કાલ એ વાછડું છે, જેની બે માતાઓ છે : રાત્રિના ગર્ભમાં દિવસ અને દિવસની પ્રભાના ગર્ભમાં રાત્રિનો કાલ જન્મ લે છે. તે પહેલાં આ કાળ પોતે બ્રહ્મરૂપ હતો, તે રહસ્યને અહીંના દેવો—જ્ઞાની પુરુષો સારી રીતે જાણે છે.

'અંતરિક્ષમાં રહેલ સૂક્ષ્મ સમુદ્ર છે, તેનો આશ્રય લઈ જે પ્રદેશ રહેલો છે, તે પર સૂર્ય પહોંચી જાય છે, કારણ કે તેનો મહાન માર્ગ સમુદ્રના પૂર્વ અને પશ્ચિમના

ભાગ સુધી ફેલાએલો છે; તે માર્ગને પોતાની જૂતિ–યોગશકિતઓથી પુરો કરી દે છે અને પછી ત્યાંથી ખસતો નથી; આને કારણે તે અમૃતનાં પાનથી વંચિત રહેતો નથી, જે અમૃત બધા દેવોના ભાગમાં વહેંચાયું છે. આ સૂર્ય જાતવેદસ્ દેવ છે, જેનાં વહન કિરણોરૂપી ઘોડાઓ વિશ્વભરનાં દર્શન માટે કરે છે. જ્યારે તે તે સૂર્ય વિશ્વનાં દર્શન કરવા નીકળે છે, ત્યારે બીજાં નક્ષત્રો તો ચોરોની જેમ પોતાની શકિતઓની સાથે દૂર નાસી જાય છે. જેમ જવાળાઓથી પ્રકાશતા અગ્નિઓ હોય, એમજ આ સૂર્યનાં ઘોડા જેવાં કિરણો મનુષ્યોને જોવા મળે છે.

'હે સૂર્ય, હે રોચન, તું સાચે જ લોકોનો તારણહાર છે અને વિશ્વનાં દર્શન કરનાર જ્યોતિરૂપ છે. તેથી વિશ્વને પ્રકાશિત કરે છે. તું દેવોનું પ્રત્યક્ષ નેત્ર છે, માનવી પ્રજાજનોની સામે તું ઉદય પામે છે અને પોતાના પ્રકાશરૂપ ચક્ષુ આપવા વિશ્વ તરફ ગતિ કરે છે. હે પાવક વરુણ, તું સર્વજનોને વરણીય–પસંદ છે. સાચેજ, તું દિવ્ય નેત્રથી ભરણ પોષણ કરવા માટે જનોને દર્શન આપે છે. હે સૂર્ય, અકતુ–રાત્રિની શકિતઓથી દિવસોનાં માપ લેનાર તું વિસ્તૃત રજકણથી ઉપર દ્યુલોકમાં ગતિ કરે છે અને વિવિધ પ્રકારના પ્રાણીઓનાં જન્મનાં દર્શન કરે છે.

'હે સૂર્ય, સાત પ્રકારનાં હરિત ઘોડાઓ તને રથમાં લઈ જાય છે. તું કેશ–કિરણોને શુદ્ધ રીતે રાખે છે તેમજ તું વિચક્ષણ દર્શક છે. તું પોતે જ્ઞાની બનીને તારા રથને સામ–શુદ્ધ પવિત્ર ઘોડાઓને જોડે છે અને તે પ્રસિદ્ધ યોજના પર ગતિ કરે છે. આ તે રોહિત–સૂર્ય છે, જે તપ કરીને તપસ્વી બન્યો છે અને જેણે દ્યુલોક પર ચઢાઈ કરી છે. તે ત્યાં પોતાના મૂળ યોનિ સ્થાનમાં પહોંચી જાય છે અને ફરીથી જન્મ લે છે, તેમજ તે બધા દેવોનો અધિષ્ઠાતા બન્યો છે. તે એક જ દેવ રોહિત છે, જે વિશ્વનાં પ્રજાજનોનાં રૂપે પ્રગટ થાય છે, જે વિશ્વમુખ, વિશ્વબાહુ અને વિશ્વપૃષ્ઠ રૂપ ધારણ કરે છે. તે પોતાના બંને બાહુઓ અને પાંખોથી વિશ્વનાં ભરણ પોષણ કરે છે; તે એક જ દેવ દ્યુલોક અને પૃથ્વી લોકને જન્મ આપે છે. તે એક પગે રહેવા છતાં, બે પગે ચાલનારાથી આગળ વધી જાય છે અને બે પગે રહ્યા છતાં ચાર પગે કે છ પગે ચાલનારાં પ્રાણીઓને પાછળ રાખી દે છે; તે છતાં તે પોતે એક પગા શરીરમાં પોતાનો સમાવેશ કરી લે છે. આમ તેને તંદ્રા, આળસ કે પ્રમાદ હોતાં નથી, પણ જ્યારે પોતે હરવા ફરવાની ઈચ્છા કરે છે, ત્યારે જ પોતાના હરિત ઘોડાઓથી જોડેલા રથમાં બેસે છે, પોતે રોચમાન બનીને બે રૂપો પ્રગટ કરે છે તેમજ કેતુમાન ઉષાની ધ્વજાઓ ફરકાવતો ઉદય પામી, વિશ્વભરનાં રજકણથી ભરેલા સૂક્ષ્મ લોકો પર વિજય મેળવીને ઉચ્ચ સ્થાને પ્રકાશે છે. આમ સાચેજ, હે આદિત્ય–રોહિત તું ઘણો મોટો છે, ને તારો મહિમા પણ ઘણો મોટો છે. હે દેવ પતંગ, સાચેજ તું

તો દ્યુલોક, અંતરિક્ષ, પૃથ્વી અને આપોદેવીઓના સૂક્ષ્મ લોકમાં રુચે છે—પ્રકાશે છે; બંને બાજુના સૂક્ષ્મ સમુદ્રો તારી રુચાથી વ્યાપી રહેલાં છે. હે દેવ, સ્વર્ગ પર વિજય મેળવનાર તું મહાન દેવ છે.

'આ તે રોહિત સૂર્ય છે, જે શીઘ્ર ગતિ કરનાર, જ્ઞાની સંચાલક, પતંગ—પક્ષીની જેમ માર્ગને શુદ્ધ કરી ઉપરથી નીચેની બાજુએ આવે છે તેમજ વિષ્ણુની જેમ વ્યાપક બનીને વિચિત્ર રીતે શકિતથી પ્રતિષ્ઠિત રહે છે અને ઉષાના રૂપે રહેલ ધજાના પ્રકાશથી ગતિ કરી, વિશ્વને ધારણ કરે છે. તે મહાન સુપર્ણ પક્ષી રૂપે વિચક્ષણ જ્ઞાની બની; અંતરિક્ષને તેમજ બે રોદસી—દ્યુલોક અને પૃથ્વીલોકને પ્રકાશિત કરે છે. તે સૂર્યના આધારે વસનારાં અહોરાત્ર-રાત અને દિવસ સૂર્યના વિશ્વવ્યાપક પરાક્રમોનો વિસ્તાર કરે છે. તે તીક્ષ્ણ પ્રકાશથી સુશોભિત બની, પોતાના વિરાટ શરીરને વિશેષ તીક્ષ્ણ બનાવે છે. તે પોતે પરિપૂર્ણ ગતિવાળો હોવા છતાં, ઉચ્ચસ્થાન પર રમણ કરે છે. તે પોતે જ્યોતિથી યુક્ત પક્ષીરૂપે મહાન સામર્થ્યને ધારણ કરી, વિશ્વભરની દિશાઓ અને પ્રદિશાઓને શકિતથી ભરી દઈ, સ્વયં પ્રતિષ્ઠા મેળવે છે !

'આ તે જ્યોતિષ્માન સૂર્ય છે, જે દેવોની ચિત્રવિચિત્ર અને સ્થિર ધજાના રૂપે સવારે દિશાઓ—પ્રદિશાઓમાં ઉદય પામે છે. આ તે શુક્ર—તેજસ્વી દિવાકર સૂર્ય છે, જે પોતાનાં કિરણોથી વિશ્વભરનાં અંધકાર અને પાપ દૂર કરે છે. જુઓ તો ખરા, આ તો દેવોનું સ્થિર ચક્ષુ ઉદય પામ્યું છે, જેમાં મિત્ર દિવસના, વરુણ રાત્રિના અને અગ્નિ અહોરાત્રના અધિષ્ઠાતા દેવો છે. તે દિવાકર સૂર્ય ઉગતાંની સાથે જ દ્યુલોક, અંતરિક્ષ અને પૃથ્વી પર કિરણોથી ફેલાઈ ગયો. તે સૂર્ય જડ અને ચેતનનો આત્મા છે.

'આ તે તરણી સૂર્ય છે, જે ઊંચેથી ઉડતા સુપર્ણ પક્ષીની જેમ આકાશનાં મધ્યભાગમાં ચમકતો રહે છે. હે સૂર્ય અમે તને સવિતા—સર્જકના રૂપે જોઈએ છીએ, જેને બ્રહ્મજ્ઞાનીઓ અજર જ્યોતિના રૂપે જાણે છે. અને જેના મૂળ સ્વરૂપને અત્રિ ઋષિએ શોધી કાઢયું છે.

'હે સૂર્ય, હું ભયથી ત્રાસીને તમારી શરણે આવ્યો છું, તમને મારા નાથ બનાવવાની ઈચ્છા છે. તમે તો સૂર્ય છો, જે દ્યુલોકની પીઠપર ઉડતા પક્ષી જેવા લાગો છો અને અદિતિના પુત્ર છો. તમે અમને દીર્ઘ આયુષ્ય આપો. અમે તમારી સુમતિ મેળવીએ, તમે અમારાથી રીસાવ નહિ.

'જેમ હંસ ઊંચા આકાશમાં ઊડે, ત્યારે તે બંને પાંખો ફેલાવે છે, એ જ રીતે આ હરિ—કાલની ગતિ પ્રમાણે ગતિ કરનાર બનીને હજાર હજાર અહોરાત્રના બનેલા માર્ગ પર દ્યુલોકથી ગતિ કરે છે અને તેની પાંખ જેવા દિવસ અને રાત ફેલાએલાં રહે છે' આ હરિરૂપ કાળ બધા દેવોને પોતાની છાતી પર ધારણ કરી, બધાં ભુવન—લોકોને જોતો જોતો આગળ ગતિ કરે છે.

'આ રોહિત પોતે જ કાલ બને છે, તે રોહિત પહેલો પ્રજાપતિ હતો; તે જ રોહિત યજ્ઞોના મુખરૂપ બની સૌ જનોને સ્વર્ગ—સુખનાં પ્રદાન કરે છે. તે પોતે રોહિત જ લોક—પ્રકાશરૂપ બને છે, દ્યુલોકમાં ગતિ કરે છે તેમજ પોતાનાં કિરણોથી ભૂમિ અને સમુદ્ર પર સંચાર કરે છે. દ્યુલોકનો અધિપતિ એ રોહિત બધી દિશાઓમાં સંચાર કરે છે, એટલું જ નહિ; તે તો દ્યુલોક, સમુદ્ર અને ભૂમિલોક પરનાં બધાં પ્રાણીઓનું રક્ષણ કરે છે. તે આ રોહિત છે, જે તંદ્રા ત્યજી શુદ્ધ રોચમાન બની વિશાળ દિશાઓ પર આરૂઢ થાય છે. તે બે રૂપોની રચના કરે છે; એક તો ચિત્રવિચિત્ર અગ્નિરૂપે સૂર્ય બની મહિમા વધારે છે અને બીજા વાયુરૂપને મેળવે છે. તે અહીંના બધા લોકોને પ્રકાશિત કરે છે. અહોરાત્રની રચના કરતો મહિમાવાન આ રોહિત—સૂર્ય છે. જે એક બાજુએ ગતિ કરે છે, ત્યારે બીજી બાજુ પાછળ ફેંકાઈ જાય છે. અમે બધા ભક્તજનો માર્ગ-દર્શન કરાવનાર અને અંતરિક્ષના રજકણમાં નિવાસ કરનાર રોહિતની ઉપાસના કરીએ છીએ. ભક્તજનના માર્ગને બતાવનાર એક સ્થિર ચક્ષુ રૂપે તે રોહિત પૃથ્વીને પૂર્ણ રાખે છે અને સર્વ વિશ્વને જોનાર યજમાન બને છે, તેનો મહિમા આ પૃથ્વી અને સમુદ્ર સુધી ફેલાયો છે, અંતરિક્ષ અને દ્યુલોકમાં જ્યોતિથી ફેલાય છે. તે રોહિતનેહું ભક્તરૂપે જે કહું છું, તેને તે સાંભળે છે, જુઓ, જુઓ ભક્તજનોએ પ્રગટાવેલ, સમિધાઓથી અગ્નિ જાગી ઊઠયો છે. જેમ વાછડાંને જોતાં ગાય જાગી જાયછે એમ જ અગ્નિને જોતાં ઉષાઓ ઉગી આવે છે અનેમ વૃક્ષો પોતાની ડાળીઓને ઉપરના ભાગે ફેલાવે છે, એમ જ રોહિત—સૂર્યનાં કિરણો સ્વર્ગધામ તરફ ફેલાય છે.'

પહેલા સૂક્તમાં રોહિતને અવ્યક્ત કારણ બ્રહ્મરૂપે જણાવી; તેના વ્યાપક અને સર્વ સમર્થ પ્રતાપથી બધા લોકો ભરેલાં છે; એ રહસ્ય બતાવ્યું; તે જ રોહિતનું વ્યક્ત સ્વરૂપ આ સૂર્ય છે, તેને વિષે બીજા સૂક્તમાં જણાવવામાં આવ્યું, પરંતુ તે સૂર્ય મૂળ બ્રહ્મનું જ એક રૂપ છે, તે રહસ્યને જાણનાર બ્રહ્મજ્ઞાની ગણાય છે. એ પ્રકારનો બ્રહ્મજ્ઞાની બ્રહ્મરૂપ છે, તો પણ પોતાના પ્રારબ્ધ કર્મને અનુસરી આ સંસારનાં વ્યવહાર કાર્યને આનંદથી કરતો રહે છે. તેને વિશ્વમાં પણ બ્રહ્મનું દર્શન થાય છે. તે બ્રહ્મજ્ઞાનીનાં આદર સન્માન કરવાથી બ્રહ્મનો જ મહિમા વધે છે; પરંતુ કોં'ક અજ્ઞાનને વશ થઈ, એવા બ્રહ્મજ્ઞાનીને કષ્ટ આપે છે, તેથી બ્રહ્મજ્ઞાનીને કોઈ ઈજા પહોંચતી નથી, તે તો બ્રહ્મની મસ્તીથી મસ્ત રહે છે, પણ તેનાં રક્ષણ કરનાર જે દેવ રોહિત છે, તેનો ક્રોધ તેની પર ઊતરે છે. એ બ્રહ્મજ્ઞાનીના રક્ષણની જવાબદારી સૌ જનો પર રહેલી છે. એ બ્રહ્મજ્ઞાનીને કષ્ટ આપનાર પાપીજનનો નાશ કરવા માટે, બ્રહ્મા નામના ઋષિ રોહિત પાસે પ્રાર્થના કરે છે અને તે દ્વારા સર્વ કારણરૂપ બ્રહ્મનાં દર્શન કરાવે છે :

[૧] 'હે રોહિત, સર્વના કારણરૂપ તારા બ્રહ્મના રહસ્યને જાણનાર જે બ્રહ્મજ્ઞાની

૧ અથર્વ વેદ ૧૩, ૩, ૧–૨૬

છે, તેને જે કોઈ પાપીજન કષ્ટ આપે છે; તેનાં તે પાપથી દેવ બ્રહ્મ પોતે ક્રોધમાં આવી જાય છે, માટે તે પાપીને તું કંપાવી દે, તેનો નાશ કર તેને બ્રહ્મપાશથી જકડી દે.'

આ સૂક્તની દરેક ઋચામાં ઉપરના ભાવની ઋચા ઉત્તરાર્ધમાં રજૂ થઈ છે અને પૂર્વાર્ધમાં સર્વના સર્જન કરનાર અને સર્વસમર્થ બ્રહ્મનું રહસ્ય ઉકેલતાં ઋષિ જણાવે છે :

'આ તે રોહિત મૂલ કારણ બ્રહ્મ છે, જેણે દ્યાવા—પૃથ્વીને જન્મ આપ્યા છે, જે બધાં ભુવનોને દ્રાપિ—ડગલોબનાવી તેમાં વાસ કરે છે, જેમાં વિશાળ છ દિશાઓના પ્રદેશો રહેલા છે, જે પતંગ—સૂર્ય ના રૂપે ચમકી ઊઠે છે, જેથી વાયુઓ ઋતુ ઋતુને અનુસરી વહેતા રહે છે, જેથી સમુદ્રો પ્રવાહિત બને છે, જે સૌ પ્રાણીઓને મારે છે અને જીવાડે છે, જેથી સૌ ભુવનોને પ્રાણ મળેલા છે, જે પોતાના પ્રાણથી દ્યુલોક અને પૃથ્વીને તેમજ અપાનથી સમુદ્રના જઠરને પોષણ આપે છે. જેમાં વિરાટ્, પરમેષ્ઠી, પ્રજાપતિ, અગ્નિ વૈશ્વાનર વગેરે દેવો પોતાની શક્તિની સાથે આશ્રય લે છે. જેમાં છ અને પાંચ વિશાળ દિશાઓ તેમજ ચાર આપોદેવી—તન્માત્રાઓ અને યજ્ઞના ત્રણ અક્ષર અગ્નિઓ આશ્રય લે છે. જે અંદરથી ક્રોધ કરે છે, ત્યારે પોતાના નેત્રથી રોદસી દ્યુલોક અને પૃથ્વીને નીરખે છે. જે પોતે અન્નાદ, અન્નપતિ, બ્રહ્મણસ્પતિ અને ભુવન—લોકના પતિ થયા હતા અને થાય છે. જે કાળમાં ત્રીસ અહોરાત્રથી મપાએલ તેર મહિનાઓના બનેલા વર્ષની રચના કરે છે. આપોદેવી—જલની તન્માત્રાઓના ધારણ કરનાર અને ઉત્તમ ગતિથી યુક્ત સૂર્યનાં કિરણો જેના આધારે કૃષ્ણ અને નીલ વર્ણના બનેલા દ્યુલોક તરફ ગતિ કરે છે, જેમાં ચિત્રવિચિત્ર અને ચંદ્ર જેવું આહ્‌લાદક તેજ રહેલું છે, જેમાં સાત સૂર્ય એકી સાથે રહેલા છે. જે બ્રહ્મને પ્રસન્ન કરવા માટે આગળ બૃહત્ નામનું અને પાછળ રથંતર નામનું સામગાન થાય છે, જે બંને ગાનો જ્યોતિરૂપે તે સ્થિર ધામમાં વાસ કરે છે. જ્યારે એક પક્ષે બૃહત્ અને બીજા પક્ષે રથંતર ગાન હતાં અને તે બંને ગાનો સરખા બળનાં થઈ એક પક્ષમાં રહ્યાં, ત્યારે દેવોએ આ રોહિત નામના સૂર્યનાં સર્જન કર્યાં હતાં.

'આ તેજ મૂલ કારણ બ્રહ્મ છે, તે દિવસે વરુણ, સાંજે અગ્નિ અને બીજે દિવસે સવારે ઉગતા પહેલાં મિત્ર ગણાય છે. તે પોતે સવિતા બનીને અંતરિક્ષથી ગતિ કરે છે તેમજ ઈંદ્ર બનીને દ્યુલોકના મધ્યમાં તપે છે. જ્યારે તે અંધકારને હરનાર શુદ્ધ હંસની જેમ હજાર અહોરાત્રના માર્ગવાળા સ્વર્ગ—દ્યુલોકમાં ગતિ કરે છે, ત્યારે તેની બંને પાંખ વિસ્તારથી ફેલાએલી હોય છે. તે રોહિત—સૂર્ય બધા પદાર્થોને છાતી પર ધારણ કરે છે અને વિશ્વભરના લોકોને જોતો જોતો ગતિ છે. આ તેજ દેવ છે, જેણે આ સઘળા

વિશ્વ લોકોનાં સર્જન કર્યાં છે, જેનાં મૂળ હજાર છે અને શાખાઓ ચારે તરફ ફેલાએલી છે. તે પોતે અત્રિ–ભક્ષક બનીને જળતન્માત્રાઓમાં પ્રવેશ કરે છે : પોતાના વર્ચસ્વથી શુદ્ધ રીતે પ્રકાશતા તે રોહિત દેવને શીઘ્રગતિવાળા ઘોડા દ્યુલોકમાં લઈ જાય છે; જેના ઉપરના ભાગનાં કિરણો દ્યુલોકમાં તપે છે તેમજ નીચેના ભાગનાં સુવર્ણ અને પાટ–રંગીન કિરણો નીચેના ભાગમાં તપે છે. જેનો આધાર લઈ કિરણો બાર આદિત્ય દેવોનાં વહન કરે છે. જેના યજ્ઞસ્વરૂપથી ઘણા જ્ઞાનીજનો આગળ વધે છે. જે એકજ જ્યોતિ છે, તો પણ તે અનેક રૂપે પ્રકાશિત થાય છે. તેના એક ચક્ર સાથેના રથને સાત ઘોડા જોડ્યા છે અથવા તો તે એકજ ઘોડો છે, જેનાં સાત નામ છે. તેનાં રથનું જે એક ચક્ર છે, તેને ત્રણ નાભિઓ છે અને તેને જીર્ણતા અડતી નથી કે તેનો નાશ થતો નથી. તે બધા દેવોનો પિતા અને બધા પ્રકારની મતિઓનો જનિતા છે. તે ઉગ્ર વહ્નિરૂપે છે, જે આઠ પ્રકારે જોડાઈને દેવ રોહિતને લઈ જાય છે; જેણે ઋત–સદાચારના તંતુને મનથી માપી લીધો છે, એનો તે માતરિશ્વા–પ્રાણ બનીને બધી દિશાઓ તરફ ગતિ કરે છે.

'ગાયત્રી છંદનો દેવ અગ્નિ અને લોક પૃથ્વી છે, એ ભાવે જે આ રોહિત–બ્રહ્મ આદિકરણ છે, તે પૃથ્વીરૂપ અમૃતના ગર્ભમાં અને ગાયત્રી છંદમાં યજ્ઞના અનુષ્ઠાન રૂપ સૂત્ર તંતુરૂપે બધી દિશાઓને આવરી લે છે. તે આદિ કારણ બ્રહ્મને પોતાની અંદર વસાવનાર હે પ્રિય અગ્નિ, સૂર્યરૂપે તારા ત્રણ અસ્તકાળ અને ત્રણ ઉદયકાળ છે. તારાં ત્રણ ધામ અંતરિક્ષનાં રજકણોમાં અને ત્રણ દ્યુલોકમાં છે. તારા ત્રણ ત્રણ જન્મો છે, તે સાથે બધા દેવોના જન્મ પણ ત્રણ છે, તે રહસ્યને અમે સારી રીતે જાણીએ છીએ. તેનું મૂલકારણ બ્રંહ્મ છે, તેથી જન્મ લેતાંની સાથેજ સૂર્યરૂપ અગ્નિ પૃથ્વીને ભરી દે છે, તેજ અંતરિક્ષમાં રહેલા વાયુરૂપ ધારણ કરે છે. એ કારણે હે અગ્નિ, તું ઋત–સોમયાગોથી ઋતુઓથી યુક્ત સૂર્યરૂપે ધરતી પર પ્રકાશ પાથરે છે, વીજળીથી સમિદ્ધ થઈને મેઘરૂપે દ્યુલોકમાં વસે છે. જે સમયે દેવોએ રોહિતને જન્મ આપ્યો, તે સમયે વિવિધ રંગથી યુક્ત પૃથિવી માતાના પુત્રો મરુતોએ તેનાં પૂજન કર્યાં હતાં. જે રોહિત બ્રહ્મપુરુષ આપણને આત્માની દિવ્ય શક્તિ અને શરીરનાં બળ આપે છે. વિશ્વના સઘળા દેવો જેની આજ્ઞા માથે ચઢાવે છે, જે પોતે બે પગાં અને ચાર પગાં પ્રાણીઓનો સ્વામી છે.

'આ રીતે સર્વ વ્યાપક અને સર્વનાં સર્જન કરનાર રોહિત=બ્રહ્મરૂપ આદિ કારણ છે; તેના રહસ્યને સૌ કોઈ જાણે છે, તેજ આદિકારણ બ્રહ્મનું વ્યક્તરૂપ તે આ રોહિત–સૂર્ય છે. એ તો સાચેજ કૃષ્ણા રાત્રિના વત્સ રૂપે જન્મ લે છે. જન્મ સમયે તે લાલવર્ણનો હોવાથી તેને રોહિત કહ્યો છે, તેજ રોહિત ઉગતાંની સાથેજ દ્યુલોકમાં ઊંચે ચઢી જાય છે. તેજ રુહ–સર્જનકાળે રોવપા બનીને પછી વૃક્ષરૂપે વધતો રહે છે.'

જે બ્રહ્મ મૂળ કારણ છે, તેજ બ્રહ્મપુરુષ છે, તેજ રોહિત છે. તેનું વ્યક્તરૂપ સૂર્ય છે. બ્રહ્મના એ વ્યક્ત અને અવ્યક્તરૂપને જાણનાર બ્રહ્મજ્ઞાની પોતે પણ બ્રહ્મ-રૂપ બને છે, માટે તેનાં આદર સન્માન બ્રહ્મરૂપેજ કરવાનું સૂચન અહીં આપ્યું છે. આમ જો કે બ્રહ્મજ્ઞાની બ્રહ્મના રહસ્યને જાણે છે, પણ એટલું પૂરતું નથી. આ વિશ્વમાં જે કાંઈ ચેતન છે, આનંદ છે; તેમાં વ્યક્ત સ્વરૂપે સવિતા, ઈન્દ્ર, વાયુ, ધાતા વગેરે દેવો છે, તે બધામાં એકજ બ્રહ્મ એકવૃત્ બનીને રહે છે, તે એકવૃત્ બ્રહ્મ વિવિધ રૂપોનાં વર્ણન કરતાં ઋષિ બ્રહ્મા જીવનને ચેતનરૂપે જોવાનો અને આનંદ મ્હાણવાનો બોધ આપે છે જીવનનો આ દૃષ્ટિકોણ જેણે કેળવ્યો છે; તેને સઘળે દિવ્યતાનાં દર્શન થાય છે, તે વિષે હવે આગળ જણાવે છે.

૧ 'સ્વ–આત્મસુખ આપનાર દેવ સવિતા દ્યુલોકનાં પૃષ્ઠ ભાગ પર પ્રકાશે છે અને ત્યાંથી આગળ ગતિ કરે છે. તેણે પોતાનાં કિરણોથી આકાશને ભરી દીધું છે. તે મહેન્દ્રના રૂપે તેજથી ઘેરાએલો રહે છે; તેજ ધાતા છે, વિધર્તા છે અને વાયુ છે; તેજ અર્યમા, વરુણ અને રુદ્ર મહાદેવ છે. તેજ અગ્નિ, સૂર્ય અને મહાયમ છે, જે દેવોએ પોતપોતાની રીતે આકાશને ઘેરી લીધું છે. એક માથાવાળા દશ વાછરડા એક બની તેની સાથે રહે છે. તે એક જ પાછળ અને આગળ તેજ ફેલાવે છે, જેથી તે ઉદય પામે છે અને તેજ ફેલાવે છે. ધુંસરીએ જોડાએલ બળદોની જેમ મારુતગણ તેની સાથે જોડાયા છે. તેના રથમાં રહેલા નવ કોષ નવ નવના વિભાગે વહેંચાએલા છે.

'તે એકજ એકવૃત્ વ્યાપક દેવ છે, જે પ્રજાજનોના હિત માટે સ્થાવર જંગમ રૂપે રહેલા સઘળા પદાર્થોને જુએ છે; બધાજ દેવો તેમાં એકરૂપ બન્યા છે. એ વાત–વ્યાપક સર્વ હિતકારી એકવૃત્ દેવને જે બ્રહ્મજ્ઞાની જાણે છે, તે કીર્તિ અને યશ, અંભ–જલ અને નભ–આકાશ, અન્ન અને અન્નના ભોગ તેમજ બ્રહ્મના વર્ચસ્વને મેળવી લે છે, તેથી જુદો બીજો, ત્રીજો કે ચોથો; પાંચમો, છઠ્ઠો કે સાતમો; આઠમો, નવમો કે દશમો કોઈ નથી.

'તે એકવૃત્ દેવને જે જાણે છે, તે બ્રહ્મજ્ઞની બ્રહ્મ–જ્ઞાન અને તપ, કીર્તિ અને યશ, ભૂત અને ભવ્ય, શ્રદ્ધા અને રુચિ, સ્વર્ગ અને સ્વધા મેળવી લે છે. તેજ મૃત્યુ અને અમૃત છે, આભુ–મહાન અને રક્ષક છે. તેજ વસુ આપતાં વસુરૂપે, નમોવાક–અન્નનાં દાન આપતાં વષટ્કારરૂપે રહેલો છે. તેનીજ આજ્ઞામાં બધા યાતુ–ગતિ કરનારા ગ્રહો તેમજ ચંદ્ર સાથેનાં નક્ષત્રો રહેલાં છે.

'સાચેજ તે પોતે અહોરાત્રથી જન્મ્યો, તેથી અહોરાત્ર જન્મ્યા; એજ રીતે રાત્રિ, અંતરિક્ષ, વાયુ, દ્યુલોક, દિશાઓ, ભૂમિ, અગ્નિ, આપોદેવીઓ. ઋચાઓ, યજ્ઞ વગેરેથી તેણે જન્મ લીધો અને તેથી રાત્રિ વગેરે પદાર્થોએ જન્મ લીધો. તે પોતે યજ્ઞ

૧ અથર્વવેદ ૧૩, ૪, ૧–૫૬

છે ને તેથી યજ્ઞ થયો છે. તે યજ્ઞના શિરની રચના કરે છે. તે પોતેજ મેઘરૂપે ગાજે છે અને વીજળીરૂપે ઝબૂકે છે ને કરા રૂપે વર્ષા ફેંકે છે; આમ તેનાં કાર્યો ગાપી માટે ને હિતકારી માટે, માનવી માટે ને અસુર માટે થતાં રહે છે. તેજ રીતે ઔષધિ વનસ્પતિઓ ઉગે છે ને વરસાદ થાય છે. ભદ્ર–કલ્યાણકારી બુદ્ધિથી તો તે બધાં પ્રાણીઓને ઉછેરે છે ને વૃદ્ધિ આપે છે.

'હે ઈન્દ્ર, હે મહેન્દ્ર, હે મઘવાન, તારો તો આ મહિમા છે. તારાં શરીરો સેંકડોની સંખ્યામાં છે, કરોડો દેવો તારી સાથે જોડાયા છે ને અબજોની સંખ્યામાં પ્રાણીઓ તારી સાથે રહે છે આ ઈન્દ્ર અમર દેવોથી વિશાળ છે ને બધાં મૃત્યુઓથી મહાન છે તેમજ બધા શત્રુઓથી મોટો છે. હે ઈન્દ્ર, તું સાચે જ શમી–શક્તિનો સ્વામી છે. તું વિભુ છે અને પ્રભુ છે, એ ભાવે અમે તારી ઉપાસના–સેવા કરીએ છીએ, તારાં જોનાર રૂપને નમસ્કાર હો- હે જોનાર, તું અમને સારી રીતે જો. તું આદ્ય અન્ન, યશ, તેજ અને બ્રહ્મ વર્ચસથી અમારો યોગ કરાવ. સાચે જ તું પોતે અંભ–જળ, અરુણ રજ, અને શ્વેતવર્ણ રૂપે છે. તું ઉરુ–વિશાળ, પૃથુ–ભારે, સુભૂ–સત્તાધારી. તેમજ તું પોતે પ્રથ–વિસ્તૃત, વર–શ્રેષ્ઠ, વ્યચ–તેજસ્વી, લોક–પ્રકાશક, થનારા વસુ સાથે, મુક્ત વસુ સાથે અને આવતા વસુ–ધન સાથે રહેલ છે, એ ભાવે અમે તારી ઉપાસના કરીએ છીએ.'

અહીં મૂળ કારણ બ્રહ્મરૂપે રોહિતનું વર્ણન છે, જેથી સર્જનનાં કાર્ય થયા કરે છે. જે મૂળમાં એક છે, તે ત્રણરૂપે દેખાય છે, તેનાં વળી સાતરૂપ જોવાને મળે છે. એક બ્રહ્મ છે, તે સર્જન સમયે ત્રણ રૂપ લે છે; કારણ બ્રહ્મ, હિરણ્યગર્ભ અને વિરાટ. બ્રહ્માંડનું એક સ્થૂલ વ્યાપક રૂપ છે; જેના મૂળમાં સૂક્ષ્મ રૂપે હિરણ્ય ગર્ભ છે. વેદની રીતે એક ઈંદ્ર છે, તેનાં ત્રણરૂપ દ્યુલોકમાં સૂર્ય, અંતરિક્ષમાં વાયુ અને પૃથ્વીમાં અગ્નિ ગણાય. યજ્ઞની રીતે એકજ અગ્નિનાં ત્રણ રૂપ ગાર્હપત્ય, આહવનીય અને દક્ષિણાગ્નિ, અધ્યાત્મની રીતે અગ્નિરૂપ મૂળકારણ; તેનાં ત્રણ રૂપ તે ત્રણ ભાઈ પરમાત્મા અને જીવાત્મા તેમજ તે બંનેનો સહકારી સાક્ષી અંતર્યામી, તેથી સંસાર શરુ થાય. તેને રથની ઉપમા આપી, જેનું એક ચક્ર તે પ્રકૃતિની સર્જન. તેનાં સાત રૂપ તે મહત્તત્ત્વ, અહંકાર અને અને પાંચ તન્માત્રાઓ. તેને માતાઓ કહી, જેમાં સત્વ રજ અને તમ તે ત્રણ ગુણ તે તો ત્રણ નાભિસ્થાન. આ રીતે આખીય સર્જન પ્રક્રિયાની ગતિનું દર્શન એક દીર્ઘતમા ઋષિએ કર્યું હતું. તેજ રીતે અહીં બ્રહ્મા ઋષિએ તેનું દર્શન કર્યું છે; તેનો ભાવ આ પ્રમાણે છે :

૧ 'આ ત્રણ ભાઈઓની કથા છે. એક ભાઈનું નામ વામ, બીજાનું નામ મધ્યમ અને ત્રીજાનું નામ ઘૃતપૃષ્ઠ. એમ માનો કે દ્યુલોકનો સૂર્ય, અંતરિક્ષનો વાયુ અને ધરતીનો અગ્નિ. અથવા તો સર્જન પહેલાંનું કારણ બ્રહ્મ, સર્જન સમયનો હિરણ્ય–

૧. ઋગ્વેદ ૧, ૧૬૪, અથર્વવેદ ૯, ૯, ૧—

ગર્ભ અને સર્જન પછીનું વિરાટ, અથવા પરમાત્મા, જીવાત્મા અને સંસાર. પહેલું રૂપ વામ વરણીય સૌને મનપસંદ આનંદરૂપ છે, તે અત્યંત વૃદ્ધ અને પ્રાચીન છે બીજું રૂપ તે મધ્યમ નવલારૂપે છે, તે ચૈતન્ય છે, તેના પરમાત્માની સાથે સંબંધ છે અને સંસાર સાથે પણ સંબંધ છે. પરમાત્મા કાંઈ ખાતો નથી. બીજાને ખાવા જોઈએ છે; ત્રીજો છે તે સંસાર, તે ધૃતપૃષ્ઠ ભાગનું સત્તારૂપ છે. આમ સત્, ચૈતન્ય અને આનંદનો સુમેળ છે, તેમાં જે સત્તા છે. તે સંસાર છે; સંસારની વિશ–પ્રજાઓનો પતિ છે. તે સંસાર પ્રધાન કહો કે પ્રકૃતિ, તેણે સાતનાં સર્જન કર્યાં છે; તે તેના સાત પુત્રો છે. એમ માનોને કે આ સાત ઘોડા છે અથવા તો એકજ ઘોડો છે, તેનાં નામ સાત છે, તેને રથમાં જોડયા છે અને તે રથને ખેંચે છે, જેને એક ચક્ર છે. જે જીર્ણશીર્ણ કે નાશ પામતું નથી. એ ચક્રને ત્રણ ધરીઓ છે. જેમાં આ બધાં ભુવનો–લોકો રહેલ છે. અર્થાત પ્રકૃતિ અદિતિ દેવમાતા છે, તેના સાત પુત્રો તે સાત સૂર્ય આદિત્યકાલરૂપે એકજ છે; તે સંવ-સર–વર્ષની ગતિને બનાવે છે. તે કાલચક્રનાં ત્રણ સંધિસ્થાન : શિયાળો, ઉનાળો ને ચોમાસુ; જીર્ણશીર્ણ થયા વિના ચાલ્યા જ કરે છે. આ વર્ષરૂપ રથ છે. તેમાં સાત ઋષિઓ બેઠા છે, તે છ ઋતુઓ અને અધિક માસની ઋતુ ગણાય અથવા સાત પ્રકારનાં કિરણો ગણાય, તે રથને સાત ચક્ર તે અયન, ઋતુ, માસ. પક્ષ, દિવસ, રાત્રિ અને મુહૂર્ત છે; તેને સાત ઘોડાઓ તે ઋતુ પ્રમાણેના સાત સૂર્યો ખેંચી જાય છે. હવે ગો–વાણીના સાત પ્રકાર તે તો સ્વર સરિતાઓ છે, તે રથની સાથે રહે છે અને સ્તુતિ કરે છે.'

અહીં શિષ્ય જિજ્ઞાસાભાવે ગુરુને પ્રશ્ન પૂછે છે : 'હે ગુરુદેવ, આ સંસારના પ્રપંચ–પાંચ મહાભૂત પદાર્થો તો હાડમાંસના બનેલા સ્થૂલ શરીર જેવા છે, પણ તેને જે પ્રકૃતિ–તન્માત્રા ધારણ કરે છે, તે તો સૂક્ષ્મ હાડમાંસથી રહિત છે. એ પ્રકૃતિ સૃષ્ટિના સર્જન પહેલાં અવ્યાકૃત–વિકાર રહિત છે, તેને જન્મ લેતી કે વિકૃત દશામાં જન્મ લેતી કોણે જોઈ ? અર્થાત્ એ અવ્યાકૃત દશામાં પ્રકૃતિ પુરુષમાં વિલીન રહે છે અને વ્યક્તદશામાં તે પુરુષ જન્મ લે છે, તેને પણ કોણે જોયો ? શરીર તો સ્થૂલ ભૂમિ છે, તેમાં પ્રાણ, રક્ત ને આત્મા મન સૂક્ષ્મ છે, તે ક્યાં રહે છે ? આ રહસ્યને જાણનાર વિદ્વાન કોણ છે, જેની પાસે અમે પ્રશ્ન પૂછવા જઈએ. હે પ્રિય ગુરુદેવ, આ વિષે જે તમે જાણો છો, તે મને જણાવો. આ સામે દેખાતો સૂર્ય છે, તે તો અમારો પસંદ કરેલ ગરુડ પક્ષી છે; તેનું પદ તો ગુપ્તસ્થાનમાં રહેલું છે. હવે કેટલાક પ્રકારનાં કિરણો તો તેના મસ્તકમાં રહેલ દૂધનાં દોહન કરે છે, તો બીજાં કેટલાક કિરણો તો વિવિધ પ્રકારનાં રૂપ ધારણ કરી તેના પદથી જલનાં પાન કરે છે.

'હે ગુરુદેવ, દિવ્ય જ્ઞાનીજનોનાં જે પગલાં રહસ્યભર્યાં છે, તેને વિષે હું તમને પૂછું છું. હું તે રહસ્યને જાણતો નથી પણ મારે બ્રહ્મજ્ઞાન પાકું કરવું છે. અદિતિનો

વત્સ સૂર્ય એક વર્ષના વાછડા જેવો છે, તે કાલરૂપ છે, તેનો આધાર લઈ કવિ ક્રાન્ત-દર્શી જનોએ વર્ષના રાતદિવસરૂપ તાણાવાણાને વણવા સામગાનના સાત સ્વર અને સોમ-યાગની સાત સંસ્થાઓનો વિસ્તાર કર્યો છે. હું પોતે કોઈ ચિકિત્સક કે વિદ્વાન નથી પણ જે ચિકિત્સક તત્વજ્ઞાનીઓ છે અને જાણકાર કવિજનો છે, તેમને આ પ્રશ્ન પૂછું. જેણે સૂર્ય દ્વારા છ ઋતુઓનાં રજ–વાતાવરણને કાલચક્ર પર થંભાવી રાખ્યાં છે; તે પોતે અજ અવિકારી અરૂપ છે, તેનાંજ વ્યકતરૂપ સૃષ્ટિ છે, તેની અંદર તે એક આત્મા રહ્યો છે ખરો ?

'હે પ્રિય શિષ્ય, જયારે પ્રકૃતિ પ્રમાણે સર્જનનાં કાર્ય કરવાં હોય છે, ત્યારે તે પ્રકૃતિરૂપ તન્માત્રા પોતાની ધી–કાર્યશકિતથી પરમેશ્વર પિતાની સેવામાં હાજર થાય છે તેમજ તે પિતા પણ પોતાના મનથી તેની સાથે સંગત થાય છે. આમ સૃષ્ટિનાં માતા અને પિતાનો સંયોગ થાય ત્યારે ગર્ભનાં બાંધારણ બાંધવાની ઈચ્છાથી તે પ્રકૃતિમાતા ગર્ભરસથી વીંધાય છે. તે આદિ માતા અને પિતાને નમન કરનારા કવિજનો ઉપવાક –વાણીના ભાથા સાથે તેમની પાસે પહોંચી જાય છે. આ પ્રકૃતિમાતાને દક્ષિણા–કુશલ-શકિતની ધુંસરી સાથે જોડી દીધી છે. આને કારણે વ્રજની–સર્જનકલાઓની અંદર ગર્ભનું સ્થાન બને છે. હવે વાછડો જેમ ગાયની પાછળ રહે, એમજ આ સૃષ્ટિના સર્જનરૂપી વત્સ ત્રણ ત્રણ યોજનાના અંતરે પ્રકૃતિમાતા ગોનાં દર્શન કરે છે, જેણે વિશ્વનાં વિવિધ રૂપ ધારણ કર્યાં છે. આ સૃષ્ટિનાં સર્જનમાં કાલનાં સર્જન પહેલાં થયાં છે; તે કાલ આદિત્ય–સૂર્યરૂપે એકજ ઊર્ધ્વલોકમાં રહે છે; તેના સર્જનમાં પૃથ્વી, અંતરિક્ષ અને દ્યુલોકરૂપે ત્રણ માતાઓ છે, તેમજ વિરાટ, હિરણ્યગર્ભ અને પ્રજાપતિ ત્રણ પિતાઓ છે, તે બધાને તે સૂર્ય ધારણ કરે છે, તેને કારણે કોઇ પદાર્થ તેને ગ્લાનિ પહોંચાડી શકતા નથી કે તેનાં તેજ હણી શકતા નથી. હવે જે વિશ્વનાં રહસ્ય જાણનાર વિદ્વાનો છે, તે આ સૂર્યના નિવાસરૂપ દ્યુલોકની પીઠ પર વાસ કરે છે અને ત્યાં પરસ્પર મળીને રહસ્ય-જ્ઞાનનાં વિવેચન કરે છે, જે વાણીને સૌ કોઈ સામાન્યજન સમજી શકતા નથી.

'સૂર્યરૂપી કાલની પ્રેરણાથી આ વર્ષરૂપી ચક્ર ફરી રહ્યું હોય છે, તેને પાંચ ઋતુઓરૂપી પાંચ આરાઓ છે. તે ચક્રને આધારે બધાં ભુવન–લોકો ટકી રહ્યાં છે. આ ચક્રનો અક્ષ–આધાર દંડ ગમે તેટલા ભાર હોવા છતાં તપતો નથી તેમજ તે એકજ કેન્દ્ર-સ્થાનમાં રહેવા છતાં ભાંગી પડતો નથી. કેટલાક બ્રહ્મવાદીઓ જણાવે છે કે[1], દ્યુલોકના બીજા અર્ધભાગ–અંતરિક્ષમાં સંવત્સરનુ ચક્ર રહેલ છે, જેને પરમ પાલક અને વૃષ્ટિને વરસાવનાર આદિત્ય–સૂર્ય ચલાવે છે, જેને પાંચ પાદ અને બાર આકૃતિઓ છે : અર્થાત્ (હેમંત–શિશિર. વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ) તેમજ બાર માસ જોડાયા છે.' બીજા કેટલાક બ્રહ્મવાદીઓ જણાવે છે કે, જે ઉપર–સંવત્સર કાલ છે, તેમાં સાત ચક્ર અને છ આરા છે, તેની અંદર વિચક્ષણ સૂર્ય અર્પિત છે : અર્થાત્ વર્ષરૂપી કાલને સૂર્ય

૧. પ્રશ્નોપનિષદ ૧, ૧

ચલાવે છે, એવો એક મત છે અને વર્ષરૂપી કાલની પ્રવૃત્તિ સૂર્યને સમર્પિત છે, એવો બીજો મત છે. આમ વર્ષ, કાલ કે સૂર્યને જુદા પાડી શકાય એમ નથી. આ ઋત—પ્રકૃતિરૂપ સૂર્યનું ચક્ર તે દ્યુલોકની અંદર સતત ફર્યા કરે છે, તેને બાર માસના અધિષ્ઠાતા જેવા બાર સૂર્યો આરાની જેમ રહેલા છે, તેથી તે ચક્ર કદી જીર્ણશીર્ણ થતું નથી. હે અગ્નિ, એ કાલ—ચક્રને આધીન સાતસોને વીસપુત્રો જોડકામાં રહે છે: અર્થાત્ ત્રણસોને સાઠ દિવસ તેમજ ત્રણસોને સાઠ રાત્રિઓનાં સર્જન કરનાર એ કાલપુરુષ સૂર્ય છે. કદીપણ જીર્ણ—શીર્ણ ન થનાર તે સૂર્યનું ચક્ર પોતાની પરિઘ સાથે નિત્યનિરંતર ફરતું જ રહે છે. તે રથની ઊંચી ધુંસળીમાં પાંચ લોક અને પાંચ લોકપાલ મળીને જોડેલા ઘોડાઓ તે રથને ખેંચી જાય છે. એ સૂર્યનું ચક્ષુ—મંડળ રજકણોથી ઘેરાએલું છે, તેમાં બધાં ભુવન-લોકો રહેલાં છે. જે બ્રહ્મવાદીઓ છે, તેમણે મને એમ કહ્યું છે કે, કાલગણનામાં જે રશ્મિ કિરણો ફેલાતાં રહે છે, તેમને સ્ત્યાન—સ્રીઓ કહે છે અને જે સ્રીઓ છે તેમને તેજના પ્રભાવે પુરુષો કહે છે. આ સ્રી અને પુરુષનો જે ક્રિયાને કારણે ભેદ છે, તેને જાણનાર પુત્ર તો કવિ—ક્રાન્તદ્રષ્ટા છે, જે આ બાબત સારી રીતે પારખી લે છે, તે તો જ્ઞાન રૂપી આંખે જોનાર છે, પણ આંધળો તે રહસ્યને જોઈ શકતો નથી. આ રહસ્યને જાણનાર પુત્ર તો જ્ઞાની છે, જે પિતાનો પણ પિતા ગણાય છે. કાલજ્ઞ વિદ્વાનો કહે છે કે, જે છ આદિત્યો સાથે જન્મેલા છે, તેની સાથે સાતમો આદિત્ય—સૂર્ય પણ એક જન્મ લેનાર છે. તે છ તો મુખ્ય દેવ—પ્રજાપતિથી જન્મેલા જોડકા ઋષિઓ છે; તેમના સ્વરૂપો સર્વ લોકને અભિમત હોઈ તે તે સ્થાને વિવિધ આકૃતિરૂપે જુદાં રાખેલાં છે તેમજ તે પોતપોતાના અધિષ્ઠાતા દેવને માટે જગતના વ્યવહારોમાં રાચે છે.

'હે ગુરુદેવ, આ એક ગાય છે, તે પાસેથી દૂરના અને દૂરથી પાસેના પગલાથી વાછડાને ધારણ કરી ઊભી રહી છે, તે ગાય કઈ, તે કયા અર્ધભાગ પાસે જાય છે, કયાં પ્રસવ આપે છે, તે આ ટોળામાં તો હોતી નથી. તે ગાયના પાલક પિતાને નીચેથી ઉપર રહેલ તેમજ ઉપરથી નીચે રહેલા સાથીની સાથે જાણે છે, તે તત્વજ્ઞાની કવિના જેવો ક્રાન્તદર્શી છે. તેણે આ રહસ્યવિદ્યા અહીં કોને કહી તેમજ તેનું દિવ્ય મન કયાંથી જન્મ્યું, તે વિષે મને જણાવો.'

શિષ્યે પૂછેલો આ પ્રશ્ન સામાન્ય ગાય પૂરતો મર્યાદિત નથી. કેટલાકના મતે સૂર્યનાં કિરણોને અહીં ગાયો કહી છે, જે કિરણો સૂક્ષ્મરૂપે પૃથ્વી પર ઉતરે છે અને પુણ્યશાળી જનોને સૂક્ષ્મ દેહે ઉપરના પુણ્યલોકમાં લઈ જાય છે. બીજા કેટલાકના મતે અહીં ગાયોને યજ્ઞની આહૂતિઓ ગણી છે. અગ્નિમાં જે આહૂતિઓ અપાય, તે આદિત્યને મળે છે, તે આદિત્યથી વૃષ્ટિ થાય છે અને તેથી અન્ન અને પ્રજા પેદા થાય છે. એ મનુ સ્મૃતિ (૩,૭૬) ના આધારે આ પ્રશ્નની ચર્ચા વિચારણા થઈ છે,

તેની સ્પષ્ટતા મુંડકોપનિષદ (૧, ૨ ૫—૬)ના બે મંત્રોમાં થઈ છે અહીં જે પ્રશ્ન પૂછાયા છે, તેના જ ઉત્તરરૂપે ત્યાંના ચોથા મંત્રમાં અગ્નિની સાત જીભોનાં વર્ણન કરી તેમાં આહુતિઓ આપવાથી બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે, તે ભાવ જોવાને મળે છે. ઉપર પૂછાએલા પ્રશ્નોના ઉત્તરમાં ગુરુદેવે જીવ અને પરમાત્માના ધર્મોનાં નિરૂપણ કરી તે બંનેના વ્યવહારોનાં વર્ણન કર્યાં છે :

'હે સોમ, સૌમ્યસ્વભાવના શિષ્ય, સૂર્યનાં રશ્મિઓ કહો કે યજ્ઞની આહુતિઓ કહો તે વિષે કાલજ્ઞ અને બ્રહ્મવાદીઓ જુદી જુદી રીતે જણાવે છે. તેમાંના એક એમ કહે છે કે જે અહીં નીચેની ગતિ કરનારા છે તે દૂર દૂરની ગતિ લે છે, ત્યારે બીજા કહે છે કે જે દૂરના છે, તે પાસેના છે. દેવોમાં એક ઈન્દ્ર પણ સૂર્ય ગણાય છે, તે સાથેના બાર આદિત્યો ધુંસળીએ જોડેલા ઘોડાઓની જેમ રજકણના માર્ગોએ રથ ખેંચે છે.

'એક વૃક્ષ પર રહેલાં બે સુપર્ણ સખા જોડકાં પક્ષીઓ છે તેમાંનું એક સ્વાદુ પિપ્પલ ફલ ખાય છે અને બીજું ખાધા વિના જોયા કરે છે. આમ મધુર રસ પીનાર પક્ષીઓ વૃક્ષ પર નિવાસ કરે છે, તે વિવિધ પ્રજાઓ પેદા કરે છે, પરંતુ જે બ્રહ્મજ્ઞાનરૂપી ઉત્તમ ફળ છે, તે તેને મળતું નથી; કારણ કે તે પરમપિતા પરમેશ્વરને જાણતો નથી, પરંતુ જે બ્રહ્મજ્ઞાની પક્ષીઓ છે, તે તો બ્રહ્મજ્ઞાનરૂપ અમૃતનાં ભક્ષણ કરી, જ્ઞાનભાવે મધુર રસે ગુંજતા રહે છે; તે તો ખરેખર આ લોકનાં રક્ષણ કરનાર ધીર વીર જ્ઞાની છે. તે મારામાં પ્રવેશ કરો, કારણ કે હવે મારું જ્ઞાન પરિપકવ થયું છે.'

આ સૂક્તમાં ત્રણ પદાર્થોનો પરસ્પર સંબંધ છે; તેના રહસ્યની વિચારણા કરી છે. ત્રણ અગ્નિ, ત્રણ વાણી, ત્રણ વેદ, ત્રણ લોક, ત્રણ કાળ, ત્રણ ભૂત, ત્રણ દેવ, એ રીતનાં ત્રણ ત્રણ યુગલ છે, પરંતુ તેની અંદર એક જ ચેતન રહેલું છે; તે બ્રહ્મ છે; તેને જાણવું તે બ્રહ્મવિદ્યા છે તેને જાણનાર બ્રહ્મવિદ બને છે.

આ જીવાત્મા છે, તે પરમાત્માની સાથે રહે છે. એકરૂપ બનીને આલિંગન આપીને રહે છે. આ પરમાત્મા આનંદ રસથી ભરપૂર છે, ચૈતન્ય પ્રકાશનો ફુવારો છે, સત્તાનું સ્પષ્ટ દર્શન છે, તેની સાથે રહેનાર જીવાત્મા આનંદ રસથી ભરપૂર બની, ચૈતન્ય સ્ફૂર્તિના પ્રકાશ મેળવે છે અને સદા પોતાની સત્તામાં સ્થિર રહે છે. આ જ્ઞાનની દૃષ્ટિ છે. તેની સાથે ભક્તિનો ભાવ જોડાય, તો પરમાત્મા તેના પાલક પરમ-પિતા બને છે, પ્રકૃતિ માતા છે, સંસાર વૃક્ષનું રૂપ લે છે. જે પરમ પિતાને જાણતો નથી, તેને સંસારનાં મીઠાં ફળ ચાખવા મળતાં નથી ને તે દુ:ખી થઈ જાય છે. જેણે પરમાત્માને જાણી લીધો, તેણે સુખ મેળવી લીધું.

'જે પાસે છે, તે અતિ દૂર છે ને જે દૂર છે, તે પાસે લાગે છે. પરમ પિતા તો ઉપરથી નીચે સુધી ફેલાયો છે, તે દૂર પણ નથી અને પાસે પણ નથી. તે પરમાત્મા

એકલો પિતા નથી, સાથી છે, સખા છે, હિતકારી મિત્ર છે; તેને મનથી સમજી લેવાનો છે, જે મન પરમજ્યોતિ છે. તેથી બધું જાણવાનું છે, જે અંદર વસેલ છે, તે જ્યોતિઓનું પરમ જ્યોતિ છે. તે મનની જ્યોતિથી અંદરનો જાઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, તે નાદ છે, તે પરાવાણી છે, તેથી ત્રણ વાણીઓ : પશ્યંતી, મધ્યમા અને વૈખરી પ્રગટ થાય છે. તેથી વેદવાણી જાગે છે, તેના પ્રભાવે યજ્ઞની રચના થાય છે. પ્રકૃતિમાં નિત્ય નિરંતર ત્રણ યજ્ઞો રચાય છે . દ્યુસ્થાનમાં સૂર્ય, અંતરિક્ષમાં ઈન્દ્ર અને પૃથ્વીમાં અગ્નિ પ્રદીપ્ત થાય છે. રોજે રોજના અગ્નિહોત્ર, યજ્ઞ, યજ્ઞની ઈષ્ટિઓ અને ઋતુ, ઋતુના યજ્ઞ. વર્ષ વર્ષના સોમયાગો ચાલૂ થયા છે, તે પરથી બ્રહ્માંડની રચના થઈ છે. આ માનવનો દેહ તે પિંડ છે, તેમાં આખું બ્રહ્માંડ વસ્યું છે. જે પિંડે છે, તે જ બ્રહ્માંડે છે, જેણે પિંડની રચનાને જાણી લીધી, તેણે બ્રહ્માંડ, બ્રહ્મમંડળનું રહસ્ય મેળવી લીધું; તેના દેવને જાણી લીધા. તેનાં વર્ણન ઋષિએ વેદના મંત્રમાં ગાયાં છે. તે મંત્રની વાણી છંદમાં રચાઈ છે. આ છંદ પણ એકલા વર્ણ કે માત્રાના સુમેળની બાંધણી નથી; તે છંદનાં રહસ્ય પણ જાણવા જેવાં છે, તેનું નિરૂપણ આ બીજા સૂક્તમાં થયું છે : બ્રહ્મવિદ્યાના રહસ્યને ઉકેલવામાં આ મંત્રની વાણીનાં સ્થૂલ, સૂક્ષ્મ ને કારણરૂપ જાણવા માટેનું આ મંત્રોપનિષદ્ એટલું જ મહત્ત્વનું છે.

૧ ગાયત્રી વગેરે છંદ છે, તેમાં વર્ણ અને પાદની ગણના છે; પણ એટલાથી જ પુરતું નથી. જે છંદ છે, તે જેમ વર્ણ અને પાદને બાંધે છે, એમ જ તેનાં રહસ્ય અને તાત્પર્ય પણ છે, તે ભાવનાને અનુસરી, ઋષિ બ્રહ્મા ગાયત્ર વગેરેના અધ્યાત્મ રહસ્યને રજૂ કરે છે :

'જે ગાયત્ર છે, તેનો સંબંધ ગાયત્રી છંદની સાથે છે, તેની સાથે ગાયત્રી તે ભૂર્લોક છે અને તેની સાથે સંબંધિત અગ્નિ તે ગાયત્ર છે; કારણ કે પ્રજાપતિના મુખથી ગાયત્રીની સાથે ભૂર્લોક અને તેના અધિષ્ઠાતા અગ્નિની ઉત્પત્તિ થઈ છે. એ જ રીતે જે ત્રૈષ્ટુભ છે, તેનો સંબંધ ત્રિષ્ટુપ્ છદની સાથે છે, તેની સાથે ત્રિષ્ટુપ્ તે ભુવર્લોક અંતરિક્ષ છે અને તેની સાથે સંબદ્ધ વાયુ તે ત્રૈષ્ટુભ છે. અર્થાત્ પ્રજાપતિએ ત્રિષ્ટુપ્થી ભુવર્લોક અને વાયુની રચના કરી છે; તેમજ જે જે જગત કે જાગત છે, તેનો સંબંધ જગતી છંદની સાથે છે, તેની સાથે જગતી તે સ્વર્લોક છે અને તેની સાથે સંબંધિત સૂર્ય જગત્ છે. આ રીતે તત્ત્વજ્ઞાનીઓ ગાયત્રી, ત્રિષ્ટુપ્ અને જગતી છંદનાં અધ્યાત્મ રહસ્ય જાણે છે, તે અમૃતભાવ-મોક્ષને મેળવે છે. આ ગાયત્રના વ્યવહારથી બ્રહ્મજ્ઞાનીઓ મંત્રના રહસ્યને જાણી લે છે, જે અર્ક–ઋચાથી નિબદ્ધ છે અને જે અર્ચનીય દેવ છે. એ એક અર્ક–ઋચાથી સામગાનની રચના કરે છે. હવે જે ત્રૈષ્ટુભ છે, તેના વ્યવહારથી વાકની રચના કરે છે. એ જ રીતે વાકના સમૂહથી અનુવાક કે સૂક્તની રચના કરે છે, જેમાં દ્વિપદા–બે ચરણવાળી ઋચાઓનો સમૂહ છે. આમ અક્ષરોની

૧ અથર્વવેદ ૯, ૧૦, ૧-૩ ઋગ્વેદ ૧, ૧૬૪, ૨૩-૨૫

ગણનાથી ગાયત્રી વગેરે સાત છંદોની રચના કરે છે. આ તો તેનો સામાન્ય અર્થ છે, પણ છંદના અક્ષરોમાં સાતેય લોકો સમાય છે, તે તાત્પર્ય છે. આ રહસ્યને અનુસરી આદિ પ્રજાપતિએ જગતી છંદમાં ગવાતા સામથી સ્વરસિંધુને દ્યુલોકમાં રોકી રાખેલ છે તેમજ રથંતર સામગાનમાં સૂર્યનાં દર્શન કર્યાં છે. એ જ રીતે જે ગાયત્ર-ગાન છે; તેથી તો ત્રણ સમિધાઓ કહી છે, અર્થાત્ ગાયત્રીના આઠ અક્ષર, ત્રિષ્ટુપ્‌ના અગિયાર અને જગતીના બાર અક્ષર છે, તો પણ ગાયત્રી પોતાના મહિમાથી વિશેષ પદ ધરાવે છે.'

ગાયત્રી વગેરે છંદથી બંધાએલી વાણીનું મૂળરૂપ પરા છે, તે પશ્યંતી અને મધ્યમા દ્વારા પ્રગટ થાય છે, તે વૈખરી રૂપે બને છે, તે મૂળવાણી ગોરૂપ છે, તેનાં દોહન ઋષિ કે કવિ ભાવુકજનના બોધ માટે કરે છે. વાણીમાં રહેલો ભાવ તે ગાયનું દૂધ છે, તેનાં પાન કરનાર ભાવુક વત્સરૂપે છે. જેમ વાછડાને જોઇ ગાય વાસો મૂકે છે ને દૂધ આપે છે, તેમજ વાણી પણ ભાવુકજન પાસેજ પોતાનો ભાવ રજૂ કરે છે. યજ્ઞ-નિમિત્તે જે સેવા અને પરોપકારનાં કાર્યો થાય, તેમાં મંત્રની વાણી ગોરૂપ સારી રીતે વ્યકત કરે છે, એના સૂચન રૂપે ઋષિ બ્રહ્મા ગોની ઉપમા આપી વાણીનો મહિમા ગાય છે :

[૧] 'જેના હાથમાં ગાય દોહવાની કળા રહેલી છે, એવો હું ઋષિ આ વાણી-રૂપ ગાયને બોલાવું છું, જેનાં દોહન સારી રીતે થઈ શકે છે; પણ જાણે ગાયને દોહી છે, તે જ આ વાણીરૂપ ગાયને દોહે. વાણીના સર્જન કરનાર દેવ સવિતા સર્વ—વાણીનાં શ્રેષ્ઠ સર્જન—અર્થના ભાવ અમારે માટે પેદા કરે. તેને કારણે વધેલા ઉષ્માભર્યા ભાવ અમને બતાવે. આ વાણીરૂપ ગાય વાછડાને જોઈ હિંકાર—ગાન કરે છે; તે એક એક વસુ—વસાવવા લાયક ધન સાધનના મૂળ વસુ-અર્થના ભાવનું રક્ષણ કરનારી છે. તે પોતાના મનોભાવથી વાછડાને ઈચ્છે છે અને તેથી તે ઘણે દૂર ગોચરમાં ગઈ હોય, ત્યાંથી વાછડા પાસે આવી પહોંચે છે. આ ગાય અઘ્ન્યા છે : અર્થાત્ તેને કોઈ મારતું નથી કે તેના માર્ગને કોઇ રોકતું નથી. તે નિર્વિઘ્ને સરળ ભાવે આવીને દૂધ દોહવા દે છે, જે દૂધ પ્રાણના દેવ અશ્વિનીકુમારોને મળે છે. આ દિવ્ય વાણીરૂપ ગાય મોટા સૌભાગ્ય માટે વધતી રહો. આ તે ગાય છે કે જે ઉત્સુક વાછડાને ચાહે છે. ઉત્સાહમાં આવેલ તે વત્સ પોતાની ગોમાતાની સાથે માથું ઊંચું કરીને હિંકાર—ગાન કરે છે. તે ગાય જ્યારે વાછડાને ચાટે છે, ત્યારે તેના આંચળમાંથી ગરમ ધારોષ્ણ દૂધ છૂટે છે, કારણ કે તે ગાયે ભાવથી વાસો કર્યો છે. આ ગાય ધારોષ્ણ દૂધની સાથે સાથે દિવ્ય પ્રકાશ પણ ફેલાવે છે, તેથી તે જે દૂધ આપે છે, તેની સાથે પ્રેરણા જાગે છે.

---

૧ અથર્વવેદ ૯, ૧૦, ૪–૭ ઋગ્વેદ ૧૦, ૧૬૪, ૧૬–૨૯

દિવ્ય દૂધનાં પાન કરી એ વાછડો સંતોષ ભરેલા દિવ્ય નાદ કરે છે; તે નાદથી મસ્ત બનેલી ગોપાણુ ગોષ્ઠમાં રહી પોતાનો પ્રેમભાવ રજૂ કરે છે. આમ એ વાણીરૂપ ગૌ એક એક મર્ત્ય માનવની સાથે જોડાઈ જાય છે. તે વીજળીના ચમકારાની જેમ ઉત્સાહની પ્રેરણા આપી મનુષ્યને ઉત્તમ ગતિ આપે છે.'

આ સર્જનની પ્રકૃતિએ જ ગો–વાણીનું રૂપ લીધું છે, તે સર્જનનો પાલક પિતા સવિતા અર્ધભાવનું રૂપ છે. એ બંનેનાં મિલનથી આ સંસાર રચાયો છે; તેનો ભોક્તા જીવ એક વત્સ છે, તેને પ્રકૃતિ તરફથી દેહ મળ્યો છે, જે પોતે જડ છે, તેમાં પ્રાણનાં ચેતન પૂરાતાં તે સચેત બને છે. તે ચાલ્યો જતાં શરીર મરણ પામે છે. આમ દેહની સાથે જન્મ–મરણ જોડાયાં હોવા છતાં, તેના ધર્મોથી જીવ જકડાય છે; તેવા દેહનાં વ્યવહારનાં દર્શન કરતાં ઋષિ બ્રહ્મા જણાવી રહ્યા છે :

૧ 'આ તે દેહ છે, જેમાં પ્રાણના સંચાર થતાં સચેત બની જીવનના વ્યાપાર શરુ થાય છે, પણ જ્યારે પ્રાણ ચાલ્યા જાય છે, ત્યારે તે દેહ નિવાસ સ્થાનોમાં જડની જેમ પડયો રહે છે, તે શરીરમાં રહેલો જીવાત્મા પણ મૃત-શરીરની સાથે સંચાર કરે છે. તે પોતે અમર્ત્ય–અજર અમર છે, તો પણ પોતાના ઉત્પત્તિ સ્થાન શરીરની સાથે સયોનિ એકરૂપ બનીને પોતાની સ્વધા શક્તિઓની સાથે ટકી રહે છે : અર્થાત્ પ્રાણ ચાલ્યા જતાં શરીર મરી જાય છે, જીવ મરતો નથી. તે જ જીવ અન્નના સંબંધે શરીર સાથે ટકી રહે છે. આ સંસાર તો પ્રકૃતિ પ્રપંચે રચેલ એક સલિલ સાગર છે, તેની પીઠ પર એક પલિત–અત્યંત વૃદ્ધ જીવ અવનવાં યુવા શરીરો સાથે જાગતો રહે છે. આ દેહ સાથેના જન્મ–મરણના વ્યવહાર હોવા છતાં, એ જીવાત્મા પોતાના મહિમાથી સભર સચેત રહે છે, એ તો દેવે રચેલું એક કાવ્ય છે. સાચે જ, તે આજે મરણ પામે છે, પણ પાછો પ્રાણ ધારણ કરે છે. દેવનું આ કાવ્ય–ક્રાન્તદર્શન છે, જેને મરણ અડતું નથી. હવે જે જીવ પોતાની પ્રકૃતિનાં સર્જન કરે છે, તે પોતાના વાસ્તવિક સચેત સ્વરૂપને જાણતો નથી. તે પોતાની જ રચેલી સૃષ્ટિનાં દર્શન કરે છે; તેથી તો હલકી ગતિને પ્રાપ્ત કરે છે. તે પોતે પ્રકૃતિમાતાની યોનિમાં આવી જન્મ–મરણના ચક્રમાં ફસાય છે. આમ તેને વારંવાર જન્મ લેવા પડે છે અને તે વિનાશમાં જઈ પડે છે; પણ મેં એક એવા દિવ્ય ચેતનવાળા જીવાત્માને જોયો છે, જે ઇંદ્રિયોને વશ રહેલ પ્રકૃતિનાં સ્વભાવને વશ થતો નથી. જો કે તે ઇંદ્રિયોના રચેલા માર્ગો પર નીચે અને ઊંચે સંચાર કરતો રહે છે, છતાં તેને વશ થતો નથી. તે જીવાત્મા ઇંદ્રિયોની સાથે વ્યવહાર કરે છે, તો પણ તે તેનાથી નિર્લેપ રહી દૂર સુદૂરના માર્ગે પણ સંચાર કરે છે. તે પોતે આ બધા લોકોની અંદર નિવાસ કરે છે, તો પણ તે પોતાના સ્વરૂપને

---

૧ અથર્વવેદ ૯, ૧૦, ૮–૧૨ ઋગ્વેદ ૧, ૧૬૪, ૩૦–૩૩

ભૂલતો નથી. ઉપર રહેલ દ્યુલોક મારા જનક પિતા છે અને આ મહી પૃથ્વી મારી માતા છે. ઉપરના દ્યુલોક અને નીચેનાં પૃથ્વીલોકનાં બે પાત્રો મધ્ય અંતરિક્ષમાં મળેલાં છે, તે નાભિ સ્થાનનો સંબંધ છે. એ દષ્ટિએ તે ઉત્પત્તિનું સ્થાન છે. પાલક પિતા પરમેશ્વર દૂર પ્રકૃતિમાં ગર્ભ ધારણ કરે છે.'

વાણીને ગોરૂપ આપવાથી તેનું સૂક્ષ્મ રૂપ સમજવામાં આવે છે. એ ગાયને વિરાટ રૂપે યજ્ઞની વેદી પણ કહી છે. એ વિષે વિચારણા કરતાં, ઋષિ બ્રહ્માએ ગુરુ શિષ્ય વચ્ચે સંવાદ રચ્યો છે, તેની રજૂઆત હવે કરે છે :

૧ 'હે ગુરુદેવ, આપને હું પ્રશ્ન પૂછું છું કે, આ પૃથ્વીનો છેડો ક્યાં રહેલો છે. બીજો પ્રશ્ન એ છે કે, જે સૂર્યરૂપ અશ્વ છે, તે વર્ષણશીલ છે, તેનું રેતસ શું છે. ત્રીજો પ્રશ્ન છે કે, આ સકલ લોકની નાભિ શું છે અને ચોથો પ્રશ્ન છે કે, વાણીનું પરમ આકાશ–જન્મ સ્થાન ક્યાં છે ?

'હે પ્રિય શિષ્ય, પૃથ્વીનો છેડો આ વેદીની ભૂમિ છે, જ્યાં સેવાનાં કાર્ય થાય છે. વર્ષણશીલ સૂર્યનું રેતસ તે સોમરસ છે. આ સેવા યજ્ઞ તે સકલલોકની નાભિ છે અને શબ્દબ્રહ્મનાં સર્જન કરનાર બ્રહ્મા પ્રજાપતિ આ વાણીનું ઉત્પત્તિ સ્થાન પરમ વ્યોમ છે. આ સંસારના પ્રપંચમાં બંધાઈ રહેલા એક જીવ તરીકે હું મનથી સંચાર કરું છું, પરંતુ હું તે સંસારના એક ભાગરૂપે રહેલો છું કે નહિ, તે બાબત હું જાણતો નથી. જ્યારે ઋત–પ્રકૃતિનો પહેલો પ્રવર્તક પ્રજાપતિ મારી પાસે આવ્યો, ત્યારે આ વાણીના વ્યવહારનો એક ભાગ મને પ્રાપ્ત થયો. આ જીવાત્મા પોતે અજર–અમર છે, તો પણ તે મર્ત્ય શરીરની સાથે સંસારનું કારણ બને છે અને પોતાની સ્વધા-શક્તિથી નીચે ઉપર ગતિ કરે છે.

'આ જીવાત્મા અને પ્રકૃતિના સંબંધો તો શાશ્વત હોવા છતાં પરસ્પર વિરુદ્ધ છે, પણ તે બાબતને કેટલાંક જાણે છે અને કેટલાક નથી જાણતા. આ સકલ લોકને ઉત્પન્ન કરનાર રેતસ્ સાત અર્ધ ભાગમાં વહેંચાઈને સર્વ વ્યાપક પરમેશ્વરના વિશેષ ધર્મમાં રહે છે. એ બાબતને જાણનાર ડાહ્યા માણસો પોતાની બુદ્ધિઓ અને મનથી સુયોગ સાધી વિશ્વની ચારેબાજુ પોતાનો પ્રભાવ જમાવે છે. આ સકલ લોકના વિશ્વેદેવો છે, તે પરમ વ્યોમમાં ઉત્પન્ન થનાર ઋચાના અક્ષરમાં નિવાસ કરે છે, તે રહસ્યને જે જાણતો નથી. તે કેવળ ઋચા જાણીને શું કરવાના છે ? હવે જે ડાહ્યા માણસો આ રહસ્યને જાણે છે; તેમનો ત્યાં સમાવેશ થાય છે.

'એ ઋચાના પદ ને માત્રાનો સુમેળ સાધી સમર્થ બનાવનાર જ્ઞાનીજનો તો એક અરધી ઋચાથી પ્રેરણા આપી જગતને ચલાવે છે. ત્રણ પાદ સાથેનું તે વિરાટ્ બ્રહ્મ

---

૧ અથર્વવેદ ૯, ૧૦, ૧૩–૧૯ ઋગ્વેદ ૧૦, ૧૬૪, ૩૪–૩૯

તો વ્યાપકરૂપે રહેલું છે, તેનું જે ચોથું પાદ છે, તેથી તો ચારે બાજુની દિશાઓના પદાર્થો જીવતા રહે છે.'

જેમ ગોપશુ અન્નજલ પર નિર્ભર રહી, ઈચ્છા પ્રમાણે ગોચરમાં ફરતું રહે છે, એમજ આ પ્રકૃતિરૂપ વિરાટ ગૌ છે, તેથી સૌ પદાર્થો પેદા થાય છે. તેના મૂલમાં જે મૂલવાણી છે, તે પણ છંદનાં વિવિધ ચરણોમાં વ્યકત થાય છે. તેનાં ચાર વિવિધ રૂપો છે, તે વિરાટની સાથે પરમાત્મા, જીવાત્મા અને સંસારના વ્યવહારો શરૂ થાય છે, તેજ રીતે મૂળમાં તે એક હોવા છતાં વિદ્વાનો તેને વિવિધ રીતે જાણે છે. આ રીતના પ્રકૃતિ અને પુરુષના વ્યવહારના તાત્પર્યને રજૂ કરતા આ બ્રહ્મા ઋષિ જણાવે છે:

[1]'આ વાણી છે, તેણે ગાયનું રૂપ ધારણ કર્યુ છે, તેના પર કોઈ ઘા કરતું નથી, તેને મારવાની ઈચ્છા થતી નથી, માટે તે અઘ્ન્યા છે. બધાના હૃદયમાં એક ભાવના છે: આ ગાય ગોચરમાં ફરતી રહે, ઉત્તમ પ્રકારનાં જવધાન ખાતી રહે અને ભાગ્ય વધારતી રહે. તે બળવતી છે; તેના ભાગ્ય સાથે અમારૂ ભાગ્ય જોડાયું છે, તેથી અમે ભગવાન—ભાગ્યશાળી બનીએ. તે નિત્ય નિરંતર તૃણ ચરતી રહે અને હરતી ફરતી રહે. આ ગો છે, તેજ ગૌરી વાણીનાં શુદ્ધ રૂપ છે, તેણે સમુદ્ર પરનાં સલિલ વર્ણ માત્રાઓની રચના કરી છે, તે વર્ણોથી ચરણોની રચના થઈ છે. આ રચના વિવિધ પ્રકારની છે: એક પદી, દ્વિપદી, ચતુષ્પદી, અષ્ટાપદી, નવપદી: એમ પાદ પદમાં ચરણ ચરણમાં ચાર ચાર અક્ષરોની વૃદ્ધિ થતાં હજાર અક્ષરોની પંક્તિ બને છે. મૂળમાં તો જે સ્વરનો મહાન સમુદ્ર છે; તેમાંથી અક્ષરોની રચનાઓ થતી રહે છે: વૈખરી વાણીમાં તે અક્ષર રચનાઓ ખરતી રહે છે.

'જે સૂર્યનાં કિરણો છે, તે જલ તન્માત્રાઓનાં વસ્ત્ર ધારણ કરે છે, તે કિરણો લીલા ઘોડા જેવાં છે, જેને સુંદર પાંખો છે, તે કિરણો કૃષ્ણ—સૂર્યના આકર્ષક તેજને નિરયન માર્ગે દ્યુલોક તરફ ઉડાવી જાય છે; તે કિરણો ઋત-પ્રકૃતિના ધામથી અંતરિક્ષ તરફ નીચે પથરાઈ જાય છે અને સૂર્યના સાર રૂપ પદાર્થ-જલનાં દાન આપી, પૃથ્વીને ભીંજાવી દે છે; એજ રીતે સમુદ્રપરથી ઉઠેલી આ વાણી જલનાં તન્માત્રાઓથી સંગત સૂર્યનાં કિરણો જેવી છે; જે વાણીને પોતાનું એકેય પાદ કે ચરણ નથી, તો પણ પાદબદ્ધ ઋચાઓની મોખરે રહે છે. તેથી ભલા, હે મિત્ર અને વરુણ તમે દિવસ અને રાત્રિના દેવો છો, તોપણ તમાર બેમાંથી એ વાણીના રૂપને કોણ જાણે છે? તે અવ્યકત સૂક્ષ્મ વાણી તો આદિ હિરણ્ય ગર્ભના ભારને ધારણ કરે છે. તે ઋત-કુદરતન: નિયમોના પાલન કરે છે અને જે અનૃત ખોટું છે, તેનું પતન કરે છે.

'આ વાણી, પૃથ્વી, અંતરિક્ષ, પ્રજાપતિ, મૃત્યુ વગેરે તો વિરાટ છે, એ બધા

---

૧. અથર્વવેદ ૯, ૧૦, ૨૦–૨૮ ઋગ્વેદ ૧, ૧૬૪, ૪૦–૪૭.

પદાર્થો વિરાટ્રૂપ ધારણ કરી સાધ્યદેવોના અધિરાજ બની ગયા. ભૂત અને ભવ્ય જે સૌ કાંઈ તેને વશ થઈ ગયું; તે બધું ભૂત અને ભવ્ય મને વશ થાઓ. જે ઋત-કુદરતના નીતિ નિયમો છે, તેને અનુસરનારા ધર્મો પારસ્પરના આદાન–પ્રદાન છે; તે પ્રમાણે પહેલાં સૃષ્ટિનાં સર્જન થએલાં છે, તેજ પ્રમાણે સેવાને પરોપકારનાં કાર્ય કરનાર વીરજનો કોમળ સોમલતાને પકવી, સોમરસ કાઢી સોમયાગ કરતા રહે છે. જ્યારે સોમયાગમાં સોમરસની આહુતિ અપાય છે, ત્યારે તે આહુતિઓથી પ્રગટ થતો શક્તિશાળી યૂપ જોવાને મળે છે અને તેથી યજ્ઞની વેદી પર રહેલ અગ્નિનાં દર્શન થાય છે, એજ રીતે આ વાણીને પ્રગટ કરવામાં જાઠરાગ્નિ કારણ બને છે. આ વાણીને ઉત્પન્ન કરનાર ત્રણ અગ્નિઓ સૂર્યનાં કેશ–કિરણ જેવાં છે; જે ઋતુ ઋતુના નિયમ પ્રમાણે જોવા મળે છે. તેમાંનો એક પૃથ્વી પર રહેલો અગ્નિ વર્ષ વર્ષનાં ધાન્ય પકવે છે, બીજા દ્યુલોકનો અગ્નિ–સૂર્ય પોતાનાં કિરણોની શક્તિઓથી વિશ્વને પ્રકાશિત કરે છે અને ત્રીજો અંતરિક્ષનો વાયુ છે, તે ધ્રાજિ–ધૂજારાના રૂપે જોવાને મળે છે, પણ તેનાં રૂપ જોવાને મળતાં નથી. આ વિવિધ અગ્નિઓથી પ્રગટ થતી વાણીનાં ચાર પદ છે: પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી; પરંતુ વાણીનાં સૂક્ષ્મ રૂપ જાણનાર તત્વજ્ઞાની મનીષીજનો જ તેનાં ચાર રૂપો જાણે છે, કારણ કે તેનાં ત્રણ રૂપ તો શરીર રૂપ ગુફામાં ઢંકાયાં છે ને ચોથી વૈખરી વાણીને જ મનુષ્યો વ્યવહારમાં લે છે. આ વાણીના અધિષ્ઠાતા દેવોનાં નામ બ્રહ્મવાદીજનોએ જણાવ્યાં છે; તેમને ક્રમથી ઈન્દ્ર, મિત્ર, વરુણ અને અગ્નિ કહ્યા છે. જે ગરુત્માન્-ગતિશીલ દિવ્ય સુપર્ણ છે, તે વાણીનો અધિષ્ઠાતા છે; તે એક સત છે, તોપણ ડાહ્યાજનો તેનો વિવિધ નામે વ્યવહાર કરે છે બ્રહ્મવાદીજનો તેને અગ્નિ, યમ અને માતરિશ્વાને નામે જણાવે છે.'

# ૪

# વેદમાતા ગાયત્રી

આ એક દાખલો છે : પાન ચાવવું. પાન ખાવું અને પાન જામવું. અહીં ક્રિયા એક પણ તેના પ્રકાર ત્રણ છે. નાગરવેલનું પાન મ્હોંમાં મુકો અને ચાવો, ત્યારે સોપારી, એલચી, લવીંગ, મસાલો, કાથો, ચૂનો વગેરે ચીજો વર્તાય છે. તે બધી ચીજો ચવાઈ—દળાઈ એકરસ થતાં, પાન ખાધાનો અનુભવ થાય છે. તે પાન પૂરેપૂરું ચવાઈ ખવાઈ ગળા નીચે ઉતરી ગયા પછી, એક રસ વર્તાય, તેને પાન જામ્યું કહેવાય. અહીં પાન ખાનાર એક છે, તેને ત્રણ અનુભવ થાય છે. પાન ચાવવું તે સાધારણ, પાન ખાવું તે સામાન્ય અને જામવું તે ઉત્તમ ક્રિયા ગણાય.

એજ રીતે ગાયત્રી મંત્રના ચોવીસ વર્ણ જપવા, તે સાધારણ ક્રિયાને શબ્દ-શક્તિ, મંત્ર જપતાં જપતાં અર્થ જાગવો, તે સામાન્ય ક્રિયાને અર્થશક્તિ અને મંત્રનો ભાવ મનમાં જાગવો, તે ઉત્તમ ક્રિયાને ભાવશક્તિ કહે છે. સાધનની પરિભાષામાં શબ્દશક્તિને ગાયત્રી દેવી, અર્થશક્તિને સાવિત્રી દેવી અને ભાવ શક્તિને સરસ્વતી દેવી કહે છે. સાધકજન મંત્ર જપતાં ત્રણેય દેવીઓને બોલાવે છે : गायत्रीम् आवाहयामि । सावित्रीम् आवाहयामि । सरस्वतीम् आवाहयामि। તંત્ર શાસ્ત્ર પ્રમાણે ગાયત્રીનાં ધ્યાન સવારે બ્રહ્મા કરે; તેનું વાહન હંસ, બપોરે સાવિત્રીનાં ધ્યાન મહાદેવ કરે, તેનું વાહન વૃષભ અને સાંજે સરસ્વતીનાં ધ્યાન વિષ્ણુ કરે; તેનું વાહન ગરુડ છે. અહીં પણ શબ્દ તે હંસ,

અર્થ તે વૃષભ અને ભાવ તે ગરુડના રૂપકને અનુસરે છે. રહસ્ય વિદ્યા પ્રમાણે આ મંત્રમાં ગાયત્રી, સાવિત્રી અને સરસ્વતી ત્રણેય શક્તિઓ પ્રગટે છે. સાધક જ્યારે ગાયત્રીમંત્રનું ધ્યાન ધરે છે, ત્યારે તેને આધિભૌતિક સૂર્ય મંડળનાં દર્શન થાય છે, તે પછી આધિદૈવિક સવિતા નારાયણનો યોગ જાગે છે અને છેવટે આધ્યાત્મિક ભર્ગ-શક્તિનો યોગ જાગે છે.

ઋગ્વેદના ત્રીજા મંડળના ૬૨ માં સૂક્તના દશમા મંત્રમાં ઓંકાર અને વ્યાહૃતિઓ વિનાનાં ત્રણ ચરણોની ગાયત્રીમાં આ મંત્ર જોવાને મળે છે. શુકલ યજુર્વેદમાં આ મંત્ર ચાર ઠેકાણે ભણાયો છે. તેમાં ઓંકાર અને ત્રણ વ્યાહૃતિઓનો નિર્દેશ છે. યજુ-ર્વેદના શતપથ બ્રાહ્મણ (૧૪, ૯, ૧૫,)માં ઓંકાર અને ત્રણ વ્યાહૃતિઓનાં રહસ્ય બતાવ્યાં છે, તેમજ (૧૪, ૯, ૩, ૧૧–૧૩) મધુમતી નામની રહસ્યવિદ્યા બતાવી છે. સામવેદનાં સાત ગાનમાં પહેલું ગાયત્રગાન છે. આમ ગાયત્રી મંત્રની પ્રતિષ્ઠા ઋચા, યજુ અને સામરૂપે રજૂ થયા પછી, અથર્વવેદમાં તે મંત્ર ભણાયો નથી. પણ તેને વેદ-માતા નામ આપ્યું છે તેમજ ગોપથ બ્રાહ્મણના ગાયત્રી ઉપનિષદના અંતે इति वेदानां मातरं सावित्रीसंपदम् તરીકેનો નિર્દેશ છે. મનુ સ્મૃતિમાં જણાવ્યું છે કે ઋગ્વેદથી પહેલા, યજુર્વેદથી બીજા અને સામવેદથી ત્રીજા ચરણનાં દોહન કરવામાં આવ્યાં, માટે તે સાવિત્રી તેના ઋષિ પરમેષ્ઠી પ્રજાપતિ છે અને તેજ દેવ છે.

[1] તે ઋષિ બ્રહ્મા છે. તેમણે પાંચ ચરણોથી બનેલ અને ત્રણ યતિઓ સાથેના અતિજગતી છંદમાં વેદમાતાની સ્તુતિ કરતાં જણાવ્યું છે :

એ વરદા વેદમાતા છે, તેની મેં સ્તુતિ કરી છે; જેની પ્રેરણા મેળવનાર દ્વિજ-જનોઈ ધારણ કરનાર સૌ જનોને તે પવિત્ર બનાવે છે. તે અમને આયુ, પ્રાણ, પ્રજા, પશુ, કીર્તિ, દ્રવ્ય અને બ્રહ્મવર્ચસ્વ આપે અને સૌ વિભૂતિઓ બ્રહ્મલોકમાં પધારે.'

આ મંત્રના બે ભાગ છે. પહેલા ભાગમાં વેદમાતાના સ્વરૂપનું વર્ણન છે અને બીજામાં ફલશ્રુતિ છે. ઋગ્, યજુ અને સામમાં આવેલ આ ગાયત્રી સાવિત્રીના મંત્રને વેદમાતાનું પદ આપીને અથર્વવેદે તેની મોટી પ્રતિષ્ઠા કરી છે. અથર્વવેદના ઋષિઓમાં ગોપથ એક ઋષિ છે, જેણે રાત્રિ વિષેનાં ચાર સૂક્તો (૧૯, ૪૭, પ્ર.)નાં દર્શન કર્યાં છે. તેજ ઋષિ બ્રહ્મવાદી પણ છે; તેમણે બ્રહ્મ–મંત્રો પરના બ્રાહ્મણનાં વ્યાખ્યાન પ્રવ-ચન કર્યાં છે, તે ગોપથ બ્રાહ્મણ છે, તેની શરૂઆતમાં તેણે અથર્વાંગિરસ ગોત્રનાં સર્જનની કથા સાથે સૃષ્ટિનાં વિજ્ઞાનનો સમન્વય સાધ્યો છે :

[2] 'એકલું બ્રહ્મ તો પહેલાં હતું. તે પોતે એક જ હતું. તેણે જોયું કે, આ તો એક મહાન યક્ષ, તે રૂપે હું એક જ છું. ચાલ હું મારાથી બીજા દેવની રચના કરું.

૧. અથર્વવેદ ૧૯, ૭૧, ૧ ૨. ગોપથ બ્રાહ્મણ ૧, ૧, ૧–૧૫

તેણે શ્રમ કર્યો, તપ કર્યાં ને સંતપ્ત કર્યા. તે શ્રાન્ત તપ્ત સંતપ્ત બ્રહ્મના લલાટે સ્વેદ થયો. તે સ્વેદ પરસેવો ભીનો હતો, તેને આનંદ થયો; અહો આ જે મહાન યક્ષ હતું, તેને સ્વેદ–સુવેદના રૂપે અમે મેળવી લીધું. આમ જેને સારી રીતે જાણી લેવું, તેને સુવેદ કહે છે, પણ તેને સ્વેદ કહ્યું, કારણ કે દેવો પરોક્ષપ્રિય છે : સીધે સીધા નામથી બોલાવો, તે તેમને ગમતું નથી.'

આમ શરૂઆતમાં બ્રહ્મની સાથે વેદને જોડીને અથર્વવેદ બ્રહ્મવેદ છે, તે વાતની અહીં સ્પષ્ટતા કરી છે, તે પછી ભૃગુ, અંગિરાઓ વિષે જણાવે છે :

'તે તપ વધવાથી સ્વેદની ધારાઓ શરીરનાં રોમેરોમનાં છિદ્રોથી વહેવા લાગી; તેના આધારે બ્રહ્મે આ વિશ્વને ધારણ કરવું અને મેળવી લેવું, એમ વિચાર્યું. આમ धारयिष्यामि થી ધારા અને आप्स्यामि મેળવી લેવું તે आपः બન્યાં. આમ અથર્વાનાં કારણ આપઃ છે અને તેનો અધિષ્ઠાતા દેવ ચંદ્ર છે. આ જલમાં તેણે પોતાની છાયા જોઈ; તે જલના બે ભાગ થયા, એક ખારો સમુદ્ર અને બીજો ક્ષીર સાગર થયો. તે ક્ષીરસાગરમાં બ્રહ્મનું રેતસ્ ભુંજવા–સેકવામાં આવ્યું; તે अभृज्यत ભર્જનથી ભૃગુ ઋષિ થયા. આમ ભૃગુનાં સર્જન કરી, તે બ્રહ્મ અંતર્ધાન થયું. તે પછી તેણે જુદી જુદી દિશાઓ તરફ જોઈ કહ્યું : વાયુ, વાયુ, માતરિશ્વા, પવમાન, વાત. તે પછી તેણે નીચે જલમાં જોઈને કહ્યું . अथ अर्वाङ् एनम् એ શબ્દ પરથી ભૃગુનું નામ અથર્વા પડયું, જે બ્રહ્મરૂપ ગણાય છે.

'બ્રહ્માએ અથર્વાને દશ ઋષિઓમાં વિભકત કર્યા. જેમણે એક ઋચા જોઈ, તે એકર્ચા, બે ઋચા તે દ્વયર્ચા, ત્રણ તે તૃચ, ચાર તે ચતુર્ઋચ, પાંચ તે પંચર્ચા, છ તે ષડર્ચા, સાત તે સપ્તર્ચા, આઠ તે અષ્ટર્ચા, નવ તે નવર્ચા અને દશ તે દશર્ચા ઋષિઓ ગણાયા.

અહીં ક્રમથી અથર્વવેદના સાતમામાં એકને બે ઋચાનાં સૂકતો, છઠ્ઠામાં ત્રણ, પહેલામાં ચાર, બીજામાં પાંચ, ત્રીજામાં છ, ચોથામાં સાત, પાંચમામાં આઠ તેમજ આઠ, નવ અને દશમા કાંડમાં આઠ, નવ, દશ પ્રમાણેની ઋચાઓનાં સૂકતોનો ક્રમ છે. તે પ્રમાણે દશ ઋષિઓનાં નામ પાડયાં છે અને તેજ પ્રમાણે વીસ કાંડના વીસ અથર્વા ઋષિઓનાં નામ પણ આ બ્રહ્મવાદીએ આપ્યાં છે; તેનો નિર્દેશ અથર્વવેદ (૧૯, ૨૩, ૧–૨૮)ના મંત્રોમાં જોવાને મળે છે, તેની વ્યાખ્યા આ પ્રમાણે છે :

[1] 'તે બ્રહ્માએ સૌથી પહેલાં જયેષ્ઠ દ્યુલોકનો વિસ્તાર કર્યો; તે બ્રહ્મથી જયેષ્ઠ વીર્ય–સામર્થ્ય ભરી દીધાં. આમ સૌ ભૂતપદાર્થોમાં બ્રહ્મા પહેલા થયા. એ બ્રહ્માની સાથે ભલા કોણ સ્પર્ધા કરે?'

---

(૧) અથર્વવેદ ૧૯, ૨૩, ૩૦

તે બ્રહ્મ—મંત્રની વ્યાખ્યા કરતાં, બ્રહ્મવાદી ગોપથ બ્રાહ્મણમાં જણાવે છે :

'તે બ્રહ્મે શ્રમ કરી, તપ કરી : ત્રણ લોક—પૃથ્વી, અંતરિક્ષ અને દ્યુલોક; તેથી ત્રણ દેવ અગ્નિ; વાયુ અને સૂર્ય, તેથી ત્રણ વેદ ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ, બનાવ્યાં તેથી ત્રણ મહાવ્યાહૃતિઓ ભૂર્, ભુવર્ અને સ્વર્‌ની રચના કરી.

'આમ બ્રહ્મ ક્ષીરસાગરથી ભૃગુ ઋષિની રચના કરી અને સમુદ્રથી અંગિરાઓની રચના કરી; તે સારી રીતે દ્રવણ કરે માટે સમુદ્ર, તેમાંથી વરણ કર્યાં, તે વરુણ, તેમાંથી મુક્ત થયા, તે મૃત્યુ અને બધાં અંગોના રસથી થયા, તે આંગિરસ ગણાયા. આ રીતે ભૃગુઆંગિરસ અને અથર્વાંગિરસે જે મંત્રોનાં દર્શન કર્યાં, તે આંગિરસવેદ ગણાયો. આ આંગિરસ વેદની વ્યાહૃતિ जनत् છે તે પછી બ્રહ્માએ પાંચ ઉપવેદ અને વ્યાહૃતિઓની રચના કરી : પૂર્વથી સર્પવેદ, દક્ષિણથી પિશાચવેદ, પશ્ચિમથી અસુરવેદ, ઉત્તરથી ઈતિહાસવેદ, ધ્રુવા તેમજ ઉર્ધ્વા દિશાઓથી પુરાણવેદની; તે જ રીતે સર્પવેદથી વૃધત્, પિશાચથી करत् અસુરથી गुहत्, ઈતિહાસથી महत् અને પુરાણથી करत् વ્યાહૃતિઓની રચના કરી. આ પછી आवत અને परावत આ પાર ને પેલે પારની દિશાઓથી ઊર્ધ્વ લોકની રચના કરી, જેના शम् નામ પરથી શાન્તવેદ ગણાયો.

'એ બ્રહ્મે એક યજ્ઞની રચના કરી, જેમાં હોતા અગ્નિ, અધ્વર્યુ વાયુ, ઉદ્‌ગાતા સૂર્ય, બ્રહ્મા ચંદ્રમા, સદસ્ય પર્જન્ય, ચમસ ઔષધિવનસ્પતિઓ, વિશ્વેદેવો અને ગોપ્તા—રક્ષક અથર્વાંગિરસ બન્યા હતા. યજ્ઞની કોઈ વિરિષ્ટ—ખામી રહી જાય, તેને સુધારે સંધાન કરે અને તે માટે પ્રાયશ્ચિત કરે, તે રૂપે ઋત્વિજ બ્રહ્મા અથર્વવેદનો ગણાય છે.'

ઓંકાર મૂળ વાણી છે, તે અવ્યક્ત અક્ષર છે, તેનો પહેલો આકાર છે, રૂપ છે, તેને પ્રણવ કહે છે. તે પ્રકૃષ્ટ પ્રાચીન છે, તે અત્યંત અભિનવ છે, તેના સ્વરૂપને બતાવનાર ઉપનિષદ્ તે પ્રણવોપનિષદ ગણાય છે, તેનો દ્રષ્ટા—ઋષિ ગોપથ તેની વ્યાખ્યા રજૂ કરે છે:

[1]પુષ્કર-કમલના પત્ર પર બ્રહ્મ બ્રહ્માનાં સર્જન કર્યાં. તે બ્રહ્માએ શ્રમ અને તપથી ઓંકાર-અક્ષરનાં દર્શન કર્યાં. જેને બે વર્ણ અને ચાર માત્રાઓ છે. તે ઓંકાર સર્વવ્યાપી, સર્વવિભુ, અયાતયામ બ્રહ્મ છે. તે બ્રાહ્મી વ્યાહૃતિ છે, તેના દેવ બ્રહ્મ છે, તેના પહેલા વર્ણથી આપ:-જલતન્માત્રાઓ અને સ્વેદ તેમજ બીજા વર્ણથી તેજ અને જ્યોતિઓ પ્રાપ્ત થયાં. ઓંકારમાં ઓની ત્રણ સ્વર માત્રાઓ અને મકાર વ્યંજનની એક (અર્ધ) માત્રા ગણાય છે. પ્રથમ સ્વરમાત્રાથી પૃથ્વી અગ્નિ ઔષધિ વનસ્પતિ ઋગ્વેદ ભૂર વ્યાહૃતિ, ગાયત્ર છંદ, ત્રિવૃત સ્તોમ, પૂર્વદિશા, વસંતઋતુ. વાણીનું અધ્યાત્મ તત્વ અને ઈંદ્રિય જીભનો વિષય રસ થયાં; બીજી સ્વરમાત્રાથી અંતરિક્ષ

૧. ગોપથ બ્રાહ્મણ ૧, ૧, ૧૬–૩૦

વાયુ, યજુર્વેદ ભુવર્ વ્યાહૃતિ, ત્રૈષ્ટુભ છંદ, પંચદશસ્તોમ, પશ્ચિમ દિશા, ગ્રીષ્મઋતુ, પ્રાણનું અધ્યાત્મતત્વ અને ઈંદ્રિય નાકનો વિષય ગંધ થયાં, ત્રીજી સ્વરમાત્રાથી દ્યુલોક સૂર્ય સામવેદ, સ્વર્ વ્યાહૃતિ જાગતછંદ, સપ્તદશસ્તોમ, ઉત્તર દિશા, વર્ષાઋતુ, જ્યોતિ તેજનું અધ્યાત્મ અને ઈંદ્રિય આંખનો વિષય દર્શન થયાં. તેના ઓના ઉચ્ચારણમાં જે વ્યંજન વ જેવું ઉચ્ચારણ સંભળાય છે, તે વ્યંજનમાત્રાથી આપોલોક, ચંદ્ર, અથર્વવેદ, નક્ષત્રો થયાં. ઓમ રૂપે જે અથર્વવેદની પોતાની વ્યાહૃતિ છે, ૐ जनत् અંગિરાઓની ગણાય છે, તે ઉપરાંત આનુષ્ટુભ છંદ, એકવિંશસ્તોમ, દક્ષિણા દિશા, શરદઋતુ મનનું અધ્યાત્મ અને મનનો વિષય જ્ઞેય અને તેનું સાધન જ્ઞાન થયાં. તે પછીના મકાર માત્રાના શ્રવણથી ઈતિહાસ પુરાણ સાથે વૃધન, વાકોવાક્ય સાથે કરદ્ર, ગાથા સાથે ગહતૂ, નારાશંસી સાથે મહતૂ, ઉપનિષદો સાથે તતૂ અને અનુશાસન શાસ્ત્રો સાથે શમૂ થયાં, તે ઉપરાંત સંગત કરનાર વીણા વગેરે તંત્રીઓ, સ્વર સંગીત નૃત્ય, ગીત, વાદિત્ર; ચિત્રરથનો દૈવત વીજળી-જ્યોતિનો રથ બાર્હતછંદ, ત્રિણવ સત્તાવીશ અને ત્રેવીશ બે સ્તોમ ધ્રુવા અને ઊર્ધ્વા બે દિશાઓ, હેમંત અને શિશિર બે ઋતુઓ શ્રોત્રનું અધ્યાત્મ અને ઈંદ્રિય શ્રોત્રનો વિષય શ્રવણ થયાં.

એ રીતે ઓંકાર તે એક અક્ષરની ઋચા છે, તેજ બ્રહ્મવેદ અથર્વાનું શુક્ર છે, તેથી મંત્રો થયા છે. હવે જે કાંઈ તપ, શ્રમ કે સ્વાધ્યાયમાં ખામી રહી ગઈ, જે કાંઈ ઉણપ વિરિષ્ટ કે યાતયામ—વાસી થઈ ગયું હોય, તેના પ્રાયશ્ચિતરૂપે ઓંકાર ભણાય છે. ઓંકાર તેજ બ્રહ્મ છે, માટે બ્રહ્મ—મંત્રોની શરુઆત ઓંકાર ભણીને કરવી. ઓંકાર ઋચાઓમાં ઋચા, યજુમાં યજુ, સામમાં સામ, સૂત્રમાં સૂત્ર, બ્રાહ્મણમાં બ્રાહ્મણ શ્લોકમાં શ્લોક અને પ્રાણવમાં પ્રાણવ ગણાય છે.

सदृशं त्रिषु लिंगेषु सर्वासु च विभक्तिषु ।
वचनेषु च सर्वेषु यन्न व्येति तदव्ययम् ॥

ગોપથબ્રાહ્મણ ૧, ૧, ૨૬

[1]ઓંકાર વર્ણમાં ધાતુ, પ્રત્યય, પદ વગેરે વ્યાકરણને અનુસરતી વ્યાખ્યાઓ તેમજ તેની ચાર માત્રાઓમાં રહેલાં તત્વોની ઝીણવટભરી વ્યાખ્યા અહીં ગોપથ ઋષિએ ઈન્દ્ર અને પ્રજાપતિના સંવાદરૂપે રજૂ કરી છે. જે ત્રણ પુલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગમાં તેમજ બધી વિભકિતઓ અને વચનોમાં એક સમાન રહે, તે અવ્યય ગણાય છે, તે વ્યાખ્યા અહીં જોવાને મળે છે:

'ભગવનૂ અમે ઓંકાર વિષે પૂછીએ છીએ. તેમાં કયો ધાતુ, પ્રાતિપદિક—પદ, નામ—શબ્દ, આખ્યાત-ક્રિયા, લિંગ, વચન, વિભકિત, પ્રત્યય, સ્વર, ઉપસર્ગ અને નિપાત છે? તેનું વ્યાકરણ શું, વિકાર શું અને વિકારી કોણ, માત્રા કઈ, વર્ણ કયો,

૧ ગોપથ બ્રાહ્મણ૧, ૧. ૨૪—૩૦ ૨ ગોપથ બ્રાહ્મણ ૧, ૧. ૨૬—૨૭

અક્ષર કેટલા, પદ કેટલાં, સંયોગ શું, શિક્ષા ભણનાર—શિક્ષકો શી રીતે ઉચ્ચારણ કરે છે?

સ્થાનનાં અનુપ્રદાન અને કરણ કયાં, છંદ અને વર્ણ કયા? એ પૂર્વનાં પ્રશ્નો છે, તે ઉપરાંત તેની સાથે સંબંધ જોડનાર મંત્ર, કલ્પ—વિધિ બ્રાહ્મણ ઋચા યજુ અને સામ, ભણતાં બ્રહ્મવાદીઓ શામાટે ઓંકારને ભણે છે? ઓંકારનું શું દૈવત, જ્યૌતિષ, નિરુક્ત, સ્થાન છે, તેને બાર બારના ત્રણ વર્ગમાં રાખ્યા છે, તેની વ્યાખ્યા કરીએ.'

આ પ્રશ્નો પૂછાયા પછી ઈન્દ્ર પ્રજાપતિનો સંવાદ છે અને ઉત્તરો તે પછીની કંડિકાઓમાં છે.

'ધાતુ કયો તો આપૃ ધાતુ મેળવવાના અર્થમાં છે, કેટલાક અવતિ કહે છે. અહીં રૂપ સામાન્ય કરતાં અર્થ સામાન્ય નજીક છે, તે ન્યાયે આપૃથી ઓંકાર સર્વ મેળવે છે. તેને કૃદંત પ્રત્યયની સાથે અર્થ સામાન્ય નજીક છે, તે ન્યાયે આપૃથી ઓંકાર સર્વ મેળવે છે. તેને કૃદંત પ્રત્યયની સાથે અર્થવત્ પ્રાતિપદિક—પદ છે, માટે પ્રત્યયનું અદર્શન નામ પ્રાપ્ત થાય છે. વૈયાકરણો નિપાતોમાં ઉદાત્તને ગણે છે, ઓંકાર શબ્દ અન્વર્થ-અવ્યયીભૂત છે, ત્રણ લિંગ બધી વિભક્તિઓ અને વચનોમાં વિકારને પ્રાપ્ત થતો નથી. અહીં કયો વિકારી શબ્દ સંપ્રસારણ પામે છે, તો ર અને વ ને વિકાર થાય છે. આદિ ઓંકાર વિકાર પામે છે; બીજો મકાર છે, એ રીતે બે વર્ણ અને એકાક્ષર છે. કેટલી માત્રાઓ તો આદિથી ત્રણમાત્રા અને મકાર ચોથી ઉપર તરે છે. કયું સ્થાન, તો બંને ઓઠ, નાદનાં અનુદાન કરનાર બંને થાય છે. સંધિનો અક્ષર અવર્ણ લેશનું સ્થાન કંઠ છે, પૂર્વ વર્ણ વિવૃત, બીજો સ્પૃષ્ટ કરણ છે તેનો સંયોગ નથી. ગાયત્ર છંદ, દેવોની ગાયત્રી એકાક્ષરા અને શ્વેતવર્ણા છે. બે ધાતુના અર્થનું વચન તે વ્યાકરણ છંદો વચન તે શિક્ષા છે. એજ રીતે મંત્ર, બ્રાહ્મણ ઋગ્, યજુ, સામ અને અથર્વની વ્યાહૃતિ છે, તેમાં વેદોના ક્રમે ઓં, ભૂર્, ભુવર્ અને સ્વર્ છે.

'ઈન્દ્રે પ્રજાપતિને પૂછ્યું, ભગવન જાણવા માટે પૂછું છું, તો પૂછ. વત્સ, તેથી પૂછ્યું: આ ઓંકાર શું છે? તે કોનો પુત્ર છે? તેનો છંદ, વર્ણ વગેરે કોણ છે? તે બ્રહ્માએ બ્રહ્મની સંપત્તિ મેળવી; તેથી તેણે સૌ પહેલાં ઓંકાર ભદ્રને મેળવી લીધા. ઋગ્વેદમાં ઓંકાર એકાક્ષર સ્વરિતોદાત્ત છે, યજુર્વેદમાં એકાક્ષર ત્રૈસ્વર્ય ઉદાત્ત, સામ-વેદમાં એકાક્ષર દીર્ઘપ્લુત ઉદાત્ત, અથર્વવેદમાં એકાક્ષર હ્રસ્વોદાત્ત અને ઉદાત્તોદાત્ત છે. અ અને ઉ, મકારમાં અર્ધચતસ્ર માત્રા વ્યંજનની છે

'જે પહેલી માત્રા છે, તેના દેવ બ્રહ્મા અને વર્ણે રક્ત. ધ્યાન ધરે છે, તે બ્રહ્મ પદને પામે; જે બીજી માત્રા છે, તેના દેવ વિષ્ણુ અને વર્ણે કૃષ્ણ તેનાં ધ્યાન ધરે તે વિષ્ણુપદને પામે; જે ત્રીજી માત્રા છે, તેના દેવ ઈશાન અને વર્ણે કપિલ. તેનાં ધ્યાન ધરે તે ઈશાનના પદને પામે અને જે ચોથી અર્ધમાત્રા છે તેના દેવ સર્વ

( શર્વ ) અને વર્ણે શુદ્ધ સ્ફટિકની જેમ શ્વેત, તેનાં ધ્યાન ધરે તે અનામ પદને પામે.

'જે વિપ્ર–ડાહ્યો માણસ ઓંકારની ઉત્પત્તિ ન જાણે, તેણે ફરીથી જનોઈ ધારણ કરવું. વેદોનો ઓંકાર છે, તેનું ગોત્ર લાતવ્ય, બ્રહ્મનો પુત્ર, ગાયત્ર છંદ, શુક્લ વર્ણ પુરુષ વત્સ અને રુદ્ર દેવ છે.' ચાર વેદોની શરુઆતની ઋચાનો નિર્દેશ કરી, તેનાં દૈવત અને જયોતિ બતાવે છે :

'ઋચાઓનું દૈવત શું ? અગ્નિ અને તેજ જયોતિ તેમજ ગાયત્ર છંદ અને પૃથ્વી સ્થાન : 'अग्निमीळे पुरोहितमૃથી શરુ કરી, ઋગ્વેદનું અધ્યયન કરવું. યજુઓના દેવ વાયુ, તેજ જયોતિ, ત્રૈષ્ટુભ છંદ અને અંતરિક્ષ સ્થાન : इषे त्वोर्जे त्वा वायव स्थ देवो वः; થી શરુ કરી યજુર્વેદ ભણવો. સામગાનોના દેવ આદિત્ય, તે જયોતિ, જાગત છંદ અને દ્યુલોક સ્થાન 'अग्न आयाहि થી શરુ કરી સામવેદ ભણવો. અથર્વાઓનો દેવ ચન્દ્ર, તે જયોતિ, બધા છંદો અને આપોલોક સ્થાન છે. शं नो देवी થી શરુઆત કરી અથર્વવેદનું અધ્યયન કરવું.'

આ પછી ગ્લાવ મૈત્રેય અને મૌદ્ગલ્યના સંવાદરૂપે ગાયત્રી ઉપનિષદ્ શરુ થાય છે. ગ્લાવ સામગાનમાં કુશલ છે, પણ સવિતા અને સાવિત્રી વિષે તે જાણકારી ધરાવતો નથી; તેથી વિનીત શિષ્ય બની તે ગુરુને શરણે જાય છે. મૌદ્ગલ્ય સવિતા અને સાવિત્રી વિષેનાં બાર જોડકાં અને ગાયત્રીનાં ત્રણ ચરણ સાથે સંબંધ ધરાવતા ત્રણલોક વગેરેનું રહસ્ય જ્ઞાન પ્રગટ કરે છે, તે સંવાદ ઋષિ ગોપથ હવે રજૂ કરે છે :

[૧] 'ગ્લાવ હાથમાં સમિધા લઈ. મૌદ્ગલ્ય પાસે ઉપનયન દીક્ષા લઈ પૂછે છે : ભગવન્ કવિઓ સવિતા દેવના વરેણ્ય ભર્ગને શું કહે છે ? સવિતા જે ધી–ધારણાઓની સાથે પ્રેરણા આપે છે, તે ધીઓ પ્રવેશ કરી લે છે તે વિષે જણાવો. તેને ગુરુએ જણાવ્યું કે, 'વેદો અને છંદો આ છે : સવિતા દેવના વરેણ્ય ભર્ગને કવિઓ અન્ન કહે છે : પ્રેરણા આપે છે, તે ધીને કર્મો કહે છે.'

બ્રહ્મવાદીએ રજૂ કરેલ સાવિત્રીનાં મિથુન–જોડકાંની વિજ્ઞાનભરી વ્યાખ્યા સરળ ભાષામાં આજના વિવેચકે રજૂ કરી છે :

[૨] 'ભગવન્ સાવિત્રી–ગાયત્રીને ચોવીસ યોનિઓ અને બાર મિથુનો છે, તેમાં સવિતા કોણ અને સાવિત્રી કોણ ? આચાર્યે જણાવ્યું: 'સૌમ્ય, સવિતા અને સાવિત્રીથી સંપૂર્ણ જીવન ભરપૂર છે. આ જીવનનાં વિવિધ અંગોમાં સવિતા અને સાવિત્રીને સ્થાન મળેલ છે. અધ્યાત્મ જીવનનો વિચાર કરીએ, તો મન એજ સવિતા અને વાણી સાવિત્રી છે. જયાં મન રહે ત્યાં વાણી અને જયાં વાણી રહે ત્યાં મન મન અને વાણી એ બે સવિતાની યોનિ અર્થાત્ કારણ છે. મન અને વાણી એ બે જોડાઈને એક મિથુન યુગલ બને છે.

૧. ગોપથ બ્રાહ્મણ ૧, ૧, ૩૩. ૨ ગાયત્રી ઉપાસના ( પૃ. ૧૨૯) શ્રી વિષ્ણુદેવ પંડિત

'હે સૌમ્ય, પદાર્થ વિજ્ઞાનનો વિચાર કરીએ તો, અગ્નિ એજ ખરે સવિતા અને પૃથ્વી સાવિત્રી છે. જ્યાં અગ્નિ રહે ત્યાં પૃથ્વી અને જ્યાં પૃથ્વી ત્યાં અગ્નિ: એ બે સવિતાની યોનિ છે અને તે બે જોડાઈ એક મિથુન બને છે. ભૌતિક પદાર્થનો વિચાર કરીએ, તો વાયુ એ ખરે સવિતા અને અંતરિક્ષ સાવિત્રી છે. જ્યાં ખરેખર વાયુ છે, ત્યાં અંતરિક્ષ છે અને જ્યાં અંતરિક્ષ છે, ત્યાં વાયુ છે. વાયુ અને અંતરિક્ષ એ બે સવિતાની યોનિ છે અને તે બે જોડાઇ એક મિથુન બને છે. સ્વર્ગનો વિચાર કરો, તો આદિત્ય સવિતા અને દ્યૌસૂ–સ્વર્ગ સાવિત્રી છે. જ્યાં ખરે આદિત્ય છે, ત્યાં દ્યૌસૂ સ્વર્ગ છે અને જ્યાં દ્યૌસ છે, ત્યાં આદિત્ય છે. આદિત્ય અને દ્યૌસ એ બે સવિતાની યોનિ છે અને તે બે જોડાઇ એક મિથુન બને છે. આકાશ મંડળનો વિચાર કરો; તો ચંદ્રમા એ સવિતા અને નક્ષત્રો સાવિત્રી છે. જ્યાં ચંદ્રમા છે, ત્યાં નક્ષત્રો છે અને જ્યાં નક્ષત્રો છે ત્યાં ચંદ્રમા છે. ચંદ્ર અને નક્ષત્રો સવિતાની યોનિ છે. એ બંને મળીને એક મિથુન થાય છે. સંવત્સર–કાલનો વિચાર કરો, તો દિવસ સવિતા છે અને રાત્રિ સાવિત્રી છે. જ્યાં ખરેખર દિવસ છે, ત્યાં રાત્રિ છે અને જ્યાં રાત્રિ છે, ત્યાં દિવસ છે. દિવસ અને રાત્રિ એ સવિતાની યોનિ અને મિથુ ન છે. ઋતુકાલનો વિચાર કરો, તો ઉષ્ણ–ગરમી તે સવિતા અને શીત સાવિત્રી છે. જ્યાં ખરેખર ઉષ્ણ હોય, ત્યાં શીત હોય અને જ્યાં શીત હોય, ત્યાં ઉષ્ણ હોય. આમ ઉષ્ણ અને શીત એ સવિતાની યોનિ અને મિથુન–યુગલ છે. મેઘ–વૃષ્ટિનો વિચાર કરો, તો અભ્ર–મેઘ એ સવિતા અને વૃષ્ટિ એ સાવિત્રી છે. જ્યાં મેઘ છે ત્યાં વૃષ્ટિ છે અને વૃષ્ટિ છે ત્યાં મેઘ છે. મેઘ અને વૃષ્ટિ એ સવિતાની યોનિ અને મિથુન છે વીજળી અને ગર્જના એ બે પદાર્થોનાં ઘર્ષણ વિજ્ઞાનની રીતે વિચાર કરો, તો વીજળી એ સવિતા છે અને ગર્જના એ સાવિત્રી છે. જ્યાં વીજળી થાય ત્યાં ગર્જના થાય અને જ્યાં ગર્જના થાય ત્યાં વીજળી થાય. એ બે સવિતાની યોનિ અને એક મિથુન છે.

'શરીર સંબંધી વિચાર કરીએ, તો પ્રાણ એ સવિતા અને અન્ન સાવિત્રી છે. જ્યાં ખરેખર પ્રાણ છે, ત્યાંજ અન્ન છે અને જ્યાં અન્ન છે ત્યાં પ્રાણ છે, પ્રાણ અને અન્ન એ બે સવિતાની યોનિ અને યુગલ છે. વેદ સંબંધી વિચાર કરીએ, તો વેદો એજ સવિતા છે અને છંદ રચના સાવિત્રી છે. જ્યાં ખરેખર વેદો છે ત્યાં જ છંદ છે અને જ્યાં છંદ છે ત્યાં જ વેદ છે. એ બે સવિતાની યોનિ અને એક યુગલ છે. યજ્ઞ સંબંધી વિચાર કરીએ, તો યજ્ઞ એજ સવિતા અને દક્ષિણા સાવિત્રી છે. જ્યાં યજ્ઞ છે, ત્યાં જ ખરેખર દક્ષિણા છે અને જ્યાં દક્ષિણા છે ત્યાં જ ખરેખર યજ્ઞ છે. યજ્ઞ અને દક્ષિણા એ બે સવિતાનાં યોનિ અને મિથુન છે'.

આચાર્ય મૌદ્ગલ્યે આ રીતે અખિલ વિશ્વમાં વ્યાપીને રહેલ સવિતા અને સાવિત્રીનાં રહસ્ય અહીં પ્રગટ કર્યાં છે. આ સઘળા જગતનું મૂળ કારણ સવિતા છે.

માટે સૌર જગતમાં સાવિત્રી વ્યાપકરૂપે રહેલ છે અને તેજ બધાનાં રક્ષણ કરે છે, માટે તેને ગાયત્રી કહી છે. મન અને વાણીથી લઈ, યજ્ઞ અને દક્ષિણા સુધીના ચોવીસ પદાર્થો પરસ્પર જોડાઈ બાર યુગલમાં રહેલા છે એ દ્વારા ભૌતિક સૃષ્ટિવિજ્ઞાન, પદાર્થવિજ્ઞાન, મનોવિજ્ઞાન, આકાશવિજ્ઞાન, પ્રાણવિજ્ઞાન વગેરે વિવિધ વિદ્યાઓને સમજાવનારી આર્ષજ્ઞાનની મૌલિક પદ્ધતિ છે. તેની રજૂઆત કરી, આચાર્ય મૌદ્ગલ્યે ગાયત્રીનાં ત્રણ ચરણોનાં રહસ્ય આ રીતે રજુ કર્યાં છે :

'तत् सवितुर् वरेण्यम् । એ પહેલું ચરણ છે, તે ઋગ્વેદનો સાર છે. ઋચા તે દેવોની સ્તુતિઓ રૂપે છે. ઋગ્વેદમાં આવેલા દેવોની સ્તુતિઓમાં અગ્નિ મુખ્ય છે; માટે તે ઋચાઓના અધિષ્ઠાતા દેવ છે, તેનું સ્થાન પૃથ્વીમંડળ છે. સાધકજન અગ્નિદેવની સ્તુતિ કરી લક્ષ્મી મેળવે છે. લક્ષ્મીથી શોભા પ્રાપ્ત થાય, તેથી તે સ્ત્રીને મેળવે છે. સ્ત્રીના સંયોગથી પુરુષ પ્રજા પ્રાપ્ત કરે છે. પ્રજાથી તેના કર્મમાં વૃદ્ધિ થાય છે. કર્મથી તેને તપ પ્રાપ્ત થાય છે. તપથી સત્યનાં દર્શન થાય છે. સત્યથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. બ્રહ્મથી બ્રાહ્મણનું પદ મળે છે. બ્રાહ્મણ બનીને તે વ્રત ધારણ કરે છે. હવે જે બ્રાહ્મણ વ્રત ધારણ કરે, તેની લોકમાં પ્રતિષ્ઠા થાય છે; તે તત્વજ્ઞાનથી પરિપૂર્ણ બને છે, તેનાં પ્રજા અને સંતતિ ચાલૂ રહે છે.

'भर्गो देवस्य धीमहि આ બીજું ચરણ છે; તે યજુર્વેદનો સાર છે, તેના અધિષ્ઠાતા વાયુદેવ છે, તેનું સ્થાન અંતરિક્ષ છે. પ્રજાપતિ બ્રહ્માએ યજુર્વેદથી વાયુને પ્રગટ કર્યો છે, તે વાયુથી મેઘ અને મેઘથી વૃષ્ટિ થાય છે; તેથી ઔષધિ વનસ્પતિઓ પેદા થાય છે અને તેથી પ્રાણીઓ જન્મે છે. તેથી કર્મ બને છે, કર્મથી તપ અને સત્યનાં દર્શન થાય છે; તેથી બ્રાહ્મણ—બ્રહ્મજ્ઞાની બનાય છે; તે બધી વાતે પરિપૂર્ણ બને છે; તે અત્યંત શુદ્ધ અને પવિત્ર બને છે.

धियो यो न : प्रचोदयात् । ગાયત્રીનું આ ત્રીજું ચરણ સામવેદના સાર છે તેના અધિષ્ઠાત- સૂર્ય દેવ છે, તેનું સ્થાન દ્યુલોક—આકાશમંડળ છે. આદિ પ્રજાપતિએ સામવેદનાં દોહન કરી સૂર્યનો મહિમા ગાયો છે; તે સૂર્ય અધિપતિ બની આકાશમાં તપે છે, તેના તપવાથી કિરણો ફેલાય છે, તેથી જલ ખેંચાય છે, તેથી વૃષ્ટિ થાય છે, તેથી ઔષધિ વનસ્પતિઓ ઉગે છે, તે રીતે સમૃદ્ધિનો સુયોગ સધાય છે.'

આચાર્યે બતાવેલ માર્ગે ગ્લાવ મૈત્રેયે ગાયત્રીનાં ત્રણ ચરણનાં રહસ્ય ઉકેલી દીધાં; જેથી ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદની સંપત્તિ વધે છે. અથર્વવેદમાં ગાયત્રી મંત્રને વેદમાતાની પ્રતિષ્ઠા આપી અને તે જ ભાવનાને અનુસરી ગોપથ બ્રાહ્મણે ગાયત્રી ઉપનિષદની છેલ્લી કંડિકામાં 'આ વેદોની માતા છે, જેને 'સાવિત્રી સંપતૂ ઉપનિષદ્' કહે છે. ગ્લાવે ગાયત્રી મંત્રના જપ દ્વારા વ્રત કર્યાં અને તપનાં આચરણ કર્યાં; તેથી

તેમને હૈયે તત્ત્વજ્ઞાન જાગ્યું, તેથી વિશ્વવ્યાપી બ્રહ્મનાં દર્શન થયાં. જેના પ્રતાપે તેને સૃષ્ટિનાં રહસ્ય પ્રગટ કરતાં વિજ્ઞાન જાણવા મળ્યાં.

'પહેલાં આ બ્રહ્મ એકલું જ હતું. તેણે સૌ પહેલાં આકાશની રચના કરી અને તેથી બ્રહ્મ જીવનનો અનુભવ મેળવી લીધો. આકાશે વાયુની રચના કરી, વાયુએ તેજ, તેજે જલ, જલે પૃથ્વી અને પૃથ્વીએ અન્નનાં નિર્માણ કર્યાં. અન્ને પ્રાણ, પ્રાણે મન, મને વાણી, અને તે વાણીએ વેદો તેમજ યજ્ઞનાં સ્તોત્રો રચ્યાં તેમજ તે સમસ્ત જ્ઞાનને પોતાના જીવનમાં અનુભવી લીધું.

'આમ યજ્ઞ વેદોમાં પ્રતિષ્ઠિત છે, વેદો વાણીમાં, તે મનમાં, મન પ્રાણમાં, તે અન્નમાં, અન્ન ભૂમિમાં, તે જલમાં, જલ વાયુમાં, તે અગ્નિમાં, અગ્નિ વાયુમાં, વાયુ આકાશમાં, આકાશ બ્રહ્મમાં, બ્રહ્મ બ્રાહ્મણ—બ્રહ્મજ્ઞાનીમાં પ્રતિષ્ઠત છે. આ રહસ્યને જે જાણે છે, તે પોતે બ્રહ્મવિદ્ બને છે, પુણ્યકીર્તિ મેળવે છે અને સુરભિ ગંધ મેળવે છે, આ રહસ્ય જાણનાર વેદોની માતા સાવિત્રી સંપત્તિ નામના ઉપનિષદ—રહસ્ય જ્ઞાનનાં સેવન કરે છે.'

આમ સાવિત્રીની ભાવના પોષતા ગાયત્રી છંદમાં ઉતરેલા આ પ્રસિદ્ધ મંત્રને વેદમાતાની પ્રતિષ્ઠા આપી, અથર્વાંગિરા કુલના ઋષિઓએ તેની ઉપાસનાના પ્રકાર પર પણ પૂરતો પ્રકાશ આપ્યો છે, જેનો વિશેષ વિસ્તાર તંત્રગ્રંથોમાં જોવાને મળે છે.

गायत्री वेदमाता देवता ब्रह्मा ऋषिः अतिजगती त्र्यवसाना छन्दः

स्तुता मया वरदा वेदमाता
प्रचोदयन्तां पावमानी द्विजानाम् ।
आयुः प्राणं प्रजां पशुं
कीर्तिं द्रविणं ब्रह्मवर्चसं
दत्वा मत्यं व्रजत ब्रह्मलोकम् । —अथर्ववेद १९, ७१,

એ સૌ જનોને વરદાન દેનારી વેદોની માતા ગાયત્રી છે; તેની મેં સ્તુતિ કરી છે; જે ગાયત્રી મંત્રથી પ્રેરણા મેળવનારા દ્વિજ—યજ્ઞોપવીતના સંસ્કારથી પવિત્ર થએલ સૌ સાધકજનોને પવિત્ર કરનારી છે; તે અમને આયુ, પ્રાણ, પ્રજા, પશુ ધન, કીર્તિ, દ્રવ્ય અને બ્રહ્મવર્ચસ્ આપે અને પછી સૌ વિભૂતિઓ બ્રહ્મલોકમાં પધારે.

# પરિશિષ્ટ—૧

## અથર્વવેદ–સંહિતાનાં મંત્રોપનિષદ

एक एव पुरा वेदः प्रणवः सर्ववाङ्मयः । —श्रीमद्भागवत ९, १४, ४१

એક જ વેદ અને તે એક અક્ષર, પ્રણવ, ઓંકાર. આત્મજ્ઞાન માટે આટલું પૂર્ણ ગણાય; પૂરેપૂરી સમજ : એક આત્માની ખોજ અને તેને માટેની પૂરી સમજ. આત્મજ્ઞાન—સમુદ્રની પૂરેપૂરી ભરતી. પૂર્णमदः : पूर्णमिदम् પેલે પાર પૂર્ણ અને આ પાર પૂર્ણ. પારાવાર કહો કે અપરંપાર; પણ પછી તો માનવના જ્ઞાનમાં ઓટ આવી. પૂર્ણમાં અપૂર્ણતા ભળી, પ્રકૃતિમાં વિકૃતિ ભળી, જ્ઞાનમાં અજ્ઞાન મળ્યું. તેજ અને તિમિરનો યોગ શાનો ? એ તો આભાસ, અધ્યાસ, વિવર્ત, માયા !

પણ એ જાતના અજ્ઞાનને ભેદવા જ્ઞાન વધતું ગયું. પરા વિદ્યા સુધીની પહોંચ દુર્લભ બની, પણ અપરા વિદ્યા વિવિધ પ્રકારે વધતી ગઈ. એકના ચાર વેદ થયા ને દરેક વેદની નવ, અગિઆર, સો, હજાર શાખાઓ વધતી ચાલી. એમાંય દરેક શાખાની એક એક મંત્ર સંહિતા, ને દરેક સંહિતાને શાખા પ્રમાણે બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ : બ્રાહ્મણ ગ્રંથમાં વિધિવિધાન, આરણ્યકમાં ભક્તિ ને ઉપનિષદમાં જ્ઞાન. આ બધું વેદવાઙ્મય; એમાંથી વેદાન્ત સાહિત્ય તરી આવ્યું; ને જુદું પડયું. વેદાન્તી તત્વજ્ઞાનીને મન વેદો વેદવાદ—વાણીનો વિસ્તાર. વેદપાઠીને મન વેદાન્ત દૂરનું જ્ઞાન. જે વેદ સંહિતાઓ ભણે, તેને ઉપનિષદ જુદાં લાગે. એકલા મંત્રપાઠ પૂરતો જ આગ્રહ રહ્યો; તે એટલે સુધી કે પોતાની શાખાની સંહિતાજ ભણે, આ સમજણ પ્રમાણે અથર્વવેદ સંહિતા પાછળ પડી ગઇ. તેના પાઠ બંધ પડવા લાગ્યા. એક જબરી ઓટ આવી ગઈ. આમાંથી બીજો પ્રશ્ન જાગ્યો : મંત્ર સંહિતાઓમાં ઉપનિષદો શાનાં ? ત્યારે 'ઈશાવાસ્ય ઉપનિષદ' છે, તે તો યજુર્વેદ સંહિતાનો છેલ્લો અધ્યાય. વેદની પૂરવણીમાં જ વેદાન્ત ! પણ સંહિતાપાઠી જે રીતે ઈશાવાસ્ય ભણે છે, તે એક નોખી ઢબ છે ને વેદાન્તી જુદી રીતે ભણે છે.

વેદો સંહિતા પૂરતા મર્યાદિત રહ્યા. તેનાં અન્વેષણ આજની ઢબે શરૂ થયાં. ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ : વેદત્રયી. ત્યારે અથર્વવેદનું શું ? તેને छन्दांसि છંદ—વેદ કહ્યો. મંડળની રીતે ઋચાઓ ગોઠવાઇ તે ઋગ્વેદ અને કાંડની રીતે ઋચાઓ છંદ પ્રમાણે ગોઠવાઇ, તે અથર્વવેદ. આટલું સમાધાન મળી ગયું. : વેદ ચાર, તેની શૈલી ત્રણ.

અથર્વવેદમાં ઋચા છંદો છે, સાથે યજુઓ છે, સામગીતિઓ છે, તે સાથે બ્રાહ્મણ–ગદ્યભાગ છે, તેમાં કેટલીક ઉપાસનાઓ છે અને જ્ઞાન આપનારાં ઉપનિષદો છે, તે બધાનો સમાવેશ કરવાનું કામ તો અઘરૂં અને આ અધુરું હોય, તેમ જ અથર્વવેદનાં ઉપનિષદો એકસોને આઠ, પણ તેની પહેલાંનાં આરણ્યક કે બ્રાહ્મણ ગ્રંથોથી સ્વતંત્ર. અથર્વવેદનું આરણ્યક તો શોધવાનું રહ્યું ? ત્યારે નાનું શું ગોપથ બ્રાહ્મણ, પણ તેમાં પ્રણવ ઉપનિષદ મળી રહે. અથર્વ અને અંગિરા ઋષિઓનાં નામ મળે ને થોડાં વિધિ વિધાન પણ મળે.

હવે મુખ્ય ઉપનિષદો દશઃ ઈશ, કઠ, તૈત્તિરીય ને બૃહદારણ્યક ચાર યજુર્વેદનાં, કેન, છાંદોગ્ય બે સામવેદનાં, ઐતરેય એક ઋગ્વેદનું ને પ્રશ્ન; મુંડક, માંડૂક્ય ત્રણ અથર્વવેદનાં. આ બધાં પર ભાષ્યો લખાયાં ને તે વેદાન્ત–તત્વજ્ઞાનમાં ઉપયોગી ગણાયાં, તેના શાંતિપાઠ ભણાયા ને મુક્તિકોપનિષદમાં આ દશ ઉપનિષદોનાં નામ લખાયાં.

બીજું એક મંત્રિકોપનિષદ (૩૪) યજુર્વેદનું ગણાય છે. જે અધ્વર્યુ સ્નાતક હોય, આત્મયજન કરવા તૈયાર થયો હોય; તેણે એક કામદુધા ગો–દોગ્ધ્રીની ઉપાસના કરવાની. આમાં સ્નાતક અધ્વર્યુ ઋત્વિજો સુવર્ણ, પિપ્પલાશન, ઉદાસીન, ધ્રુવ, હંસના દર્શન કરે; એ માનો કે આત્મયજનની આહુતિઓ. તે સમયે શસ્ત્ર જાણનારા બહ્‌વૃચ–હોતાઓ ઋચાઓનાં શંસન કરે અને ઉદ્‌ગાતાઓ રથન્તર, બૃહત્‌ વગેરે સામગાનો ભણે. ત્યારે બ્રહ્માએ મંત્રોપનિષદ ભણવાનાં. જે મૂળ અથર્વવેદ સંહિતાઓનાં સૂક્તો છે : તે આ ક્રમે બ્રહ્મચારી ૧૧,૫; વ્રાત્ય ૧૫, સ્કંભ ૧૦–૭–૮, અનડ્વાન્‌ ૪–૧૧, લોહિત–રોહિત ૧૩, ઉચ્છિષ્ટ ૧૧–૭, કાલ ૧૯,૫૩–૫૪, પ્રાણ ૧૧–૪, મન્યુ ૬–૪૩, પુરુષ, ૧૯–૬, શર્વ, ભવ ને રુદ્ર ૧૧–૨, પ્રજાપતિ ૭–૨૦, વિરાટ ૮–૯ અને પાર્ષ્ણિ ૧૯–૨.

ઉપર મુજબ અથર્વવેદ સંહિતાનાં મૂલ સૂક્તોને મંત્રોપનિષદ ગણવાની પ્રાચીન પ્રથા વીસરાઇ ગઈ, પણ ઉપનિષદોની સંખ્યા વધતી ગઈ, તે તરફ અભ્યાસકો ધ્યાન આપે, તો પ્રાચીન પરંપરાને પ્રમાણિત ગણવાનું કાર્ય સરળ થાય.

આ છઠ્ઠી પુસ્તિકામાં અથર્વવેદ સંહિતામાં રહેલાં સૂક્તોને તત્વજ્ઞાનની દષ્ટિએ રજૂ કર્યાં છે; તેમાં રહેલી પરિભાષાઓ સમજી લેવી જરૂરી છે. ખાસ કરીને બ્રહ્મચારી (૧૧–૫) સૂક્તનો બ્રહ્મચારી બ્રહ્મજ્ઞાનીની કક્ષાએ છે, વેન (૨,૧) તો વરણીય સર્વશ્રેષ્ઠ બ્રહ્મ છે, કોઈ દુષ્ટ રાજા વેન નથી. વ્રાત્ય (૧૫) સ્મૃતિની વ્યાખ્યા પ્રમાણે સાવિત્રી પતિત ગણાય, અહીં તો વ્રતપતિઓનો વ્રતપતિ સાક્ષાત્‌ બ્રહ્મરૂપ આત્મજ્ઞાની છે. ઉચ્છિષ્ટ (૧૧,૭) એ કોઈ વધ્યો ઘટ્યો એંઠવાડ નહિ, પણ સાક્ષાત્‌ શેષનારાયણથી પણ પર ઉચ્છિષ્ટ બ્રહ્મ છે. ત્યારે રોહિત સૂક્ત (૧૩)

આખાય ખગોલ મંડળનો અધિષ્ઠાતા, આદિ સર્જનનાં રોહ, આરોહ ને પ્રરોહની પ્રકૃતિ-રોહિણી સાથેનાં સર્જન કરનાર જોવાને મળે છે. તે ઉપરાંત શર્વ (૧૧,૩) સૂક્તમાં મહાદેવનાં આઠ સ્વરૂપો અને તેમની વિભૂતિઓનાં વિસ્તારથી વર્ણન છે. પુરુષસૂક્ત (૧૯, ૬) ઋગ્વેદનું હોવા ઉપરાંત અહિં તેના રહસ્યની સાથે વિરાટ અને પ્રજાપતિનાં દર્શન થાય છે. ખાસ કરીને વાણીનાં ઉત્તમ રૂપ કામધેનુને અહિં સ્વતંત્રરૂપે અધ્યાત્મ સૂક્તમાં ગાઈ છે, તથા પાર્ષ્ણિરૂપે તેના આધિદૈવિક સ્વરૂપનું વર્ણન છે. એ દ્રષ્ટિએ અથર્વવેદનાં સૂક્તોમાં સંહિતાના મંત્રભાગમાં બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદનાં દર્શન થાય છે.

અથર્વવેદ પરિચયની આ છઠ્ઠી પુસ્તિકાનું નામ બ્રહ્માધિપતિ છે, તે પહેલાંની પુસ્તિકાઓમાં ક્રમથી ક્ષેત્રપતિ-૧, ગૃહપતિ-૨, રાષ્ટ્રપતિ-૩, યજ્ઞપતિ-૪ અને પિતૃપતિ-૫ નાં નામકરણ સાથે બ્રહ્માધિપતિ પરક મંત્રોની ઉપનિષદ વ્યાખ્યા આ પુસ્તિકામાં છે. તે ક્રમ ગોઠવવામાં વેદદર્શનાચાર્ય સ્વામી શ્રી. ગંગેશ્વરાનંદજી મહારાજ સાથે વિચાર પરામર્શ કરી લીધો હતો, તેમજ તેમની આગળ મંત્રિકોપનિષદ વાંચી વિચારી લીધું હતું. તે ઉપરાંત અથર્વવેદનાં ધર્મ અને તત્વજ્ઞાન The Religion and Philosophy of the Atharvaveda by Dr. N. J. Shende ગ્રંથનાં લખાણ આ મતનાં પોષક બન્યાં છે. તેમજ પૃ. ૨૩૫ ની ટિપ્પણમાં તેમણે મંત્રિકોપનિષત્‌ના શ્લોકો આપ્યા છે, જેથી મૂળ સૂક્તોનો સંબંધ જોડવામાં સરળતા થઈ છે. તે આખુંય ઉપનિષદ આ સાથે રજૂ કર્યું છે :

## મંત્રિકોપનિષદ (યજુર્વેદ)

अष्टपादं शुचिं हंसं त्रिसूत्रमणुमव्ययम् ।
त्रिवर्त्मानं तेजसोऽहं सर्वतः पश्यन् न पश्यति ॥१॥

જે બ્રહ્મ હંસ આઠપગું, શુચિ, ત્રિસૂત્ર, અણુ, અવ્યય અને મારા તેજના ત્રણ માર્ગ રૂપે છે, તે બધે જોવા છતાં પોતે જોતો નથી.

भूतसंमोहने काले भिन्ने तमसि वैखरे ।
अन्तः पश्यन्ति सत्वस्था निर्गुणं गुणगह्वरे ॥२॥

જ્યારે ગુણનાં ગહ્વર-ગુફારૂપ કાલ ભેદાય છે, જે વિખરાતાં તમોગુણને કારણે ભૂત-પ્રાણીને મોહમાં નાખે છે, ત્યારે સાત્વિક પુરુષો તે નિર્ગુણને અંતઃકરણમાં જુએ છે

अशक्यः सोऽन्यथा द्रष्टुं ध्यायमानः कुमारकैः ।
विकारजननीमज्ञामष्टरूपामजां ध्रुवाम् ॥३॥

જે સર્વ વિકારોની જનની, અજ્ઞાનરૂપ, ધ્રુવ આઠ રૂપે અજા પ્રકૃતિ છે, તેના ધ્યાન ચાર સનત્કુમારો કરે છે. તે વિના તે પ્રકૃતિનું દર્શન થતું નથી.

ध्यायतेऽध्यासिता तेन तन्यते प्रेर्यते पुनः ।
सूयते पुरुषार्थं च तेनैवाधिष्ठितं जगत् ॥४॥

અધ્યાસ કરનાર દ્રષ્ટા તેથી ધ્યાન ધરે છે, તેથી વિસ્તારે છે અને ફરી પ્રેરણા આપે છે તેમજ પુરુષાર્થને પ્રગટ કરે છે તેથી જ જગત અધિષ્ઠિત છે.

गौरनादि-अन्नवती सा जनित्री भूतभाविनी ।
सितासिता च रक्ता च सर्वं कामदुधा विभोः ॥५॥

તે વિભુની સર્વ કામદુધા ગૌ-પ્રકૃતિ છે, જેને આદિ અને અંત નથી, જે સર્વ ભૂત પ્રાણીઓની ભાવપૂર્વક જનેતા છે. તે સત્વે ધોળી, તમથી કાળી અને રજોગુણથી રાતી છે.

पिबन्त्येनाम् अविषयाम् अविज्ञातां कुमारकाः ।
एकस्तु पिबते देवः स्वच्छन्दोऽत्र वशानुगः ॥६॥

વૃદ્ધ જ્ઞાની સનત્કુમારો તેનાં પાન કરે છે, જો કે તેના વિષય નથી અને તેનાં વિજ્ઞાન નથી. સર્વતંત્ર સ્વતંત્ર પરમેશ્વર દેવ તેને વશ વર્તી થઈ પાન કરે છે.

ध्यानक्रियाभ्यां भगवान् भुंक्तेऽसौ प्रसहद् विभुः ।
सर्वसाधारणीं दोग्ध्रीं पीयमानां तु यज्वभिः ॥७॥

એ સર્વ વ્યાપક વિભુ ભગવાન ધ્યાન અને ક્રિયાથી તેને શકિતથી ભોગવે છે. આત્મ યજન કરનાર લોકો તે સર્વ સાધારણ કામધેનુના દૂધનાં પાન કરે છે.

पश्यन्त्यस्यां महात्मानः सुवर्णं पिप्पलाशनम् ।
उदासीनं ध्रुवं हंसं स्नातकाध्वर्यवो जगुः ॥८॥

આત્મ યજ્ઞમાં સ્નાતક મહાત્મા અધ્વર્યુ લોકો તે પ્રકૃતિમાં રહેલ સુવર્ણ પિપ્પલાદ ઉદાસીન ધ્રુવ હંસને જુએ છે અને તેનાં નિગદ ગાન કરે છે.

शंसन्तमनुशंसन्ति बहवृचाः शास्त्रकोविदाः ।
रथन्तरं बृहत् साम सप्तवैधैस्तु गीयते ॥९॥

વેદશાસ્ત્ર જાણનાર બહવૃચ–હોતાઓ ઋચાઓથી શંસન કરે છે અને ઉદ્ગાતાઓ સપ્તવિધ સ્વરોથી રથન્તર બૃહત વગેરેનાં ગાન કરે છે.

मन्त्रोपनिषदं ब्रह्म पदक्रमसमन्वितम् ।
पठन्ति भार्गवा ह्येते हि अथर्वाणो भृगूत्तमाः ॥१०॥

અથર્વવેદનું તે બ્રહ્મ–વેદ મંત્રોપનિષદ છે, જેનાં પદ અને ક્રમ સાથે સંહિતામાં નિર્દેશ છે; તેને ઉત્તમ ભૃગુકુળના ભાર્ગવો અને અથર્વાઓ ભણે છે.

ब्रह्मचारी च व्रात्यश्च स्कम्भोऽथ पलितस्तथा ।
अनड्वान् लोहितोच्छिष्टः पठ्यते भृगुविस्तरे ॥११॥

આ બ્રહ્મ વેદમાં જે સૂક્તો છે, તે બ્રહ્મચારી (૧૧,૫) વ્રાત્ય (૧૫) સ્કંભ (૧૦, ૭–૮) તેમજ પલિત છે. અનડ્વાન્ (૪–૧૧) લોહિત–રોહિત (૧૩) અને ઉચ્છિષ્ટ (૧૧–૭) ભૃગુના વિસ્તારમાં છે.

कालः प्राणश्च भगवान् मन्युः पुरुष एव च ।
शर्वो भवश्च रुद्रश्च श्यावाश्वः सासुरस्तथा ॥१२॥

કાલ (૧૯–૫૩) પ્રાણ (૧૧–૪) ભગવાન મન્યુ (૬, ૪૩) પુરુષ (૧૯, ૬)શર્વ, ભવ ને રુદ્ર (૧૧–૨) તે તો શ્યાવાશ્વ સાસુરિ ઋષિનાં દર્શન છે.

प्रजापतिर्विराट् चैव पार्ष्णिः सलिल एव च ।
स्तूयते मन्त्रसंयुक्तैः अथर्वविहितैर्विभुः ॥१३॥

પ્રજાપતિ (૭–૨૦) વિરાટ (૮,૯) પાર્ષ્ણિ (૧૦,૨) અને સલિલ એ રીતનાં મંત્ર સાથેનાં સૂક્તોથી વિભુ–બ્રહ્મની સ્તુતિ અથર્વ ઋષિઓ દ્વારા કરાય છે.

तं षड्विंशक इत्येते सप्तविंशं तथापरे ।
पुरुषं निर्गुणं सांख्यम् अथर्वशिरसो विदुः ॥१४॥

કેટલાક તે છવ્વીસ અને બીજા સત્તાવીશ મહતૂતત્વોમાં જણાવે છે. અથર્વશિરા ઋષિઓ તે નિર્ગુણ પુરુષને સાંખ્ય–જ્ઞાન રૂપે જાણે છે.

चतुर्विंशति संख्यातं व्यक्तमव्यक्तमेव च ।
अद्वैतं द्वैतमित्याहुः त्रेधा तं पंचधा तथा ॥१५॥

તે વ્યક્ત અને અવ્યક્ત તત્વ છે, જે ચોવીસ તત્વોથી જણાય છે. બ્રહ્મજ્ઞાનીઓ તેને અદ્વૈત, દ્વૈત, ત્રૈત અને પંચતત્વરૂપે જાણે છે.

ब्रह्माद्यं स्थावरान्तं पश्यन्ति ज्ञानचक्षुषः ।
तमेकमेव पश्यन्ति परिशुभ्रं विभुं द्विजाः ॥१६॥

જ્ઞાનની આંખે જોનારા—પ્રજ્ઞાચક્ષુઓ તેને બ્રહ્મથી સ્થાવર—પત્થર સુધી જુએ છે, ત્યારે દ્વિજ—બ્રાહ્મણો તે એકજ અત્યંત શુભ્ર વિભુનાં દર્શન કરે છે.

यस्मिन् सर्वमिदं प्रोतं ब्रह्म स्थावरजंगमम् ।
तस्मिन्नेव लयं यान्ति स्रवन्त्यः सागरे यथा ॥१७॥

જેવી રીતે સાગરમાં સરિતાઓ મળે છે, એવી જ રીતે તે બ્રહ્મમાં બધાં જડચેતન પરોવાયાં છે. તેમજ તેની અંદર બધાં લય પામે છે.

यस्मिन् भावाः प्रलीयन्ते लीनाश्चाव्यक्ततां ययुः ।
पश्यन्ति व्यक्ततां भूयो जायन्ते बुद्बुदा इव ॥१८॥

જે બ્રહ્મમાં બધા પદાર્થ—ભાવો લીન થાય છે અને લીન બની અવ્યકતને પામે છે. તેને જ પાછાં જલનાં બુદ્બુદ્ની જેમ વ્યકત થતાં બ્રહ્મજ્ઞાનીઓ જુએ છે.

क्षेत्रज्ञाधिष्ठितं चैव कारणैर्विद्यते पुनः
एवं स भगवान् देवं पश्यन्त्यन्ये पुनः पुनः ॥१९॥

જે ભગવાન ક્ષેત્રજ્ઞરૂપે અધિષ્ઠિત છે અને જે કારણોની સાથે રહે છે, તે દેવને બીજા જ્ઞાની જનો વારંવાર જુએ છે.

ब्रह्म ब्रह्मेति अथायान्ति ये विदुर्ब्राह्मणास्तथा ।
अत्रैव ते लयं यान्ति लीनाश्चाव्यक्तशालिनः ॥२०॥

જે બ્રહ્મવિદ્ જનો તેને બ્રહ્મ બ્રહ્મ કહીને અનુસરે છે, તે અવ્યકતશાલી બ્રહ્મમાં જ લીન થતાં બધાં મળી જાય છે.

इति यजुर्वेदान्तर्गता मन्त्रिकोपनिषद् ।

નીલ રુદ્રોપનિષદ 

અથર્વવેદ–પિપ્પલાદ સંહિતાના ચૌદમા કાંડના બીજા સૂક્તના ૧–૧૭ મંત્રો ઓગણીશમા કાંડના બાવીસમા સૂક્તના ૧–૩ મંત્રો તે ૧૮, ૧૯, ૨૦, આઠમા કાંડના સાતમા સૂક્તનો નવમો મંત્ર ૨૧, વીસમા કાંડના સત્તાવનમા સૂક્તનો સાતમો મંત્ર અને અઠ્ઠાવનમા સૂક્તનો પાંચમો મંત્ર ૨૨, ૨૩, ૨૪ એ રીતે ચોવીસ મંત્રોનું બનેલ નીલરુદ્રોપનિષદ આ નીચે મૂળમંત્રો સાથે રજૂ કર્યું છે :

अपश्यं त्वावरोहन्तं दिवतः पृथिवीमिव ।
अपश्यम् अस्यन्तं रुद्रं नीलग्रीवं शिखण्डिनम् ॥१॥

હે નીલરુદ્ર, દ્યુલોકથી પૃથ્વી પર ઉતરતા હો, એ રીતે મેં તમને જોયા. ત્રિશૂળ ફેંકતા નીલકંઠ, શિખંડ–જટાધારી રુદ્રને મેં જોયા.

दिवत उग्रो अवारुक्षत् प्रत्यष्ठाद् भूम्यामधि ।
जनासः पश्यत इमं नीलग्रीवं विलोहितम् ॥२॥

તે ઉગ્ર રુદ્ર દ્યુલોકથી ઉતર્યા અને ભૂમિ પર ઉભા રહ્યા. હે ભક્તજનો આ નીલકંઠ વિલોહિત રુદ્રનાં દર્શન કરો.

नमस्ते भवभामाय नमस्ते भवमन्यवे ।
नमस्ते बाहुभ्याम् उतोत इषवे नमः ॥३॥

ભવ–સંસારના ભામ–પ્રકાશ અને ભવના મન્યુ–ઉત્સાહરૂપ રુદ્રને નમસ્કાર. તમારા બંને બાહુઓને અને ઈષુ–ધનુષ્યને પણ નમસ્કાર.

यामिषुं गिरिशन्त हस्ते विभर्ष्यसे ।
शिवां गिरिश तां कृणु मा हिंसीः पुरुषं मम ॥४॥

હે ગિરિ પર શયન કરનાર ગિરિશ રુદ્ર, તમે હાથમાં ઈષુ ધારણ કરો છો, તેને કલ્યાણકારી બનાવો. મારાં પુરુષ–પ્રજાજનોની હિંસા ન કરો.

शिवेन वचसा त्वा कृच्छ्रा अच्छा वदामसि ।
यथा नः सर्वमित् जगत् अयक्ष्मं सुमनो असत् ॥६॥

હે નીલરુદ્ર, શિવ વાણીથી તને સારી રીતે જણાવવામાં આવે છે; જેથી અમારાં બધા પ્રકારનાં જગત્–ગતિશીલ બને અને અમારાં મન રોગરહિત થાય.

या त इषुः शिवतमा शिवं बभूव ते धनुः ।
शिवा शरण्या या तव तया नो मृड जीवसे ॥७॥

હે નીલરુદ્ર, તારાં ઈષુ શિવતમ હો, તારાં ધનુષ્ય શિવ હો, જે કોઈ શિવા શક્તિ તમારે શરણે હોય, તેથી અમને સુખપૂર્વક જીવન આપો.

या ते रुद्र शिवा तनूः अघोरा पापकाशिनी ।
तया नः तन्वा शन्तमया गिरिशन्ताभि चाकशीहि ॥८॥

હે નીલરુદ્ર હે ગિરીશંત, જે તમારાં અઘોર, પાપ કાઢનાર શિવ તનૂ—શરીર હોય. તે શાન્ત તનૂથી તમે પ્રકાશો.

असौ यः ताम्रो अरुण उत बभ्रुः विलोहितः ।
ये चैमे अभितो रुद्रा दिक्षु श्रिताः सहस्रशो अवैषां हेड ईमहे ॥९॥

આ જે તામ્ર—લાલ, અરુણ, બભ્રુ—રંગીન અને વિલોહિત—લોહીથી ભરેલ રુદ્ર છે તેમજ જે રુદ્ર દિશાઓમાં ચારે બાજુ હજારોની સંખ્યામાં રહેલા છે, તે અમારાં રક્ષણ કરો; તેમની પ્રેરણા અમે મેળવીએ.

अदृश्रन् त्वा अवरोहन्तं नीलग्रीवं विलोहितम् ।
उत त्वा गोपा अदृश्रन् उत त्वा उदहार्यः ॥१०॥

અમે તમને ઉતરતા જોયા; તમને રક્ષણ કરતાં જોયા; તમને ઉપાડી લેતાં જોયા. તમે નીલગ્રીવ અને વિલોહિત છો.

नमो अस्तु नीलशिखण्डाय सहस्राक्षाय वाजिने ।
अथो ये अस्य सत्वानः तेभ्यो अहमकरं नमः ॥११॥

હે નીલરુદ્ર, નીલશિખંડ, હજાર ચક્ષુવાળા અને વાજી—બળવાળા તમને નમસ્કાર હો. આ રુદ્રનાં જે સત્વવાળાં રૂપો છે, તેમને હું નમસ્કાર કરું છું.

नमांसि त आयुधाय अयानाततताय धृष्णवे ।
उभाभ्याम् अकरं नमो बाहुभ्यां तव धन्वने ॥१२॥

જેને ખેંચવામાં આવ્યું નથી અને જે ધૃષ્ણુ—ધારણ કરાય છે, એવા તમારા બે હાથ અને ધનુષ્ય છે, તેને હું નમન કરું છું.

प्रमुंच धन्वनः परि उभयोरात्न्यो ज्याम् ।
याश्च ते हस्त इषवः परा ता भगवो वप ॥१३॥

હે ભગવન્, ધનુષ્યની બે કોટિઓ પર રહેલ દોરીનો છેડો તેમજ તમારા હાથમાં જે ઈષુઓ—બાણો છે, તેમને દૂર મૂકો.

अवतत्य धनुस्त्वं सहस्राक्ष शतेषुधे ।
विशीर्य शल्यानां मुखा शिवो नः शम्भुर् आवर ॥१४॥

હે નીલરુદ્ર, સો બાણ ધારણ કરનાર અને હજાર આંખે જોનારા ધનુષ્યને ઉતારીને તેમજ બાણોનાં ફલકોનાં મુખ છોડી નાખો. તે શંભુ અમારાં શિવ કરો.

विज्यं धनुः शिखण्डिनो विशल्यो बाणवान् उत ।
अनेशन् अस्येषवः शिवो अस्य निषंगधिः ॥१५॥

આ શિખંડી મહાદેવનાં ધનુષ્ય દોરી વિનાનાં હો, બાણવાળાં ફલક ધાર વિનાનાં હો તેમજ ઈષુ બાણો ઈશ–સત્તા વિનાનાં હો. તે નીલરુદ્રનાં ભાથાં શિવ હો.

परि ते धन्वनो हेतिर् अस्मान् वृणक्तु विश्वतः ।
अथो य इषुधिस्तवारे अस्मिन् निधेहि तम् ॥१६॥

હે નીલરુદ્ર, તમારા ધનુષ્યના ટંકાર અમારાં બધી બાજુએ રક્ષણ કરો. અને તમારાં જે ભાથાં છે, તે નીચે મૂકી દો.

या ते हेतिर्मीढुष्टम हस्ते बभूव ते धनुः ।
या ते त्वं विश्वतो अस्मान् अयक्ष्मया परि भुज ॥१७॥

હે સુખકર નીલરુદ્ર, તમારા હાથમાં જે ધનુષ્ય છે, તે જે ટંકાર કરે છે, તે નીરોગી ટંકારથી અમારાં બધી બાજુએ રક્ષણ કરો.

नमो अस्तु सर्पेभ्यो ये के च पृथिवीमनु ।
येऽन्तरिक्षे ये दिवः तेभ्यः सर्पेभ्यो नमः ॥१८॥

જે કોઈ સર્પો પૃથ્વી પર હોય, તેમને નમન હો. જે સર્પો અંતરિક્ષમાં અને દ્યુલોકમાં હોય, તેમને નમસ્કાર.

ये चामी रोचने दिवो यश्च सूर्यस्य रश्मिषु ।
येषामप्सु सदस्कृतं तेभ्यः सर्पेभ्यो नमः ॥१९॥

જે દ્યુલોકમાં પેલાં કિરણો છે અને જે સૂર્યનાં રશ્મિ–કિરણો છે, તેમજ જેમણે જલતન્માત્રાઓમાં ઘર કર્યાં છે. તે બધાં સરતાં સર્પો જેવાં કિરણોને નમન.

या इषवो यातुधानानां या वनस्पतीनाम् ।
ये अवरेषु शेरते तेभ्यः सर्पेभ्यो नमः ॥२०॥

યાતુધાન–ભૂતોનાં અને વનસ્પતિઓનાં જે બાણો છે અને જે નીચેલા ગાડોમાં સૂતેલાં છે, તે બધાં સર્પોને નમન.

यः स्वजानां नीलग्रीवो यः स्वजानां हरिर् उत ।
कल्माष पुच्छम् ओषधे जंभयासि अरुन्धते ॥२१॥

જે સ્વજન સંબંધીજનોના નીલકંઠ છે અને જે સ્વજનોના હરિ છે તેમને નમન. હે અરુંધતિ વનસ્પતિ, તમે જે પાપવાળું પૂછડું પછાડો છો, તે શિવ કરો,

सर्वं नील शिखण्डेन वीर कर्मणि कर्मणि ।
इमामस्य प्राशं जहि येनेदं विवदामहे ॥२२॥

હે સર્વરૂપ વીર પુરુષ, નીલ શિખંડથી કર્મે કર્મે તમે જે કાંઈ કરો છો, તેથી આના પાશ છોડો. જેથી અમે વિવાદ કરીએ છીએ.

तृतींयकं वितृतीयकं, सदंदिं तक्मानम् उत राजयक्ष्मम् ।
अध: शक्रो अन्वमुंचत तृतीयकमेवाहं तदनुमुंचामि ॥२३॥

જે તક્મા–તાવ કે રાજયક્ષ્મા–ક્ષય ત્રીજે દિવસે, અવાંતરે કે દરરોજના હોય, તેનાં શક્ર–તેજ છોડી દો. હું ત્રીજા દિવસનો તાવ છોડી મુકું.

नमो भवाय नम: शर्वाय नमः कुमार शत्रवे ।
नमो नीलशिखण्डाय नम: सभाप्रपादिने ॥२४॥

ભવને નમન, સર્વને નમન, કુમાર શત્રુને નમન, નીલશિખંડીને નમન તેમજ સભામાં રહેલ રુદ્રને નમન.

[अस्त्वा एतं शिशुमारो असावयत्त पुरीक्यः ।
कुमार शत्रवो वरोहदकं परिवाचलम् ॥?] ॥२५॥

## વેદ ત્રયી અને અથર્વવેદ

વેદોની સાથે ત્રયી જોડવાની પ્રસિદ્ધિ ઘણી પ્રાચીન છે. એમાં ઋચા, યજુ અને સામનો સમાવેશ થાય છે. 'પહેલાં દેવોએ યજુષ્થી યજ્ઞનો વિસ્તાર કર્યો, તે પછી ઋચથી અને સામથી. એ જ રીતે આજે પણ ઋત્વિજો યજુથી જ પહેલાં યજ્ઞ વિસ્તારે છે, પછી ઋચાથી, પછી સામથી. યજ (યજ્ઞ) નામ છે, તે આ યજુ છે.'

—શતપથ બ્રાહ્મણ ૪,૬,૭,૧મ

આ પ્રમાણેના ઉલ્લેખ ઐતરેય બ્રાહ્મણ (૫,૨૨) બૃહદારણ્યક (૧,૫,૫) છાંદોગ્યોપનિષત્ (૩,૧) મનુસ્મૃતિ (૩,૧૪૫) વગેરેમાં જોવાને મળે છે, તે પરથી એક સંદેહ થાય કે વેદ–ત્રયીથી ઋક્, યજુ અને સામ સમજાય. અથર્વ નહિ; તો શું વેદ ત્રણ જ છે?

પ્રસિદ્ધ વેદજ્ઞાતા પંડિત સત્યવ્રત સામશ્રમીજી કહે છે કે, 'ના, વેદ ચાર છે. આ બધા ગ્રંથોમાં પ્રસંગોપાત્ત અથર્વવેદનું અસ્તિત્વ છે; કારણ કે ઋક્, યજુ અને સામ શબ્દ ત્રણ વેદોના વાચક નથી પણ પદ્ય, ગદ્ય અને ગીતિનાં રૂપોમાં ત્રણ પ્રકારની રચનાઓમાં રહેલા મંત્રોના બોધક છે. અથર્વવેદમાં પદ્ય અધિક છે, ગદ્ય પણ છે અને પોતાના ગીતિસ્વર પણ છે. ઐતરેય બ્રાહ્મણ (૫,૩૩) માં કહ્યું છે કે, 'વાણી અને મનથી યજ્ઞ થાય છે. ત્રણ વેદો વાણી છે. ચોથો અથર્વવેદ મન છે.' આજ વાત ગોપથ (૩,૨) માં પણ છે. આ પરથી એટલું સાબીત થાય છે કે, જ્યાં કેવળ ઋક્, યજુ અને સામનો ઉલ્લેખ હોય, કે ત્રયીનું કથન હોય, ત્યાં વેદો નહિ લેતાં, પદ્ય, ગદ્ય અને ગીતિ સમજવી. અર્થાત્ છંદોબદ્ધ ઋચાઓ, ગીતિઓ સામ અને શેષ–ગદ્ય યજુ એ શૈલી–પદ્ધતિ છે.

—वैदिक साहित्य पृष्ठ १११

☆

# બ્રહ્મનાં દર્શન અને તે માટેની જિજ્ઞાસા

વેદોમાં સંકલિત મંત્રોનાં દર્શન જે ઋષિ–મુનિઓને થયાં, તેમને હૈયે પ્રાણિમાત્રનું કલ્યાણ થાય, એવી ભાવના વસેલી હોય છે અને તેમણે તેનો ઉપદેશ આ મંત્રો દ્વારા આપ્યો છે. દરેક માનવ નીરોગી દીર્ઘજીવન મેળવે, ધનસાધનની સમૃદ્ધિ મેળવે, સમાજ અને રાષ્ટ્રની સેવા કરે તેમજ વિશ્વભરનાં પ્રાણીઓનાં હિત સાધી મોક્ષની પ્રાપ્તિ કરે એ પ્રકારનો દિવ્ય અમૂલ્ય ઉપદેશ આ પ્રકારનાં મંત્રોપનિષદોમાં જોવા મળે છે.

અન્ન, જલ ને હવાની આવશ્યકતા સૌ પ્રાણીને છે, તેથી વિશેષ માનવીને બ્રહ્મનાં દર્શન કરવાની અગત્ય છે. તે મેળવી લેવાની જિજ્ઞાસા દરેકને હૈયે વહેલી કે મોડી જાગવાની. બ્રહ્મનો લાભ સહજ સ્વયંભૂ છે, પણ જ્યારે તેને માટે વેદના જાગે; ત્યારે જ તેનાં મૂલ્ય પરખાય છે. જેને હૈયે આ પ્રકારની વેદના કે તાલાવેલી જાગી, તેને પછી આપોઆપ નચિકેતાની જેમ મૃત્યુ પાસેથી પણ આત્મજ્ઞાનનો લાભ મળવાનો. નારદ સનત્કુમાર પાસેથી આત્મજ્ઞાન મેળવી, શોકને તરી જાય, એમ આત્મ-વિદ્ શોકને તરી જાય છે. આ માર્ગે જવામાં મોહ, અજ્ઞાન, લોભલાલચ વગેરે સેતુઓ અડચણરૂપે આવીને ઊભાં રહે છે. તે બાધાઓ દુસ્તર છે, તેને તરી જઈ અનૃતની પારે રહેલ સત્યનાં દર્શન થાય, એ ભાવને જગાડતું સેતુસામગાન પણ એક ઉપનિષદ્–રહસ્યવિદ્યા ગણાય છે. આ બધા વેદોની સંહિતાઓમાં આલેખાયેલાં ઉપ-નિષદો છે અને રહસ્યવિદ્યા–બ્રહ્મવિદ્યામાં તેમનાં સ્થાન છે.

વેદ દર્શનાચાર્ય–સ્વામી ગંગેશ્વરાનંદ ઉદાસીન

---

## વેદ પરિચય શ્રેણી

| | | |
|---|---|---|
| વેદ પરિચય ૪, ૫, ૬ | મૂલ્ય | ૬–૦૦ |
| યજુર્વેદ પરિચય ૧ થી ૬ | ,, | ૧૨–૦૦ |
| સામવેદ પરિચય ૧ થી ૬ | ,, | ૧૨–૦૦ |
| અથર્વવેદ પરિચય ૧ થી ૬ | ,, | ૧૨–૦૦ |
| ઋગ્વેદ પરિચય | | છપાય છે. |

પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ–૬.